प्रज्वालितो ज्ञानमयः प्रदीपः
Light the Lamp of Knowledge
SPIPA

# શતદલ



## માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અંગેના
## ૧૦૧ ચુકાદાઓનો સંક્ષેપ સારસંગ્રહ

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : (૦૭૯) ૨૬૭૪૭૬૧૨, ૨૬૭૪૭૬૩૬ ફેક્સ : (૦૭૯) ૨૬૭૪૯૦૪૮, ૨૬૭૬૧૫૧૨
website : www.spipa.gujarat.gov.in

**'Shatdal'**

A collection of 101 abridged judgments in Gujarati, pertaining to Right to Information Act, 2005.

**પ્રકાશક :** **સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા,**

ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

ફોન : (૦૭૯) ૨૬૭૪૭૬૧૨, ૨૬૭૪૭૬૩૬

ફેક્સ : (૦૭૯) ૨૬૭૪૯૦૪૮, ૨૬૭૬૧૫૧૨

**website : www.spipa.gujarat.gov.in**

© સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા

પ્રથમ આવૃત્તિ : જૂન-૨૦૧૩

કિંમત :

*વિશ્વમાં જો કોઈ લાયકાત હોય તો તે એક જ છે : જાણકારી; નહીં ધન, નહીં કુળ, નહીં રંગ !    - સોક્રેટીસ*

<u>**પ્રસ્તાવના :**</u>

ગુજરાત રાજયની સર્વોચ્ચ તાલીમ સંસ્થા સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા-'સ્પીપા' દ્વારા રાજયના જાહેર સેવકોને વિવિધ વિષયોમાં તાલીમ પૂરી પાડવાનું અને તે રીતે તેમની વહીવટી ક્ષમતાઓ અને કૌશલ્ય વધારવાનું મુખ્ય કાર્ય થાય છે.

સ્પીપા દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ વિશે કાયદો અમલમાં આવ્યો ત્યારથી નિયમિત રીતે તાલીમ કાર્યક્રમોનું, રીફ્રેશર તાલીમ કાર્યક્રમો અને ટ્રેનર્સ માટેના તાલીમ કાર્યક્રમો દ્વારા રાજયના કર્મચારી-અધિકારીઓ તથા પદાધિકારીઓને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈઓથી માહિતગાર કરવામા આવે છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અત્યારે તેના આઠમા વર્ષમાં પ્રવેશી ચૂકયો છે. નાગરિકોના ''માહિતી મેળવવાના અધિકાર'' અન્વયે તેમની અપેક્ષાઓ સામે જાહેર સત્તામંડળો દ્વારા માહિતી પુરી પાડતી વખતે લોકશાહીના સિધ્ધાંતો જાળવવા સારૂ અને કેટલીક માહિતી કાયદાની જોગવાઈઓ મુજબ ન મળવાને કારણે અરજદારોને અસંતોષ થતો હોય છે. કેટલીકવાર કાયદાની જોગવાઈઓનું યોગ્ય અને સમજણપૂર્વક અર્થઘટન ન થવાને કારણે પણ બંને પક્ષે વિવાદો ઉભા થતા હોય છે અને અપીલો/ફરિયાદો થતી હોય છે. કયારેક આવી અપીલોના હુકમો સામે નામદાર હાઈકોર્ટમાં અને નામદાર સુપ્રીમકોર્ટમાં પણ રીટ/અપીલો થાય છે.

આવા સંજોગોમાં જાહેર સત્તામંડળોને તથા નાગરિકોને મદદરૂપ થવા માહિતી અધિકારના કાયદા સંબંધિત ઉપયોગી ચુકાદાઓનો સંક્ષેપ સારસંગ્રહ બહાર પાડવાનું સ્પીપા દ્વારા વિચારાયેલ હતુ.

તે સંદર્ભે પુસ્તકની મર્યાદા ધ્યાને રાખીને, અત્યાર સુધીમાં ગુજરાત રાજય માહિતી આયોગ, કેન્દ્રીય માહિતી આયોગ-દિલ્હી તથા ગુજરાત સહિતની જુદીજુદી રાજયોની નામદાર હાઈકોર્ટના અને નામદાર સુપ્રીમ કોર્ટના પ્રસિધ્ધ થયેલા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ને લાગુ પડતા ચુકાદાઓમાંથી ૧૦૧ ચુકાદાઓ પસંદ કરીને તે ચુકાદાઓનો સંક્ષેપસાર સંગ્રહ આપની સમક્ષ અમો **'શતદલ'** તરીકે મૂકી રહયા છીએ.

મને આશા છે કે **'શતદલ'** માં સમાવિષ્ટ સંક્ષેપ ચુકાદાઓ, તેના નિરીક્ષણો, નિર્ણયો/હુકમો અને તેમાં ટાંકવામાં આવેલ ચુકાદાઓનો અભ્યાસ જાહેર સત્તા મંડળોને તથા નાગરિકોને ચોકકસ ઉપયોગી અને માર્ગદર્શક બનશે.

**(પંકજકુમાર, આઈ.એ.એસ.)**
**મહા નિર્દેશક**
**સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા**
**અમદાવાદ**

## Hon’ble Supreme Court observed that….

*……. “**Jurisdiction** means authority to decide, whenever a judicial or quasi-judicial tribunal is empowered or required to enquire to a question of law or fact for the purpose of giving decision on it, its findings thereon cannot be impeached collaterally or on an application for ‘certriorari’ but are binding until reverse on appeal……..

The characteristic attribute of a judicial act or decision is that it binds, whether it is a right or wrong. An error of law body cannot, in general be impeached otherwise that on appeal, unless the erroneous determination relates to a matter on which the jurisdiction of that body, depends. These principles govern not only the findings of inferior courts *stricto sensu* but also the findings of administrative bodies which are held to be acting in a judicial capacity. Such bodies are deemed to have been invested with power to err within the limits of their jurisdiction, and provided that they keep within those limits, their decisions must be accepted as valid unless set aside on appeal…

**……. Ujjambai (Smt.) Vs. State of Uttar Pradesh, AIR 1962 SC 1621 (1629-30).*

# DISCLAIMER

આ પુસ્તકમાં માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ સંદર્ભે અપીલો/ફરિયાદો અન્વયે ગુજરાત માહિતી આયોગ, કેન્દ્રીય માહિતી આયોગ, નામદાર ગુજરાત હાઈકોર્ટ, જુદા જુદા રાજયોની નામદાર હાઈકોર્ટો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ અસલ ચુકાદાઓનો અભ્યાસ કરી તેનો સારાંશ સંક્ષિપ્તમાં તૈયાર કરી સમાવિષ્ટ કરવામાં આવેલ છે તે ધ્યાને લઈ આ પુસ્તકનો સંદર્ભગ્રંથ તરીકે કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. કોઈપણ સારાંશનો ઉપયોગ કરતી વખતે મૂળ ચૂકાદાનો અભ્યાસ કરીને જ તેનું અર્થઘટન કરવું સલાહભર્યું છે.

આ ચુકાદાઓ આવ્યા બાદ શકય છે તેની સામે રીવીઝન અપીલો/રીટ પીટીશનો થયેલ હોય, જે ધ્યાને લેતાં, આ પુસ્તકમાં દર્શાવેલ સારાંશના મૂળ ચૂકાદાઓને આખરી નહીં ગણતાં તે અંગે આપવામાં આવેલ છેલ્લામાં છેલ્લા (અદ્યતન) ચુકાદાઓ પણ વાંચવા/સમજવા સલાહભર્યું છે.

- આ એક સંદર્ભ પુસ્તક છે અને ''માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫'' હેઠળ ચુકાદાઓનો ગુજરાતી સંક્ષેપ છે, તેથી તેના તારણોને સંપૂર્ણ રીતે સમજવા સારૂ મૂળ ચુકાદો વાંચવો ઈચ્છનીય છે.

- આ પુસ્તકમાં જયાં જયાં ''આ કાયદા'' અથવા ''કાયદો'' શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે ત્યાં ''માહિતી અધિકાર અધિનયમ, ૨૦૦૫'' સમજવું.

- આ પુસ્તકમાં લખવામાં આવેલા ચુકાદાઓનો સંક્ષેપ સાર સુપ્રીમ કોર્ટ, જુદાજુદા રાજયોની હાઈકોર્ટ, કેન્દ્રીય માહિતી આયોગ અને રાજય માહિતી આયોગ ગુજરાતની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ચુકાદાઓને આધારે તૈયાર કરવામાં આવેલ છે.

- ચુકાદાઓમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોના અર્થ/અર્થઘટન માટે (૧) Concise Law Dictionary, By Prof. B. M. Gandhi (Edition 2008) અને (૨) The Law Lexicon , By Shakil Ahmad Khan (3rd Edition 2012) નો 'સંદર્ભ' તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.

# <u>અનુક્રમણિકા</u>


| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | અગાઉ સાદી અરજીથી અરજદારને માહિતી આપી દીધેલ હોવાથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની અરજી અન્વયે માહિતી ન આપવાના કારણોસર કરવામાં આવેલ દંડ | 4(1)(b), 5, 20(1) | 1 |
| ૨. | બી.પી.એલ. અરજદારનું નામ ગ્રામ વિકાસ વિભાગના સર્વેની યાદીમાં ન હોવા છતાં પણ જો અરજદાર બી.પી.એલ. રેશનકાર્ડ અથવા બી.પી.એલ. પ્રમાણપત્રની નકલ રજૂ કરે તો તેમણે અરજી ફી કે અન્ય કોઈ ચાર્જીસ ભરવાના થશે નહી. | 7(5) | 4 |
| ૩. | અરજદારને તેમના પોતાના ખાનગી અહેવાલની નકલ આપી શકાય પરંતુ ''અન્ય'' ના ખાનગી અહેવાલની માહિતી એ ''ત્રાહિત પક્ષકાર'' ને લગતી બાબત હોવાથી, ''અન્ય'' ના ખાનગી અહેવાલની નકલ આપતાં પહેલા કાયદાની કલમ-(૧૧) મુજબ કાર્યવાહી કરવી અનિવાર્ય છે. | 8(1)(e), 11) | 6 |
| ૪. | માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૨૪ હેઠળ, ગુજરાત સરકારના નોટીફીકેશન મુજબ જાહેર કરેલ સંસ્થાઓને અધિનિયમમાંથી બાકાત રાખવામાં આવેલ છે. | 24 | 10 |
| ૫. | દફતરની અયોગ્ય જાળવણી, એમનેસ્ટી સ્કીમના કારણે કાર્યભારનું દબાણ, રાજય વિધાનસભાની ચૂંટણી સંબંધિત કામગીરી તેમજ અપૂરતા સ્ટાફને કારણે સમય મર્યાદામાં માહિતી ન આપી શકવાના કારણોસર કરવામાં આવેલ દંડ | 20(1) | 12 |
| ૬. | જાહેર માહિતી અધિકારી જ જયારે અપીલ અધિકારીનો ચાર્જ સંભાળતા હોય ત્યારે તેમની સામેની અપીલ અન્ય અધિકારીએ સાંભળવી. | 19(1) | 15 |
| ૭. | જાહેર માહિતી અધિકારી ના કાકા ગુજરી જવાથી તેઓ રજા ઉપર હોવાને કારણે સમયસર માહિતી ન આપ્યાનું કારણ આયોગને વ્યાજબી ન જણાતાં કરવામાં આવેલ દંડ | 7(1), 20(1) | 17 |
| ૮. | નિયત સમયમર્યાદામાં અરજદારને થોડી પણ માહિતી પુરી પાડી હોત તો તે કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ પોતાનો શુભાશય (bonafide) પ્રસ્થાપિત કરેલ ગણાયો હોત પરંતુ તેના અભાવે દંડ ભોગવવાનો થયો. | 20(1) | 19 |
| ૯. | અરજદારને ખોટો જવાબ આપવા સબબ, કાયદાનું જ્ઞાન ન હોવા સબબ તેમજ સમયમર્યાદામાં માહિતી ન આપવા સબબ થયેલ દંડ | 20(1) | 22 |
| ૧૦. | માની લીધેલા જાહેર માહિતી અધિકારી (Deemed P.I.O.) ને કરવામાં આવેલ દંડ | 5(4) | 25 |
| ૧૧. | અરજદાર ભારતીય નાગરિક છે તે બાબત ઘ્યાને લેવાને બદલે અરજદારને કાળીયાદીમાં મુકેલ હોવાને કારણે માહિતી ન આપવા બદલ થયેલ દંડ | 3, 20(1) | 27 |
| ૧૨. | પોતાના સ્ટાફ ઉપર નિયંત્રણના અભાવને કારણે, પ્રોએકટીવ ડીસ્કલોઝરની કક્ષામાં આવતી માહિતી સમયમર્યાદામાં પૂરી ન પાડવા સબબ કરવામાં આવેલ દંડ | 4(1)(b), 20(1) | 29 |

# <u>અનુક્રમણિકા</u>


| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| | | | |
| ૧૩. | જાહેર માહિતી અધિકારી પાસે અન્ય કચેરીના જાહેર માહિતી અધિકારીનો વધારાનો ચાર્જ (હવાલો) હોવાથી અન્ય કચેરીમાં તેઓ પૂર્ણ સમય આપી શકતા નહોતા એ હકીકત હોવા છતાં તેઓ અરજદારને જાહેર હિત સંબંધી માહિતી, આંશિક રીતે પણ પૂરી પાડી શકયા નથી તે કિસ્સામાં તેમને કરવામાં આવેલ દંડ | 6(3), 20(1) | 32 |
| ૧૪. | અરજદારને બદઈરાદાપૂર્વક માહિતી ન આપવા સબબ જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ દંડ | 20(1) | 34 |
| ૧૫. | કચેરીનું સ્થળાંતર કરેલ હોઈ માહિતી અધૂરી આપવા સબબ કરવામાં આવેલ દંડ | 20(1) | 37 |
| ૧૬. | કોઈપણ પ્રકારના વ્યાજબી કારણોવગર, અરજદારની માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની અરજી ન સ્વીકારવા સબબ, અરજદારને માહિતી ન આપવા સબબ, આયોગની કારણદર્શક નોટીસનો જવાબ ન આપવા બદલ અને આયોગ દ્વારા રાખવામાં આવેલ ત્રણ-ત્રણ સુનાવણીઓમાં હાજર ન રહેવા સબબ જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ દંડ | 20(1), 20(2) | 39 |
| ૧૭. | વિભાગના ક્ષેત્રિય કાર્યાલયોમાં ઉપલબ્ધ માહિતી મેળવવા માટે સંબંધિત ક્ષેત્રિય કાર્યાલયના જાહેર માહિતી અધિકારીઓનો જ સંપર્ક સાધવાનો રહે. | 2(f), 6(3) | 42 |
| ૧૮. | માંગેલ માહિતી ત્રાહિત વ્યકિતઓ સંબંધિત હોવાથી માત્ર વિશાળ જાહેર હિતમાં જ આપી શકાય | 11 | 44 |
| ૧૯. | કચેરીનું રેકર્ડ શોધવા છતાં પણ ન મળે તો તે અંગે એફીડેવીટ કરી આયોગને અને અરજદારને જાણ કરવી. | 2(f) | 45 |
| ૨૦. | અરજદાર પોતે બનાવેલા કોષ્ટક કે પત્રક મુજબ માહિતી મેળવવા આગ્રહ રાખી શકે નહી. | 2(f), 7(9) | 47 |
| ૨૧. | જમીન સંપાદનની કાર્યવાહિની માહિતી ''માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫'' હેઠળ આપી શકાય. | 8(1)(d), 8(1)(e), 8(1)(i) & 11 | 49 |
| ૨૨. | પોલીસ તપાસ દરમિયાન પોલીસ દ્વારા લેવામાં આવેલ, અરજદારની પત્ની અને સસરાના નિવેદનોની માહિતી અરજદારને આપી શકાય નહી. | 8(1)(j) | 51 |
| ૨૩. | પ્રોએકિટવ ડિસકલોઝર કરવા બાબતે અને માહિતી આપવા અંગે | 4(1)(b), 6(1) | 53 |
| ૨૪. | દફતર જાળવણીના નીતિ-નીયમાનુસાર, દફતરનો નાશ કરેલ હોય તે કારણે માહિતી ન આપી શકાઈ હોય તે કિસ્સામાં દફતર જાવણીના આધાર-પૂરાવાની નકલ અરજદારને આપવી. | 2(f) | 55 |
| ૨૫. | નવી બી.પી.એલ. યાદીમાં નામ ન હોય તો નિયત અરજી ફી ભરી અરજી કર્યેથી નિયત સમય મર્યાદામાં અરજદારને માહિતી મળી શકે. | 6(3), 7(6) | 57 |
| ૨૬. | નિર્ણયની પ્રક્રિયા પૂર્ણ થયેલ ન હોય ત્યારે માંગવામાં આવેલ માહિતી | 8(1)(d), | 59 |

# અનુક્રમણિકા


| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| | આપવાથી જો નિર્ણય ઉપર અસર થવાની શકયતા હોય તો માહિતી આપી શકાય નહી. | 8(1)(e) | |
| ૨૭. | માહિતી અધિકાર અધિનિયમની કલમ-૩ હેઠળ અરજદાર ''નાગરિક'' તરીકે અરજી કરી માહિતી માંગી શકે પરંતુ સંસ્થા, ટ્રસ્ટ કે કંપની તરીકે અરજી કરી માહિતી માંગી શકે નહી. | 3 | 61 |
| ૨૮. | માહિતીની અરજી અન્વયે અરજદારને માહિતી આપ્યા બાદ અરજદારને બીજી માહિતી જોઈતી હોય તો તેમણે ફરીથી નમૂના-ક માં અરજી કરવી. | 6(1) | 63 |
| ૨૯. | અરજદારે પોતાની અરજીમાં જે સરનામું જણાવેલ હોય તે સરનામા ઉપર જ તેમને માહિતી મોકલવી | 2(f), 6(1) | 65 |
| ૩૦. | માહિતી માટેની અરજીમાં અરજદારે ચોકકસ સ્થળ, ચોકકસ ફાઈલ, ચોકકસ સમયગાળો......વગેરે વિગતો દર્શાવી માહિતી માંગવી જોઈએ. | 6(1) | 66 |
| ૩૧. | ફાઈલ નોટીંગનો સમાવેશ ''માહિતી'' શબ્દની વ્યાખ્યામાં થતો હોઈ, ફાઈલ નોટીંગની માહિતી આપવી. | 2(f) | 68 |
| ૩૨. | અરજદારે માંગેલ પત્રક મુજબ જો કચેરીમાં માહિતી નિભાવવામાં ન આવતી હોય તો, અરજદારે માંગેલ પત્રક મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતી તૈયાર કરીને આપવાની રહેતી નથી. | 2(f) | 70 |
| ૩૩. | અરજદારે જયારે થોકબંધ (voluminous) માહિતી માંગી હોય ત્યારે કચેરીમાં તાત્કાલિક ઉપલબ્ધ માહિતીની નકલો પૂરી પાડી શકાય તે હેતુસર અંગે ફી ભરવા માટે અરજદારને સમયમર્યાદામાં જાણ કરવી અને બાકીની માહિતીની પરિસ્થિતિ અંગે અરજદારને માહિતગાર કરવા | 2(f), 7(1), (3)(8) | 72 |
| ૩૪. | અરજદારે માંગેલ માહિતી આપવાથી રાષ્ટ્રની સલામતી અને આર્થિક હિતોને પ્રતિકુળ અસર થઈ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, COFEPOSA Act હેઠળ અટકાયત કરવામાં આવેલ હોય તેવા નાગરિક પણ માહિતી માંગી શકે | 8(1)(a), 24(4) | 74 |
| ૩૫. | અરજદારની મૂળ અરજી અન્વયે જો તેઓને માહિતી આપી દેવામાં આવેલ હોય અને ત્યારબાદ મળેલ માહિતીના અનુસંધાને જો અન્ય માહિતી માંગે તો ફરી નિયત કરેલ ફી અરજદારે ભરવાની રહેશે. | 6(1) | 77 |
| ૩૬. | ''પબ્લીક ટ્રસ્ટ એકટ'' હેઠળ ''ટ્રસ્ટના સભ્ય'' તરીકે ''ટ્રસ્ટ'' પાસેથી માહિતી માંગી હોય (પરંતુ ''માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫'' હેઠળ ''નાગરિક'' તરીકે ''જાહેર માહિતી અધિકારી'' પાસે માહિતી ન માંગી હોય) તેવા કિસ્સામાં અરજદારે પબ્લીક ટ્રસ્ટ એકટ નીચે ચેરીટી કમિશનર પાસેથી માહિતી મેળવવાની રહે. | 3, 6(1) | 79 |
| ૩૭. | કોઈપણ પરિપત્ર માહિતી અધિકાર અધિનિયમની વૈધાનિક (કાનૂની) જોગવાઈઓની ઉપરવટ જઈ શકે નહિ. | 2(f), 2(i) & 22 | 81 |
| ૩૮. | ''ફાઈલ નોટીંગ'' ની માહિતી આપવાનો ઈન્કાર કલમ-8(1)(e) મુજબ ''વિશ્વસનીય સંબધોના ભંગ'' હેઠળ કરી શકાય નહિ. | 8(1)(e) | 84 |

# અનુક્રમણિકા


| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| ૩૯. | વિદ્યાર્થીઓ '''જાહેર સેવકો ન હોઈ, તેમને સંબંધિત માહિતી સામાન્ય રીતે ''અંગત માહિતી'' ની વ્યાખ્યામાં આવતી હોઈ, આપી શકાય નહી | 8(1)(j) | 89 |
| ૪૦. | એક સરખી માહિતી માંગતી એકજ અરજદારની જુદીજુદી બે અરજીઓ પૈકી એકની માહિતી આપી હોય અને બીજી અરજીનો ફકત જવાબ જ આપ્યો હોય પરંતુ બીજી અરજીની માહિતી ન આપવામાં જાહેર માહિતી અધિકારીનો જો કોઈ બદઈરાદો ફલિત ન થાય તો દંડ થઈ શકે નહીં | 7(1) | 92 |
| ૪૧. | પ્રોસીકયુશન ચાલુ હોય તે દરમિયાન માહિતી આપી શકાય નહી | 8(1)(h), 22 | 94 |
| ૪૨. | વિશ્વસનીય સંબંધો સહિત કોપીરાઈટનો ભંગ કોને કહી શકાય તે બાબત | 8(1)(e) & 9 | 99 |
| ૪૩. | વિશ્વાસના સંબંધોને આધીન ઉપલબ્ધ માહિતી આપી ન શકાય | 8(1)(e) | 104 |
| ૪૪. | ખૂબજ જૂનો રેકોર્ડ હોય તેનું ઐતિહાસિક મહત્ત્વ હોય જે ઉપલબ્ધ હોય તે જરૂરી છે | 8(1)(j), 8(3) | 107 |
| ૪૫. | કોઈએ આપઘાત કર્યો હોય તો તેના કુટુંબની વિગતો જાહેર કરવાની બાબત વ્યકિતની અગંત બાબત ગણાય | 8(1)(j) | 110 |
| ૪૬. | માહિતી અધિકારના કાયદાનો એક કર્મચારી દ્વારા બદલાની ભાવનાથી દુરુપયોગ કરી જથ્થાબંધ માહિતી મેળવવા અંગે | 7(9) | 112 |
| ૪૭. | સંબંધિત જાહેર માહિતી અધિકારીને અરજી કરવા અંગે અને અરજી તબદીલ કરવા બાબત | 6(1), 6(3), & 2(f) | 114 |
| ૪૮. | કાયદો અને નિયમો સ્વયં ''માહિતી'' છે અને જાહેર રીતે ઉપલબ્ધ છે જે દેશના તમામ નાગરિકો મેળવી શકે છે. | 2(f) | 119 |
| ૪૯. | જથ્થાબંધ માહિતીઓ માંગીને તંત્રને ચીઢવવા/જાહેર સત્તામંડળને વહીવટમાં ગૂંચવાડા ઉભા કરવા અને માહિતી અધિકાર અધિનિયમની મજાક/મશ્કરી કરવા અંગે | 3 | 121 |
| ૫૦. | વિશ્વસનીય સંબંધોની માહિતી આપી શકાય નહી. ડૉકટર અને દર્દી વચ્ચેના સંબંધો વિશ્વસનીય સંબંધો છે. | 8(1) (e) | 124 |
| ૫૧. | કર્મચારી વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેનો રિપોર્ટ અને તે અંગેની દરખાસ્તની માહિતી અરજદારને આપવાથી તે જો તપાસ પ્રક્રિયાને અવરોધતી ન હોય તો આપી શકાય | 8(1)(h) | 126 |
| ૫૨. | બોર્ડર સીકયુરીટી ફોર્સ માહિતી અધિકારોના કાયદાના દાયરાની બહાર છે. જો કે ભ્રષ્ટાચાર અને માનવઅધિકાર ઉલ્લંઘનની બાબત અપવાદ રૂપ છે. | 24 | 128 |
| ૫૩. | જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપવાનો વ્યાજબી હુકમ કરવો જોઈએ. (Reasoned Order) | 7(8)(i to iii) & 19(5) | 130 |
| ૫૪. | સરકાર દ્વારા રચવામાં આવેલ પેનલ/કમીટી/કમિશનના અહેવલો સામે | 4(1)(c) & 4(2) | 133 |

# અનુક્રમણિકા


| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| | ચાલીને પ્રસિધ્ધ કરવા જોઈએ (સિવાય કલમ 8-9 મુજબ હોય) | | |
| ૫૫. | અરજદારે માંગેલ માહિતી જથ્થાબંધ હોય તો જાહેર સત્તા મંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાઈ જતા હોય તેવું લાગે ત્યારે માહિતી આપવા અંગે કાયદાની કલમ-7(9)નો ઉપયોગ કરવો. | 7(9) | 138 |
| ૫૬. | અરજદાર બીપીએલ હોય અને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને જેની કિંમત નકકી થયેલ છે તેવા પ્રકારના Priced Publications માંગે તો બીપીએલ અરજદારે પણ તેની નિયત કિંમત ચૂકવવી પડે.-વિના મૂલ્યે મળી શકે નહિ. | 7(5), 2(f) | 139 |
| ૫૭. | અરજદારે માંગેલ માહિતી જથ્થાબંધ (Voluminous) હોય અને સમય મર્યાદામાં પૂરી પાડી શકાય તેમ ન હોય ત્યારે અરજદારને રેકર્ડ ઈન્સ્પેકશન માટે બોલાવી શકાય | 7(9) | 141 |
| ૫૮. | અરજદારે માંગેલ માહિતી ત્રાહિત પક્ષકારને લગતી ખાનગી પ્રકારની હોય તો કાયદાની કલમ-૧૧ મુજબ ત્રાહિતી પક્ષકારને રૂબરૂ સાંભળવાની તક આપીને અને તેમને સાંભળીને માહિતી આપવાના નિર્ણયો થવા જોઈએ. | 11(1 to 4) & 7(7), 19(2), 19(3) | 144 |
| ૫૯. | સહકારી મંડળીઓને જાહેર સત્તામંડળ ગણી શકાય નહિ તેમ છતાં રાજય માહિતી આયોગે મંડળીના બાયલોઝ વગેરેનો અભ્યાસ કરી યોગ્ય નિર્ણય લેવો. | 2(h) | 159 |
| ૬૦. | જાહેર માહિતી અધિકારીના પ્રત્યુતરથી નારાજ અરજદારે સીધા હાઈકોર્ટમાં જવાને બદલે અપીલનો આધાર લેવો જોઈએ. | 19 | 153 |
| ૬૧. | કાયદાની જોગવાઈઓ સમજવાની ભૂલને કારણે કરવામાં આવેલા દંડ યોગ્ય ન ગણાય. | 20(1), 8(1)(h) | 156 |
| ૬૨. | કુદરતી ન્યાય અને મુખ્ય માહિતી કમિશ્નરની સત્તાઓનું કાર્યક્ષેત્ર અને મર્યાદા | 7, 18, 19, 20, 11(1) | 158 |
| ૬૩. | માહિતીના આધારે પક્ષકારોના હકો સંદર્ભે ન્યાયનો ચુકાદો આપવાની બાબત રાજય માહિતી આયોગની સત્તા બહારનું કાર્યક્ષેત્ર છે. | 18, 19 | 160 |
| ૬૪. | કુદરતી ન્યાય : સુનાવણી અંગે સંબંધિતોને જાણ કરવામાં કાળજી રાખવા બાબત. | Natural Justice | 162 |
| ૬૫. | માહિતી આયોગે કરેલ દંડ નામદાર હાઈકોર્ટે રદ કરી, કેસ અંગે નવેસરથી નિર્ણય લેવા સારૂ આયોગને જણાવતાં, આયોગે પોતાનો અગાઉનો દંડ કર્યાનો નિર્ણય/હુકમ પાછો ખેંચ્યો. | 20(1) | 165 |
| ૬૬. | અપીલ અધિકારીને ‘‘માની લીધેલા જાહેર માહિતી અધિકારી’’ તરીકે ગણી દંડ કર્યા અંગે | 5(4), 20(1) | 170 |
| ૬૭. | ટેન્ડર/બીડની પ્રક્રિયા સંપૂર્ણ થઈ ગઈ હોય તો પણ જો કોઈ અરજદાર ટેન્ડરને લગતી માહિતી માંગે તો કલમ-8(1)(d) ધ્યાને લઈ સંબંધિત ટેન્ડરર એટલે કે ત્રાહિત વ્યકિતનો (કલમ-૧૧ હેઠળ) અભિપ્રાય મેળવવો જરૂરી છે. | 8(1)(d), 11 & 22 | 173 |

# અનુક્રમણિકા


| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| | | | |
| ૬૮. | જાહેર સેવકે ભોગવેલ રજાઓની વિગતો આપવાનું નકારી શકાય નહી, સિવાય મેડીકલ રિપોર્ટ અને તેમાંની વિગતો. | 8(1)(j) | 176 |
| ૬૯. | કાયદાની કલમ-8(1)(a) મુજબ રાજયના આર્થિક હિતોનું અર્થઘટન કરવાની બાબત | 8(1)(a), 2(f) | 178 |
| ૭૦. | જથ્થાબંધ માહિતી માંગીને પોતાનો, જાહેરસત્તામંડળનો અને કોર્ટનો સમય બરબાદ કરવાનો હેતુ યોગ્ય નથી. | 8(1)(j), 11(1) | 180 |
| ૭૧. | અરજદાર માહિતી મેળવવા માટે અરજી કરે તે તારીખ થી ૩૦ દિવસ નહિ, પરંતુ અરજદારની અરજી અન્વયેના કોઈ પ્રાથમિક વાંધાનો જે તારીખે નિકાલ આવે તે તારીખ થી શરૂ કરીને ૩૦ દિવસની ગણતરી શરૂ થયેલી ગણાય. | 7(1) | 182 |
| ૭૨. | કારણ સાથેના આદેશ (Reasoned Order) વગર, કેન્દ્રીય માહિતી આયોગ કોઈપણ કેસ બંધ ન કરી શકે. | 19(1) | 184 |
| ૭૩. | અરજદારને વળતર ચૂકવવા અંગે | 19(8)(b) | 186 |
| ૭૪. | કર્મચારીની નિમણૂંક, બદલી અને બઢતીને લગતી માહિતી ''અંગત માહિતી'' ન હોઈ, તે આપવાની ના પાડી શકાય નહિ. | 8(1)(j) | 189 |
| ૭૫. | જાહેર સત્તામંડળ 'કાનૂની વ્યકિત' ની વ્યાખ્યામાં આવતું હોય તો પણ જાહેર સત્તામંડળ પાસે ઉપલબ્ધ માહિતી જાહેર હિતને લગતી હોય તો પારદર્શિતાના હેતુસર માહિતી જાહેર કરવી જોઈએ અને તેથી 8(1)(j) લાગુ પડી શકે નહી. | 8(1)(j), 2(h), 2(j) | 191 |
| ૭૬. | જાહેર સત્તામંડળમાં ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીઓની વાર્ષિક આવકની માહિતી પ્રોએકટીવ ડીસ્કલોઝર કક્ષામા આવતી હોઈ, આ માહિતી જાહેર કરતા પહેલા ત્રાહિત પક્ષકારને પૂછવાની જરૂર નથી. | 4(1)(b) | 194 |
| ૭૭. | અરજદારે માંગેલ માહિતી જો કચેરીના રેકર્ડ ઉપર અસ્તિત્વ જ ધરાવતી ન હોય તો તે આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | 2(f) | 196 |
| ૭૮. | યુપીએસસી દ્વારા સીવીલ સર્વિસ પરીક્ષામાં ત્રિસ્તરીય પધ્ધતિ મુજબ ઉમેદવારોને પસંદ કરવામાં આવે છે. તેમાં પ્રિલીમનરી પરીક્ષાના માર્કસ જાહેર કરી શકાય. કટ ઓફ માર્કસ (સંયુકત રીતે જનરલ સ્ટડીઝ એન્ડ સ્કેલ વૈકિલ્પક પેપરના માર્ક) જાહેર ન કરી શકાય, યુપીએસસીએ જવાબના નમૂના જાહેર કરવાના રહેશે). | 8(1)(d), 8(2) | 198 |
| ૭૯. | સરકારી નોકરી કરતી પત્નીનું સર્વીસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાણાંકીય વ્યવહારો...... વગેરે માહિતી પત્નીની અંગત માહિતી હોય છુટા છેડા કિસ્સાના સંદર્ભે જરૂરી હોવાનું કારણ જણાવી પતિ પણ જો આ માહિતી માંગે અને પત્ની એટલે કે ત્રાહિત પક્ષકાર ના પાડે તો તે આપી શકાય નહિ. | 8(1)(j) | 202 |
| ૮૦. | અરજદારે માંગેલ માહિતી વિશાળ (Voluminous) હોય અને માહિતી ન આપવામાં જાહેર માહિતી અધિકારીની કોઈ બદદાનત (malafide) ન | 2(f), 7(1), 20(1) | 205 |

# અનુક્રમણિકા


| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| | હોય અને માંગેલ માહિતી સમયમર્યાદામાં આપવાનું શકય ન હોય તે કિસ્સામાં કરવામાં આવેલ દંડ, ''કાયદો અશકય કાર્ય કરવાનું કહેતો નથી'' એ સિધ્ધાંત મુજબ, નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે રદ કર્યો. | | |
| ૮૧. | માહિતી આયોગની મુનસફી (Descretion) મુજબ, ફરિયાદી, જાહેર માહિતી અધિકારી સામેની દંડનીય કાર્યવાહી (Penalty Proceeding) માં હાજર રહી શકે પરંતુ અધિકારની રૂએ તે હાજર રહેવા દાવો ન કરી શકે. | 18, 19, 20 | 209 |
| ૮૨. | નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે, આયોગે કરેલી દંડની રકમમાં ઘટાડો કર્યો | 20(1) | 212 |
| ૮૩. | કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ અસરગ્રસ્ત પક્ષને સાંભળ્યા વગર તેમને સંબંધિત નિર્ણય લઈ શકાય નહી. | 8(1) (h), 22 | 214 |
| ૮૪. | નાશ કરી દેવામાં આવેલ રેકર્ડની માહિતી આપી શકાય નહી પરંતુ રેકર્ડ નો જે હુકમથી નાશ કરવામાં આવ્યો હોય તે હુકમની નકલ અરજદારને આપવી. | 2(f), | 216 |
| ૮૫. | અનુમાનના આધારે અધિકારી/કર્મચારી PIO હશે એમ માનીને દંડ કરવાની બાબત કાયદાની જોગવાઈથી અસંગત છે. | 5 & 20(1) | 218 |
| ૮૬. | માહિતીની વ્યાખ્યામાં ''શા માટે?'' એવા પ્રકારના પ્રશ્નોના જવાબો આપવા અને તેની યથાર્થતા કે દલીલો (કારણો) સમજાવવાની બાબતનો સમાવેશ થતો નથી. | 2 (f) | 220 |
| ૮૭. | અરજદારને માહિતી આપવામાં વિલંબ થયો હોય પરંતુ વિલંબના કારણો જો આયોગને વ્યાજબી અને ગ્રાહય રાખવા પાત્ર જણાય તો જાહેર માહિતી અધિકારીને દંડ થઈ શકે નહીં. | 7(1), 20(1) | 222 |
| ૮૮. | માહિતી મેળવવા માટે અરજદારે અરજી કરેલ હોય તે સમયે કાયદાની કોર્ટમાં પડેલું રેકર્ડ તે સમયે ન આપી શકાયુ હોય પરંતુ નિયત સમય-મર્યાદા બાદ આપવામાં આવે તો તેને બદદાનત (malafide) કહી શકાય નહિ. | 20(1) | 224 |
| ૮૯. | માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈઓની યોગ્ય મૂલવણી (સમજણ) ના અભાવે માહિતી આપવામાં થયેલ વિલંબને બદઈરાદો (malafide) ન ગણી શકાય. | 20(1) | 226 |
| ૯૦. | વ્યકિતની આવક અંગેના રિટર્ન/સંપત્તિની ફાઈલો ઈન્કમટેક્ષ કાયદા મુજબ તેમજ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ વ્યકિતની અંગત માહિતી ગણાય. | 8(1)(j) | 228 |
| ૯૧. | કોઈ કિસ્સામાં કોર્ટનો ફકત હુકમ જ થયો હોય તો હુકમ માત્રથી જો હુકમમાં માહિતી ન આપવાનો સ્પષ્ટ ઉલ્લેખ ન કર્યો હોય તો કાયદાની કલમ-8(1)(b) નો આધાર લઈ માહિતી આપવાની ના પાડી શકાય નહિ. | 8(1)(b), 2(f) | 230 |
| ૯૨. | જાહેર માહિતી અધિકારીને દંડ કરતાં પહેલાં કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવી જોઈએ. દંડ અંગેનો હુકમ કર્યા પછી કારણદર્શક નોટીસ ઈસ્યુ | 20(1) | 232 |

# અનુક્રમણિકા



| કેસ નંબર | ચુકાદાની વિભાવના | લાગુ પડતી કલમ | પાના નંબર |
|---|---|---|---|
| | કરવી એ કાયદાની જોગવાઈ વિરુધ્ધ છે. | | |
| ૯૩. | ઉત્તરપ્રદેશની રાજય સરકારના એમ્બેસેડર અમિતાભ બચ્ચન અને તે વખતના ઉત્તરપ્રદેશ વિકાસ પરિષદના સભ્ય જાહેર સત્તા મંડળ ન ગણાય. | 2(h) | 234 |
| ૯૪. | માહિતી જાહેર કરવાથી તેનો દુરુપયોગ થશે એવી દહેશત માત્રથી માહિતી જાહેર ન કરવાનું વ્યાજબી ગણી શકાય નહી. | 8(1)(j), 11(1), 10(1) | 236 |
| ૯૫. | પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) સંગઠન પણ જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવી શકે. | 2(h)(d) | 239 |
| ૯૬. | ન્યાયાધીશ તેમના નિર્ણય અથવા હુકમ મારફતે બોલે છે. આવો હુકમ કેમ કર્યો ? તેવું તેમને પુછી શકાય નહીં. | 2(f) | 242 |
| ૯૭. | પરીક્ષા લેનાર સંસ્થાએ પરીક્ષાર્થીને તેમની જવાબવહી જોવા દેવા મંજૂરી આપવી. | 8(1)(e), 8(1)(g), 2(f), 2(j) | 245 |
| ૯૮. | માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮ અને ૧૯ અન્વયે માહિતી આયોગના કાર્યક્ષેત્ર અને સત્તાની છણાવટ: (૧) કલમ-૧૮ હેઠળ માહિતી પુરી પાડવાના આદેશો કરી શકાય નહિ, (૨) કલમ-૧૯ એ અરજદારનો અપીલીય અધિકાર છે. | 18 & 19 | 250 |
| ૯૯. | જાહેર સેવકને અપાયેલ યાદી, ઠપકો, કારણદર્શક નોટીસ, ચાર્જશીટ, તેમને કરવામાં આવેલ સજા, તેમના ઈન્કમટેક્ષ રિર્ટન, તેમના રિર્ટન ઓફ એસેટ, તેમણે કરેલા ઈન્વેસ્ટમેન્ટ વિગેરે તેમની માહિતી અંગત માહિતી હોઈ કલમ-8(1)(j) મુજબ આપી શકાય નહીં | 8(1)(j) | 253 |
| ૧૦૦. | ઈન્ટરવ્યુ કમિટીના સભ્યોના નામ જાહેર કરી શકાય નહીં | 8(1)(g) | 256 |
| ૧૦૧. | કર્મચારી/અધિકારીનો ખાનગી અહેવાલ એટલે કે ACR અને તે અંગેની આનુષાંગિક ફાઈલ કે જેમાં ACR નું પૃથકકરણ કરવામાં આવ્યું હોય તે પણ કાયદાની કલમ-8(1)(j) અંગત માહિતી ગણાય તેથી આપી શકાય નહિ. | 8(1)(j) | 260 |

**કેસ નંબર-૧**

**અગાઉ સાદી અરજીથી અરજદારને માહિતી આપી દીધેલ હોવાથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની અરજી અન્વયે માહિતી ન આપવાના કારણોસર કરવામાં આવેલ દંડ**

**ગુજરાત માહિતી આયોગ ના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 4(1)(b), 5, 20(1)**
**અપીલ નં. ૯૩/૦૮-૦૯, તારીખ ૧૩-૦૬-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૭**

**(૧) માહિતીની વિગત**

- અરજદારનું નામ : સમીનાબેન ઈશુફજી કાચવાલા
- જાહેર માહિતી અધિકારી : ચીફ ઓફિસર
- જાહેર સત્તા મંડળ : નગર પાલિકા, આણંદ
- માંગેલ માહિતીની વિગત

અરજદારે તા.૨૨-૧૧-૨૦૦૭ ની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની અરજીથી માહિતી માંગેલ હતી કે ‘‘મેં મારી અગાઉની તા.૦૧-૦૧-૨૦૦૫ ની સાદી અરજી (મા.આ.અ. ૨૦૦૫ હેઠળની અરજી નહી) થી માહિતી માંગેલ કે પાણીવેરા અંગે નગરપાલિકા દ્વારા મારી પાસેથી વસૂલવામાં આવેલ વધારાના નાણાનું રીફંડ મને શા માટે ચૂકવવામાં આવેલ નથી ?

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જાહેર માહિતી અધિકારી એ દિન-૩૦ માં અરજદારની અરજી અંગે અરજદારને કોઈજ માહિતી/પ્રતિભાવ આપેલ નથી.

**(૨) પ્રથમ અપીલ/ફરીયાદની વિગત**

- **પ્રસ્તુત કેસમાં અરજદારે જાહેર માહિતી અધિકારીના નિર્ણય સામે પ્રથમ અપીલ કર્યાનું જણાતું નથી.**

**(૩) બીજી અપીલની વિગત**

- **અરજદારની રજુઆત :**

મેં તા.૨૨-૧૧-૨૦૦૭ ની મા.આ.અ. ૨૦૦૫ હેઠળની અરજીથી જા.મા.અ. પાસેથી માહિતી માંગેલ હતી કે, ‘‘મેં મારી અગાઉની તા.૦૧-૦૧-૨૦૦૫ ની સાદી અરજી (મા.અ.અ. ૨૦૦૫ હેઠળની નહિ) થી પાણી વેરા અંગે નગરપાલિકા દ્વારા મારી પાસેથી વસૂલવામાં આવેલ વધારાના નાણાનું રીફંડ મને શા માટે ચૂકવવામાં આવેલ નથી?’’ પરંતુ મને જા.મા.અ. તરફથી દિન-૩૦ માં કોઈજ માહિતી કે પ્રતિભાવ મળેલ નથી. તદુપરાંત, આયોગના તા.૧૯-૦૪-૨૦૦૮ ના પ્રથમ હુકમથી પણ મને કોઈ માહિતી આપવામાં આવેલ નથી.

• **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

‘‘આયોગના તા.૧૯-૦૪-૨૦૦૮ ના હુકમ અન્વયે મેં તા.૦૫-૦૫-૨૦૦૮ ના પત્રથી અરજદારને જવાબ આપેલ, જેમાં મેં અરજદારની તા.૦૧-૦૧-૨૦૦૫ ની સાદી અરજી અન્વયે મેં અગાઉ તા.૦૬-૦૧-૨૦૦૫ ના પત્ર અને તે અન્વયેના પત્રવ્યવહારની નકલો અરજદારને આપી હતી. જેમાં મે અરજદારને જણાવેલ કે નગર પાલિકા દ્વારા નાણાં રીફંડ કરવા અંગેના ‘‘રીફંડ રૂલ-૨૦૮’’ મુજબ રીફંડ માંગનારને નાણાં ચૂકવલા અંગેની ઓરીજનલ રીસીટ રીફંડના માંગણા સાથે બીડવી અનિવાર્ય છે. મા.અ.અ. ૨૦૦૫ હેઠળની પ્રસ્તુત તા.૨૨-૧૧-૨૦૦૭ ની અરજીથી અરજદારે ‘‘રીફંડ શા માટે ચૂકવવામાં આવેલ નથી’’ તેના કારણો જાણવા માંગ્યા છે, જે માહિતી અધિકાર અધિનિયમ સાથે સંબંધિત નથી. તેમ છતાં નગરપાલિકા દ્વારા રીફંડ અંગે ઘડવામાં આવેલા નિયમોની નકલ અરજદાર ફી ભર્યેથી તેમને આપવામાં આવશે. જો કે અરજદારે નિયમોની નકલો માંગેલ નથી’’.

• **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૧૧-૦૬-૨૦૦૮

• **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

આયોગે તા.૧૯-૦૪-૨૦૦૮ ના પ્રથમ હુકમથી જાહેર માહિતી અધિકારીને જણાવેલ હતું કે ‘‘પાણીવેરાના વધારાના ચૂકવાયેલ નાણાંના રીફંડ અંગે નગરપાલિકાની કોઈ પોલીસી હોય તો કાયદાની કલમ-4(1)(b) મુજબ સામે ચાલીને જાહેર કરવી, અને તેની નકલ અરજદારને આપવી. અરજદારના જણાવ્યાનુસાર આયોગના આ હુકમ અન્વયે જા.મા.અ.એ અરજદારને કોઈ જ માહિતી ન આપતા, આયોગે તા.૧૯-૦૫-૨૦૦૮ થી જાહેર માહિતી અધિકારીને બીજો હુકમ કર્યો હતો. આયોગ જાહેર માહિતી અધિકારીની વાત સાથે સંમત નથી કે અરજદારે રીફંડ ન ચૂકવવા અંગે જાણવા માંગેલ ‘‘કારણો’’ એ મા.અ.અ.હેઠળ ‘‘માહિતી’’ ની વ્યાખ્યામાં આવતા નથી. કારણ કે માહિતી એટલે ‘‘કોઈપણ સામગ્રી, કોઈપણ સ્વરૂપે’’. પ્રસ્તુત કિસ્સામાં, જાહેર માહિતી અધિકારીએ તા.૦૫-૦૫-૨૦૦૮ ના પત્રથી, અરજદારની અગાઉની તા.૦૧-૦૧-૨૦૦૫ ની સાદી અરજી અન્વયે તા.૦૬-૦૧-૨૦૦૫ ના પત્રથી જે પત્રવ્યવહારની નકલો આપી હતી તે નકલો આ કિસ્સામાં પણ અરજદારની મા.અ.અ. હેઠળની તા.૨૨-૧૧-૨૦૦૭ ની અરજી અન્વયે આપી શકયા હોત. પરંતુ જા.મા.અ.એ અરજદારને ૩૦ દિવસ બાદ, એટલે કે છેક ૦૫-૦૫-૨૦૦૮ ના રોજ માહિતી આપેલ છે. અરજદારને આપેલ માહિતી એ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ‘‘માહિતી’’ ની વ્યાખ્યામાં આવતી હોઈ તેમજ તે કચેરીના રેકર્ડ ઉપર અસ્તિત્વ પણ ધરાવતી હોઈ સમય-મર્યાદામાં આ માહિતી આપવી જોઈતી હતી. સબબ, જા.મા.અ.એ અગાઉ આપેલ ખુલાસો કે ‘‘અરજદારને અગાઉ (તેમની સાદી અરજી તા.૦૧-૦૧-૨૦૦૫ અન્વયે) કારણો જણાવી દીધા હતા’’ તે બાબત કાયદાના શબ્દો અને હાર્દ સાથે સુસંગત નથી. અગાઉ જવાબ આપી દીધા હોવાથી હવે નાગરિક મા.આ.અ. હેઠળ માહિતી ન માંગી શકે એવું નથી. આ તમામ બાબતો ઘ્યાને લેતાં, જા.મા.અ. વ્યાજબીપણે અને ખંતપૂર્વક વર્ત્યા નથી.

• **ગુજરાત માહિતી આયોગ/કેન્દ્રિય માહિતી આયોગનો નિર્ણય/હુકમ :**

(૧) જા.મા.અ.ને રૂા.૨૫૦૦=૦૦ નો દંડ કરવાનો હુકમ કરવામા આવે છે. સદર દંડની રકમ તેમણે પોતાના અંગત ભંડોળમાંથી અથવા પગારમાંથી ચૂકવવાની રહશે.

(૨) દંડની રકમની ચૂકવણી અંગેના પુરાવાની નકલ જા.મા.અ.એ આયોગને દિન-૪૫ માં મોકલી આપવાની રહેશે.

(૩) આણંદ નગર પાલિકાને જાહેર સત્તામંડળ તરીકે હુકમ કરવામાં આવે છે કે નગરપાલિકાના નિયમો, નિયમનો, સૂચનાઓ અને નિયમ સંગ્રહો... વગેરે દિન-૩૦ માં સામે ચાલીને જાહેર કરવામાં આવે. જા.મા.અ. એ આ હુકમનુ પાલન થયા અંગેની જાણ દિન-૪૫ માં આયોગને કરવાની રહેશે.

(૪) આ હુકમની નકલ નગરપાલિકાઓના નિયામકને આપવાનો હુકમ કરવામાં આવે છે. નગરપાલિકાઓના નિયામકે કાયદાની કલમ-4(1)(b) મુજબ સામે ચાલીને માહિતી જાહેર કરવા અંગે ગુજરાતની તમામ નગરપાલિકાઓને સૂચના આપી, દિન-૪૫ માં આ હુકમનું પાલન કરવાનું રહેશે.

## કેસ નંબર-૨

**બી.પી.એલ. અરજદારનું નામ ગ્રામ વિકાસ વિભાગના સર્વેની યાદીમાં ન હોવા છતાં પણ જો અરજદાર બી.પી.એલ. રેશનકાર્ડ અથવા બી.પી.એલ. પ્રમાણપત્રની નકલ રજૂ કરે તો તેમણે અરજી ફી કે અન્ય કોઈ ચાર્જીસ ભરવાના થશે નહી.**

**ગુજરાત માહિતી આયોગ ના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(5)**
**અપીલ નં. ૦૦૫૪/૨૦૦૮-૦૯, તારીખ ૦૫-૧૦-૨૦૦૯**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : બાવળિયા બુધાભાઈ ચતુરભાઈ
- જાહેર માહિતી અધિકારી : તલાટી કમ મંત્રી
- જાહેર સત્તા મંડળ : ગ્રામ પંચાયત, હામાપર, તા.ગઢડા, જી. ભાવનગર
- માંગેલ માહિતીની વિગત

અરજદારે તા.૦૮-૦૪-૨૦૦૮ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી માંગેલ છે, જેમાં તેમણે અરજીની સાથે ગરીબી રેખા હેઠળનું કાર્ડ (બી.પી.એલ. કાર્ડ) ની નકલ રજૂ કરેલ.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જાહેર માહિતી અધિકારીએ તા.૨૬-૦૪-૨૦૦૮ ના પત્રથી અરજદારને જણાવેલ કે, ‘‘તમારું નામ ગ્રામ વિકાસ વિભાગની સર્વેની યાદીમાં ન હોવાથી તમારા રેશનકાર્ડની નકલ સ્વીકારવામાં આવતી નથી અને તેથી તમારી માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજી સ્વીકારવાનો ઈન્કાર કરવામાં આવે છે’’.

### (૨) ફરીયાદની વિગત

- **ફરિયાદીની રજુઆત :**

આયોગ ખાતે તા.૦૩-૧૦-૨૦૦૯ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમાં ફરિયાદીએ તેમના તા.૧૫-૦૪-૨૦૦૮ ના પત્રથી આયોગને ફરિયાદ કરેલ છે કે ‘‘મેં તા.૦૮-૦૪-૨૦૦૮ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા માટે જાહેર માહિતી અધિકારીને જે અરજી કરેલ તે અરજી સાથે મેં ગરીબી રેખા હેઠળના કાર્ડ (બી.પી.એલ. કાર્ડ) ની નકલ રજુ કરેલ હતી. પરંતુ તલાટી કમ મંત્રીએ તા.૨૬-૦૪-૨૦૦૮ ના પત્રથી મારા રેશનકાર્ડની નકલ સ્વીકારેલ નથી અને મને જણાવેલ કે તમારૂ નામ ગ્રામ વિકાસ વિભાગના સર્વેની યાદીમાં ન હોવાથી તમારે રૂ.૨૦=૦૦ અરજી ફી ભરવી. આમ, કારણવગર મારી અરજી સ્વીકારવામાં આવેલ નથી.

## • જાહેર માહિતી અધિકારીની રજૂઆત :

''ફરિયાદીની અરજી અન્વયે મેં ફરિયાદીને રૂા.૨૦=૦૦ ની અરજી ફી ભરવા માટે નિયમાનુસાર જાણ કરેલ છે. ફરિયાદીએ તેમની અરજી સાથે રૂા.૨૦=૦૦ ભરેલ ન હોવાથી તેમની અરજી નિયમોનુસાર નથી''.

## • ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ, ગુજરાત રાજય દ્વારા ઘડવામાં આવેલ ''ગુજરાત માહિતી અધિકાર નિયમો, ૨૦૦૫'' ના નિયમ-૩(૧) થી જોગવાઈ કર્યા મુજબ, ગરીબી રેખા હેઠળના કુટુંબની વ્યકિત તેમની અરજી સાથે રેશનકાર્ડની નકલ અથવા સંબંધિત સત્તાધિકારીએ તે અર્થે આપેલ પ્રમાણપત્રની નકલ રજુ કરે તો તેઓએ અરજી ફી કે અન્ય કોઈ ચાર્જીસ ભરવાના થશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આથી ગરીબીરેખા હેઠળના કુટુંબના કાર્ડની પ્રમાણીત નકલ ફરિયાદીએ અરજી સાથે જોડેલ હોઈ, આયોગ નીચે મુજબ હુકમ કરે છે.

## • ગુજરાત માહિતી આયોગનો નિર્ણય/હુકમ :

ફરિયાદીએ તેમની અરજી સાથે જે બી.પી.એલ. રેશનકાર્ડની નકલ રજુ કરેલ છે તે નિયમોનુસાર હોવાથી તેમણે અરજી ફી ભરવાની રહેતી નથી. આથી, ફરિયાદીએ તા.૦૮-૦૪-૨૦૦૮ ની અરજીથી જે માહિતીની માંગણી કરેલ છે તે માહિતી દિન-૧૫ માં વિના મૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

## કેસ નંબર-૩

**અરજદારને તેમના પોતાના ખાનગી અહેવાલની નકલ આપી શકાય પરંતુ ''અન્ય'' ના ખાનગી અહેવાલની માહિતી એ ''ત્રાહિત પક્ષકાર'' ને લગતી બાબત હોવાથી, ''અન્ય'' ના ખાનગી અહેવાલની નકલ આપતાં પહેલા કાયદાની કલમ-(૧૧) મુજબ કાર્યવાહી કરવી અનિવાર્ય છે.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશ્નરશ્રી આર. એન. દાસનો ચુકાદો.**
**(લાગુ પડતી કલમ : 8(1)(e), 11)**
**(અપીલ નં. : ૨૧૮/૦૬-૦૭, ૬૬૪/૦૬-૦૭ અને ફરિયાદ નં. ૧૨૬૭/૦૬-૦૭)**
**હુકમની તારીખ : ૧૭-૦૩-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨૮**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : (૧) શ્રી કે. એચ. દાસ, પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટની કચેરી, ગાંધીનગર.
  (૨) શ્રી અરવિંદ અગ્રવાલ, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
  (૩) શ્રી એમ. એમ. લાહોરી, અમદાવાદ.
- જાહેર માહિતી અધિકારી અને જાહેર સત્તા મંડળ : (૧) ગૃહ વિભાગ, ગાંધીનગર.
  (૨) સામાન્ય વહીવટી વિભાગ, ગાંધીનગર.
  (૩) ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગર

### (૨) માંગેલ માહિતીની વિગત :

આ કેસમાં સમાવિષ્ટ બંને અપીલો અને એક ફરિયાદ મળી, કુલ ત્રણેય કેસમાં મૂળતઃ ખાનગી અહેવાલની માહિતી માંગવામાં આવેલ હતી.

### (૩) જાહેર માહિતી અધિકારીઓના પ્રતિભાવો :

માંગવામાં આવેલ માહિતી (એટલે કે ખાનગી અહેવાલ) એ કાયદાની કલમ-**8(1)(e)** મુજબ ''વિશ્વસનીય સંબંધોને આધીન માહિતી હોવાથી'' તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૧૧-૨૦૦૫ ના પરિપત્રની જોગવાઈઓને ધ્યાને લઈ, ખાનગી અહેવાલની માહિતી નકારવામાં આવેલ હતી.

### (૪) પ્રથમ અપીલ :

પ્રથમ અપીલ અધિકારીઓએ પણ જાહેર માહિતી અધિકારીના અભિગમ/જવાબને સમર્થન આપી, ખાનગી અહેવાલની માહિતી આપવાનું નકારેલ.

### (૫) આયોગ સમક્ષ બીજી અપીલ/ફરિયાદની વિગત :

- **અરજદારો/ફરિયાદીની રજુઆતો :**

પ્રસ્તુત ત્રણેય કેસોમાં અરજદારો/ફરિયાદી તરફથી કરવામાં આવેલ રજૂઆત મુજબ ''ખાનગી અહેવાલ'' ની માહિતી મળવી જોઈએ, જેના કારણોમાં તેઓ દ્વારા જણાવવામાં આવેલ કે :-

૧. સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલના ૩ ચુકાદાઓ, કેન્દ્રિય માહિતી આયોગના ૨ ચુકાદાઓ અને ત્રિપુરા માહિતી આયોગનો ૧ ચુકાદો ટાંકીને જણાવવામાં આવ્યું કે ''ખાનગી અહેવાલની માહિતી'' મળવી જોઈએ.

૨. ખાનગી અહેવાલની નકલ ન આપવા અંગેનો સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર એ અમલીકરણની સૂચના છે, કોઈ કાયદાની ફરજીયાત જોગવાઈ નથી. વહીવટી પરિપત્ર કાયદાની જોગવાઈઓની ઉપરવટ જઈ શકે નહિ.

૩. કાયદાની કલમ-**8(1)(e)** નો આધાર લઈ ''વિશ્વસનીય સંબંધોને આધીન'' માહિતી ન આપી શકાય તેવો અભિગમ લેવામાં આવે તો સરકારમાં પડેલી લગભગ તમામ માહિતી ''ન આપવા પાત્ર કેટેગરીમાં'' માં જ આવે.

૪. ''ખાનગી અહેવાલ'' એ બઢતીનો આધાર હોઈ તેની માહિતી મળવી જોઈએ.

૫. ''ખાનગી અહેવાલ'' માં કરવામાં આવેલ વિપરીત નોંધ'' ની નકલ આપવામાં આવે છે તે બાબત જ દર્શાવે છે કે ''ખાનગી અહેવાલ'' ની નકલ આપી શકાય.

૬. માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓનું સર્જનાત્મક અર્થઘટન કરતાં તેમજ સુશાસન, પારદર્શિતા, બિનભેદભાવપૂર્ણ વ્યવહાર, યોગ્ય અમલીકરણ અને કુદરતી ન્યાયને ધ્યાને લેતાં, ખાનગી અહેવાલની માહિતી મળવી જોઈએ.

**<u>જાહેર માહિતી અધિકારીઓની રજૂઆતો :</u>**

૧. ''રાજય માહિતી આયોગ'' અને ''કેન્દ્રિય માહિતી આયોગ'' બંને સ્વતંત્ર છે, તેથી કેન્દ્રિય માહિતી આયોગના નિર્ણયો રાજય માહિતી આયોગને બંધનકર્તા નથી. તેમ છતાં, કેન્દ્રીય માહિતી આયોગે પણ શ્રી મનોહરસીંગની અપીલના કિસ્સામાં ખાનગી અહેવાલની માહિતી જાહેર કરવા ઉપર પ્રતિબંધ હોવાનું ઠરાવેલ છે.

૨. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર ''રાજયપાલશ્રીના નામે'' ઈસ્યુ કરવામાં આવેલ છે. રાજયપાલશ્રીની કાયદાની જોગવાઈ મુજબ ''સક્ષમ સત્તાધિકારી'' છે. તેથી આ પરિપત્રની જોગવાઈઓને અવગણી શકાય નહિ.

૩. ''ખાનગી અહેવાલ'' ના નામમાં જ ''ખાનગી'' શબ્દ આવે છે, જે સ્વયં દર્શાવે છે કે બાબત ''વિશ્વસનીય સંબંધોને આધીન'' છે, તેથી ખાનગી અહેવાલની માહિતી આપી શકાય નહી.

૪. ''ખાનગી અહેવાલ'' ની માહિતી private/personal interest ને લગતી હોઈ તે જાહેર કરવામાં કોઈ ''વિશાળ જાહેર હિત'' (Lager public interest) સમાવિષ્ટ નથી, સબબ, ખાનગી અહેવાલની માહિતી આપી શકાય નહિ.

૫. સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલના ''ખાનગી અહેવાલ'' ના ચુકાદામાં TRUST શબ્દ આવે છે, જે સ્વયં દર્શાવે છે કે ખાનગી અહેવાલની બાબત ''વિશ્વસનીય સંબંધોને આધીન'' છે, તેથી તે આપવા પાત્ર નથી. વળી, ''બિન-વિપરીતનોંધ'' ની જાણ કરવાની રહેતી નથી, જે દર્શાવે છે કે ખાનગી અહેવાલની માહિતી આપવા પાત્ર નથી.

૬. ખાનગી અહેવાલ લખવા, રીવ્યુ કરવા અને સ્વીકારવા એ બાબતો વિશ્વસનીય સંબંધોને આધીન ''inherent'' હોઈ, ખાનગી અહેવાલની માહિતી આપવા પાત્ર નથી.

## (૬) <u>ગુજરાત માહિતી આયોગના નિરીક્ષણો :</u>

૧. બઢતી માટે ''ખાનગી અહેવાલ'' અગત્યની વિગતો પૂરી પાડે છે.

૨. ખાનગી અહેવાલના સંદર્ભમાં Performance Appraisal (કામગીરીની મૂલવણી) એ રીપોર્ટીંગ ઓફિસર અને સ્વમૂલ્યાંકન લખનાર કર્મચારીની ''joint exercise'' (સંયુકત કામગીરી) છે, જેને એકતરફી કામગીરી કહી શકાય નહી. આ સંયુકત કામગીરી ''માનવ સ્ત્રોત વિકાસ'' માટેનું એક સાધન છે જેના દ્વારા સંબંધિત અધિકારી/કર્મચારીને પોતાની સાચી ક્ષમતાનો અહેસાસ થાય તે જરૂરી છે.

૩. ''વિશ્વસનીય સંબંધ''ની વ્યાખ્યા માહિતી અધિકાર અધિનિયમમાં કરવામાં આવેલ નથી પરંતુ Advanced Law Lexicon ૨૦૦૬ ની ત્રીજી આવૃત્તિમાં વર્ણવ્યા મુજબ, વિશ્વસનીય સંબંધો એટલે......

*''એવો સંબંધ કે જેમાં સંબંધની મર્યાદામાં એક વ્યકિત ફરજના ભાગ રૂપે અન્ય વ્યકિતના લાભાર્થે કાર્ય કરે છે. સામાન્ય રીતે, ચાર પૈકી એક પરિસ્થિતિમાં વિશ્વસનીય સંબંધ અસ્તિત્વમાં આવે છે : (૧) જયારે એક વ્યકિત બીજી એવી વ્યકિતની વિશ્વસનીય અખંડાતામાં શ્રધ્ધા રાખે છે કે જે પ્રથમ વ્યકિત કરતાં ઉચ્ચ હોય કે તેમને પ્રભાવિત કરી શકતા હોય, (૨) જયારે એક વ્યકિત બીજી વ્યકિત ઉપર નિયંત્રણ અને જવાબદારી ધરાવતા હોય (૩) જયારે એક વ્યકિતની બીજી વ્યકિતને, સંબંધની મર્યાદામાં આવતી બાબતો વિશે સલાહ આપવાની ફરજ હોય, અથવા (૪) જયારે એવો કોઈ ચોકકસ સંબંધ અસ્તિત્વ ધરાવતો હોય કે જેમાં પ્રણાલીગત વિશ્વસનીય ફરજો સંકળાયેલી હોય, જેમ કે વકીલ અને અસીલ, શેરદલાલ અને ગ્રાહક''.* આનો અર્થ એ નથી કે ''વિશ્વસનીય સંબંધ'' નો વ્યાપ નાગરિકને માહિતી નકારવા માટે કરવામાં આવે.

૪. ઉપરોકત વિગતો જોતાં, જાહેર સત્તામંડળમાં ફરજ બજાવનાર વ્યકિત અને જાહેર સત્તામંડળ વચ્ચે ''વિશ્વસનીય સંબંધ'' અસ્તિત્વ ધરાવે છે. પરંતુ ''વિશ્વસનીય સંબંધ'' નો ઉપયોગ માહિતી નકારવા માટે થઈ શકે નહિ, જો તેમાં વિશાળ જાહેર હિત સંકળાયેલું હોય. ''ખાનગી અહેવાલ'' લખવામાં ''વિશ્વસનીય સંબંધ'' અસ્તિત્વ ધરાવે છે એવું આયોગનું મંતવ્ય છે; પરંતુ જાહેર સેવકના સેવાકીય દસ્તાવેજો જાહેર સત્તામંડળમાં જાહેર હિતમાં નિભાવવામાં આવતાં હોઈ કર્મચારીની નિષ્ઠા (integrity) અંગે શક કે સંદેહ ન હોય તે સિવાય તેને ''ખાનગી'' કે ''અંગત'' હોવાનું કહી શકાય નહિ. આમ, આયોગને જણાય છે કે કર્મચારીની નિષ્ઠા (integrity) અંગે શંકા કે સંદેહ સંબંધી બાબતોને જ સાચા અર્થમાં ''વિશ્વસનીય સંબંધ'' કહી શકાય અને આવી બાબતને જ કાયદાની કલમ-8(1)(e) મુજબ ''વિશ્વસનીય સંબંધ'' ની ગણી, જાહેર કરવામાંથી મુકિત આપવી જોઈએ. આ સિવાયની બાબતોને કાયદાની કલમ-8(1)(e) મુજબ ''વિશ્વસનીય સંબંધ'' ની બાબત કહી શકાય નહિ.

૫. આ જ દલીલ મુજબ, જાહેર સેવકના ખાનગી અહેવાલને કાયદાની કલમ-8(1)(e) મુજબ ''અંગત માહિતી'' ની કક્ષામાં મુકવાનું આયોગને યોગ્ય જણાતું નથી. કારણ કે કર્મચારી/અધિકારી જાહેર સેવક તરીકે તેમની ફરજો, જવાબદારીઓ અને વર્તણૂંકના નિયમો મુજબ વર્તન કરવા બંધાયેલા છે. પરંતુ વ્યકિત (એટલે કે અરજદાર) જયારે તેમના ''પોતાના'' નહિ પરંતુ ''અન્ય'' ના ખાનગી અહેવાલની માહિતી માંગે ત્યારે આવા ખાનગી અહેવાલને ''ત્રાહિત પક્ષકાર'' સંબંધિત માહિતી હોવાનું ગણી, કાયદાની કલમ-૧૧ માં ઠરાવવામાં આવેલ ''ત્રાહિત પક્ષકાર'' ને લગતી પક્રિયાઓ અનુસરીને કાર્યવાહી કરવી જરૂરી છે.

(૭) **<u>નિર્ણય/હુકમ :</u>**

૧. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૧૧-૨૦૦૫ ના પરિપત્રમાં ઠરાવ્યાનુસાર, ''ખાનગી અહેવાલ'' જાહેર કરવાના રહેતા નથી'' એ બાબત અયોગ્ય હોઈ ગ્રાહય રાખવા પાત્ર નથી.

૨. કાયદાની કલમ–**8(1)(e)** મુજબ, ખાનગી અહેવાલની માહિતી ''વિશ્વસનીય સંબંધો'' ના કારણોસર નકારવી વ્યાજબી નથી. તેમ છતાં, કાયદાની કલમ-**8(1)(e)** ના સંદર્ભમાં જયારે ''વિશાળ જાહેર હિત'' સમાવિષ્ટ હોય ત્યારે તેમજ કર્મચારીની નિષ્ઠા (**integrity**) અંગે શંકા કે સંદેહ ન હોય તે સિવાય, ખાનગી અહેવાલની માહિતી જાહેર કરવી.

૩. વ્યકિત (એટલે કે અરજદાર) જયારે તેમના પોતાના નહિ પરંતુ ''અન્ય'' ના ખાનગી અહેવાલની માહિતી માંગે ત્યારે આવા ખાનગી અહેવાલને ''ત્રાહિત પક્ષકાર'' સંબંધિત માહિતી હોવાનું ગણી, કાયદાની કલમ-૧૧ માં ઠરાવવામાં આવેલ ''ત્રાહિત પક્ષકાર'' ને લગતી પ્રક્રિયાઓ અનુસરીને કાર્યવાહી કરવી.

૪. ઉપરોકત વિગતો અનુસાર, પ્રસ્તુત બંને અપીલો અને ફરિયાદ ગ્રાહય રાખવામાં આવે છે.

૫. સંબંધિત સામેવાળાઓએ (એટલે કે જાહેર માહિતી અધિકારીઓએ) ઉપરોકત નિર્ણય મુજબ, દિન-૧૫ માં માહિતી આપવી અને આયોગને જાણ કરવી.

૬. પ્રસ્તુત ત્રણ પ્રકરણ સંદર્ભે આયોગના નિર્ણયને ઘ્યાને લઈ, સામાન્ય વહીવટ વિભાગને તેમનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર સુધારવાનો નિર્દેશ કરવામાં આવે છે.

## કેસ નંબર-૪

**માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૨૪ હેઠળ, ગુજરાત સરકારના નોટીફીકેશન મુજબ જાહેર કરેલ સંસ્થાઓને અધિનિયમમાંથી બાકાત રાખવામાં આવેલ છે.**

**ગુજરાત માહિતી આયોગ ના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**ડી. રાજગોપાલન નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 24**
**અપીલ નં. ૧૬૩૩/૦૯-૧૦, તારીખ ૦૩-૦૯-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : 3**

(૧) **માહિતીની વિગત**

- અરજદારનું નામ : જીવણભાઈ કરશનભાઈ વાઘેલા
- જાહેર માહિતી અધિકારી : નાયબ પોલીસ અધિક્ષક
- જાહેર સત્તા મંડળ : નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, નડિયાદ, જી.ખેડા.
- માંગેલ માહિતીની વિગત

વિવાદીએ તા.૦૪-૦૭-૨૦૦૯ ની અરજીથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર માહિતી અધિકારી પાસેથી પોલીસ અધિક્ષકની કચેરી, લોકલ ક્રાઈમ બ્રાંચ (એલ.સી.બી.) ને લગતી માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

વિવાદીએ માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીના જણાવ્યાનુસાર વિવાદીએ માંગેલ કેટલીક માહિતી લોકલ ક્રાઈમ બ્રાંચ (એલ.સી.બી.) ને લગતી છે. ''કાયદાની કલમ-૨૪ મુજબ, ગુજરાત સરકારશ્રીની કેટલીક કચેરીઓને માહિતી અધિકાર અધિનિયમમાંથી બાકાત રાખવામાં આવેલ છે, જેમાં એલ.સી.બી.નો પણ સમાવેશ થતો હોઈ, એલ.સી.બી. અંગે વિવાદીએ માંગેલ માહિતી આપવાની રહેતી નથી''- આ મુજબનો જવાબ જાહેર માહિતી અધિકારીએ તેમના તા.૨૩-૦૭-૨૦૦૯ અને તા.૨૮-૦૮-૨૦૦૯ ના પત્રથી વિવાદીને આપેલ હતો.

(૨) **પ્રથમ અપીલની વિગત :**

જાહેર માહિતી અધિકારીના તા.૨૩-૦૭-૨૦૦૯ ના જવાબથી નારાજ થઈને વિવાદીએ તા.૦૮-૦૮-૨૦૦૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરતાં, પ્રથમ અપીલ સત્તાધિકારીએ તેમના તા.૨૭-૦૮-૨૦૦૯ ના નિર્ણયથી વિવાદીને જણાવેલ કે, ''વિવાદી તરફથી માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૪ હેઠળ જાહેર થયેલ નોટીફીકેશનના અનુસંધાને વિવાદીને માહિતી આપવાપાત્ર થતી નથી''.

## (૩) <u>બીજી અપીલની વિગત</u>

વિવાદીએ આયોગને કરેલ બીજી અપીલની સુનાવણી તા.૩૧-૦૮-૨૦૧૨ ના રોજ રાખવામાં આવેલ, જેમાં વિવાદી હાજર રહેલ. પ્રતિવાદી તરફથી પોલીસ ઈન્સ્પેકટર, પોલીસ અધિક્ષકની કચેરી, નડિયાદ સુનાવણીમાં હાજર રહેલ.

- **અરજદારની રજુઆત :**

તા.૧૮-૦૯-૨૦૦૯ ના રોજ આયોગને બીજી અપીલ અરજી કરી અરજદારે જણાવ્યુ કે ''મેં તા.૦૪-૦૭-૨૦૦૯ ના રોજ મૂળ નમૂના-ક ની અરજી જાહેર માહિતી અધિકારીને કરેલ હતી તે સંબંધમાં જાહેર માહિતી અધિકારીએ તા.૨૩-૦૭-૨૦૦૯ અને તા.૨૮-૦૮-૨૦૦૯ ના રોજ જવાબ આપેલ, જેની સામે મેં તા.૦૮-૦૮-૨૦૦૯ નારોજ પ્રથમ અપીલ સત્તાધિકારીને પ્રથમ અપીલ કરેલ. જે અન્વયે પ્રથમ અપીલ સત્તાધિકારીએ તા.૨૭-૦૮-૨૦૦૯ ના રોજ હુકમ કરેલ''.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

વિવાદીએ તા.૧૮-૦૯-૨૦૦૯ ના રોજ આયોગ સમક્ષ કરેલ બીજી અપીલ અન્વયે આયોગ તરફથી સંબંધિત જાહેર સત્તામંડળ પાસેથી અહેવાલ મંગાવતાં, તેમના તરફથી તા.૨૧-૧૨-૨૦૧૧ ના રોજ અહેવાલ આપવામાં આવેલ છે અને તેની એક નકલ વિવાદીને પણ આપવામાં આવેલ છે, જેમાં ઉલ્લેખ થયા પ્રમાણે એલ.સી.બી. શાખાને લગતી માહિતીઓ, સરકારની માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૪ હેઠળની જાહેરાત પ્રમાણે આપવા પાત્ર થતી નથી તેવો તા.૨૫-૧૦-૨૦૦૫ ના નોટીફીકેશનમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૪ હેઠળ સરકારને સત્તા આપવામાં આવેલ છે કે અમુક સંસ્થાઆઓને તેમની જાહેરાતના અનુસંધાને માહિતી અધિકાર અધિનિયમમાંથી બાકાત રાખી શકાય અને ઉપરોકત કલમના અનુસંધાને સરકાર તરફથી તા.૨૫-૧૦-૨૦૦૫ ના રોજ જે જાહેરાત કરવામાં આવેલ છે તેમાં એલ.સી.બી. શાખાનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

- **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય/હુકમ :**

પ્રથમ સત્તાધિકારીનો નિર્ણય નિયમસર છે અને વિવાદીની આયોગ સમક્ષ થયેલ રજૂઆત સ્વીકારવાપાત્ર થતી નથી, તેથી આ કેસ દફતરે કરવામાં આવે છે.

**કેસ નંબર-૫**

| |
|---|
| **દફતરની અયોગ્ય જાળવણી, એમનેસ્ટી સ્કીમના કારણે કાર્યભારનું દબાણ, રાજય વિધાનસભાની ચૂંટણી સંબંધિત કામગીરી તેમજ અપૂરતા સ્ટાફને કારણે સમય મર્યાદામાં માહિતી ન આપી શકવાના કારણોસર કરવામાં આવેલ દંડ** |

| |
|---|
| **ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી<br>આર. એન. દાસનો ચુકાદો<br>લાગુ પડતી કલમ : 20(1)<br>ફરીયાદ નં. ૨૪૬/૦૭-૦૮ તારીખ : ૧૨-૦૩-૨૦૦૮<br>ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૦** |

## (૧) <u>માહિતીની વિગત</u>

- અરજદારનું નામ : શ્રી કિશોરચંદ્ર લાભશંકર જાની
- જાહેર માહિતી અધિકારી : નાયબ કલેકટર
- જાહેર સત્તા મંડળ : સ્ટેમ્પ ડયુટી વેલ્યુએશન ઓર્ગેનાઈઝેશન, કલેકટરની કચેરી, રાજકોટ.
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તેમની તા.૧૨-૦૩-૨૦૦૭ ની અરજીથી જા.મા.અ. પાસેથી માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ :**

જા.મા.અ.તરફથી સમયમર્યાદામાં કોઈજ પ્રત્યુતર કે પ્રતિભાવ અરજદારને આપવામાં આવેલ નથી.

- **અપીલ સત્તાધિકારીનો નિર્ણય/હુકમ :**

''તા.૨૯-૦૫-૨૦૦૭ ના રોજ યોજવામાં આવેલ અપીલ સુનાવણીમાં અરજદારની અપીલ ફાઈલે કરવાનો હુકમ કરવામા આવે છે અને ડયુટી કલેકટર, સ્ટેમ્પ ડયુટી વેલ્યુએશન ઓર્ગેનાઈઝેશનને હુકમ કરવામાં આવે છે કે અરજદારના ડોકયુમેન્ટસ અંગેની કાર્યવાહી ૧ માસમાં પૂર્ણ કરવામાં આવે અને અરજદારના ડોકયુમેન્ટસ તેમને પરત કરવામાં આવે''.

## (૨) <u>બીજી અપીલ/ફરીયાદની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

''મેં માંગેલ માહિતી મને જા.મા.અ. તરફથી મળેલ નથી. સબબ, મેં અપીલ અધિકારીને અપીલ કરેલ હતી. પરંતુ તા.૨૯-૦૫-૨૦૦૭ ની અપીલ સુનાવણીમાં અપીલ અધિકારીએ મારી અરજી ફાઈલ કરવાનો હુકમ કરેલ છે, જે અયોગ્ય અને અન્યાયી છે. તદ્ઉપરાંત, અપીલ અધિકારી દ્વારા ૧ મહિનામાં ડોકયુમેન્ટ ઉપર કાર્યવાહી કરવાનો જાહેર માહિતી અધિકારીને આદેશ કરવામાં આવેલ હોવા છતાં, જા.મા.અ.એ કોઈ કાર્યવાહી કરેલ નથી. આયોગનાં તા.૦૮-૦૧-

૨૦૦૮ ના હુકમનું પણ સમયમર્યાદામાં પાલન કરવામાં આવેલ નથી. રજા પરથી પરત આવી હાજર થયા બાદ પણ જા.મા.અ.એ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરેલ નથી. આયોગના હુકમ બાદ ૪ મુદ્દાની માહિતી મને પૂરી પાડવામાં આવેલ છે, સબબ, જા.મા.અ.ને દંડ થવો જોઈએ અને માનસિક તેમજ આર્થિક તકલીફ મારે ભોગવવી પડી હોવાથી મને વળતર પણ મળવું જોઈએ''.

• **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

''અરજદારે તા.૧૨-૦૩-૨૦૦૭ ની અરજીથી માહિતી માંગેલ હતી પરંતુ તેમની અરજીમાં માંગવામાં આવેલ માહિતી સ્પષ્ટ અને ચોકકસ (clear and specific) ન હોવાને કારણે મેં તા.૨૯-૦૩-૨૦૦૭ ના પત્રથી સ્પષ્ટ અને ચોકકસ માહિતી માંગવા અરજદારને જણાવેલ, જે અન્વયે અરજદારે તા.૩૦-૦૩-૦૭ થી સ્પષ્ટતા કરતા, તા.૩૦-૦૫-૦૭ ના રોજ રજી.એડી પત્રથી અરજદારને મેં માહિતી પૂરી પાડી હતી. આયોગના તા.૦૮-૦૨-૨૦૦૮ ના હુકમ મુજબ મેં અરજદારને તા.૦૭-૦૩-૨૦૦૮ ના પત્રથી માહિતી પૂરી પાડી હતી તેમજ આયોગની કારણદર્શક નોટીસ અન્વયે મેં તા. ૦૭-૦૩-૨૦૦૮ ના મારા પત્રથી લેખીત ખુલાસો પણ આયોગને મોકલી આપેલ હતો. મારા પિતાજી બિમાર હોવાથી હું રજા ઉપર હતો જેથી મારી ફરજ ઉપર તા.૧૮-૦૬-૨૦૦૭ ના રોજ હાજર થયેલ હતો અને ત્યારબાદ, કાર્યવાહી પૂર્ણ કરી સંબંધિત સબરજીસ્ટ્રારને તા.૩૦-૦૭-૨૦૦૭ ના રોજ દસ્તાવેજો મોકલી આપ્યા હતા અને અરજદારને તા.૦૧-૦૯-૨૦૦૭ ના રોજ જાણ કરેલ હતી. તદુઉપરાંત, મારી કચેરીમાં રેકર્ડની જાળવણી અયોગ્ય રીતે કરવામાં આવેલ હોવાથી, એમનેસ્ટી સ્કીમનું કાર્યભારણ હોવાથી, રાજયની વિધાનસભાની ચૂંટણીનું કાર્યભારણ હોવાથી તેમજ અપૂરતો સ્ટાફ હોવાને કારણે અરજદારને માહિતી પૂરી પાડવામાં વિલંબ થયેલ હતો''.

• **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૦૮-૦૧-૨૦૦૮, ૦૮-૦૨-૨૦૦૮, ૧૧-૦૩-૨૦૦૮

• **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

અરજદારને સૌ પ્રથમ તા.૦૮-૦૧-૨૦૦૮ ના રોજ સાંભળવામાં આવેલ, જેમાં પ્રાથમિક રીતે જ જણાયેલ કે અરજદારને સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. સબબ, જા.મા.અ. ને કારણદર્શક નોટીસ આપી તેમને દંડ શા માટે ન કરવો? તે અંગે તેમનો ખુલાસો માંગવામાં આવેલ અને ખુલાસાની નકલ અરજદારને પૂરી પાડવા જણાવેલ. સાથે સાથે, આયોગે જાહેર માહિતી અધિકારીને જણાવેલ કે અરજદારે માંગેલ માહિતી તેમને વિનામૂલ્યે દિન-૧૫ માં પૂરી પાડવામાં આવે. ત્યારબાદ, તા.૦૮-૦૨-૨૦૦૮ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમાં અરજદાર હાજર હતા પરંતુ જા.મા.અ. હાજર નહોતા. પોતાની ગેરહાજરી અંગે જા.મા.અ.એ તા.૦૨-૦૨-૨૦૦૮ ના રોજ ફેકસ પત્રથી આયોગને જણાવેલ કે, ''ચૂંટણીની કામગીરીની વ્યસ્તતાને કારણે હું હાજર રહી શકીશ નહી'' સબબ, આયોગે હાજર રહેલ અરજદારને સાંભળીને (૧) દિન-૧૦ માં અરજદારને વિનામૂલ્યે માહિતી પૂરી પાડવાના અને (૨) કારણદર્શક નોટીસનો લેખીતમાં જવાબ આયોગને આપી, તેની નકલ અરજદારને આપવાના હુકમો કરવામાં આવેલ. તદુપરાંત જા.મા.અ.ગેરહાજર રહેવા સબબ તેમજ તેની જાણ અરજદારને ન કરવા સબબ અરજદારે વળતરની ચૂકવણીની માંગણી કરેલ, જે અંગે આયોગ દ્વારા સંબંધિત જાહેર સત્તામંડળ (સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ) ને પોતાની રજૂઆત આયોગને કરવા જણાવવામાં આવેલ. જા.મા.અ.નો અરજદારને તા.૩૦-૦૫-૨૦૦૭ થી પાઠવવામાં આવેલ જવાબ એ

સ્પેસીફીક માહિતી પુરી પાડયા બરાબર ગણી શકાય નહી. વળી અપીલ અધિકારીના હુકમ છતાં, જા.મા.અ.એ અરજદારને સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ નથી. જા.મા.અ. ની વ્યસ્તતા, સ્ટાફ શોર્ટેજ, વિગેરેના કારણો હોવા છતાં, સંપૂર્ણ નહિ, તો આંશિક માહિતી પણ જા.મા.અ. અરજદારને પૂરી પાડી શકયા હોત. અરજદારને વળતર ચૂકવવા બાબતે જાહેર સત્તામંડળે જણાવ્યાનુસાર, અનિવાર્ય કારણોસર જા.મા.અ. આયોગની સુનાવણીમાં હાજર નહી રહી શકે તેવું એડવાન્સમાં જ આયોગને જણાવવામાં આવેલ હોવાના કારણોસર વળતર ચૂકવવું યોગ્ય જણાતું નથી.

- **ગુજરાત માહિતી આયોગ/કેન્દ્રિય માહિતી આયોગનો નિર્ણય હુકમ :**

(૧) જાહેર માહિતી અધિકારીને રૂા.૧૫,૦૦૦=૦૦ નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર દંડની રકમ જા.મા.અ.એ પોતાના અંગત ભંડોળમાંથી દિન-૩૦ માં ચૂકવવાની રહેશે.

(૩) દંડની રકમની ચૂકવણી સમયમર્યાદામાં કરવામાં આવેલ છે તે સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાતે સુનિશ્ચિત કરવાનું રહેશે. તેમણે એ પણ સુનિશ્ચિત કરવાનું રહેશે કે જાહેર સત્તામંડળનું દફતર કાયદાની કલમ-૪(૧) મુજબ યોગ્ય રીતે નિભાવવામાં આવે.

(૪) આ હુકમ મળ્યાના દિન-૪૫ માં જા.મા.અ.એ દંડની ચૂકવણી અંગેના આધાર પૂરાવા સહ આયોગને જાણ કરવાની રહેશે.

(૫) આ હુકમની એક નકલ સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગાંધીનગરને અને બીજી નકલ અપીલ અધિકારી અને અધિક કલેકટર (અપીલ) નો મોકલી આપવાની રહેશે.

## કેસ નંબર-૬

**જાહેર માહિતી અધિકારી જ જયારે અપીલ અધિકારીનો ચાર્જ સંભાળતા હોય ત્યારે તેમની સામેની અપીલ અન્ય અધિકારીએ સાંભળવી.**

**ગુજરાત માહિતી આયોગ ના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**ડૉ. પી. કે. દાસ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 19(1)**
**તપાસ નં. ૩૧/૨૦૦૬, તારીખ ૨૧-૦૩-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : રત્નાભાઈ લક્ષ્મણભાઈ રબારી
- જાહેર માહિતી અધિકારી : નાયબ વન સંરક્ષક
- જાહેર સત્તા મંડળ : નાયબ વન સંરક્ષકની કચેરી, પાલનપુર
- માંગેલ માહિતીની વિગત :

આ કેસમાં ફરિયાદીએ તા.૦૧-૧૨-૨૦૦૫ ના રોજ અરજી કરી આયોગને જણાવેલ કે ''જાહેર માહિતી અધિકારી સમયસર નકલો કે માહિતી આપતા નથી કે સમયમર્યાદામાં જવાબ પણ આપતા નથી, જે તેમના પત્રો ઉપરથી સાબિત થાય છે. આવું કૃત્ય કરનારા અને ઈરાદાપૂર્વક બીજાને ગુનેગાર ઠરાવવાના પ્રયત્નો કરતા આવા અધિકારીઓ સામે તથા માહિતી અધિકાર કાયદાનો ઈરાદાપૂર્વક ભંગ કરવા ટેવાયેલા અધિકારી સામે કાયદેસર થતી કાર્યવાહી કરવા અનુરોધ છે. આ ઉપરાંત, મે એફીડેવીટમાં જણાવેલ મુદ્દા નં.૧ થી ૧૦ ની માંગણી મુજબ મને માહિતી આપવા વિનંતી છે''.

### (૨) <u>આયોગ સમક્ષ ફરિયાદની વિગત :</u>

આયોગે બંને પક્ષકારોને સાંભળ્યા. ફરિયાદીને મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી મળી નથી તે બાબતે ફરિયાદીની રજુઆત સાંભળી અને ફરિયાદીને જણાવવામાં આવ્યું કે તમને જે માહિતી મળી નથી તે બાબતની રજુઆત તમારે એફીડેવીટ સ્વરૂપે ૭ દિવસમાં કરવી અને તેની નકલ સામેવાળા (જાહેર માહિતી અધિકારી) ને પણ આપવા જણાવવામાં આવ્યું. –

ફરિયાદી તરફથી એફીડેવીટ મળ્યા તારીખથી ૭ દિવસમાં પોતાનું એફીડેવીટ રજુ કરવા સામેવાળાઓને પણ જણાવવામાં આવ્યું અને આ કેસની મુદત તા.૨૧-૦૩-૨૦૦૬ ના રોજ ૧૨-૦૦ કલાકની મુકરર કરવામાં આવી.

તા.૨૧-૦૩-૨૦૦૬ ના રોજ બને પક્ષકારો હાજર રહેલ. બંને પક્ષકારોએ રજૂ કરેલ એફીડેવીટ રેકર્ડ ઉપર લેવામાં આવ્યા.

સામેવાળાના જણાવ્યાનુસાર, તેમની પાસે જે માહિતી ઉપલબ્ધ હતી તે તેમણે ફરિયાદીને આપી દીધેલ છે અમુક માહિતી રેન્જ ઓફિસમાં છે, જે હાલમાં મળતી નથી તેવું સામેવાળા દ્વારા

આયોગને જણાવવામાં આવ્યું, જેની આયોગે નોંધ લીધેલ છે.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લઈ આયોગ દ્વારા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે :-

(૧) ફરિયાદીને જે માહિતી મળી નથી તે બાબતે નિર્ણયો લેવા માટે માટે પ્રથમ અપીલ અધિકારીને આ કેસ તબદીલ કરવામાં આવે છે.

(૨) પ્રથમ અપીલ અધિકારીએ ફરિયાદીને ''વિવાદી'' તરીકે બોલાવી તેમની ફરિયાદને ''અપીલ'' તરીકે ગણી, જાહેર માહિતી અધિકારીએ ફરિયાદીને જે માહિતી આપી નથી તે માહિતી કાયદાની જોગવાઈઓ નીચે આપી શકાય કે કેમ? તેનો નિર્ણય લેવો.

(૩) જે માહિતી ઉપલબ્ધ નહી હોવાથી આપી શકાય તેમ નથી તે અંગે અપીલ અધિકારીએ, વિભાગના રેકર્ડ જાળવણીના નિયમોને ધ્યાને લઈ જે રેકર્ડ મળતો ન હોય તેના માટે કોઈ જવાબદાર છે કે કેમ ? તે અંગે નિર્ણય કરીને, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈ મુજબ પગલાં લેવા અંગે નિર્ણય કરવો.

(૪) આયોગ સમક્ષ હાજર રહેલ જાહેર માહિતી અધિકારીએ આયોગને જણાવ્યું કે, તેઓ પોતે જ હાલમાં અપીલ અધિકારીના ચાર્જમાં છે, તેથી કુદરતી ન્યાયની દ્રષ્ટ્રિએ, આ કેસમાં અપીલ સાંભળવા માટે અન્ય અધિકારીની ''અપીલ અધિકારી'' તરીકે નિમણૂંક કરવા માટે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીને જણાવવામાં આવે છે અને અન્ય અપીલ અધિકારી આ કેસ સાંભળે તેવો હુકમ કરવા અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીને જણાવવામાં આવેલ.

(૫) આ હુકમ મળ્યેથી ૩૦ દિવસમાં અપીલ અધિકારીની નિમણુંક કરવી. અપીલ અધિકારીની નિમણુંક થયેથી, અપીલ અધિકારીએ આ અપીલનો ૩૦ દિવસમાં નિકાલ કરવો.

(૬) આ હુકમની બંને પક્ષકારોને જાણ કરવી અને તેની એક નકલ અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીને મોકલવી.

(૭) પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો. ખર્ચ અંગે બીજો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

## કેસ નંબર-૭

**જાહેર માહિતી અધિકારી ના કાકા ગુજરી જવાથી તેઓ રજા ઉપર હોવાને કારણે સમયસર માહિતી ન આપ્યાનું કારણ આયોગને વ્યાજબી ન જણાતાં કરવામાં આવેલ દંડ**

**ગુજરાત માહિતી આયોગ ના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(1), 20(1)**
**અપીલ નં. ૦૩૯૫/૨૦૦૭-૦૮, તારીખ ૨૧-૦૮-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : ફતેસિંહ વેચાતભાઈ બારીયા
- જાહેર માહિતી અધિકારી : તલાટી કમ મંત્રી
- જાહેર સત્તા મંડળ : ગ્રામ પંચાયત, રામપર કરશનપુર, તા.મોરવાહડફ, જી.પંચમહાલ.
- માંગેલ માહિતીની વિગત :

વિવાદીએ તા.૧૦-૦૧-૨૦૦૮ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર માહિતી અધિકારીને અરજી કરીને ગામની ગૌચર, ખરાબા અને ગામતળની જમીનમાં દબાણ થયેલ છે તે બાબતની માહિતી માંગેલ.

સદરહુ માહિતી વિવાદીને નિયત સમય મર્યાદામાં ન મળવાને કારણે વિવાદીએ તા.૨૦-૦૫-૨૦૦૮ થી આયોગને અપીલ કરેલ છે. સદર અપીલ અન્વયે આયોગે તા.૧૪-૦૭-૨૦૦૮ ના રોજ સુનાવણી વગર એક લેખિત હુકમ કરેલ જેના પેરા-(૪) માં જણાવ્યાનુસાર પ્રથમ અપીલ અધિકારીએ પ્રથમ અપીલ સાંભળી, દિન-૧૫ માં નિર્ણય કરવો એવો હુકમ આયોગ દ્વારા કરવામાં આવેલ. પેરા-૫માં જણાવ્યાનુસાર, પ્રથમ અપીલની સુનાવણી દરમિયાન પ્રતિવિવાદી પાસેથી માહિતી એકત્ર કરી વિવાદીને પ્રથમ સુનાવણી દરમિયાન આપવી. પેરા-૬ મા પ્રતિવિવાદીને માહિતી અધિકાર અધિનિયમની કલમ-૭(૧) હેઠળ નિયત કરેલ સમયમર્યાદામાં માહિતી આપેલ ન હોવાથી તેમની સામે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૦(૧) હેઠળ દંડનીય કાર્યવાહી શા માટે ન કરવી? તેનો લેખિત ખુલાસો તા.૧૨-૦૮-૨૦૦૮ ના રોજ સુનાવણીમાં રજૂ કરવા હુકમ કરવામાં આવેલ.

### (૨) બીજી અપીલની વિગત :

તા.૧૨-૦૮-૨૦૦૮ ની સુનાવણી તા.૨૦-૦૮-૨૦૦૮ ના રોજ મુકરર કરવામાં આવેલ. સુનાવણીમાં વિવાદી, પ્રતિવિવાદી અને અપીલ અધિકારી હાજર રહેલ. આયોગે તેમને સાંભળ્યા.

વિવાદીને નિયત સમયમર્યાદામાં માહિતી ન આપવા સબબ પ્રતિ વાદીએ આયોગને જણાવ્યું કે, ''મારા કાકા ગુજરી ગયા હોવાથી હું ૫ દિવસ માટે રજા ઉપર હતો, તેથી નિયત સમયમર્યાદામાં માહિતી આપેલ નથી''

અપીલ અધિકારીએ જણાવેલ કે તેઓએ તા.૨૪-૦૭-૨૦૦૮ ના રોજ ચાર્જ સંભાળેલ છે અને અગાઉના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી (અપીલ અધિકારી) નિવૃત થયેલ હોવાથી આયોગના હુકમ મુજબ પ્રથમ અપીલની સુનાવણી થઈ શકેલ નથી.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

(૧) વિવાદીએ જે માહિતીની માંગણી કરેલ છે તે માહિતી જાહેર હિતને સંબંધિત માહિતી છે. ગ્રામ પંચાયતના ઠરાવની માહિતી, માહિતી અધિનિયમની કલમ-૪(૧)(ખ) હેઠળ જાહેર જનતા માટે પ્રોએકટીવ ડીસ્કલોઝર કરવાપાત્ર માહિતી છે. તેમ છતાં વિવાદીએ માંગેલ માહિતી તેમને નિયત સમયમર્યાદામાં નહી આપીને માહિતી અધિકાર અધિનિયમની કલમ-૭(૧) નો પ્રતિવિવાદી દ્વારા ભંગ કરવામાં આવેલ છે. વિવાદીને નિયત સમયમર્યાદામાં માહિતી ન આપવાના જે કારણો પ્રતિવાદીએ સુનાવણી દરમિયાન આયોગને બતાવેલ છે તે કારણો આયોગને વ્યાજબી જણાતા નથી, જેથી તેમની સામે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૦(૧) હેઠળ દંડ કરવાનું વ્યાજબી જણાય છે.

(૨) અપીલ અધિકારીએ પણ આયોગના તા.૧૪-૦૭-૨૦૦૮ ના હુકમ અન્વયે પ્રથમ અપીલની સુનાવણી કરેલ નથી. ભવિષ્યમાં, પ્રથમ અપીલ અધિકારી, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૧૯(૬) હેઠળ, પ્રથમ અપીલનો નિકાલ કરશે તેવી સૂચના આપવામાં આવે છે.

(૩) સુનાવણી દરમિયાન અપીલ અધિકારીએ આયોગને જણાવેલ છે કે તેઓએ તા. ૦૮-૦૮-૨૦૦૮ ના હુકમથી પ્રતિવિવાદી સામે શિક્ષાત્મક પગલાં લીધેલ છે અને તે મુજબ તેમનો ૧ વાર્ષિક ઈજાફો, ભવિષ્યની અસર સિવાય બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

ઉપરની હકીકત જોતાં, આયોગ નીચે મુજબ હુકમ કરે છે.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

(૧) પ્રતિવિવાદીએ વિવાદીની તા.૧૦-૦૧-૨૦૦૮ ની અરજીના અનુસંધાને જે માહિતી એકત્ર કરીને આયોગને સુનાવણી દરમિયાન રજૂ કરેલ છે તે માહિતી, વિવાદીને સુનાવણી દરમિયાન આપવામાં આવેલ હોવાથી વિવાદીની અપીલ મંજૂર કરવામાં આવે છે અને માહિતી મળી ગયેલ હોવાથી તે ફેસલ કરવામા આવે છે.

(૨) પ્રતિવિવાદીને રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે, જેની ભરપાઈ, આ આદેશ મળ્યેથી દિન-૩૦ માં કરવાનો હુકમ કરવામાં આવે છે, દંડ ભરપાઈ કર્યા બાદ તેના પુરાવા તરીકે ચલણની નકલ આયોગને દિન-૪૫ માં મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**કેસ નંબર-૮**

**નિયત સમયમર્યાદામાં અરજદારને થોડી પણ માહિતી પુરી પાડી હોત તો તે કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ પોતાનો શુભાશય (bonafide) પ્રસ્થાપિત કરેલ ગણાયો હોત પરંતુ તેના અભાવે દંડ ભોગવવાનો થયો.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 20(1)**
**ફરિયાદ નં. ૭૫૮/૦૭-૦૮**
**હુકમની તારીખ : ૦૮-૦૯-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૫**

## (૧) કેસની વિગત

- અરજદારનું નામ : ડૉ. પંકજ એમ. શ્રીમાળી
- જાહેર માહિતી અધિકારી : રજીસ્ટ્રાર
- જાહેર સત્તા મંડળ : ગુજરાત યુનિવસિર્ટી, અમદાવાદ.
- કેસની વિગત :

ફરિયાદીએ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ તા.૧૬-૦૪-૨૦૦૮ ની અરજીથી જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) પાસેથી ગુજરાત યુનિવર્સીટી સંબંધિત જુદાજુદા ૨૧ મુદ્દાઓની માહિતી માંગેલ હતી.

સદરહુ માહિતી, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૭(૧) ની જોગવાઈ મુજબ-૪૮ કલાકમાં પૂરી પાડવા માટે ફરિયાદીએ જણાવેલ હતું. પરંતુ ૪૮ કલાકમાં પ્રતિવિવાદી તરફથી કોઈ માહિતી કે પ્રત્યુતર ન મળતાં, તા.૨૦-૦૪-૦૮ ના રોજ ફરિયાદીએ પ્રથમ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. ત્યારબાદ ફરિયાદીએ આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ.

## (૨) <u>ફરિયાદ અરજી અન્વયે આયોગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી :</u>

આયોગે તેમના તા.૧૭-૦૬-૨૦૦૮ ના પત્રથી તા.૦૧-૦૭-૨૦૦૮ ના રોજ ફરિયાદની સુનાવણી રાખેલ. સુનાવણી બાદ આયોગે તા.૦૪-૦૭-૨૦૦૮ ના હુકમથી નીચે પ્રમાણે નિર્ણય આપેલ.

(૧) ફરિયાદીએ માંગેલ માહિતી કે જે રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તે દિન-૧૦ માં ફરિયાદીને પૂરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો કોઈ માહિતી શાખા/વિભાગ પાસેથી મેળવવાની હોય તો તે મેળવવી અને જો કોઈ માહિતી નકારવાની થતી હોય તો તેના નિર્ણય સાથે પ્રતિવિવાદીએ હવે પછીની તા. ૨૯-૦૭-૨૦૦૮ ની સુનાવણીમાં હાજર રહેવું.

(૩) માહિતી અધિકાર અધિનિયમની કલમ-૭(૧) માં ઠરાવેલ સમયમર્યાદામાં માહિતી પૂરી ન પાડવા બદલ, કલમ-૨૦(૧) મુજબ, પ્રતિવિવાદીને દંડ શા માટે ન કરવો તેની લેખિત

સ્પષ્ટતા સાથે હવે પછીની સુનાવણીમાં પ્રતિવિવાદીએ હાજર રહેવું.

## (૩) <u>તા.૨૯-૦૭-૨૦૦૮ ની સુનાવણી</u>

‘‘તા.૨૯-૦૭-૦૮ ની સુનાવણીમાં પ્રતિવિવાદીએ પોતાના અગાઉના તા.૨૭-૦૬-૦૮ ના પત્રનો સંદર્ભ ટાંકી જણાવ્યું કે ‘‘ફરિયાદીએ માંગેલ માહિતી ૨૧ મુદ્દાની હોઈ તેમજ તે યુનિવર્સિટીના જુદાજુદા વિભાગને લગતી હોઈ જવાબ આપવા માટે ૩ મહિનાનો સમય આપવા વિનંતી છે. આર.ટી.આઈ. કાયદો પ્રમાણમાં નવો છે અને વહીવટી કાર્યભારને લીધે વિલંબ થયેલ હોઈ કલમ-૨૦(૧) હેઠળ દંડ ન કરવા પ્રાર્થના છે’’.

ફરિયાદીની અરજીની તા.૧૬-૦૪-૨૦૦૮ થી લઈને આજદીન સુધીમાં પ્રતિવિવાદીએ ફરિયાદીને કોઈજ માહિતી/જવાબ આપેલ નથી. ફરિયાદીને માહિતી આપવાની સૂચના સાથે હવે પછીની સુનાવણી તા.૨૦-૦૮-૨૦૦૮ના રોજ મુકરર કરવામાં આવી.

## (૪) <u>તા.૨૦-૦૮-૨૦૦૮ ની સુનાવણી</u>

તા.૨૦-૦૮-૨૦૦૮ ની સુનાવણીમાં ફરિયાદી અને પ્રતિવિવાદીના એડવોકેટ હાજર હતા. પ્રતિવિવાદીના એડવોકેટે તેમના તા.૨૦-૦૮-૨૦૦૮ ના પત્રથી લેખિત જવાબ / માહિતીની નકલ ફરિયાદીને અને આયોગને આપી, જે ફરિયાદીએ વાંધા સાથે સ્વીકારેલ કે માહિતી અધૂરી આપવામાં આવેલ છે.

ફરિયાદીએ આયોગને જણાવ્યું કે પ્રતિવિવાદીએ આપેલ માાહિતીના મુદ્દા નં. ૬, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૪ ૧૫, ૧૬ ૧૮, ૧૯, ૨૦, ૨૧ ની સામે આપેલ માહિતી/જવાબ ખાલી છે/પૂરી માહિતી નથી/ખોટી રીતે નકારવામાં આવેલ છે/સંતોષકારક માહિતી નથી.

પ્રતિવિવાદીના એડવોકેટે ફરિયાદીના મુદ્દાઓ બાબતે પ્રતિભાવ આપ્યો તે ચકાસ્યા બાદ  આયોગે જણાવ્યું કે ફરિયાદીએ માંગેલ ચોકકસ માહિતી પ્રતિવિવાદીએ તેમને પૂરી પાડેલ નથી. સબબ, હવે પછીની સુનાવણી તા.૦૫-૦૯-૨૦૦૮ ના રોજ મુકરર કરવામાં આવી.

## (૫) <u>તા.૦૫-૦૯-૨૦૦૮ ની સુનાવણી, તારણો, નિર્ણય અને હુકમ :</u>

તા.૦૫-૦૯-૨૦૦૮ ની સુનાવણીમાં ફરિયાદી અને પ્રતિવિવાદીના એડવોકેટ હાજર હતા. ફરિયાદી જે જે મુદ્દા બાબતે અસંતુષ્ટ હતા તે બાબતે આયોગે મુદ્દાવાર વિસ્તૃત છણાવટ કરી જેમાં ફરિયાદીએ માંગેલ માહિતી, તે અંગે પ્રતિવિવાદીએ આપેલ માહિતી/જવાબની સામે ફરિયાદીની દલીલ, તેની સામે પ્રતિવિવાદીનો જવાબ/સ્પષ્ટતા અને તે અન્વયે મુદ્દાવાર આયોગના નિરીક્ષણો/તારણો/ નોંધવામાં આવ્યા, જે તમામનો સાર નીચે મુજબ છે :-

૧) ફરિયાદીની તા.૧૬-૦૪-૨૦૦૮ ની અરજી અન્વયે તેમને માહિતી/જવાબ ન મળતાં, આયોગ સમક્ષ દાખલ કરવામાં આવેલ ફરિયાદ અન્વયે આયાગે તા.૦૪-૦૭-૨૦૦૮૭ ના હુકમથી પ્રતિવિવાદીને સૂચના આપેલ કે તેમણે ફરિયાદીને માહિતી આપવી અને તેમને દંડ શા માટે ન કરવો ?

૨) પ્રતિવિવાદીએ તા.૨૯-૦૭-૨૦૦૭ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમાં દંડ ન કરવાના

કારણો જણાવેલ જેમાં તેમણે જણાવેલ કે.....

(ક) ફરિયાદીએ ૨૧ મુદ્દાની માહિતી માંગી છે અને યુનિવર્સીટીના જુદાજુદા વિભોગોમાંથાં તે મેળવવાની હોવાથી તે સમય માંગી લે તેવી પ્રક્રિયા છે.

(ખ) આર.ટી.આઈ. કાયદો નવો હોવાથી યુનિવર્સીટીના અધિકારીઓને તેની વિવિધ જોગવાઈઓ વિશે વહીવટી કાર્યભારણ અને ''અન્ય વ્યાજબી મુશ્કેલીઓ'' ને કારણે કલીયર આઈડીયા નહોતો.

૩) ફરિયાદીએ માંગેલ માહિતી જીવન અથવા સ્વતંત્રતા સંબંધી ન હોવાથી તે ૪૮ કલાકમા આપવાની રહેતી નથી. તેમ છતાં એ હકીકત સ્પષ્ટ છે કે ૩૦ દિવસની નિયત સમયમર્યાદામાં પ્રતિવિવાદીએ ફરિયાદીને માહિતી પણ નથી આપી કે તેમની અરજી રીજેકટ પણ નથી કરી. આમ, પ્રતિવિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૭(૧) નો ભંગ કર્યો છે.

૪) અધૂરી માહિતી પણ આયોગના તા.૦૪-૦૭-૨૦૦૮ ના હુકમ પછી અને તા.૨૯-૦૭-૨૦૦૮ ની સુનાવણી બાદ તા.૨૦-૦૮-૨૦૦૮ ના રોજ ફરિયાદીને આપવામાં આવેલ છે.

૫) પ્રતિવિવાદીએ તા.૨૦-૦૮-૨૦૦૮ થી પૂરી પાડેલ માહિતી જોતાં એ સ્પષ્ટ થાય છે કે પૂરી પાડવામાં આવેલ માહિતી જથ્થાબંધ પણ નહોતી કે એવી પણ નહોતી કે જેથી માહિતી આપવામાં થયેલ વિલંબ વ્યાજબી ઠરી શકે. **<u>પ્રતિવિવાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં થોડી પણ માહિતી જો ફરિયાદીને પૂરી પાડી હોત તો તેઓ પોતાનો સદભાવ (bonafide) પ્રસ્થાપિત કરી શકયા હોત.</u>**

૬) આર.ટી.આઈ. કાયદાના અમલીકરણ માટે જાહેર સત્તામંડળ જરૂરીયાત મુજબ વધારે જાહેર માહિતી અધિકારીઓની નિમણૂંક કરી શકે છે. અધિકારીઓ કાયદાની જોગવાઈઓ વિશે ''ફેમીલીયર'' નહોતા તે બાબત ગાહય રાખવા પાત્ર જણાતી નથી.

૭) ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, આયોગ એવા અભિપ્રાય ઉપર પહોંચે છે કે માહિતી પૂરી પાડવામાં થયેલ વિલંબ બદલ પ્રતિવિવાદીએ રજૂ કરેલા લેખિત ખુલાસાઓ/રજૂઆતો ગ્રાહય રાખવા પાત્ર નથી. તદ્અનુસાર નીચે મુજબ આથી નિર્ણય/હુકમ કરવામાં આવે છે :-

(૧)ફરિયાદીને કલમ-૭(૧) ની સમયમર્યાદામાં માહિતી નહી આપવા બદલ કલમ-૨૦(૧) મુજબ રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે.

(૨)આ દંડ પ્રતિવિવાદીએ પોતાના અંગત સ્ત્રોતમાંથી ચૂકવવાનો રહેશે અથવા તેમના પગારમાંથી વસૂલવાનો રહેશે.

(૩)દંડનં ચૂકવણું/વસુલાત બે હપ્તામાં કરવાની રહેશે.

(૪)દંડની ચૂકવણી અંગેના ચલનની નકલ સાથે પ્રતિવિવાદીએ આયોગને જાણ કરવાની રહેશે.

(૫)મુદ્દા નં.૬,૭,૧૧, ૧૨, ૧૪, ૧૭ અને ૧૮ બાબતે અધૂરી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે આ હુકમ મળેથી દિન-૧૫ માં પ્રતિવિવાદીએ વિવાદીને સંપૂર્ણ માહિતી વિનામૂલ્યે પૂરી પાડવાની રહેશે.

**કેસ નંબર-૯**

| |
|---|
| **અરજદારને ખોટો જવાબ આપવા સબબ, કાયદાનું જ્ઞાન ન હોવા સબબ તેમજ સમયમર્યાદામાં માહિતી ન આપવા સબબ થયેલ દંડ** |

| |
|---|
| **ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી<br>આર. એન. દાસનો ચુકાદો<br>લાગુ પડતી કલમ : 20(1)<br>અપીલ નં. ૫૫૯/૨૦૦૬-૦૭, તારીખ : ૨૬-૦૩-૨૦૦૭<br><u>ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૮</u>** |

**(૧) માહિતીની વિગત**

- **અરજદારનું નામ** : શ્રી અમૃત બી. જેઠવા.
- **જાહેર માહિતી અધિકારી** : આચાર્ય
- **જાહેર સત્તા મંડળ** : પ્રાથમિક શાળા, અમરાપુર (વરૂડી), તા.જિ. અમરેલી
- **માંગેલ માહિતીની વિગત** :

અરજદારે તેમની તા.૧૧-૦૮-૨૦૦૬ ની અરજીથી ગ્રામ્ય શિક્ષણ સમિતિ, અમરાપુર (વરૂડી) અંગેની કેટલીક માહિતી માંગેલ હતી, જેમાં (૧) સદરહુ સમિતિની કેટલી બેઠકો, કયારે મળી હતી? (૨) શું નિર્ણય લેવાયા ? (૩) સમિતિને કેટલી ગ્રાંટ મળી? (૪) કામગીરી પૂર્ણ કરવા માટે સમિતિએ કેટેલો ખર્ચ કર્યો ? (૫) ખર્ચના વાઉચરોની નકલ અને (૬) અન્ય કેટલીક ચોકકસ માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

તા.૦૯-૦૯-૨૦૦૬ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ કે ''અમારી જાહેર માહિતી અધિકારી તરીકે નિમણુંક જ કરવામાં આવેલ નથી, તેમજ અમે માહિતી આપવા માટે સક્ષમ સત્તાધિકારી ન હોઈ, અરજદારની અરજી ફાઈલે કરવામાં આવે છે.

**(૨) <u>પ્રથમ અપીલની વિગત</u>**

અરજદારે અપીલ અધિકારીને જણાવેલ કે, ''મેં માંગેલ માહિતી મને મળેલ નથી''.

**અપીલ સત્તાઅધિકારીનો નિર્ણય/હુકમ :**

(૧) જાહેર માહિતી અધિકારીએ અરજદારે માંગેલ માહિતીની પ્રમાણિત નકલો તેમને વિના મૂલ્યે પૂરી પાડવી.

(૨) પ્રતિવિવાદી-૧ ની જાહેર માહિતી અધિકારી તરીકેની નિમણૂંક અંગેનો હુકમ

પ્રતિવિવાદી-૧ ની ફાઈલમાં જ હતો. આમ પ્રતિવિવાદી-૧ એ બેકાળજીથી અરજદારને જવાબ આપ્યો છે તેથી તેમની સાથે શિસ્તવિષયક પગલાં લેવાની ભલામણ કરવાનો નિર્ણય કરવામાં આવે છે.

(૩) <u>**બીજી અપીલની વિગત**</u>

- **અરજદારની રજુઆત :**

(૧) અપીલ અધિકારીની સૂચના છતાં, મને સંપૂર્ણ માહિતી મળેલ નથી. આંશિક માહિતી મળેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારીનો તા.૦૯-૦૯-૨૦૦૬ નો જવાબ ખોટો છે અને બદઈરાદા પૂર્વકનો છે.

(૩) મને વિનામૂલ્યે પૂરેપૂરી માહિતી મળવી જોઈએ અને કાયદાની કલમ-૨૦(૧) અને ૨૦(૨) મુજબ જાહેર માહિતી અધિકારી સામે કાર્યવાહી કરવામાં આવે.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

તા.૨૪-૧૧-૨૦૦૬ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ જણાવ્યું કે તેમને પોતાને જાહેર માહિતી અધિકારી તરીકે ઘોષિત કરતો જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીનો તા.૧૧-૧૦-૨૦૦૫ નો પરિપત્ર મળ્યો હતો. પરંતુ તે શરતચૂકથી ફાઈલ થઈ ગયો હતો. માહિતીના કાયદો અને તેની જોગવાઈઓ, જાહેર માહિતી અધિકારીની ફરજો અને જવાબદારીઓથી પોતે જાણકાર નહોતા, તેથી વિલંબ દરગુજર કરવા વિનંતી છે.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

જાહેર માહિતી અધિકારી સમયમર્યાદામાં માહિતી આપવામાં નિષ્ફળ ગયા છે. ''પોતાને જાહેર માહિતી અધિકારી તરીકે ઘોષિત કરવામા આવ્યાં નથી'' એવો જાહેર માહિતી અધિકારીનો જવાબ, સાધનિક કાગળો જોતાં, ખોટો છે. શરતચૂકથી પરિપત્ર ફાઈલ થઈ ગયાનું જાહેર માહિતી અધિકારીએ કબૂલ કરેલ છે, પરંતુ કાયદાનું અજ્ઞાન હોવાની બાબતનું જાહેર માહિતી અધિકારીનું નિવેદન વ્યાજબી કે યોગ્ય જણાતું નથી. પ્રાથમિક શાળાના આચાર્યો, તલાટી કમ મંત્રીઓ, મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓને માહિતીના કાયદાની તાલીમની વ્યવસ્થા ગોઠવવી. જાહેર માહિતી અધિકારીએ ખોટો જવાબ આપ્યો છે તેમજ માહિતી આપેલ ન હોવાથી તેઓ મહત્તમ રૂ.૨૫,૦૦૦/- ના દંડને પાત્ર છે, પરંતુ તેમનો પગાર જોતા રૂ.૫૦૦૦/- નો દંડ ન્યાયી ગણાશે. શિસ્તવિષયક પગલાં લેવાની ભલામણ કરવાની સત્તા આયોગની છે, અપીલ અધિકારીની નહી, તેમ છતાં તેઓ અપીલ અધિકારીની હેસિયતથી નહિ, પરંતુ કેળવણી નિરીક્ષક તરીકે વહીવટી પ્રકિયા મુજબ પ્રાથમિક શાળાના આચાર્ય સામે શિસ્તવિષયક પગલાં લેવાની ભલામણ કરી શકે.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ:**

(૧) જાહેર માહિતી અધિકારીને રૂા.૫,૦૦૦=૦૦ નો દંડ કરવામાં આવે છે, જે તેમણે ૩૦ દિવસમાં ભરવાનો રહેશે. સદરહુ દંડની રકમ તેઓએ પોતાના અંગત ભંડોળમાંથી અથવા પગારમાંથી કપાત કરાવીને ચૂકવવાની રહેશે.

(૨) દંડ ચૂકવ્યો છે તેની ખાત્રી પ્રતિવિવાદી-૨ એ કરવાની રહેશે અને તેની જાણ દિન-૪૫ માં આયોગને કરવાની રહેશે.

(૩) સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણે સ્પીપા, અમદાવાદની મદદથી તાલીમની વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને લીધેલ પગલાં અંગે દિન-૬૦ માં આયોગને જાણ કરવાની રહેશે.

**કેસ નંબર-૧૦**

**માની લીધેલા જાહેર માહિતી અધિકારી (Deemed P.I.O.) ને કરવામાં આવેલ દંડ**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનર શ્રી આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 5(4)**
**ફરીયાદ નં. ૧૧૬૨/૦૬-૦૭, તારીખ ૦૯-૦૫-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શ્રી મહેશ પંડયા
- જાહેર માહિતી અધિકારી : મેડીકલ ઓફિસર
- મદદનીશ જાહેર માહિતી અધિકારી : જુનીયર કલાર્ક
- જાહેર સત્તા મંડળ : મેડીકલ ઓફિસર, જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી, જિલ્લા પંચાયત ભવન, ભરૂચ
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તેમની તા.૨૪-૦૮-૨૦૦૬ ની અરજીથી પ્રતિવિવાદી પાસેથી ૯ મુદ્દાની માહિતી માંગેલ હતી.

## (૨) <u>ફરીયાદની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

‘‘મે મારી તા.૨૪-૦૮-૨૦૦૬ ની અરજીથી પ્રતિવાદી પાસેથી ૯ મુદ્દાની માહિતી માંગેલ હતી પરંતુ મને માહિતી મળેલ ન હોઈ, આ ફરીયાદ આયોગને રજૂ કરવામાં આવેલ છે’’

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :-**

સુનાવણીની તારીખના બે દિવસ પહેલાં જ, એટલે કે તા.૨૬-૦૩-૨૦૦૭ ના રોજ પ્રતિવિવાદીએ સંપૂર્ણ માહિતી ફરીયાદીને પૂરી પાડી દીધેલ છે. ફરિયાદીની માહિતી માંગતી અરજી તા.૨૫-૦૮-૨૦૦૬ ના રોજ પ્રતિવિવાદીને મળેલ હતી અને તેની ઈન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરવા માટે અને અરજદારને માહિતી આપવા સારૂ જરૂરી કાર્યવાહી કરવા સારૂ સંબંધિત જુનીયર કલાર્ક ને અરજી મોકલી આપવામાં આવેલ, પરંતુ જાહેર માહિતી અધિકારીને સુરત ખાતે ઓગસ્ટ-૨૦૦૮ માં આવેલ પૂરને અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારમાં મેડીકલ ટીમમાં ફરજ સોંપાતાં, તેમણે તાત્કાલિક ધોરણે સુરત જવાનું થતાં, માહિતી અંગેની અરજી ઉપર ધ્યાન આપી શકાયું નથી.

* **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

સુનાવણી દરમિયાન જુનીયર કલાર્કે પોતાની ક્ષતિ થયેલ હોવાનું સ્વીકારેલ છે., પરંતુ ક્ષતિ થવા પાછળ પોતાનો બદઈરાદો ન હોવાનું પણ જણાવેલ છે, જે આયોગને યોગ્ય જણાયેલ છે, જે ધ્યાને લેતાં, ટોકન પેનલ્ટી કરવી જરૂરી જણાય છે.

* **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય :**

(૧) જુનીયર કલાર્ક **Deemed P.I.O.** ને રૂ.૧૦૦૦=૦૦ નો દંડ કરવામાં આવે છે.

(૨) જુનીયર કલાર્કે સદર દંડની રકમ પોતાના અંગત ભંડોળમાંથી ચૂકવવાની રહેશે, અથવા તેમના પગારમાંથી કપાત કરીને ચૂકવવાની રહેશે. જુનીયર કલાર્કે દંડ ચૂકવણી અંગેની જાણ આયોગને દિન-૪૫ માં કરવાની રહેશે.

## કેસ નંબર-૧૧

**અરજદાર ભારતીય નાગરિક છે તે બાબત ધ્યાને લેવાને બદલે અરજદારને કાળીયાદીમાં મુકેલ હોવાને કારણે માહિતી ન આપવા બદલ થયેલ દંડ**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનર આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 3, 20(1)**
**અપીલ નં. ૧૩૮/૦૬-૦૭, તારીખ ૧૮-૦૬-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૭**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : આર્કિટેક્ટ સુરેશચંદ્ર બી. જયસ્વાલ
- જાહેર માહિતી અધિકારી : ટાઉન પ્લાનીંગ ઓફિસર
- જાહેર સત્તા મંડળ : વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તેમની તા.૧૮-૦૨-૨૦૦૬ ની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી (૧) હુકમ નં.એફ-૬૫૧/૦૫-૦૬ અને એફ-૮૪૬/૦૫-૦૬, તા.૨૧-૧૧-૨૦૦૫ અને (૨) હુકમ નં.૧૦૯૫/૦૫-૦૬, તા.૦૨-૦૨-૨૦૦૬ ની નકલો માંગી હતી.

### (૨) <u>પ્રથમ અપીલ અધિકારીનું નિરીક્ષણ અને હુકમ</u>

જાહેર માહિતી અધિકારીએ વિલંબ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી તેમને વિના મુલ્યે પૂરી પાડવી.

### (૩) <u>બીજી અપીલની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

''મે માંગેલ માહિતી મને નિયત સમયમર્યાદામાં મળેલ નથી તેમજ અપીલ અધિકારીએ નિયત સમયમર્યાદામાં અપીલનો નિકાલ કરેલ નથી. મારી તા.૧૮-૦૨-૨૦૦૬ ની અરજી અન્વયે મને તા.૦૧-૦૭-૨૦૦૬ પછી માહિતી મળેલ છે. અપીલ અધિકારીના નિર્ણયમાં ''બ્લેક લીસ્ટેડ આર્કિટેક્ટ'' નો કોઈ ઉલ્લેખ નથી, તેથી જાહેર માહિતી અધિકારીએ મારા ચારિત્ર્યનું ખૂન કરવાનો પ્રયત્ન કર્યો છે.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

''અરજદાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ''બ્લેક લીસ્ટેડ આર્કિટેક્ટ'' ઘોષિત થયેલા હોઈ શરૂઆતના તબકકે એવી શંકા હતી કે ''બ્લેક લીસ્ટેડ'' વ્યકિતઓની માહિતી અપાય કે કેમ? તે અંગે મ્યુનિસિપલ કમિશનર સમક્ષ બાબત રજૂ કરવામાં આવેલ, જેનો નિર્ણય થતાં ઘણો

જ સમય લાગ્યો હતો. તેથી માહિતી મોડી અપાઈ હતી. વધુમાં, અરજદાર અરજીઓ અને આક્ષેપો કરવાની ટેવ ધરાવે છે અને ગુજરાત તકેદારી આયોગે પણ તેમની ફરિયાદો દફતરે કરેલ છે. રૂટીન કામગીરી ઉપરાંત બે થી ત્રણ વિભાગોનો વધારાનો ચાર્જ સંભાળવા ઉપરાંત, મારે જાહેર માહિતી અધિકારીની પણ જવાબદારી નિભાવવી પડે છે. સપોર્ટીંગ સ્ટાફ પણ માહિતી અધિકારના કાયદાઓની જોગવાઈઓથી સુપેરે પરિચિત નહોતો, તેથી અરજદારને માહિતી પૂરી પાડવામાં વિલંબ થયો હતો. વધુમાં, આ માહિતી મેળવવા પાછળનો અરજદારનો ઈરાદો શું છે, તે પણ અરજદાર દ્વારા જણાવવામાં આવેલ નહોતું''.

- આયોગ દ્વારા સુનાવણીની તારીખો : ૧૪-૧૧-૨૦૦૬, ૦૯-૦૩-૨૦૦૭

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

(૧) જાહેર માહિતી અધિકારીએ અરજદારને ''નાગરિક'' કે ''વ્યકિત'' ગણીને કામગીરી કરવી જોઈતી હતી. જાહેર માહિતી અધિકારીએ અરજદારના ધંધાકીય કે વ્યવસાયિક હોદ્દાને કે અરજદાર આર્કિટેકટ છે તે બાબત ઘ્યાને લેવાની જરૂર નહોતી. જાહેર માહિતી અધિકારીએ ''જાહેર માહિતી અધિકારી'' તરીકે વર્તવાની જરૂર હતી, ''ટાઉન પ્લાનીગ ઓફિસર'' તરીકે નહિ. કોઈ વ્યકિત ''બ્લેક લીસ્ટેડ'' થવાથી તે તેના માહિતી માંગવાના અધિકારથી વંચિત થઈ જતી નથી. માહિતી અધિકારના કાયદામાં ''exempted category ની માહિતી'' ની જોગવાઈ છે, પરંતુ ''exempted category ના નાગરિક કે વ્યકિતની જોગવાઈ નથી. તેથી જાહેર માહિતી અધિકારીએ જોવું જોઈતું હતું કે અરજદારે માંગેલ માહિતી 'exempted category ની માહિતી'' હતી કે કેમ? સબબ, માહિતી આપવામાં થયેલ વિલંબના કારણો વ્યાજબી કે ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૨) અરજદારે માંગેલ માહિતી અંગે અરજદારનો intent (ઈરાદો) અગત્યની બાબત નથી પરંતુ માંગેલ માહિતીનો content (શું માંગેલ છે?) અગત્યની બાબત છે.

(૩) ''માહિતીના કાયદાની જોગવાઈઓ અંગે સપોર્ટીંગ સ્ટાફ સુપેરે પરિચિત નહોતો'' એવો માહિતી મોડી પૂરી પાડવા સબબનો ખુલાસો પણ વ્યાજબી જણાતો નથી.

(૪) અરજદારે માત્ર ચોકકસ-૩ હુકમોની પ્રમાણિત નકલો જ માંગી હતી, તેથી માહિતી મોડી પૂરી પાડવા સબબના કારણો વ્યાજબી જણાતાં નથી.

(૫) જાહેર માહિતી અધિકારીને ન્યાયના હિતમાં રૂા.૨૦,૦૦૦/- નો દંડ કરવો જરૂરી છે.

- **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય :**

(૧) જાહેર માહિતી અધિકારીને રૂા.૨૦,૦૦૦/- નો દંડ કરવામાં આવે છે.

(૨) સદરહુ દંડ જાહેર માહિતી અધિકારીએ, પોતાના અંગત ભંડોળમાંથી કે પોતાના પગારમાંથી કપાત કરીને ચૂકવવાનો રહેશે, અને દિન-૪૫ માં તે અંગેની જાણ આયોગને કરવાની રહેશે.

(૩) આ હુકમની નકલ વડોદરા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવી અને તેમણે આ હુકમનો અમલ સમયમર્યાદામાં થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

## કેસ નંબર-૧૨

**પોતાના સ્ટાફ ઉપર નિયંત્રણના અભાવને કારણે, પ્રોએકટીવ ડીસ્કલોઝરની કક્ષામાં આવતી માહિતી સમયમર્યાદામાં પૂરી ન પાડવા સબબ કરવામાં આવેલ દંડ**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનર આર. એન. દાસનો ચુકાદો**
**(લાગુ પડતી કલમ : 4(1)(b), 20(1)**
**ફરીયાદ નં. ૧૨૭૬/૦૬-૦૭, તારીખ ૧૦-૦૮-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૮**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શ્રી રાઓવા અબ્દુલ રમઝાન
- જાહેર માહિતી અધિકારી : તાલુકા વિકાસ અધિકારી
- જાહેર સત્તા મંડળ : તાલુકા પંચાયત, ભચાઉ, જિ.કચ્છ
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તેમની તા.૦૮-૦૯-૨૦૦૬ ની અરજીથી, ભચાઉ તાલુકના ૧૫ ગામોની ગ્રામસભાઓ દ્વારા તારીખવાર કરવામાં આવેલા ઠરાવોની નકલ માંગેલ હતી.

### (૨) <u>પ્રથમ અપીલની વિગત</u>

**અરજદારની રજુઆત :**

''મે મારી તા.૦૮-૦૯-૨૦૦૬ ની અરજીથી, જાહેર માહિતી અધિકારી પાસેથી, ભચાઉ તાલુકાના ૧૫ ગામોની ગ્રામસભાઓ દ્વારા તારીખવાર કરવામાં આવેલ ઠરાવોની નકલો માંગેલ હતી. પરંતુ મને તા.૦૭-૧૦-૨૦૦૬ સુધીમાં માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. સબબ, આ માહિતી મને વિનામૂલ્યે મળવી જોઈએ''.

- **અપીલ સત્તાધિકારીનું નિરીક્ષણ :** તા.૩૦-૧૨-૨૦૦૬

અરજદારે માંગેલ માહિતી આપવા પાત્ર છે પરંતુ અરજદારે આ માહિતી વિનામૂલ્યે પૂરી પાડવા વિનંતી કરેલ છે, જે બાબત ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી.

- **અપીલ સત્તાધિકારીનો નિર્ણય / હુકમ :** તા.૩૦-૧૨-૨૦૦૬

અરજદારે માંગેલ માહિતી રૂા.૨૬૦=૦૦ ની ફી ભર્યેથી તેમને દિન-૩ માં આપવાનો જાહેર માહિતી અધિકારીને હુકમ કરવામાં આવે છે.

(૩) <u>ફરીયાદની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

''જાહેર માહિતી અધિકારીએ મને માહિતી આપી નથી. તદુઉપરાંત, અપીલ અધિકારીએ મને માહિતી માટે રૂા.૨૬૦=૦૦ ની ફી ચુકવવા જણાવ્યું છે. મેં માંગેલ માહિતી ''જાહેર હિત'' ને લગતી હતી, તેમ છતાં, જાહેર માહિતી અધિકારીએ મને સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવાની કાળજી લીધી નથી. અપીલ અધિકારીના તા.૩૦-૧૨-૨૦૦૬ નો હુકમ જાહેર માહિતી અધિકારીને તા.૧૬-૦૧-૨૦૦૭ ના રોજ મળેલ. હુકમ બાદ પણ મને માહિતી છેક તા.૧૬-૦૪-૨૦૦૭ ના રોજ, ઘણાં વિલંબ બાદ, પુરી પાડવામાં આવેલ છે. સબબ, જાહેર માહિતી અધિકારીને કાયદાની જોગવાઈઓ મુજબ દંડ થવો જોઈએ''.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

''તા.૦૮-૦૯-૨૦૦૬ (અરજદારની અરજીની તારીખ) અને તા.૨૭-૧૦-૨૦૦૬ (અરજદારની ફરિયાદની તારીખ) વચ્ચેના સમયગાળા દરમિયાન અરજદારને ફી ચૂકવવા જણાવવામાં આવેલ હતું. પરંતુ અરજદારને માહિતી વિનામૂલ્યે જોઈતી હતી. સબબ, પ્રથમ અપીલમાં જ અપીલ અધિકારીએ તા.૨૦-૧૨-૨૦૦૬ ના રોજ નિર્ણય લઈ હુકમ કર્યો હતો કે અરજદાર તરફથી ફી ચૂકવ્યેથી તેમને માહિતી પૂરી પાડવી. પરંતુ ફી ચૂકવવાને બદલે અરજદારે આયોગમાં ફરિયાદ દાખલ કરી. અપીલ અધિકારીના તા.૩૦-૧૨-૨૦૦૬ ના હુકમની નકલ અરજદારને પણ આપવામાં આવેલ હતી. સદરહુ તા.૩૦-૧૨-૨૦૦૬ નો હુકમ મને તા.૧૧-૦૧-૨૦૦૭ ના રોજ મળેલ હતો, જે અંગે અરજદારને રજી.પોસ્ટથી માહિતી આપવા સારૂ ફાઈલ ઉપર તા.૧૬-૦૧-૨૦૦૭ ના રોજ નિર્ણય લેવાયો હતો. પરંતુ અરજદારને તા.૧૬-૦૪-૨૦૦૭ ના રોજ માહિતી આપી શકાઈ કારણ કે (૧) સ્ટાફ ગ્રામ પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણીઓની કામગીરીમાં વ્યસ્ત હતો, (૨) ૨૦૦૭-૦૮ ના વર્ષ માટે પંચાયતોની બજેટ અંગેની કામગીરીમાં પણ સ્ટાફ વ્યસ્ત હતો અને (૩) સંબંધિત કર્મચારી માર્ચ ૨૦૦૭ માં રજા ઉપર હતા. આ કારણોસર અરજદારને માહિતી આપવામાં વિલંબ થયો હતો''.

- **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૨૨-૦૫-૨૦૦૭, ૨૬-૦૬-૨૦૦૭, ૨૫-૦૭-૨૦૦૭

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

જાહેર માહિતી અધિકારી જણાવે છે કે તેમણે અરજદારને માહિતી માટેની ફી ભરવા જણાવેલ હતી. પરંતુ આ અંગેની લેખિત જાણ કરવા અંગેના કોઈ આધાર-પૂરાવાઓ રજૂ કરવામાં આવ્યા નથી. અપીલ અધિકારીશ્રીના તા.૩૦-૧૨-૨૦૦૬ ના માહિતી પૂરી પાડવાના આદેશ છતાં માહિતી છેક તા.૧૬-૦૪-૨૦૦૭ ના રોજ વિલંબથી પૂરી પાડવા સબબ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કોઈ કારણો વ્યાજબી જણાતા નથી. તદુપરાંત, અરજદારે માંગેલ માહિતી વિશાળ જાહેર હિતને લગતી હોવાથી જાહેર માહિતી અધિકારીએ વ્યાજબી રીતે અને ખંતપૂર્વક વર્તવાની જરૂર હતી. આ કેસમાં જાહેર માહિતી અધિકારીનો પોતાના સ્ટાફ ઉપરનાં નિયંત્રણનો સંપૂર્ણપણે અભાવ જણાયેલ છે. સમગ્ર બાબતોનો ધ્યાને લેતાં, જાહેર માહિતી અધિકારીને મહત્તમ રૂા.૨૫,૦૦૦/- નો દંડ કરવો જરૂરી જણાય છે.

- **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય :**

(૧) જાહેર માહિતી અધિકારીને રૂા.૨૫,૦૦૦/- નો દંડ કરવામાં આવે છે. સદરહુ દંડની રકમ જાહેર માહિતી અધિકારીના પગારમાંથી એક હપ્તામાં અથવા ત્રણ હપ્તામાં, વધુમાં વધુ ૯૦ દિવસની અંદર ચૂકવવાની રહેશે.

(૨) જાહેર માહિતી અધિકારીએ દંડની ચૂકવણી અંગેના સાધનિક પૂરાવાની નકલ (નકલો) આયોગને મોકલી આપવાની રહેશે.

(૩) આ હુકમની નકલ જિલ્લા વિકાસ અધિકારીને મોકલી આપવાની રહેશે અને તેમણે આ હુકમનું પાલન થયું છે કે કેમ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અરજદારે માંગેલ માહિતી (ગ્રામ પંચાયતના ઠરાવોની નકલો) દરેક ગ્રામ પંચાયત દ્વારા સામે ચાલીને જાહેર કરવામાં આવે તે પણ જિલ્લા વિકાસ અધિકારીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

**કેસ નંબર-૧૩**

| |
|---|
| **જાહેર માહિતી અધિકારી પાસે અન્ય કચેરીના જાહેર માહિતી અધિકારીનો વધારાનો ચાર્જ (હવાલો) હોવાથી અન્ય કચેરીમાં તેઓ પૂર્ણ સમય આપી શકતા નહોતા એ હકીકત હોવા છતાં તેઓ અરજદારને જાહેર હિત સંબંધી માહિતી, આંશિક રીતે પણ પૂરી પાડી શકયા નથી તે કિસ્સામાં તેમને કરવામાં આવેલ દંડ** |

| |
|---|
| **ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી આર**<br>**આર. એન. દાસનો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 6(3), 20(1)**<br>**ફરીયાદ નં. ૧૭૧૯/૦૬-૦૭, તારીખ ૨૧-૦૯-૨૦૦૭**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૦** |

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શ્રી હનુભાઈ ખીમાભાઈ દેરવાડીયા
- જાહેર માહિતી અધિકારી : (૧) તલાટી-કમ-મંત્રી, પૂર્વે વાંગધ્રા (૨) તલાટી કમ મંત્રી, હાલમાં મોધુકા
- જાહેર સત્તા મંડળ : (૧) ગ્રામ પંચાયત, વાંગધ્રા (૨) ગ્રામ પંચાયત, મોધુકા
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તેમની તા.૧૮-૧૦-૨૦૦૬ ની અરજીથી (૧) વાગંધ્રા ગ્રામ પંચાયતની છેલ્લી ત્રણ મીટીગોની કાર્યવાહિ નોંધોની નકલો (૨) અગાઉના પાંચ મહિના દરમિયાન મીટીગો શા માટે યોજવામાં આવી નહોતી? તેના કારણો અને (૩) કેટલા સમયાંતરે મીટીગો યોજવી જોઈએ? તે અંગેની કાયદાકીય જોગવાઈઓ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સહ તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત જસદણને ઉદ્દેશીને સુપ્રત કરેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ :**

પ્રસ્તુત કિસ્સામાં જા.મા.આ. સહ તાલુકા વિકાસ અધિકારી, જસદણે અરજદારની તારીખ ૧૮-૧૦-૨૦૦૬ ની અરજી, જા.મા.અ. સહ તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત, વાંગધ્રાને તારીખ ૧૪-૧૧-૨૦૦૬ ના પત્રથી મોકલી આપેલ હતી અને સદરહુ પત્રની નકલ અરજદારને પણ આપેલ હતી, જેમાં તેમણે અરજદારને જણાવેલ કે, ‘‘તમોએ માંગેલ માહિતી તમોને તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત, વાંગધ્રા પાસેથી મળી શકશે’’.

## (૨) <u>ફરીયાદની વિગત</u>

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

‘‘સદરહુ પત્ર ગ્રા.પં.ના સરપંચને ડીલીવર કરવામાં આવેલ હતો. આ સમય દરમિયાન ગ્રા.પં. વાંગધ્રાના તલાટી કમ મંત્રીનો વધારાનો ચાર્જ મારી પાસે હોવાથી હું રેગ્યુલર રીતે વાંગધ્રા જઈ શકયો નહોતો, કારણ કે મારો રેગ્યુલર ચાર્જ ગ્રા.પં.મોધૂકાના તલાટી કમ મંત્રી તરીકનો હતો.

જા.મા.અ. તા.પં. જસદણે અરજદારની તા.૧૮-૧૦-૨૦૦૬ ની અરજી તા.૧૪-૧૧-૨૦૦૬ ના પત્રથી ગ્રામ પંચાયત કચેરી, વાગંધ્રાને મોકલી આપેલી. પરંતુ રેગ્યુલર તલાટી બિમારી રજા ઉપર હોવાથી મે તા.૨૮-૦૧-૨૦૦૭ ના રોજ માહિતી તૈયાર કરીને તા.૨૯-૦૧-૨૦૦૭ ની ગ્રા.પં.ની મીટીગમાં અરજદારને રૂબરૂમાં સુપ્રત કરેલ હતી. અરજદારે માહિતી લીધા બદલની કોઈ પાવતી (આધાર) આપેલ નહી, જેથી મેં રોજકામ કરીને તેની નકલ અપીલ અધિકારી, સહ તા.વિ.અ., તા.પં. જસદણને મોકલી આપેલ હતી, જે તેમણે અરજદારને રજી.પોસ્ટથી મોકલી આપેલ હતી. અરજદારને માહિતી ન આપવાનો મારો કોઈ ઈરાદો ન હતો''.

- **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૦૯-૦૮-૨૦૦૭, ૨૦-૦૯-૨૦૦૭

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

અરજદારની તા.૧૮-૧૦-૨૦૦૬ ની અરજી અન્વયે સંપૂર્ણ માહિતી અતિશય વિલંબ બાદ તા.૨૯-૦૧-૨૦૦૭ ના રોજ પૂરી પાડવામાં આવી હતી. માંગવામાં આવેલ માહિતી વિશાળ જાહેર હિતને લગતી છે. જે સામાન્ય જનતાને ઉપલબ્ધ હોવી જોઈએ. જા.મા.અ. સહ તા.વિ.અ., જસદણે અરજદારની તા.૧૮-૧૦-૨૦૦૬ ની અરજી તા.૧૪-૧૧-૨૦૦૬ ના પત્રથી જા.મા.અ., વાંગધ્રાને વિલંબથી મોકલી એ બાબત બરાબર નથી. જા.મા.અ. જસદણે અરજદારની અરજી, અરજી તબદીલ કરવાની નિયત સમય મર્યાદા દિન-૫ માં જા.મા.અ. વાંગધ્રાને તબદીલ કરવી જોઈતી હતી. આમ, જા.મા.અ. જસદણ યોગ્ય પ્રક્રિયા (proper procedure) અનુસર્યા નથી. ભવિષ્યમાં સાચી પ્રક્રિયા અનુસરવાની શરતે આયોગ જા.મા.અ. જસદણ ની આ ટેકનીકલ ક્ષતિ દરગુજર કરે છે. ગ્રા.પં.વાંગધ્રા ભલે તલાટી કમ મંત્રી, મોધૂકાના ચાર્જમાં હતા અને મોધૂકાના તલાટી કમ મંત્રી ભલે દરરોજ વાંગધ્રા નહોતા જઈ શકતા પરંતુ વાંગધ્રાની ટપાલો તેમને ડીલીવર થાય તેવી વ્યવસ્થા તેમણે ગોઠવવી જોઈતી હતી. પ્રસ્તુત કેસમાં મુખ્ય વિલંબ જા.મા.અ., વાંગધ્રા કક્ષાએથી થયો હોઈ પેન્ડીંગ બાબતોની જવાબદારીમાંથી તેઓ છટકી શકે નહી. મોધુકાના રેગ્યુલર તલાટી કમ મંત્રી પોતે વાંગધ્રા ગ્રા.પં. ના વધારાના ચાર્જમાં હતા અને તેથી તેઓ વધારાના ચાર્જની કામગીરી માટે પૂર્ણ સમય આપી શકતા નહોતા તે પ્રેકટીલ મર્યાદા હોવા છતાં, તેઓ અરજદારને આંશિક માહિતી પણ આપી શકયા નથી તે બાબત અવગણી શકાય નહિ, સબબ આયોગને લાગે છે કે જા.મા.અ. વાંગધ્રાને કંઈક દંડ કરવો જોઈએ.

- **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય હુકમ :**

(૧) જા.મા.અ. સહ તલાટી કમ મંત્રી, ગ્રા.પં. વાંગધ્રાને રૂા.૧૦૦૦=૦૦ નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહુ દંડની રકમ તેમણે તેમના અંગત ભંડોળમાંથી અથવા પગારમાંથી કપાત કરીને ચૂકવવાની રહેશે.

(૨) આ હુકમ મળ્યાના ૪૫ દિવસની અંદર, દંડની રકમની ચુકવણીના આધાર સહ, જા.મા.અ. વાંગધ્રાએ આયોગને જાણ કરવાની રહેશે.

(૩) આયોગના હુકમનું પાલન થયું છે કે કેમ ? તે તા.વિ.અ. જસદણે સુનિશ્ચિત કરવાનું રહેશે અને તે અંગેની જાણ ૬૦ દિવસમાં આયોગને કરવાની રહેશે.

**કેસ નંબર-૧૪**

**અરજદારને બદઈરાદાપૂર્વક માહિતી ન આપવા સબબ જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ દંડ**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 20(1)**
**ફરીયાદ નં. ૧૬૯૫/૦૬-૦૭ તારીખ ૨૦-૧૦-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૬**

**(૧) માહિતીની વિગત**

- અરજદારનું નામ : કુ. ઉર્મિલાબેન માવજીભાઈ ગોજીયા
- જાહેર સત્તા મંડળ : પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટની કચેરી, ભાવનગર
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૦૫-૦૯-૨૦૦૬ ની અરજીથી તેમણે પોતાની અગાઉની તા.૦૨-૦૮-૨૦૦૬ ની સાદી અરજી (**RTI Act** ની અરજી નહિ) અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ? તેની માહિતી માંગેલ હતી. સદર તા.૦૨-૦૮-૨૦૦૬ ની સાદી અરજીમાં જણાવ્યા અનુસાર, ''કેટલીક વ્યકિતઓ દ્વારા કરવામાં આવેલ ગુના સબંધે નોંધાયેલ પોલીસ ફરિયાદ (નં.૧૯૮/૦૬) માં વ્યકિતઓના નામો સાચાં દર્શાવવામાં આવ્યા નહોતા, જે બાબતે તપાસ થવી જોઈએ'' એ સંબંધી રજૂઆત હતી.

- **જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ :**

જા.મા.અ. તરફથી કોઈ માહિતી મળેલ નથી.

**(૨) <u>ફરીયાદની વિગત</u>**

- **અરજદારની રજુઆત :**

''મેં મારી તા.૦૫-૦૯-૨૦૦૬ ની અરજીથી જા.મા.અ. પાસેથી, મારી અગાઉની તા. ૦૨-૦૮-૨૦૦૬ ની સાદી અરજી (**RTI** ની અરજી નહિ) અંગે શું કાર્યવાહિ કરવામાં આવેલ તેની માહિતી માંગેલ હતી. પરંતુ મને માહિતી મળેલ નહોતી, ત્યાર બાદ તા.૨૧-૧૧-૨૦૦૬ ની પ્રથમ અપીલ અરજી મેં ડી.આઈ.જી. જૂનાગઢ રેન્જને સુપ્રત કરેલ હતી પરંતુ તેમણે મારી અપીલ અરજી તેમના તા.૧૨-૦૧-૨૦૦૭ ના પત્રથી જીલ્લા પોલીસવડા, ભાવનગરને તબદીલ કરેલ હતી. પરંતુ મને મારી તા.૦૫-૦૯-૨૦૦૬ ની અરજી કે તા.૨૧-૧૧-૨૦૦૬ ની પ્રથમ અપીલ અન્વયે કોઈજ માહિતી કે પ્રતિભાવ મળેલ નથી''.

• **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૦૯-૦૮-૨૦૦૭, ૨૦-૦૯-૨૦૦૭

• **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

તા.૦૭-૦૮-૨૦૦૭ ની સુનાવણીમાં જા.મા.અ. હાજર રહયા નહોતા પરંતુ અરજદારના વકીલ હાજર રહયા હતા. અરજદારની તા.૦૫-૦૯-૨૦૦૬ ની અરજીથી તેમણે માંગેલ માહિતી દિન-૧૦ માં વિનામૂલ્યે પૂરી પાડવા હુકમ કરવામાં આવેલ અને સમય મર્યાદામાં માહિતી ન આપવા સબબ જા.મા.અ.ને દંડ શા માટે ન કરવો ? તેના કારણો સહિતનો જવાબ દિન-૧૫ માં આયોગને આપવાનો હુકમ કરવામાં આવેલ હતો અને હવે પછીની સુનાવણી તા.૨૦-૦૯-૨૦૦૭ ના રોજ મુકરર કરવામાં આવેલ પરંતુ તા.૨૦-૦૯-૨૦૦૭ ની સુનાવણીમાં પણ જા.મા.અ. હાજર રહેલ નહિ, પરંતુ અરજદારના વકીલ હાજર રહેલ જેમણે જણાવેલ કે આયોગના તા.૦૭-૦૮-૨૦૦૭ ના લેખીત હુકમ છતાં પણ જા.મા.અ.એ માહિતી આપેલ નથી. સબબ, તા.૨૦-૦૯-૨૦૦૭ ના લેખીત હુકમથી માહિતી ન આપવા સબબ દંડ શા માટે ન કરવો? તેના કારણો સહિતનો જવાબ કરવા જા.મા.અ. ને આયોગ દ્વારા જણાવવામાં આવેલ અને હવે પછીની સુનાવણી તા.૦૯-૧૦-૨૦૦૭ ના રોજ મુકરર કરવામાં આવેલ. પરંતુ તા.૦૯-૧૦-૨૦૦૭ ની સુનાવણીમાં પણ જા.મા.અ. હાજર રહયા નહોતા. અરજદારના વકીલ હાજર રહયા હતા, જેમણે જણાવેલ કે જા.મા.અ. એ હજુ પણ માહિતી આપેલ નથી કે જવાબ આપેલ નથી, તેથી જાણી જોઈને અને બદઈરાદાપૂર્વક માહિતી ન આપવા સબબ તેમને દંડ થવો જોઈએ.

આયોગને પણ જા.મા.અ. ની વર્તણુંક તદ્દન નિંદનીય અને ઠપકાને પાત્ર જણાય છે કારણ કે... (૧) સૌ પ્રથમ તો જા.મા.અ.એ અરજદારને તેમની તા.૦૫-૦૯-૨૦૦૬ ની અરજી અન્વયે માહિતી પૂરી પાડી નથી, (૨) આયોગના તા.૦૭-૦૮-૨૦૦૭ ની સુનાવણીમાં અરજદારના વકીલ હાજર રહયા હતા. પરંતુ જા.મા.અ. કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર હાજર રહયા નહોતા, (૩) આયોગના તા.૦૭-૦૮-૨૦૦૭ ના હુકમ અન્વયે જા.મા.અ. એ અરજદારને માહિતી પૂરી પાડી નથી કે કારણદર્શક નોટીસનો જવાબ પણ આપેલ નથી, (૪) આયોગે તા.૨૦-૦૯-૨૦૦૭ ના હુકમથી જાહેર માહિતી અધિકારીને એક વધુ તક આપેલ હતી, જેમાં પણ જાહેર માહિતી અધિકારી હાજર રહયા નહોતા, જયારે કે અરજદારના વકીલ હાજર રહયા હતા.

સબબ પ્રસ્તુત કેસ જા.મા.અ.ને મહત્તમ રૂ.૨૫,૦૦૦/- નો દંડ કરવા માટેનો તદ્દન યોગ્ય કેસ છે, કારણ કે આયોગે જા.મા.અ. ને સુનાવણીમાં હાજર રહેવા માટે એક કરતાં વધુ તકો આપવા છતાં, તેમણે અરજદારને, બદઈરાદાપૂર્વક, સમયમર્યાદામાં માહિતી પૂરી પાડેલ નથી.

• **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય હુકમ :**

(૧) ડી.એસ.પી. ભાવનગરની કચેરીના જા.મા.અ. ને રૂ.૨૫,૦૦૦/- નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે જે તેમણે તેમના અંગત ભંડોળમાંથી અથવા તેમના પગારમાંથી રૂ.૧૨,૫૦૦/- એક મુજબ કુલ બે હપ્તામાં, આ હુકમ મળેથી ૬૦ દિવસમાં ચૂકવવાનો રહેશે.

(૨) દંડની રકમનો પ્રથમ હપ્તો આ હુકમ મળેથી ૩૦ દિવસમાં ચૂકવવાનો રહેશે અને દંડ ચૂકવણી અંગેના સાધનિક પુરાવાની નકલ સહ દિન-૪૫ માં આયોગને જાણ કરવાની રહેશે.

(૩) દંડની રકમનો બીજો હપ્તો આ હુકમ મળેથી ૯૦ દિવસમાં ચૂકવવાનો રહેશે અને દંડ ચૂકવણી અંગેના સાધનિક પુરવાની નકલ સહ દિન-૧૦ માં આયોગને જાણ કરવાની રહેશે.

(૪) આ હુકમની નકલ ડી.એસ.પી. ભાવનગરને મોકલી આપવાની રહેશે. ડી.એસ.પી. ભાવનગરે આ હુકમનું પાલન થાય તે સુનિશ્ચિત કરી, આયોગને જાણ કરવાની રહેશે.

**કેસ નંબર-૧૫**

**કચેરીનું સ્થળાંતર કરેલ હોઈ માહિતી અધૂરી આપવા સબબ કરવામાં આવેલ દંડ**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 20(1)**
**અપીલ નં. ૦૪૯૩/૦૭-૦૮, તારીખ : ૦૫-૦૩-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : 3**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શ્રીમતી ખાતુનજાન અબ્દુલરસીદખાન પઠાણ
- જાહેર માહિતી અધિકારી : ચીફ ઓફિસર
- જાહેર સત્તા મંડળ : દ્વારકાનગર સેવા સદન, દ્વારકા, જી.જામનગર.
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૧૬-૦૫-૨૦૦૭ ની અરજીથી માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ :**

જા.મા.અ.એ તા.૧૩-૦૬-૨૦૦૭ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડેલ છે.

## (૨) <u>બીજી અપીલની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

''મે તા.૧૬-૦૫-૨૦૦૭ ની અરજીથી જા.મા.અ. પાસેથી માહિતી માંગેલ હતી, જે અન્વયે મને તા.૧૩-૦૬-૨૦૦૭ ના રોજ જા.મા.અ. તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. પરંતુ સદરહુ માહિતી અધૂરી હતી''.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

''અધૂરી માહિતી અંગે જણાવવાનું કે મારી ઓફિસનું સ્થળાંતર કરેલ હોવાથી રેકર્ડ શોધવામાં સમય પસાર થયેલ છે. અરજદારને માહિતી ન આપવાનો અથવા તેમને માહિતીથી વંચિત રાખવાનો કે અધૂરી માહિતી આપવાનો મારો કોઈ ઈરાદો નહોતો, તેથી અરજદારને વિલંબથી માહિતી આપવા બદલ મને જે કારણદર્શક નોટીસ ફટકારવામાં આવેલ છે તે દરગુજર કરવા વિનંતી છે''.

• **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૩૧-૦૧-૨૦૦૮, ૦૪-૦૩-૨૦૦૮

• **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

માહિતી આપવામાં વિલંબ બાબતની જા.મા.અ. ની રજૂઆત આયોગને વ્યાજબી જણાતી નથી. માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪(૧) હેઠળ દરેક જાહેર સત્તામંડળની રેકર્ડ વ્યવસ્થિત રાખવાની જવાબદારી નકકી કરવામાં આવેલ છે. સદરહુ બાબતે કચેરીનું સ્થળાંતર થાય તો સાથે સાથે રેકર્ડની વ્યવસ્થિત જાળવણી કરવાની જવાબદારી પણ જાહેર સત્તામંડળની રહે છે. જા.મા.અ.ની રજૂઆત સાથે આયોગ સંપૂર્ણપણે સહમત નથી.

• **ગુજરાત માહિતી આયોગ નિર્ણય/હુકમ :**

જા.મા.અ.ની રજૂઆત સાથે આયોગ સંપૂર્ણપણે સહમત નથી, સબબ જા.મા.અ. ને રૂા.૨૫૦૦=૦૦ નો નોમીનલ દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર દંડની રકમ આ હુકમ મળેથી દિન-૩૦ માં ચૂકવવાની રહેશે.

**કેસ નંબર-૧૬**

| |
|---|
| **કોઈપણ પ્રકારના વ્યાજબી કારણોવગર, અરજદારની માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની અરજી ન સ્વીકારવા સબબ, અરજદારને માહિતી ન આપવા સબબ, આયોગની કારણદર્શક નોટીસનો જવાબ ન આપવા બદલ અને આયોગ દ્વારા રાખવામાં આવેલ ત્રણ-ત્રણ સુનાવણીઓમાં હાજર ન રહેવા સબબ જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ દંડ** |

| |
|---|
| **ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**<br>**આર. એન. દાસનો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 20(1), 20(2)**<br>**ફરીયાદ નં. ૧૮૪૩/૦૭-૦૮ તારીખ : ૨૯-૦૩-૨૦૦૮**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩** |

**(૧) માહિતીની વિગત**

- અરજદારનું નામ : વેસ્તીબેન દેહલાભાઈ બારીયા
- જાહેર માહિતી અધિકારી : તલાટી કમ મંત્રી
- જાહેર સત્તા મંડળ : બારા ગ્રામ પંચાયત, મુ. બારા, તા.દેવગઢબારીયા, જી.દાહોદ
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની તેમની તા.૨૪-૧૨-૨૦૦૭ ની અરજી જા.મા.અ.ને આર.પી.એ.ડી. થી મોકલી આપેલ હતી, જેમાં તેમણે રાષ્ટ્રીય ગ્રામીણ યોજનાના અમલીકરણ સંબંધી માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ :**

જા.મા.અ.એ અરજદારની અરજી સ્વીકારેલ નથી.

**(૨) <u>ફરીયાદની વિગત</u>**

- **અરજદારની રજુઆત :**

‘‘મેં તા.૨૪-૧૨-૨૦૦૭ ની મારી અરજી આર.પી.એ.ડી. થી જા.મા.અ. ને મોકલી આપેલ હતી, જે ટપાલીએ ‘‘સદર ટપાલના માલિક અટેલે કે જા.મા.અ. ન મળવાથી પરત કરવામાં આવે છે’’, તેવો શેરો કરેલ છે’’.

- **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૧૪-૦૨-૨૦૦૮, ૧૨-૦૩-૨૦૦૮, ૨૮-૦૩-૨૦૦૮

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

અરજદારની ફરિયાદ તેમની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીનો અસ્વીકાર કરવા

બાબતે હોવાથી આયોગે સુનાવણી કર્યા વગર, તા.૨૨-૦૧-૨૦૦૮ ના હુકમથી જા.મા.અ. ને જણાવેલ કે ''તમને દંડ/શિક્ષા કેમ ન કરવી? અરજદારને યોગ્ય વળતર કેમ ન ચૂકવવું? તેનો લેખિતમાં જવાબ આયોગને મોકલી આપવો અને તા.૧૪-૦૨-૨૦૦૮ ના રોજ સુનાવણીમાં હાજર રહેવુ. વધુમાં, અરજદારે માંગેલ માહિતી સુનાવણી અગાઉ તેમને અચૂક પૂરી પાડવાની રહેશે''.

તા.૧૪-૦૨-૨૦૦૮ ની સુનાવણીમાં અરજદાર કે જા.મા.અ. હાજર રહયા નહોતા. સબબ, બીજી સુનાવણી તા.૧૨-૦૩-૨૦૦૮ ના રોજ હુકમ કરેલ, જેમાં જણાવવામાં આવેલ કે, જાહેર માહિતી અધિકારીને તા.૧૪-૦૨-૨૦૦૮ ના રોજ રાખવામાં આવેલ, જેમાં અરજદાર હાજર રહેલ પરંતુ જાહેર માહિતી અધિકારી હાજર રહેલ નહી, સબબ અરજદારને સાંભળ્યા બાદ આયોગે તા.૧૫-૦૩-૨૦૦૮ અને તા.૧૨-૦૩-૨૦૦૮ ના રોજ સુનાવણીમાં હાજર રહેવાની ત્રણ વખત તક આપવા છતાં પણ તેઓ હાજર રહયા નથી કે આયોગના તા.૨૧-૦૧-૨૦૦૮ ના હુકમ મુજબ લેખીત નિવેદન પણ આયોગને મોકલી આપેલ નથી. આ સંજોગોમાં જા.મા.અ. ઉપર દંડનીય કાર્યવાહી કરી શકાય પરંતુ કુદરતી ન્યાયના હિતમાં, જા.મા.અ.ને એક છેલ્લી તક આપવાનો આયોગે નિર્ણય કરેલ, જે મુજબ, તા.૨૮-૦૩-૨૦૦૮ ના રોજ સુનાવણીમાં હાજર રહેવા ''જા.મા.અ. ને હુકમ કરવામાં આવેલ.

તા.૨૮-૦૩-૨૦૦૮ ની સુનાવણીમાં જા.મા.અ.એ, આયોગના અગાઉના તા.૨૨-૦૧-૨૦૦૮ ના હુકમથી જણાવ્યાનુસાર ''તેમને દંડ/શિક્ષા કેમ ન કરવી? અરજદારને યોગ્ય વળતર કેમ ન ચૂકવવું?'' તેના ખુલાસા સાથે હાજર રહેવું. જો આ દિવસે પણ જા.મા.અ. ગેરહાજર રહેશે તો તેમની સામે કાયદાની કલમ-૨૦(૧) અને ૨૦(૨) હેઠળ કાર્યવાહી કરવા અંગે આયોગ નિર્ણય કરશે'' સાથે સાથે, જા.મા.અ. સુનાવણીમાં હાજર ન રહે તો તેમની સામે યોગ્ય વહીવટી કાર્યવાહી કરી, તેમનો ખુલાસો મેળવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા તાલુકા વિકાસ અધિકારી, દેવગઢ બારીયાને આ હુકમની નકલ મોકલવામાં આવેલ.

તા.૨૮-૦૩-૨૦૦૮ ની સુનાવણીમાં અરજદાર હાજર રહેલ પરંતુ જા.મા.અ. હાજર રહેલ નહિ, જેથી જા.મા.અ.એ કોઈ રજૂઆત કરવાની રહેતી નથી તેમ માનવાને કારણ રહે છે. અરજદારની અરજી પરત્વે જા.મા.અ. આટલી બેદરકારી દાખવે, અરજીનો સ્વીકાર ન કરે, માહિતી ન આપે, આયોગના હુકમનું પાલન ન કરે, તેમને સાંભળવા માટે ત્રણ વખત તક આપવા છતાં હાજર ન રહે તે બરાબર નથી. તેથી જા.મા.અ. ને મહત્તમ રૂ.૨૫૦૦૦=૦૦ નો દંડ કરવાપાત્ર જણાય છે.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

(૧) જાહેર માહિતી અધિકારીને રૂ.૨૫,૦૦૦=૦૦ નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ દંડની રકમ જા.મા.અ.એ પોતાના અંગત ભંડોળમાંથી અથવા પગારમાંથી ત્રણ હપ્તામાં ૯૦ દિવસમાં ચૂકવવાની રહેશે.

(૩) દંડ ચૂકવણી અંગેના આધાર પૂરાવા (ચલણ) ની નકલ સહ આયોગને જાણ કરવાની રહેશે.

(૪) દંડની ચૂકવણી કરવામાં આવેલ છે કે કેમ? તેની દેખરેખ તાલુકા વિકાસ અધિકારીએ કરવાની રહેશે.

(૫) અરજદારે કરેલ ખર્ચ, પોસ્ટલ ચાર્જ અને આયોગની સુનાવણીમાં હાજર રહેલ તે બાબતના ખર્ચની રકમ રૂા.૪૧૫=૦૦ દિન-૧૦ માં અરજદારને ચૂકવવા માટે ગ્રામ પંચાયત, બારાને હુકમ કરવામાં આવે છે.

(૬) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંગે કોઈ અરજદાર માહિતી માંગે અને તે ન આપવામાં આવે તેવું હવે પછીથી બીજા કેસમાં ન બને તે સબંધીતોને સૂચના આપવા માટે આ હુકમની નકલ (૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી, દેવગઢબારીયા, (૨) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દાહોદ અને (૩) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજય ગાંધીનગરને જરૂરી કાર્યવાહી માટે મોકલી આપવામાં આવે છે.

**કેસ નંબર-૧૭**

**વિભાગના ક્ષેત્રિય કાર્યાલયોમાં ઉપલબ્ધ માહિતી મેળવવા માટે સંબંધિત ક્ષેત્રિય કાર્યાલયના જાહેર માહિતી અધિકારીઓનો જ સંપર્ક સાધવાનો રહે.**

**ગુજરાત માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f), 6(3)**
**ફરીયાદ નં. ૧૩૮/૦૮-૦૯ તારીખ : ૨૪-૦૨-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : લક્ષ્મણદાસ એમ. માણેક
- જાહેર માહિતી અધિકારી : નાયબ વન સંરક્ષક (જમીન)
- જાહેર સત્તા મંડળ : અગ્ર મુખ્યવન સંરક્ષકની કચેરી, ગાંધીનગર
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે વન વિભાગના જાહેર માહિતી અધિકારી પાસેથી વનવિભાગ, ગાંધીનગર તેમજ વન વિભાગ, ગાંધીનગર હેઠળના જુદાજુદા ક્ષેત્રિય કાર્યાલયોમાં ઉપલબ્ધ હોય તેવી માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જાહેર માહિતી અધિકારીએ તા.૨૬-૦૮-૨૦૦૯ ના પત્રથી એક વિગતવાર અહેવાલ ગુજરાત માહિતી આયોગને મોકલી આપેલ અને આ અહેવાલની નકલ અરજદારને પણ આપેલ હતી. જાહેર માહિતી અધિકારીના જણાવ્યા અનુસાર, ''અરજદારે માંગેલ કેટલીક માહિતી વનવિભાગના જુદાજુદા ક્ષેત્રિય કાર્યોલયોમાં ઉપલબ્ધ છે અને અરજદારે સંબંધિત ક્ષેત્રિય કાર્યાલયોના જાહેર માહિતી અધિકારીઓ પાસેથી તે માહિતી મેળવી લેવાની છે. વન વિભાગની વેબસાઈટ ઉપર વિભાગ હેઠળના જાહેર માહિતી અધિકારીઓની વિગત અપલોડ કરવામાં આવેલ છે. વન વિભાગની વડી કચેરીમાં જે માહિતી ઉપલબ્ધ છે તે તમામ અરજદારને આપી શકાય. કેટલીક માહિતી સીડી મારફતે પણ ઉપલબ્ધ કરી શકાય. અરજદારે કેટલાક મુદ્દાઓ પ્રશ્નના રૂપમાં રજૂ કર્યા છે અને માહિતીના રૂપમાં માંગેલ નથી. આ બાબતમાં અરજદારને યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવેલ છે.

## (૨) <u>બીજી અપીલની વિગત</u>

તા.૨૨-૦૨-૨૦૧૨ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમાં વિવાદી હાજર રહેલ નહી. પ્રતિવાદી હાજર રહેલ.

## • જાહેર માહિતી અધિકારીની રજૂઆત :

‘‘ગુજરાત માહિતી આયોગને અમે તા.૨૬-૦૮-૨૦૦૯ ના પત્રથી એક વિગતવાર અહેવાલ મોકલી આપેલ છે, જેની નકલ વિવાદીને પણ મોકલી આપેલ છે. વિવાદીએ માંગેલ કેટલીક માહિતી જુદાજુદા ક્ષેત્રિય કાર્યોલયોમાં ઉપલબ્ધ છે અને વિવાદીએ સંબંધિત ક્ષેત્રિય કાર્યાલયોના જાહેર માહિતી અધિકારીઓ પાસેથી તે માહિતી મેળવી લેવાની રહે છે. વન વિભાગની વેબસાઈટ ઉપર વિભાગ હેઠળના જાહેર માહિતી અધિકારીઓની વિગતો અપલોડ કરવામાં આવેલ છે. વનવિભાગની વડી કચેરીમાં જે માહિતી ઉપલબ્ધ છે તે તમામ વિવાદીને આપી શકાય. કેટલીક માહિતી સીડી મારફતે પણ ઉપલબ્ધ કરી શકાય. પરંતુ વિવાદીએ તે મેળવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નહી. વિવાદીએ કેટલાક મુદ્દાઓ પ્રશ્નના રૂપમાં રજૂ કર્યા છે અને માહિતીના રૂપમાં માંગ્યા નથી. આ બાબતમાં વિવાદીને યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવેલ છે.

## • ગુજરાત માહિતી આયોગનો હુકમ :

પ્રતિવાદીની રજૂઆત ધ્યાનમાં લેતાં અને તેમના તરફથી તા.૨૬-૦૮-૨૦૦૯ ના રોજ આયોગને સુપ્રત કરેલ અહેવાલ જોતાં, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે :-

જાહેર માહિતી અધિકારી તરફથી ગુજરાત માહિતી આયોગને તા.૨૬-૦૮-૨૦૦૯ ના રોજ મોકલેલ અહેવાલની નકલ વિવાદીને પણ આપવામાં આવેલ છે તેનાથી વિવાદીને અસંતોષ રહે તો આયોગ સમક્ષ ચોકકસ મુદ્દાઓ લખી તેઓ નવેસરથી અરજી કરી શકશે. જે માહિતી વન વિભાગના ક્ષેત્રિય કાર્યાલયમાં ઉપલબ્ધ છે તે મેળવવા માટે તેમણે સંબંધિત ક્ષેત્રીય કાર્યાલયના જાહેર માહિતી અધિકારીઓનો જ સંપર્ક સાધવાનો રહે છે. વન વિભાગની વડી કચેરી સદરહુ માહિતી ભેગી કરીને વિવાદીને આપી શકે નહી, પરંતુ વિભાગની વડી કચેરીમાં જે માહિતી ઉપલબ્ધ છે તે વડી કચેરીના જાહેર માહિતી અધિકારીએ જરૂરી ફી લઈને વિવાદીને પૂરી પાડવાની રહેશે.

**કેસ નંબર-૧૮**

**માંગેલ માહિતી ત્રાહિત વ્યકિતઓ સંબંધિત હોવાથી માત્ર વિશાળ જાહેર હિતમાં જ આપી શકાય**

**ગુજરાત માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી**
**બલવંતસિંઘ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 11**
**ફરીયાદ નં. ફ-૦૦૨૭/૧૧-૧૨, તારીખ : ૩૧-૦૧-૨૦૧૩**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : નટવરભાઈ ગોવિંદભાઈ પટેલ
- જાહેર માહિતી અધિકારી : આર.ટી.ઓ. ઈન્સ્પેકટર
- જાહેર સત્તા મંડળ : આર.ટી.ઓ. કચેરી, સુરત
- માંગેલ માહિતીની વિગત :

ફરિયાદીએ તા.૧૫-૦૩-૨૦૧૧ ની અરજીથી નીચે પ્રમાણેની માહિતી જાહેર માહિતી અધિકારી પાસેથી માંગી હતી :-

(૧) આપશ્રીની કચેરીમાં ટવેરા ગાડી ચેસીસ નં.૮૯૩૪૩, એન્જીન નં.૮૯૭૯૪ નું રજીસ્ટ્રેશન જેનો નંબર-જીજે-૦૫-સીએલ-૩૬૧૫ થી નોંધાયેલ છે કે કેમ?
(૨) ટવેરા ગાડી નં. જીજે-૦૫-સીએલ-૩૬૧૫ ના માલિક કોણ છે ?
(૩) સદરહુ ટવેરા ગાડી આપની કચેરીમાં રજીસ્ટ્રેશન થયેલ હોય તો સદરહુ વ્હીકલ રજીસ્ટ્રેશન વખતે જે ડોકયુમેન્ટસ રજૂ થયેલા હોય તે દરેકની નકલો.
(૪) સદરહુ ટવેરા ગાડી નં. જીજે-૦૫-સીએલ-૩૬૧૫ ની આર.સી. બુકની નકલ.

## (૩) <u>ફરીયાદની વિગત</u>

તા.૩૧-૦૧-૨૦૧૩ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમાં ફરિયાદી ગેરહાજર રહેલ. સામાવાળા પક્ષે ઈન્ચાર્જ એ.આર.ટી.ઓ., સુરત હાજર રહેલ.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

ફરિયાદીએ જે માહિતી માંગેલ છે તે ત્રાહિત વ્યકિતઓને સંબંધિત હોવાથી આ માહિતી માત્ર વિશાળ જાહેર હિતમાં જ આપી શકાય. ફરિયાદીએ તેમની અરજીમાં આવા કોઈ કારણો દર્શાવેલ નથી કે જેના કારણે વિશાળ જાહેર હિતની બાબત પૂરવાર થઈ શકે.

- **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય :**

ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

## કેસ નંબર-૧૯

**કચેરીનું રેકર્ડ શોધવા છતાં પણ ન મળે તો તે અંગે એફીડેવીટ કરી આયોગને અને અરજદારને જાણ કરવી.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**બલવંતસિંઘ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f)**
**અપીલ નં. એ-૦૭૩૨/૧૧-૧૨, તારીખ : ૩૧-૦૧-૨૦૧૩**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : કિશોરભાઈ મંછુભાઈ પટેલ
- જાહેર માહિતી અધિકારી : ચીફ ઓફિસર
- જાહેર સત્તા મંડળ : પારડી નગરપાલિકા, જી. વલસાડ
- માંગેલ માહિતીની વિગત :

વિવાદીએ તા.૨૫-૦૧-૨૦૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી નીચે પ્રમાણેની માહિતી માંગી હતી :-

''મઝદા કો.ઓ.હા.સો.લી. ના બાંધકામ અંગે નગરપાલિકા પાસેથી માંગેલ પરવાનગીની નકલ તથા એપ્રુવલ પ્લાન તથા નકશાની નકલ તથા સોસાયટીનું બાંધકામ પૂર્ણ થયેલ તે અંગેના કમ્પ્લીશન સર્ટીફીકેટની સહી સિકકાવાળી નકલ''

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

તા.૦૬-૦૪-૨૦૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારીએ વિવાદીને નીચે પ્રમાણે જવાબ આપેલ :

''મઝદા કો.ઓ.હા.સોસાયટીની બાંધકામ પરવાનગીનું રેકર્ડ જૂનું હોઈ, હાલ આ રેકર્ડ અત્રેની કચેરીએ ઉપલબ્ધ ન હોઈ, હાલ આપશ્રીને માહિતી આપી શકાય એમ નથી''.

### (૨) અપીલ સત્તાધિકારીનો નિર્ણય/હુકમ :

અપીલ અધિકારી અને પ્રાંત અધિકારી, વલસાડ દ્વારા તા.૦૯-૦૫-૨૦૧૧ ના રોજ નીચે પ્રમાણે આદેશ આપવામાં આવેલ :

''જાહેર માહિતી અધિકારી અને ચીફ ઓફિસરશ્રી, પારડી નગરપાલિકાએ વિવાદીને તેમની માંગણી મુજબની માહિતી, માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત નિયમોનુસાર વિનામૂલ્યે પૂરી પાડવા આથી હુકમ કરવામાં આવે છે''

(૩) <u>બીજી અપીલની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

‘‘અપીલ અધિકારીના હુકમ પછી પણ અમોને માહિતી મળેલ નથી’’.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

સદરહુ બાંધકામની પરવાનગીની ફાઈલ ઘણી જૂની હોવાથી નગરપાલિકાની કચેરીમાં શોધવા છતાં પણ મળી આવી નથી.

- **આયોગ દ્વારા સુનાવણીની તારીખ :** ૩૧-૦૧-૨૦૧૩

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

ચીફ ઓફિસરશ્રી, પારડી નગરપાલિકાને આદેશ આપવામાં આવે છે કે તેઓ તેમની કચેરીમાં સંબંધિત રેકર્ડ શોધવા માટે ફરીથી સઘન પ્રયત્નો કરે અને આ હુકમ મળ્યાના દિવસ-૪૫ ની અંદર વિવાદીને વિના મૂલ્યે માહિતી પૂરી પાડે. ત્યારપછી પણ નગરપાલિકાની કચેરીમાં કાગળો ઉપલબ્ધ ન થાય તો ચીફ ઓફિસરશ્રી તા.૩૧-૦૩-૨૦૧૩ સુધીમાં આયોગ સમક્ષ એફીડેવીટના રૂપમાં અહેવાલ મોકલે કે તેમની કચેરીમાં સંબંધિત કાગળો શોધવા માટે શું પ્રયત્નો કરવામાં આવેલ. સદરહુ એફીડેવીટની નકલ વિવાદીને પણ મોકલવામાં આવે તેવો પણ આદેશ આપવામાં આવે છે.

**કેસ નંબર-૨૦**

**અરજદાર પોતે બનાવેલા કોષ્ટક કે પત્રક મુજબ માહિતી મેળવવા આગ્રહ રાખી શકે નહી.**

**ગુજરાત માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી**
**બલવંતસિંઘ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f), 7(9)**
**અપીલ નં. એ-૦૨૩૩૬/૧૧-૧૨, તારીખ : ૨૯-૦૧-૨૦૧૩**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શ્રી કેતન એસ. શાહ
- જાહેર માહિતી અધિકારી : ચીફ ઓફિસર
- જાહેર સત્તા મંડળ : વલસાડ નગરપાલિકા, વલસાડ
- માંગેલ માહિતીની વિગત :

વિવાદીએ તા.૨૯-૦૩-૨૦૧૧ ની તેમની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને, અરજીમાં દર્શાવેલ કોષ્ટક મુજબ માહિતી માંગેલ હતી :-

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જા.મા.અ. એ ૩૦ દિવસની સમય મર્યાદામાં માહિતી આપેલ નથી.

## (૨) અપીલ સત્તાધિકારીનો નિર્ણય/હુકમ :

અપીલ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, વલસાડે તા.૩૦-૦૯-૨૦૧૧ ના રોજ નીચે પ્રમાણે હુકમ કરેલ :

''જા.મા.અ. અને ચીફ ઓફિસરશ્રી, વલસાડ નગર પાલિકાએ, વિવાદીને તેમની તા.૨૯-૦૩-૨૦૧૧ ની અરજીથી કરેલ માંગણી મુજબની માહિતી, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અંતર્ગત નિયમોનુસાર માહિતી વિનામૂલ્યે દિન-૭ માં પૂરી પાડવા આથી હુકમ કરવામાં આવે છે''.

## (૩) <u>બીજી અપીલની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

અપીલ અધિકારીના નિર્ણયથી નારાજ થતાં, અરજદારે તા.૧૮-૧૧-૨૦૧૧ ની અરજીથી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ છે.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

તા.૨૮-૦૧-૨૦૧૩ ના પત્રથી જા.મા.અ. એ જણાવેલ કે વલસાડ નગરપાલિકાની આગામી ચૂંટણીને લગતી કામગીરીને કારણે તેઓ હાજર રહી શકે તેમ નથી.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

વિવાદીએ તેમની અરજીમાં દર્શાવેલ કોષ્ટક પ્રમાણે માહિતીની માંગણી કરી છે. માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે કોઈપણ જાહેર સત્તામંડળની કચેરીમાં જે સ્વરૂપે માહિતી ઉપલબ્ધ હોય તે પ્રમાણે જ અરજદારને માહિતી આપવાની જોગવાઈ છે. કોઈપણ અરજદાર તેમના દ્વારા બનાવવામાં આવેલ કોષ્ટક અથવા પત્રક પ્રમાણે માહિતી મેળવવા આગ્રહ રાખી શકે નહી.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ**

વિવાદીની મૂળ અરજી માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત ન હોવાથી અપીલ દફતરે કરવામાં આવે છે.

**કેસ નંબર-૨૧**

**જમીન સંપાદનની કાર્યવાહિની માહિતી ''માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫'' હેઠળ આપી શકાય**

**ગુજરાત માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી**
**બલવંતસિંઘ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(d), 8(1)(e), 8(1)(i) & 11**
**અપીલ નં. ૪૫૫/૨૦૧૨, તારીખ : ૦૩-૦૧-૨૦૧૩**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : દેવેન્દ્ર લીલાધર શાહ
- જાહેર માહિતી અધિકારી : જમીન સંપાદન અધિકારી
- જાહેર સત્તા મંડળ : કલેકટર કચેરી, ભુજ, જી. કચ્છ
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૨૨-૦૩-૨૦૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના લુણી ગામના સર્વે નં. ૨૩૫/૧ ની જમીન સંપાદન અંગેની માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જાહેર માહિતી અધિકારીએ તા.૨૯-૦૪-૨૦૧૧ નારોજ અરજદારને નીચે પ્રમાણે જવાબ આપેલ.

''ઉપરોકત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે આપે માંગેલ માહિતી ત્રાહિત વ્યકિત / સંસ્થા/કંપનીને લગતી હોઈ સંબંધિત સંસ્થાને કાયદાની કલમ-૧૧ અન્વયે પૂછાવતાં, સદરહુ કંપની તરફથી આવેલ જવાબમાં આવી માહિતી સદરહુ સંસ્થા/કંપનીએ આપવાની ના પાડી હોવાથી આપને આવી માહિતી, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ના સેકશન-૮(૧)(ડી), ૮(૧)(ઈ) અને ૮(૧)(આઈ) તળે આપી શકાય તેમ નથી, જેની જાણ થાય''

## (૨) <u>બીજી અપીલની વિગત</u>

- **વિવાદીની રજુઆત :**

તા.૦૩-૦૧-૨૦૧૩ ના રોજ આયોગ ખાતે આવેલ સુનાવણીમાં વિવાદી વતી તેમના પાવર ઓફ એટર્ની ઉપસ્થિત રહયા હતા. તેમણે જણાવ્યું કે, ''વિવાદી દ્વારા જયારે કચ્છ જિલ્લાના લુણી ગામના સર્વે નં.૨૩૫/૧ ની જમીન માટે બિન-ખેતીની પરવાનગી માંગવામાં આવેલ ત્યારે તેઓને જણાવવામાં આવેલ હતું કે સદરહુ જમીન મુન્દ્રા એસ.ઈ. ઝેડ માટે સંપાદન હેઠળ હોઈ, તેમને બિન-ખેતીની પરવાનગી આપી શકાય નહી, પરંતુ જયારે વિવાદી દ્વારા સંબંધિત કચેરી પાસેથી સદરહુ જમીનની બાબતમાં સંપાદન અંગેની માહિતીની માંગણી કરવામાં આવેલ ત્યારે તેમને માહિતી આપવામાં આવેલ નથી''.

## • જાહેર માહિતી અધિકારીની રજૂઆત :

જાહેર માહિતી અધિકારી પક્ષે મદદનીશ કલેકટર, ભુજ પ્રાંત ઉપસ્થિત રહયા હતા. તેમણે જણાવ્યું કે તેમની કચેરીના રેકર્ડ પ્રમાણે સંબંધિત જમીન સુજલામ સુફલામ યોજના માટે સંપાદન હેઠળ છે, પરંતુ આ જમીન મુન્દ્રા એસ.ઈ.ઝેડ માટે સંપાદન કરેલ હોય તેમ જણાતું નથી.

## • ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :

જાહેર માાહિતી અધિકારી દ્વારા વિવાદીને તા.૨૯-૦૪-૨૦૧૧ ના રોજ માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(d), 8(1)(e), 8(1)(i) પ્રમાણે માહિતી આપવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીનો આ જવાબ બરાબર જણાતો નથી કારણ કે જમીન સંપાદનની સંપૂર્ણ કાર્યવાહી ''જમીન સંપાદન અધિનિયમ'' હેઠળ પારદર્શક રીતે કરવામાં આવે છે. જમીન સંપાદન હેઠળની દરેક તબકકે આ બાબતમાં જાહેરાત કરવામાં આવે છે અને સંપાદન હેઠળની જમીનોના માલિકો તથા અન્ય વ્યકિતઓ પાસેથી વાંધા-સૂચનો પણ મેળવવામાં આવે છે. જમીન સંપાદન અધિનિયમ હેઠળ જમીન સંપાદનની સંપૂર્ણ કાર્યવાહી સંબંધિત જમીન માલિકો અને તે વિસ્તારના લોકોની જાણ હેઠળ કરવામાં આવે છે, જેના કારણે માહિતી નકારવા માટે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૮ આ કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી. જમીન સંપાદન અંગેની માહિતી જયારે કોઈપણ અરજદાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ માંગવામાં આવે ત્યારે સંબંધિત જાહેર માહિતી અધિકારીએ સંપૂર્ણ વિગત જે તે અરજદારને આપવી પડે.

## • ગુજરાત માહિતી આયોગનો હુકમ :

મદદનીશ કલેકટર, ભુજ પ્રાંત, ભુજને આદેશ આપવામાં આવે છે કે તેઓ સંબંધિત મામલતદાર કચેરીના પરામર્શમાં રહીને આ હુકમ મળ્યાના દિવસ-૩૦ ની અંદર વિવાદીને રેકર્ડ ઉપર ઉપલબ્ધ તમામ માહિતી સ્પષ્ટ રીતે અને વિના મૂલ્યે પૂરી પાડે.

## કેસ નંબર-૨૨

**પોલીસ તપાસ દરમિયાન પોલીસ દ્વારા લેવામાં આવેલ, અરજદારની પત્ની અને સસરાના નિવેદનોની માહિતી અરજદારને આપી શકાય નહી.**

**ગુજરાત માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી**
**બલવંતસિંઘ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(j)**
**અપીલ નં. ૨૫૨૮/૦૯-૧૦, તારીખ : ૦૩-૦૭-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : જે. એન. જોષી
- જાહેર માહિતી અધિકારી : પોલીસ ઈન્સ્પેકટર
- જાહેર સત્તા મંડળ : પોલીસ સ્ટેશન, પાલનપુર
- માંગેલ માહિતીની વિગત :

નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજદારે દાખલ કરેલ સ્પેશીયલ ક્રીમીનલ પીટીશન (નં.૬૫૧/૨૦૦૯) અન્વયે, નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ પ્રમાણે પોલીસ તપાસ દરમ્યાન, પોલીસ દ્વારા લેવામાં આવેલ અરજદારની પત્ની, સસરા, વિગેરેના નિવેદનોની માહિતી અરજદારે જાહેર માહિતી અધિકારી પાસેથી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

અરજદારની પત્ની, સસરા વિગેરેના પોલીસ સમક્ષ જે નિવેદન લેવામાં આવેલ હતા તેમાં સંબંધિત વ્યકિતઓએ સ્પષ્ટ રીતે લખાવેલ છે કે તેઓના અંગત જીવનની માહિતી કોઈને પણ આપવી નહી, જે ધ્યાને લેતાં, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૮(૧)(જે) પ્રમાણે સદરહુ માહિતી અરજદારને આપી શકાય નહી.

### (૨) <u>પ્રથમ અપીલની વિગત</u>

અપીલ સત્તાધિકારી સમક્ષ દાખલ કરવામાં આવેલ અરજદારની પ્રથમ અપીલ અન્વયે અપીલ સત્તાધિકારી પણ જાહેર માહિતી અધિકારીના, ‘‘અરજદારને માહિતી ન આપવા નિર્ણય’’ સાથે સંમત થયેલ છે.

### (૩) <u>બીજી અપીલની વિગત</u>

તા.૦૩-૦૭-૨૦૧૨ ના રોજ આયોગ ખાતે રાખવામાં આવેલ સુનાવણીમાં વિવાદી હાજર રહયા

નહોતા.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

પ્રતિવાદી પક્ષે જાહેર માહિતી અધિકારી હાજર રહેલ. તેમણે આયોગને જણાવ્યું કે, ‘‘વિવાદી (અરજદાર) દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ ક્રીમીનલ પીટીશન (નં.૬૫૧/૨૦૦૯) દાખલ કરવામાં આવેલ હતી જેના અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ પ્રમાણે પોલીસ દ્વારા જરૂરી તપાસ થયેલ હતી. તપાસ દરમિયાન વિવાદીની પત્ની, સસરા વગેરેના નિવેદનો પોલીસ દ્વારા લેવામાં આવેલ હતા. પોલીસ તપાસ પૂર્ણ થયા પછી પોલીસ દ્વારા તમામ કાગળો (રિપોર્ટ સહિત) નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતા. પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલ રીર્પોટ અને વિવાદીની પત્ની અને સસરાના નિવેદનોના આધારે નામદાર ગુજરાત હાઈકોર્ટે વિવાદી દ્વારા દાખલ કરવામાં આવેલ સ્પેશીયલ ક્રીમીનલ પીટીશન કાઢી નાંખેલ. વિવાદીની પત્ની, સસરા વિગેરેના પોલીસ સમક્ષ જે નિવેદન લેવામાં આવેલ છે તેમાં સંબંધિત વ્યક્તિઓએ સ્પષ્ટ રીતે લખાવેલ છે કે આ વિગતો તેઓના અંગત જીવનને લગતી હોઈ આ માહિતી કોઈને પણ આપવી નહી, જે ધ્યાને લેતાં, માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(j) પ્રમાણે સદરહુ માહિતી વિવાદીને આપી શકાય નહી.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

વિવાદીની પત્ની, સસરા વિગેરેના આયોગ સમક્ષ અવલોકન માટે રજૂ કરવામાં આવેલા નિવેદનોના અવલોકન પછી આયોગને જણાય છે કે જાહેર માહિતી અધિકારી અને અપીલ સત્તાધિકારી દ્વારા લેવાયેલ નિર્ણય યોગ્ય છે અને તેમાં આયોગ દ્વારા કોઈ જ હસ્તક્ષેપ કરવાની જરૂર જણાતી નથી.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ**

આ અપીલ નામંજૂર કરવામાં આવે છે.

**કેસ નંબર-૨૩**

**પ્રોએક્ટિવ ડિસકલોઝર કરવા બાબતે અને માહિતી આપવા અંગે**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**રાજગોપાલન, માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ અને માહિતી કમિશનરશ્રી અરવિંદ શુકલાનો**
**સંયુકત ચુકાદો**
**લાગુ પડતી કલમ : 4(1)(b), 6(1)**
**ફરીયાદ કુલ-૭૩૯, તારીખ : ૦૪-૦૯-૨૦૧૨**
**(ચંદ્રવદન ધ્રુવ વિરુધ્ધ કુલ-૭૩૯ જાહેર સત્તા મંડળો)**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૯**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : ચંદ્રવદન ધ્રુવ
- જાહેર માહિતી અધિકારી : કુલ-૭૩૯ જાહેર માહિતી અધિકારીઓ
- જાહેર સત્તા મંડળ : જુદાજુદા-૭૩૯ જાહેર સત્તા મંડળો
- માંગેલ માહિતીની વિગત :

સદર કેસમાં એક જ અરજદારશ્રી ચંદ્રવદન ધ્રુવએ ગુજરાત રાજયના જુદાજુદા ૭૩૯ જાહેર સત્તા મંડળો પાસેથી પ્રોએક્ટિવ ડિસકલોઝરની ૧૭ પ્રકરણોની માહિતીની પ્રમાણીત કરેલ નકલો વિના મૂલ્યે માંગેલ હતી. સાથે સાથે તેઓએ એમ પણ રજુઆત કરેલ કે નકલનું ખર્ચ ભલે લેવામાં આવે પણ ઈન્સ્પેકશન વિના મૂલ્યે ઉપલબ્ધ થવું જોઈએ.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

સમગ્ર-૭૩૯ અરજીઓના પ્રતિભાવમાં સંકલિત રીતે જોતાં અરજીઓ સંદર્ભે નીચે જણાવેલ મુખ્ય પાંચ પ્રતિભાવો જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી ધ્રુવને મળેલ (૧) અરજી ફીની માંગણી રૂપિયા ૨૦ કરવામાં આવેલ (૨) માહિતીના પાના દીઠ રૂપિયા ૨/- ની માંગણી કરેલ (૩) ગુજરાત સરકારની જીસ્વાન વેબસાઈટ પર માહિતી ઉપલબ્ધ હોવાનું જણાવેલ. (૪) માંગવામાં આવેલ માહિતી પૂરી પાડી શકાય તેમ નથી. (૫) કોઈજ પ્રતિભાવ આપવામાં આવેલ નહી.

## (૨) <u>ફરીયાદની વિગત</u>

- **અપીલ/ફરીયાદ નંબર :** ૧૯૨/૨૦૧૨, ૧૯૩/૨૦૧૨ અને ૫૮૮/૨૦૧૨ થી ૧૩૨૩/૨૦૧૨

- **અરજદારની રજુઆત :**

અરજદારની રજુઆત મુજબ દરેક સંબંધિત જાહેર માહિતી અધિકારી પાસેથી લેખિત અરજી કરીને અદ્યતન કરાયેલા પ્રોએક્ટિવ ડીસ્કલોઝરની માહિતી માંગેલ તે સામાવાળાએ આપેલ નથી અને માહિતી મેળવવાના હકકમાં અડચણ ઉભા કરી ગુન્હો કરેલ છે તેમ રજુઆત કરી મુખ્ય ૫

મુદ્દાની દાદ માંગેલ. જેમાં પ્રોએક્ટિવ ડીસ્કલોઝરના ૧૭ પ્રકરણની નકલ વિના મુલ્યે મળે, સામેવાળા પાસેથી પ્રતિદિન રૂપિયા ૨૫૦ મુજબ દંડ વસૂલ કરવામાં આવે, તેમની સામે શિસ્ત ભંગના પગલાં લેવા હુકમ અથવા ભલામણ કરવામાં આવે, પ્રોએક્ટિવ ડીસ્કલોઝરની કલમ-૪ મુજબ ફરજો બજાવવામાં નિષ્ફળ રહેલ જાહેર સત્તામંડળના વડા વિરુધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવે અને ૧૭ પ્રકરણોની માહિતી સંપૂર્ણ રીતે દર્શાવતા પ્રોએક્ટિવ ડિસ્કલોઝર જાહેર જનતાને ઉપલબ્ધ થાય.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

પ્રસ્તુત કિસ્સામાં ફરિયાદીએ કરેલ ફરિયાદોમાં કાયદાની કલમની જોગવાઈ-૬(૧) મુજબ અને માહિતી અધિકાર નિયમો ૨૦૧૦ ના નિયમ-૩(૧) મુજબ નિયમાનુસાર નમુના 'ક' માં લેખીત માહિતીની વિનંતી તરીકે માન્ય ઠરતી નથી તેથી કલમ-૧૮(૧) મુજબ પ્રસ્તુત બાબત ફરિયાદ પણ બનતી નથી. તેમજ અરજદારની વિના મૂલ્યે માંગેલ માહિતીની માંગણી ગ્રાહય રાખી શકાય તેમ નથી. વળી અરજદારે આ રીતે કાયદાની જોગવાઈ મુજબ નિયમનુસાર અરજી કરેલ ન હોવાથી તેમને માહિતી મળેલ નથી. તેથી તે બાબતે કાયદાની કલમ-૧૮(૧) માં જણાવ્યા મુજબની વિગતો જોતાં માહિતી ન આપવા કે ઈન્કાર કે અધૂરી કે ગેરમાર્ગે દોરનારી કે ગેરવ્યાજબી ફી ચૂકવવાનું જણાવ્યું હોય એવી કોઈ ફરિયાદ બનતી નથી. અને તેથી આ કિસ્સામાં જાહેર માહિતી અધિકારીને દંડ કરવા કે વસૂલ કરવા કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. તેમની દંડ અંગેની માંગણી પણ ગ્રાહય રાખવા પાત્ર થતી નથી. એજ રીતે જાહેર માહિતી અધિકારીઓ વિરુધ્ધ શિસ્તભંગ અંગે પગલાં લેવા હુકમ કે ભલામણ કરવા કરેલ માંગણી ઉપરની વિગતે જોતાં ગ્રાહય રાખવા યોગ્ય નથી. તેથી તત્પૂરતી પણ શ્રી ધ્રુવની સંદર્ભિત સઘળી ફરિયાદો અસફળ નીવડે છે અને માહિતી અધિકાર અધિનિયમની પ્રર્વતમાન જોગવાઈઓ અન્વયે વિચારણા હેઠળની સઘળી અરજીઓમાં શ્રી ધ્રુવે કરેલ માંગણી મુજબની વિના મૂલ્યે નકલો અપાવવા કે સામેવાળાને દંડ કરવા કે અન્ય પગલાં ભરવા હુકમ કરવા યોગ્ય કેસ ન હોઈ માંગણી સંદર્ભે વધુ વિચારણા કે હુકમને અવકાશ નથી. પ્રોએક્ટિવ ડીસ્કલોઝર જાહેર જનતાને ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા તાકીદે ઉભી કરવા તમામ સત્તા મંડળોને ભલામણ કરવા માંગણી કરે છે. આયોગને લાગે છે કે ફરીયાદી દ્વારા આ માંગણી મારફતે ઘણું રચનાત્મક સૂચન થયેલ છે.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

ફરિયાદ ક્રમાંક : ૧૯૨/૨૦૧૨, ૧૯૩/૨૦૧૨ અને ૫૮૮/૨૦૧૨ થી ૧૩૨૩/૨૦૧૨ સફળ નીવડતા નથી. તેમ છતાં આયોગ અરજદારની રજુઆતથી ધ્યાન પર આવેલ સ્થિતિને લક્ષમાં લેતા તમામ ૭૩૯ જાહેર સત્તામંડળોને કાયદાની કલમ-4 ની પેટા કલમ-1(b) ના ક્રમ(1) થી (17) અન્વયે નિર્દિષ્ટ કરેલ સર્વ માહિતી યોગ્ય સ્વરૂપે અને મહત્તમ વિગતો સાથે પ્રસિધ્ધ કરવાની, સમયાંતરે અદ્યતન કરવાની અને તેના વ્યાપક પ્રસાર માટેની કાર્યક્ષમ વ્યવસ્થા અમલમાં લાવવા આ અધિનિયમની કલમ-25 ની પેટા કલમ-5 અન્વયે ભારપૂર્વક ભલામણ કરે છે. આ કામગીરી છ માસથી વધુ નહી તેવી સમયમર્યાદામાં યથાયોગ્ય રીતે પૂર્ણ કરવા પ્રબંધ કરવો અને તદ્અનુસાર કાર્યવાહી પૂર્ણ થયે શ્રી ધ્રુવને અદ્યતન કરાવેલ માહિતી નિરીક્ષણ માટે ઉપલબ્ધ હોવાની લેખિત જાણ કરવી.

## કેસ નંબર-૨૪

**દફતર જાળવણીના નીતિ-નીયમાનુસાર, દફતરનો નાશ કરેલ હોય તે કારણે માહિતી ન આપી શકાઈ હોય તે કિસ્સામાં દફતર જાવણીના આધાર-પૂરાવાની નકલ અરજદારને આપવી.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f)**
**અપીલ નં. ૧૪૯/૨૦૦૬-૦૭, તારીખ : ૧૦-૦૧-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : એ. એમ. વ્યાસ
- જાહેર માહિતી અધિકારી : હિસાબી અધિકારી
- જાહેર સત્તા મંડળ : ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર
- માંગેલ માહિતીની વિગત :

વિવાદીએ તા.૧૯-૧૦-૨૦૦૫ ના રોજ નમૂના-ક માં નીચે મુજબની માહિતી, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ છે :

''ટેકનીકલ ઓફિસર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં.૮, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરે ફરજ પ્રત્યે બેદરકારી દાખવવા અંગે શ્રી એસ. જે. પંડયા, ટેકનીકલ આસીસ્ટન્ટને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ તા.૧૮-૦૮-૧૯૯૪ અંગે કરવામાં આવેલ સમગ્ર કામગીરીની સર્ટીફાઈડ નકલ''.

### (૨) બીજી અપીલની વિગત :

અરજદારને માહિતી ન મળતાં તેમણે આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ. આયોગ દ્વારા રાખવામાં આવેલ સુનાવણીમાં પ્રતિવાદીએ જણાવેલ છે કે, ''સરકારશ્રીના તા. ૧૪-૧૧-૨૦૦૫ ના પરિપત્રની જોગવાઈ મુજબ, સંબંધિત કર્મચારી/ અધિકારી સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા આવી માંગણી કરવામાં આવે તો માહિતી અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૮ હેઠળ અસ્વીકાર કરી શકાય, આથી વિવાદીને માહિતી આપવામાં આવેલ નથી''.

પ્રતિવાદીની ઉપરોક્ત રજૂઆત અન્વયે આયોગે પ્રતિવાદીને જણાવ્યું કે, ''શ્રી એસ. જે. પંડયા, ટેકનીકલ આસીસટન્ટને આપવામાં આવેલ કારણદર્શક નોટીસની નકલ આપી શકાય''.

આયોગની ઉપરોક્ત સૂચના અન્વયે પ્રતિવાદીએ આયોગને જણાવ્યું કે, ''પ્રસ્તુત સમગ્ર પ્રકરણ વર્ષ ૧૯૯૪ ની પ્રાથમિક તપાસની બાબત સંદર્ભે છે. રેકર્ડ જાળવણીના તત્કાલિન પ્રર્વતમાન નિયમાનુસાર, આ રેકર્ડ ૫ વર્ષ સુધી કચેરીમાં સાચવી રાખવાનું હતુ છે. આજની તારીખે સદરહુ રેકર્ડને લગભગ ૧૨ વર્ષ થઈ ગયેલ હોવાથી નિયમાનુસાર આ રેકર્ડ નાશ કરવાપાત્ર હોઈ, રેકોર્ડનો નાશ કરવામાં આવેલ છે''.

ઉપરોકત વિગતો ઘ્યાને લેતાં આયોગ નીચે મુજબ હુકમ કરે છે.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

વિવાદીએ તા.૧૯-૧૦-૨૦૦૫ ની અરજીથી માંગેલ માહિતી માટે સરકારશ્રીએ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર માટે કયું રેકર્ડ કેટલા વર્ષ સુધી રાખવું? તે જો નકકી કરેલ હોય તો તેના નિતિ-નિયમોના આધારની નકલ સાથે વિવાદીને યોગ્ય તે જવાબ દિન-૧૫ માં આપવા આથી હુકમ કરવામાં આવે છે. આ અંગે કરવામાં આવેલ કાર્યવાહીની પ્રતિવિવાદીએ આયોગને જાણ કરવાની રહેશે.

====

**<u>સ્પષ્ટીકરણ</u> :**

પ્રસ્તુત કેસમાં ઉલ્લેખ કરવામાં આવેલ સરકારશ્રીનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર તત્સમયે અમલમાં હતો પરંતુ આ પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : વહશ-૨૦૦૫-(૫)-આર.ટી.આઈ. સેલ, તા. ૨૨-૦૭-૨૦૦૮ થી રદ કરવામાં આવેલ છે.

## કેસ નંબર-૨૫

**નવી બી.પી.એલ. યાદીમાં નામ ન હોય તો નિયત અરજી ફી ભરી અરજી કર્યેથી નિયત સમય મર્યાદામાં અરજદારને માહિતી મળી શકે.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 6(3), 7(6)**
**ફરિયાદ નં. ૧૮૮/૨૦૦૬-૦૭, તારીખ : ૦૧-૦૨-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : વાઘેલા રાજેશ ડાહ્યાભાઈ
- જાહેર માહિતી અધિકારી : (૧) જાહેર માહિતી અધિકારી
  અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગ, ગાંધીનગર

  (૨) જાહેર માહિતી અધિકારી, કલેકટર કચેરી,
  રાજકોટ.

ફરિયાદીએ તા.૨૭-૧૨-૨૦૦૬ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ, ક્રમ-૨ ઉપર દર્શાવેલ જાહેર માહિતી અધિકારીને અરજી કરી માહિતી માંગેલ હતી, પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી કોઈજ પ્રતિભાવ ન મળતાં તેમણે પ્રસ્તુત ફરિયાદ આયોગ સમક્ષ રજૂ કરેલ છે.

### (૨) <u>ફરિયાદની વિગત :</u>

આ અંગે આયોગ ખાતે તા.૧૮-૦૧-૨૦૦૭ ના રોજ રૂબરૂ સુનાવણી મુકરર કરવામાં આવેલ. રૂબરૂ સુનાવણીમાં ફરિયાદી હાજર હતા. ક્રમ-૧ અને ક્રમ-૨ ઉપર દર્શાવેલ જાહેર માહિતી અધિકારીઓના પ્રતિનિધિઓ પણ હાજર હતા.

જાહેર માહિતી અધિકારીઓના પ્રતિનિધિઓના જણાવ્યાનુસાર, ‘‘ફરિયાદીએ તા.૨૭-૧૨-૨૦૦૬ ના રોજ માહિતી માંગતી અરજી કરેલ હતી. પરંતુ તેમણે અરજીની સાથે નિયત અરજી ફી (રૂા.૨૦=૦૦) ચૂકવેલ નહોતી, જયારે કે અરજી ફી ન ચૂકવવા અંગે ફરિયાદીના કહેવા મુજબ તેઓ પોતે બી.પી.એલ. કેટેગરીમાં આવતા હોવાથી તેમણે નિયત અરજી ફી ચૂકવી નહોતી, પરંતુ ફરિયાદનું નામ નવી બી.પી.એલ. યાદીમાં નથી, તેથી જયાં સુધી ફરિયાદી નિયત અરજી ફી (રૂા.૨૦=૦૦) ન ચૂકવે અને જયાં સુધી તેમને ચોકકસ શું માહિતી જોઈએ છે ? તે સ્પષ્ટ ન કરે ત્યાં સુધી ફરિયાદીને કોઈ ચોકકસ માહિતી આપવી શકય નથી’’

જાહેર માહિતી અધિકારીઓના પ્રતિનિધિઓના ઉપરોકત જવાબ સામે ફરિયાદીએ આયોગ સમક્ષ દાવો કર્યો કે, ‘‘હું બી.પી.એલ. કેટેગરીમાં આવું છું’’.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

''ફરિયાદીને પોતાને શું માહિતી જોઈએ છે?'' તેની કોઈ ચોકકસ વિગતો ફરિયાદ અંગેની અરજીમાં ફરિયાદીએ જણાવેલ નથી, વળી, કોઈપણ વ્યકિત બી.પી.એલ. કેટેગરીમાં આવે છે કે નહિ? તે હકીકત સંબંધી બાબત છે. જાહેર માહિતી અધિકારીઓના પ્રતિનિધિઓએ જણાવેલ છે કે ફરિયાદીનું નામ નવી બી.પી.એલ. યાદીમાં નથી.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

ઉપરોકત વિગતો ઘ્યાને લેતાં, ફરિયાદીની આ ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે અને ફરિયાદીને નિયત અરજી ફી ભરી, ચોકકસ માહિતી અંગેની વિગતો દર્શાવી અરજી કરવાની સલાહ આપવામાં આવે છે. નિયત અરજી ફી ભર્યેથી અને જોઈતી માહિતી અંગેની ચોકકસ વિગતો જણાવ્યેથી ફરિયાદીને નિયત સમય મર્યાદામાં ક્રમ-૧ ઉપર દર્શાવેલા જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપી શકાશે.

**કેસ નંબર-૨૬**

**નિર્ણયની પ્રક્રિયા પૂર્ણ થયેલ ન હોય ત્યારે માંગવામાં આવેલ માહિતી આપવાથી જો નિર્ણય ઉપર અસર થવાની શકયતા હોય તો માહિતી આપી શકાય નહી.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**ડી. રાજગોપાલન નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(d), 8(1)(e)**
**અપીલ નં. ૧૦૫૨/૨૦૦૯-૧૦, તારીખ : ૦૫-૦૪-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : ભાનુપ્રસાદ ભોગીલાલ પટેલ
- જાહેર માહિતી અધિકારી : ઈ/ચા સંયુકત સચિવ
- જાહેર સત્તા મંડળ : ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ

વિવાદીએ તા.૨૯-૧૧-૨૦૦૮ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળની મૂળ નમૂના-ક ની અરજી જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) ને કરેલ હતી, જેમાં વિવાદીએ માંગેલ માહિતી, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સમગ્ર ભરતી પ્રક્રિયા ચાલુ હતી તે દરમિયાન લેવાયેલ પરીક્ષા સંબંધી હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

પ્રતિવિવાદીએ વિવાદીને તા.૧૨-૧૨-૨૦૦૮ ના રોજ જણાવેલ કે તેમણે માંગેલ માહિતી અંગે પ્રસ્તુત પરીક્ષાની સમગ્ર ભરતી પ્રક્રિયા ચાલુ હોવાથી માહિતી જાહેર કરવાથી પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારોની સ્પર્ધાત્મક સ્થિતિને અસરકર્તા હોવાથી માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-8(1)(d), 8(1)(e) મુજબ હાલના તબકકે માહિતી આપી શકાય તેમ નથી.

## (૨) પ્રથમ અપીલતી વિગત :

પ્રતિવાદીના તા.૧૨-૧૨-૨૦૦૮ ના જવાબની સામે વિવાદી તરફથી તા.૧૭-૧૨-૨૦૦૮ નારોજ ગુજરાત જાહેર સેવા આયોગમાં પ્રથમ અપીલ દાખલ કરવામાં આવેલ. પ્રથમ અપીલ સત્તાધિકારીએ તેમના તા.૧૫-૦૧-૨૦૦૯ ના હુકમથી, જાહેર માહિતી અધિકારીના નિર્ણયને સમર્થન આપીને વિવાદીની પ્રથમ અપીલ નામંજૂર કરેલ છે.

## (૩) બીજી અપીલની વિગત :

અપીલ સત્તાધિકારીના તા.૧૫-૦૧-૨૦૦૯ ના હુકમથી નારાજ વિવાદીએ તા.૨૦-૦૭-૨૦૦૯ ના રોજ ગુજરાત માહિતી આયોગમાં બીજી અપીલ દાખલ કરેલ.

વિવાદીની પ્રસ્તુત બીજી અપીલ અંગે તા.૦૩-૦૪-૨૦૧૨ ના રોજ આયોગ દ્વારા સુનાવણી રાખવામાં આવેલ. સુનાવણીમાં વિવાદી હાજર રહેલ નહોતા, જયારે પ્રતિવાદી હાજર રહેલ.

આયોગે વિવાદીની તા.૨૯-૧૧-૨૦૦૮ ની અરજી, જાહેર માહિતી અધિકારીનો તા.૧૨-૧૨-૨૦૦૮ નો જવાબ, વિવાદીની તા.૧૭-૧૨-૨૦૦૮ ની પ્રથમ અપીલ, પ્રથમ અપીલ સત્તાધિકારીનો તા.૧૫-૦૧-૨૦૦૯ નો હુકમ અને વિવાદીની પ્રસ્તુત તા.૨૦-૦૭-૨૦૦૯ ની આયોગ સમક્ષની બીજી અપીલ અંગે સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારીને પૂછતાં, જાહેર માહિતી અધિકારીએ આયોગને જણાવ્યું કે, ''વિવાદીએ માંગેલ માહિતી સંબંધમાં પ્રસ્તુત પરીક્ષાની સમગ્ર ભરતીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ છે અને હવે વિવાદીને માહિતી આપવામાં કોઈ મુશ્કેલી નથી''.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૨-૧૨-૨૦૦૮ ના રોજ લેવાયેલ નિર્ણય માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈ અનુસારનો હોવાનું આયોગને લાગે છે. જયારે નિર્ણયની પ્રક્રિયા પૂર્ણ ન થયેલ હોય તેવા સંજોગોમાં જે માહિતી વિવાદી તરફથી માંગવામાં આવેલ છે તે માહિતી વિવાદીને આપવાથી નિર્ણય ઉપર જો અસર થવાની શકયતા રહેલ હોય તો માહિતી અધિકાર અધિનિયમ અન્વયે માહિતી ન આપવાનો નિર્ણય વ્યવસ્થિત અને બરાબર છે.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, આયોગ, જાહેર માહિતી અધિકારીના તા.૧૨-૧૨-૨૦૦૮ ના નિર્ણય તેમજ પ્રથમ અપીલ સત્તાધિકારીના તા.૧૫-૦૧-૨૦૦૯ ના નિર્ણય બન્નેને સમર્થન આપીને વિવાદીની અરજી નામંજૂર કરે છે.

વિવાદીને હજુ પણ માહિતીની જરૂરીયાત હોય તો હવે જયારે ભરતીની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોય તો ગુજરાત જાહેર સેવા આયોગ પાસેથી વિવાદી માહિતી મેળવી શકશે અને આ માટે અરજી સીધી જ ગુજરાત જાહેર સેવા આયોગને કરીને માહિતી મેળવી શકાશે.

આયોગ તરફથી આ કેસ દફતરે કરવામાં આવે છે.

## કેસ નંબર-૨૭

**માહિતી અધિકાર અધિનિયમની કલમ-૩ હેઠળ અરજદાર ''નાગરિક'' તરીકે અરજી કરી માહિતી માંગી શકે પરંતુ સંસ્થા, ટ્રસ્ટ કે કંપની તરીકે અરજી કરી માહિતી માંગી શકે નહી.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 3**
**ફરિયાદ નં. ૯૪૦/૨૦૦૮-૦૯, તારીખ : ૦૧-૧૦-૨૦૧૦**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : દીપક આર. પટેલ
- જાહેર માહિતી અધિકારી : જાહેર માહિતી અધિકારી
- જાહેર સત્તા મંડળ : સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી, સર્વ શિક્ષા અભિયાન મિશન, ગાંધીનગર

પ્રસ્તુત કેસની વિગત એવી છે કે માનવ માહિતી અધિકાર પંચ (દક્ષિણ ગુજરાત) એ તા.૨૫-૦૯-૨૦૦૮ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે કેટલીક માહિતીની માંગણી કરેલ હતી. પરંતુ આ અરજી અન્વયે તેમને નિયત સમય મર્યાદામાં કોઈ માહિતી કે જવાબ ન મળતાં, તા.૨૭-૧૦-૨૦૦૮ ના રોજ તેમણે અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરેલ. પ્રથમ અપીલ કર્યા પછી ફરિયાદીને માહિતીના ઈન્કાર સંબંધે સામાવાળાનો તા.૨૭-૧૦-૨૦૦૮ નો પત્ર મળેલ. સામેવાળાએ તા.૨૭-૧૦-૨૦૦૮ ના પત્રથી ફરિયાદીને જણાવેલ કે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૩ હેઠળ ''નાગરિક'' તરીકે અરજી કરવાને બદલે ફરિયાદીએ સંસ્થા, ટ્રસ્ટ કે કંપનીના નામે અરજી કરી હોવાથી તેમની અરજી નકારવામાં આવે છે. પ્રથમ અપીલ સત્તાધિકારીએ ફરિયાદીને જણાવેલ કે માહિતી સમયમર્યાદામાં આપવામાં આવી છે, તેથી અપીલનો પ્રશ્ન રહેતો નથી.

### (૨) ફરિયાદની વિગત :

- **અરજદારની રજૂઆત :**

ફરિયાદીએ તા.૨૪-૧૧-૨૦૦૮ ના રોજ આયોગને ફરિયાદ કરી જણાવેલ છે કે માનવ અધિકાર પંચ (દક્ષિણ ગુજરાત) એ અરજદાર તરીકે તા.૨૫-૦૯-૨૦૦૮ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરી સામેવાળા (જાહેર માહિતી અધિકારી) પાસે કેટલીક માહિતીની માંગણી કરેલ હતી, પરંતુ તેમને નિયત સમયમર્યાદામાં કોઈ માહિતી કે જવાબ આપવામાં આવેલ નથી. સામેવાળાએ સમયમર્યાદામાં તેમને અરજીનો આઈ.ડી. નંબર જણાવેલ નથી. માહિતી માટેની ફી ભરવા માટે પણ તેમને જણાવેલ નથી કે માહિતી પણ આપવામાં આવેલ નથી. આમ, સામેવાળાએ માહિતી નકારેલ છે અને અપીલ સત્તાધિકારીએ પણ તેમની

અપીલ નકારેલ છે. તેથી વિનામૂલ્યે માહિતી આપવા માટે યોગ્ય તે હુકમ કરવા સારૂ અને માહિતી ન આપવા બદલ યોગ્ય કાર્યવાહી કરવા માટે આયોગને ફરિયાદ કરેલ છે.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

સામાવાળા (જાહેર માહિતી અધિકારી) સુનાવણીમાં હાજર રહેલ અને આયોગને જણાવેલ કે, ''તા.૧૭-૦૭-૨૦૧૦ ના પત્રથી મેં મારા લેખિત રિમાર્કસ આયોગને મોકલી આપેલ છે. માહિતી અધિકાર અધિનિયમની કલમ-૩ હેઠળ તમામ ''નાગરિકોને માહિતી માંગવાનો અધિકાર આપવામાં આવેલ છે. કોઈ ટ્રસ્ટ, સંસ્થા કે કંપની માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માટે અરજી કરી શકશે નહિ, અને તેથી ફરિયાદીને મેં તા.૨૭-૧૦-૨૦૦૮ ના પત્રથી આપેલ જવાબ માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈ સાથે સુંસંગત છે. અપીલ અધિકારીએ પણ કાયદાનું યથાયોગ્ય અર્થઘટન કરીને ફરિયાદીને યોગ્ય રીતે જ જણાવેલ છે કે કોઈ ટ્રસ્ટ, સંસ્થા કે કંપની આ કાયદા હેઠળ અરજી કરી શકશે નહિ''.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

આયોગ સામાવાળાની રજૂઆત સાથે સહમત છે. માહિતી અધિકાર અધિનિયમની કલમ-૩ માં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને તમામ ''નાગરિકો'' ને માહિતીનો અધિકાર રહેશે. માહિતીનો અધિકાર ''નાગરિકોને આપવામાં આવેલ છે. કોઈ ટ્રસ્ટ, સંસ્થા કે કંપની ''નાગરિકો'' હોતા નથી તે જ પ્રમાણે, આ અધિનિયમની કલમ-૬(૧) માં પણ માહિતી માટેની અરજી ''વ્યકિત'' એ કરવાની જોગવાઈ છે. માહિતી માંગવાનો અધિકાર પણ ''વ્યકિત'' ને આપવામાં આવેલ છે, ના કે કોઈ સંસ્થા, ટ્રસ્ટ કે કંપનીને. ટ્રસ્ટ, સંસ્થા કે કંપની અરજી કરે તો તેના જવાબદાર અધિકારીએ અથવા વ્યકિતએ અરજદાર તરીકે અરજી કરવી જોઈએ. પ્રસ્તુત કેસમાં ફરિયાદીએ તા. ૨૫-૦૯-૨૦૦૮ ના રોજ જે અરજી કરી છે તેમાં તેમણે સ્પષ્ટ રીતે ''માનવ માહિતી અધિકાર પંચ'' એમ દર્શાવેલ છે, જેથી સામેવાળાએ જે જવાબ કરેલ છે તે માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત છે.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, ફરિયાદીની ફરિયાદ-અરજી નામંજૂર કરવામાં આવે છે.

**કેસ નંબર-૨૮**

| |
|---|
| **માહિતીની અરજી અન્વયે અરજદારને માહિતી આપ્યા બાદ અરજદારને બીજી માહિતી જોઈતી હોય તો તેમણે ફરીથી નમૂના-ક માં અરજી કરવી.** |

| |
|---|
| **ગુજરાત માહિતી આયોગ ના મુખ્ય માહિતી કમિશનરશ્રી**<br>**આર. એન. દાસનો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 6(1)**<br>**અપીલ નં. ૧૬૮/૦૬-૦૭, તારીખ ૧૪-૦૯-૨૦૦૬**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨** |

**(૧) માહિતીની વિગત**

- અરજદારનું નામ : જગદીશચંદ્ર પ્રતાપસિંહ વસાવા
- જાહેર માહિતી અધિકારી : નાયબ સચિવ (મહેકમ)
- જાહેર સત્તા મંડળ : મહેસુલ વિભાગ, નવા સચિવાય, ગાંધીનગર
- માંગેલ માહિતીની વિગત :

વિવાદીએ (અરજદારે) માહિતી અધિકાર અધિનિયમ હેઠળ તા.૦૭-૧૨-૨૦૦૫ ની અરજીથી જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

વિવાદીએ માંગેલ માહિતી પ્રતિવાદીએ તા. ૧૩-૦૧-૨૦૦૬ ના પત્રથી તેમને પૂરી પાડેલ છે.

**(૨) • <u>પ્રથમ અપીલની વિગત</u>**

પ્રસ્તુત કેસમાં વિવાદીએ માંગેલ માહિતી પ્રતિવિવાદીએ તેમને સંપૂર્ણ રીતે પૂરી પાડી હોવા છતાં, વિવાદીએ પ્રથમ અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરેલ હતી.

પ્રથમ અપીલ અધિકારીએ અપીલની સુનાવણીમાં બંને પક્ષકારોને સાંભળ્યા બાદ નિર્ણય આપેલ કે ''વિવાદીને તેમની તા.૦૭-૧૨-૨૦૦૫ ની મૂળ અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી પ્રતિવિવાદી દ્વારા already પૂરી પાડવામાં આવેલ છે, પરંતુ અપીલ સુનાવણી દરમિયાન વિવાદીએ પોતાની મૂળ અરજીમાં સમાવિષ્ટ ન હોય તેવી બીજી પણ કેટલીક માહિતીની માંગણી કરેલ હોઈ, વિવાદીની અપીલ નામંજૂર કરવામાં આવે છે''.

**(૩) • <u>બીજી અપીલની વિગત</u>**

અપીલ અધિકારીના નિર્ણયથી નારાજ વિવાદીએ આયોગ સમક્ષ તા.૦૭-૦૬-૨૦૦૬ ના રોજ બીજી અપીલ દાખલ કરેલ. આ અપીલની સુનાવણી તા.૧૪-૦૯-૨૦૦૬ ના રોજ રાખવામાં આવેલ. સુનાવણીમાં વિવાદી હાજર રહેલ નથી, જયારે પ્રતિવિવાદી હાજર રહેલ. આયોગે તેમને

સાંભળ્યા.

પ્રતિવાદીએ આયોગને જણાવ્યું કે, ''વિવાદીએ તેમની મૂળ તા.૦૭-૧૨-૨૦૦૫ ની અરજીથી જે માહિતી માંગી હતી તે માહિતી તેમને તા.૧૩-૦૧-૨૦૦૬ ના પત્રથી already પૂરી પાડેલ છે. તેમ છતાં, વિવાદીએ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ હતી. અપીલ અધિકારી સમક્ષની સુનાવણી બાદ અપીલ અધિકારીએ પણ નિર્ણય આપેલ કે વિવાદીને તેમની મૂળ અરજીથી માંગવામાં આવેલ માહિતી પ્રતિવિવાદી દ્વારા આપી દેવામા આવેલ છે. પરંતુ અપીલ સુનાવણી દરમિયાન, વિવાદીએ પોતાની મૂળ અરજીમાં સમાવિષ્ટ ન હોય તેવી બીજી (અન્ય) માહિતીની માંગણી કરેલ હોઈ વિવાદીની પ્રથમ અપીલ નામંજૂર કરવામાં આવે છે''.

- **ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

વિવાદીએ તા.૦૭-૧૨-૨૦૦૫ ના રોજ માંગેલ માહિતી પ્રતિવિવાદી દ્વારા તેમને આપવામાં આવેલ છે. વિવાદીને બીજી માહિતી જોઈતી હોય તો તેમણે ફરીથી નમૂના-ક માં અરજી કરવાની રહે છે. આથી પ્રથમ અપીલ અધિકારીનો હુકમ ગ્રાહ્ય રાખી વિવાદીની સદર અપીલ નામંજૂર કરવામાં આવે છે.

## કેસ નંબર-૨૯

**અરજદારે પોતાની અરજીમાં જે સરનામું જણાવેલ હોય તે સરનામા ઉપર જ તેમને માહિતી મોકલવી**

**ગુજરાત માહિતી આયોગ ના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f), 6(1)**
**અપીલ નં. ૧૩૭/૨૦૦૬-૦૭, તારીખ : ૨૦-૦૯-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : સુરેશચંદ્ર એ. જયસ્વાલ
- જાહેર માહિતી અધિકારી : જાહેર માહિતી અધિકારી
- જાહેર સત્તા મંડળ : વડોદરા મ્યુનિસિપિલ કોર્પોરેશન, વડોદરા.

પ્રસ્તુત કેસની વિગત એવી છે કે અરજદારે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને જાહેર મહિતી અધિકારી પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી. જાહેર માહિતી અધિકારીએ માંગ્યા મુજબની માહિતી ટપાલ દ્વારા ડીસ્પેચ પણ કરેલ હતી. પરંતુ મોકલેલ માહિતી, વિવાદીના કહેવા મુજબ તેમને મળેલ નહોતી.

### (૨) બીજી અપીલની વિગત :

આ સંદર્ભે વિવાદીએ તા.૨૯-૦૫-૨૦૦૬ ના રોજ આયોગ સમક્ષ અપીલ દાખલ કરેલ હતી. આ અપીલની સુનાવણી તા.૨૦-૦૯-૨૦૦૬ ના રોજ આયોગ ખાતે રાખવામાં આવેલ હતી. સુનાવણીમાં વિવાદી અને પ્રતિવિવાદી બંને હાજર હતા. આયોગે બંને પક્ષકારોને સાંભળ્યા.

વિવાદીએ આયોગને જણાવ્યું કે, ''પ્રતિવિવાદીએ મોકલેલ માહિતી કોઈ ભળતાં જ સરનામે, મોકલી આપવામાં આવેલ હોવાનું જણાય છે. આ સંદર્ભે આયોગે પ્રતિવિવાદીને જણાવ્યું કે ''અરજદારે નમૂના-૬ માં જે એડ્રેસ લખ્યું હોય તે એડ્રેસ ઉપર જ માહિતી મોકલવી જોઈએ. અરજદારે તેમના નામની પાછળ તેઓ પોતે ''આણંદરામ રામચંદ્ર જયસ્વાલના પુત્ર'' તેમ લખેલ છે તેથી માહિતી મોકલતી વખતે એડ્રેસમાં પણ તે મુજબનું લખવું જોઈતું હતું, પરંતુ તેમ થયેલ નથી''.

- ઉપરોકત વિગતો જોતાં, આયોગ નીચે મુજબ હુકમ કરે છે :-

વિવાદીએ માંગેલ માહિતી નમૂના-ક માં દર્શાવેલ એડ્રેસ મુજબ દિન-૧૫ માં વિનામૂલ્યે મોકલી આપવા પ્રતિવિવાદીને હુકમ કરવામાં આવે છે. કરેલ કાર્યવાહીની આયોગને જાણ કરવી.

## કેસ નંબર-૩૦

**માહિતી માટેની અરજીમાં અરજદારે ચોકકસ સ્થળ, ચોકકસ ફાઈલ, ચોકકસ સમયગાળો......વગેરે વિગતો દર્શાવી માહિતી માંગવી જોઈએ.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 6(1)**
**અપીલ નં. ૧૩૩/૨૦૦૬-૦૭, તારીખ : ૦૧-૦૯-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શૈલેન્દ્ર જે. દેસાઈ
- જાહેર માહિતી અધિકારી : ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (યુ.ડી.)
- જાહેર સત્તા મંડળ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.

વિવાદીએ (અરજદાર) માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર માહિતી અધિકારી પાસેથી નીચે મુજબની માહિતી માંગેલ હતી :

''ટી.ડી.ઓ./એસ્ટેટ ખાતે કામ કરતા શ્રી ભાનુભાઈ ચૌહાણે જયારે જયારે ટી.ડી.ઓ. ખાતામાં જે જે હોદ્દો/સબઈન્સ્પેકટર/આસીસટન્ટ ટી.ડી.ઓ./ટી.ડી.ઓ...... પર ફરજ બજાવેલ તે તે સમય દરમિયાન તેમણે જે જે ફાઈલો ઉપર સહીઓ કરી હોય તે તમામ ફાઈલોનું એક કલાક માટેનું નિરીક્ષણ આપવા વિનંતી છે''.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

પ્રતિવિવાદીએ (જાહેર માહિતી અધિકારીએ) જણાવેલ કે, ''વિવાદીએ પોતાની અરજીમાં માંગેલા એક કલાકના ઈન્સ્પેકશન બાબતે કોઈ ચોકકસ સ્થળ, ચોકકસ બિલ્ડીંગની કે ચોકકસ ફાઈલની વિગતો આપેલ ન હોઈ ઈન્સ્પેકશન આપી શકાય નહી. વિવાદી જો ખરેખર ચોકકસ સ્થળ, તારીખ કે ચોકકસ બિલ્ડીંગની માહિતી માટે ઈન્સ્પેકશન માંગે તો આપી શકાય''

### (૨) <u>બીજી અપીલની વિગત</u> :

પ્રતિવિવાદીના ઉપરોકત પ્રતિભાવથી નારાજ થઈ વિવાદીએ તા.૨૩-૦૫-૨૦૦૬ ના રોજ આયોગ સમક્ષ અપીલ દાખલ કરેલ. સદરહુ અપીલની સુનાવણી તા.૦૧-૦૯-૨૦૦૬ ના રોજ રાખવામાં આવેલ. સુનાવણીમાં વિવાદી હાજર રહેલ. પ્રતિવિવાદી તરફથી પ્રતિવિવાદીના પ્રતિનિધિ હાજર રહેલ. આયોગે બંનેને સાંભળ્યા.

વિવાદીએ આયોગને જણાવ્યું કે, '' ટી.ડી.ઓ./એસ્ટેટ ખાતે કામ કરતા શ્રી ભાનુભાઈ ચૌહાણે જયારે જયારે ટી.ડી.ઓ. ખાતામાં જે જે હોદ્દા/સબઈન્સ્પેકટર/ આસીસટન્ટ ટી.ડી.ઓ./ ટી.ડી.ઓ...... પર ફરજ બજાવેલ હતી તે તે સમય દરમિયાન તેમણે જે જે ફાઈલો ઉપર

સહીઓ કરી હોય તે તમામ ફાઈલોનું એક કલાક માટેનું નિરીક્ષણ મેં પ્રતિવિવાદી પાસે માંગેલ હતું પરંતુ પ્રતિવિવાદીએ મારી માંગણી મુજબ મને ઈન્સ્પેકશન આપેલ નથી''.

આ અગે પ્રતિવિવાદીના પ્રતિનિધિએ આયોગને જણાવ્યું કે, ''વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી માંગેલ માહિતી અંગે વિવાદીને જાણ કરવામા આવેલ કે તેમણે પોતાની અરજીમાં માંગેલ એક કલાકના ઈન્સ્પેકશનમાં કોઈ ચોકકસ સ્થળ, ચોકકસ બિલ્ડીગ કે ચોકકસ ફાઈલની વિગતો આપેલ ન હોઈ તેમને ઈન્સ્પેકશન આપી શકાય નહિ, તેમ છતાં વિવાદીને જણાવવામાં આવેલ હતું કે વિવાદી જો ખરેખર ચોકકસ સ્થળ તારીખ કે બિલ્ડીગની માહિતી માટે ઈન્સ્પેકશન માંગે તો આપી શકાશે''.

**વિવાદી અને પ્રતિવિવાદીને સાંાભળ્યા બાદ આયોગ નીચે મુજબ હુકમ કરે છે.**

''વિવાદીએ માંગેલ ઈન્સ્પેકશનમાં કોઈ ચોકકસ સ્થળ, ચોકકસ બિલ્ડીંગ કે ચોકકસ ફાઈલ કે ચોકકસ સમયગાળાની વિગતો દર્શાવેલ ન હોઈ, વિવાદીની અપીલ ફેસલ કરવામાં આવે છે.

## કેસ નંબર-૩૧

**ફાઈલ નોટીંગનો સમાવેશ ''માહિતી'' શબ્દની વ્યાખ્યામાં થતો હોઈ, ફાઈલ નોટીંગની માહિતી આપવી.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f)**
**અપીલ નં. ૬૪/૨૦૦૬-૦૭, તારીખ : ૨૨-૦૮-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : પ્રમોદ એસ. જોષી
- જાહેર માહિતી અધિકારી : જાહેર માહિતી અધિકારી
- જાહેર સત્તા મંડળ : શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ.

વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની હેઠળની તા.૦૩-૧૨-૨૦૦૫ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) પાસે કેટલીક માહિતી માંગી હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

પ્રતિવિવાદીએ તેમના તા.૨૯-૧૨-૨૦૦૫ ના પત્રથી વિવાદીને જવાબ આપેલ હતો.

### (૨) પ્રથમ અપીલની વિગત :

જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) ના જવાબથી અસંતુષ્ટ થતાં વિવાદીએ અપીલ અધિકારીને તા.૧૨-૦૧-૨૦૦૬ થી પ્રથમ અપીલ કરેલ હતી.

તા.૨૦-૦૧-૨૦૦૬ ના રોજ રાખવામાં આવેલ પ્રથમ અપીલની સુનાવણીમાં અપીલ અધિકારીએ નોંધ્યુ કે વિવાદીએ અપીલમાં ઉપસ્થિત કરેલ મુદ્દાનો સમાવેશ, વિવાદીની તા.૦૩-૧૨-૨૦૦૫ ની મૂળ અરજીમાં થયેલ નહોતો, જેથી આ કારણસર વિવાદીની અપીલ નામંજુર કરવામાં આવેલ હતી.

### (૩) બીજી અપીલની વિગત :

અપીલ અધિકારીના નિર્ણયથી અસંતુષ્ટ થતાં, વિવાદીએ તા.૧૬-૦૩-૨૦૦૬ ના પત્રથી આયોગ સમક્ષ આ બીજી અપીલ દાખલ કરેલ છે.

તા.૧૬-૦૮-૨૦૦૬ ના રોજ આયોગ દ્વારા રાખવામાં આવેલ સુનાવણીમાં વિવાદી અને પ્રતિવિવાદી હાજર હતા.

બીજી અપીલમાં વિવાદીએ જણાવ્યું કે, ''મે માંગ્યા મુજબ, મને ફાઈલ નોટીંગની નકલો આપવામાં આવેલ નથી અને તેથી મને આપવામાં આવેલ માહિતી અધૂરી છે''.

- **<u>જાહેર માહિતી અધિકારીની રજૂઆત :</u>**

પ્રતિવિવાદીએ જણાવ્યું કે, ''સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : વી.એચ.એસ.-૨૦૦૫(૫)-આર.ટી.આઈ. સેલ, તા.૧૪-૧૧-૨૦૦૫ મુજબ, અરજદારને ફાઈલ નોટીંગની નકલો આપવાની રહેતી નથી''.

- **<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

માહિતી અધિકાર અધિનિયમની કલમ-2(f) મુજબ ''માહિતી'' શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે :-

*''માહિતી'' એટલે રેકર્ડ, દસ્તાવેજો, મેમો, ઈ-મેઈલ અભિપ્રાયો, સૂચના, અખબારી- યાદી, પરિપત્રો, હુકમો, લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમૂના, મોડલ્સ, કોઈ ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં માહિતી-સામગ્રી અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ કોઈ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઈ ખાનગી મંડળને લગતી માહિતી સહિતની કોઈપણ સ્વરૂપમાં કોઈપણ સામગ્રી.*

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ''માહિતી'' ની વ્યાખ્યામાં ફાઈલ નોટીંગ સમાવિષ્ટ છે. ફાઈલ નોટીંગ વગર ફાઈલ સંપૂર્ણ નથી. ફાઈલ નોટીંગમાં સામાન્યતઃ ''અભિપ્રાયો'' અને ''સલાહો'' સમાવિષ્ટ હોય છે. ''માહિતી'' ની વ્યાખ્યામાં ''અભિપ્રાયો'' અને ''સલાહો'' સમાવિષ્ટ હોઈ, કાયદાની કલમ-8(1) મુજબ, ''જાહેર કરવાથી મુક્તિ આપેલ હોય'' તેવા ''અભિપ્રાયો'' અને ''સલાહો'' સિવાય, ફાઈલ નોટીંગનો સમાવેશ ''માહિતી'' ની વ્યાખ્યામાં થાય છે જે ધ્યાને લેતાં, નીચે મુજબ આથી હુકમ કરવામાં આવે છે.

- **<u>ગુજરાત માહિતી આયોગનો હુકમ :</u>**

(૧) વિવાદીની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે

(૨) આ હુકમ મળ્યા તારીખથી દિન-૧૫ ની અંદર, વિવાદીએ માંગેલ માહિતી તેમને વિના મૂલ્યે આપવાનો જાહેર સત્તામંડળ અને જાહેર માહિતી અધિકારીને હુકમ કરવામાં આવે છે.

====

**<u>સ્પષ્ટીકરણ</u> :**

પ્રસ્તુત કેસમાં ઉલ્લેખ કરવામાં આવેલ સરકારશ્રીનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર તત્સમયે અમલમાં હતો પરંતુ આ પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : વહશ-૨૦૦૫-(૫)-આર.ટી.આઈ. સેલ, તા. ૨૨-૦૭-૨૦૦૮ થી રદ કરવામાં આવેલ છે.

## કેસ નંબર-૩૨

**અરજદારે માંગેલ પત્રક મુજબ જો કચેરીમાં માહિતી નિભાવવામાં ન આવતી હોય તો, અરજદારે માંગેલ પત્રક મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતી તૈયાર કરીને આપવાની રહેતી નથી.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f)**
**અપીલ નં. ૨૩૦/૨૦૦૯-૧૦, તારીખ : ૦૮-૦૫-૨૦૦૯**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : જતીન કાન્તિલાલ જોષી
- જાહેર માહિતી અધિકારી : જાહેર માહિતી અધિકારી
- જાહેર સત્તા મંડળ : ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ભાવનગર

વિવાદીએ, માહિતી અધિકાર અધિનિયમ હેઠળ તા.૧૦-૧૧-૨૦૦૮ ની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી બે પત્રકોમાં માહિતી માંગેલ હતી. આ બંને પત્રકો વિવાદીએ પોતે તૈયાર કરેલા હતા અને આ પત્રકો મુજબ માહિતી માંગેલ હતી, જેમાં સરકારી કર્મચારીઓના નામ, હોદ્દા, શૈક્ષણિક લાયકાત અને હાયર પે-સ્કેલ મેળવ્યા પહેલાના પગાર-ધોરણોની વિગતો એક પત્રકમાં માંગેલ હતી અને બીજા પત્રકમાં આ જ વિગતો હાયર પે સ્કેલ મળ્યા પછીની માંગેલ હતી.

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના આર.ટી.આઈ. સેલના તા.૦૮-૧૨-૨૦૦૮ ના પત્રથી જણાય છે કે, અરજદારે માંગેલ માહિતી પુરી પાડવા સબબ રૂા.૧૭૬/- ભરવા માટે અરજદારને જણાવવામાં આવેલ છે. વિવાદીએ આયોગને કરેલ અપીલમાં તેમણે ફીના રૂા.૧૭૬/- ચૂકવ્યા છે કે કેમ? તે જણાવેલ નથી. વિવાદીએ પ્રતિવિવાદીની કચેરીના તા.૨૧-૦૧-૨૦૦૯ અને તા.૦૩-૦૨-૨૦૦૯ ના પત્રોની નકલો બીડેલ છે, જેમાં અપીલ અધિકારીએ સુનાવણીની તારીખો નક્કી કર્યાનું જણાય છે. પરંતુ વિવાદીએ એ નથી જણાવ્યું કે અપીલની સુનાવણી થયેલ કે કે કેમ? અથવા તો આ અંગે નિર્ણય આપવામાં આવેલ કે કેમ ?

### (૨) બીજી અપીલની વિગત :

પ્રસ્તુત કેસમાં, આયોગના નિરીક્ષણો અને હુકમો નીચે મુજબ છે :-

(૧) આયોગના અભિપ્રાય મુજબ, જાહેર સત્તામંડળના રેકર્ડમાં નિભાવવામાં આવતી માહિતી, વિવાદીએ માંગેલ પત્રકો મુજબની ન હોય તો વિવાદીએ માંગેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ-2(f) મુજબ ''માહિતી'' ના દાયરામાં (વ્યાખ્યામાં) આવે નહી. વિવાદીએ માંગેલ પત્રક મુજબની માહિતી જુદીજુદી ફાઈલોમાંથી મેળવીને અને સંકલિત કરીને વિવાદીને આપવાની જવાબદારી, માહિતી અધિકાર અધિનિયમ હેઠળ, જાહેર માહિતી અધિકારીની રહેતી નથી. જાહેર માહિતી અધિકારીની જવાબદારી,

અરજદારે માંગેલ ડોક્યુમેન્ટસ/પત્રો/પરિપત્રો/ફાઈલ નોટીંગ/ફાઈલો..... વગેરેની ''રેકર્ડ આધારીત નકલો'' આપવાની છે. અરજદારે માંગેલ કોઈ ચોક્કસ પત્રકો મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતીનું પુનઃસર્જન (Recreate) કરવાનું રહેતું નથી.

(૨) અપીલ અધિકારીએ ઈસ્યુ કરેલી અપીલ સુનાવણીની નોટીસના પત્રો જોતાં જણાય છે કે અપીલ અધિકારીએ તેમાં ૨૫ જેટલાં સંદર્ભો ટાંકયા છે, જે પૈકી મોટા ભાગના સંદર્ભો માહિતી અધિકાર અધિનિયમ અંગેની કાર્યવાહી સાથે સંબંધિત નથી. અપીલ અધિકારીએ ''નોન આર.ટી.આઈ.'' બાબતોને ''આર.ટી.આઈ.'' કાર્યવાહી સાથે સાંકળવી જોઈએ નહી.

(૩) અપીલ અધિકારીએ વિવાદીની પ્રથમ અપીલની સુનાવણી કરી હોવાનું જણાતું નથી. જો અપીલ અધિકારીએ અપીલ સુનાવણી કરી નિર્ણય ન લીધેલ હોય તો દિન-૧૫ માં નિર્ણય લેવો સલાહભર્યું છે.

(૪) વિવાદીને અપીલ અધિકારીના નિર્ણયથી અસંતોષ થાય તો તેઓ યોગ્ય રીતે બીજી અપીલ દાખલ કરી શકે છે. બીજી અપીલની અરજી સાથે વિવાદી સંબંધિત આધાર-પૂરાવા અને સાધનિક કાગળો સહ બીજી અપીલ કરવાના કારણો સાથે બીજી અપીલ કરી શકશે.

(૫) પ્રસ્તુત અપીલ ફેંસલ કરવામાં આવે છે.

## કેસ નંબર-૩૩

**અરજદારે જયારે થોકબંધ (voluminous) માહિતી માંગી હોય ત્યારે કચેરીમાં તાત્કાલિક ઉપલબ્ધ માહિતીની નકલો પૂરી પાડી શકાય તે હેતુસર પાડવા અંગે ફી ભરવા માટે અરજદારને સમયમર્યાદામાં જાણ કરવી અને બાકીની માહિતીની પરિસ્થિતિ અંગે અરજદારને માહિતગાર કરવા**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f), 7(1), 7(3)**
**અપીલ નં. ૭૪/૨૦૦૬-૦૭, તારીખ : ૧૩-૧૧-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૭**

(૧) **<u>માહિતીની વિગત</u>**

- અરજદારનું નામ : ચંદ્રવદન ધ્રુવ
- જાહેર માહિતી અધિકારી : એકઝીકયુટીવ એન્જીનીયર
- જાહેર સત્તા મંડળ : પાટનગર યોજના વિભાગ-૨, ગાંધીનગર.

વિવાદીએ તા.૧૮-૧૧-૨૦૦૫ ની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) પાસેથી જુદાજુદા ૧ થી ૩૪ મુદ્દાઓની માહિતી ૧ થી ૧૦ વર્ષના સમયગાળા દરમિયાનની માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

પ્રતિવિવાદીએ તા.૦૬-૦૧-૨૦૦૬ ના પત્રથી વિવાદીને જણાવેલ કે, ‘‘સબ-ડીવીઝન કચેરીઓ પાસેથી ૮૩૨૧૯ અને ડિવીઝન ઓફિસના ૩૫,૧૮૮ પાના મળી, કુલ ૧,૧૮,૪૦૭ પાનાની માહિતી એકત્ર કરવામાં આવેલ છે, જે અન્વયે ૧ પાનાના રૂા.૨=૦૦ પ્રમાણે ૧,૧૮,૪૦૭ પાનાના રૂા.૨,૩૬,૮૧૪/- જમા કરાવવા માટે વિવાદીને સદર તા.૦૬-૦૧-૨૦૦૬ ના પત્રથી પ્રતિવિવાદીએ જણાવેલ છે, જેથી વિવાદીને માહિતી આપી શકાય’’.

(૨) **<u>પ્રથમ અપીલની વિગત :</u>**

૩૦ દિવસની નિયત સમયમર્યાદામાં જવાબ ન મળવાને કારણે વિવાદીએ તા.૧૭-૦૨-૨૦૦૬ ના રોજ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. અપીલ અધિકારીએ પોતાના તા.૧૪-૦૩-૨૦૦૬ ના નિર્ણયમાં જણાવેલ કે, ‘‘માહિતી માટેની અરજીમાં વિવાદીએ ચોકકસ કામ માટેની માહિતી માંગી હોત તો વિવાદીને નિયત સમય મર્યાદામાં માહિતી આપી શકાઈ હોત. માંગવામાં આવેલ માહિતીનો વ્યાપ અને માહિતી એકત્રિત કરવામાં અને સંકલિત કરવામાં કુદરતી રીતે જ વહીવટી કામગીરીમાં વધારે સમય જાય એ સ્વભાવિક છે. તેમ છતાં, વિવાદીને માહિતી ન આપવામાં પ્રતિવિવાદીનો કોઈજ બદઈરાદો જણાતો નથી. સબબ, જાહેર માહિતી અધિકારીનો નિર્ણય મંજૂર રાખવામાં આવે છે અને વિવાદીને માહિતી મેળવવા માટે રૂા.૨,૩૬,૮૧૪/- જમા કરાવવા જણાવવામાં આવે છે. રૂા.૨,૩૬,૮૧૪/- જમા કરાવ્યા બાદ પ્રતિવિવાદીએ વિવાદીને માહિતી પૂરી પાડવાની રહેશે’’.

(૩) **<u>બીજી અપીલન વિગત :</u>**

અપીલ અધિકારીના નિર્ણયથી નારાજ વિવાદીએ આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ, જેની સુનાવણી તા.૨૨-૦૮-૨૦૦૬ ના રોજ રાખવામાં આવી. સુનાવણીમાં વિવાદી અને પ્રતિવિવાદી બંને હાજર હતા.

- **<u>વિવાદીની રજૂઆત :</u>**

વિવાદીની મુખ્ય દલીલ એ હતી કે, ''અપીલ અધિકારીએ સ્વીકારેલ છે કે પ્રતિવિવાદી દ્વારા વિલંબ થયેલ છે અને તેમ છતાં પણ પ્રતિવિવાદીને દંડ કરવા અંગે કોઈ નિર્ણય લેવાયો નથી''. વિવાદીએ દલીલ કરી આયોગને જણાવ્યું કે, ''મને માહિતી વિનામૂલ્યે આપવામાં આવે''.

- **<u>પ્રતિવિવાદીઓની રજૂઆત :</u>**

પ્રતિવિવાદીઓની મુખ્ય દલીલ એ હતી કે માંગેલ માહિતી ઘણી જ વિશાળ (voluminous) હોઈ, તેમજ જુદાજુદા સબડીવીઝનો અને ડીવીઝન ઓફિસમાંથી મેળવવાની હતી અને એ તે પણ ૩૪ જુદાજુદા મુદ્દાઓ બાબતે હતી. માહિતી એકત્ર કરી સંકલિત કર્યા બાદ અરજદારને ફી ભરવા જણાવવામાં આવેલ, જેથી તેમને માહિતી પૂરી પાડી શકાય.

- **<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

(૧) અરજદારે માંગેલ માહિતી ખૂબજ વિશાળ (voluminous) છે. વળી ૧,૧૮,૪૦૭/- પાનાની માહિતી પેટા કચેરીઓ પાસેથી પ્રતિવિવાદીએ એકત્રિત કરવાની હતી. આયોગ એ બાબતે સંમત છે કે વિલંબ કરવા બાબતે પ્રતિવિવાદીનો કોઈ બદઈરાદો નહોતો. જો કે વિવાદીને દરમિયાનમાં વચગાળાનો જવાબ આપી પ્રતિવિવાદી પોતાના શુભઆશય પ્રસ્થાપિત કરી શકયા હોત, જેથી વિવાદીના મનમાં રહેલી શંકા દૂર થઈ શકત. આવા વચગાળાના જવાબમાં પ્રતિવિવાદી, કમ સે કમ, પોતાની કચેરીની માહિતીનો સમાવેશ કરી શકયા હોત. છતાં પણ આયોગને નિઃશંકપણે જણાય છે કે પ્રતિવાદીઓ વ્યાજબી રીતે અને ખંતપૂર્વક વર્ત્યા છે.

(૨) ભવિષ્યમાં હવેથી જયારે પણ આવી વિશાળ (voluminous) માહિતી માંગવામાં આવે ત્યારે જાહેર માહિતી અધિકારીની કચેરીમાં ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા માટે અરજદારને સમયમર્યાદામાં જ નિયત ફી ભરવા માટે જણાવવું સલાહભર્યુ છે. સાથે સાથે, બાકીની માહિતીની શું પરિસ્થિતિ છે તે પણ અરજદારને જણાવવું સલાહભર્યુ છે.

- **<u>ગુજરાત માહિતી આયોગનો હુકમ :</u>**

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં વિવાદીની અપીલ ફેંસલ કરવામાં આવે છે અને પ્રતિવિવાદીને સૂચના આપવામાં આવે છે કે વિવાદી માહિતી માટેની જરૂરી ફી ભરે કે તાત્કાલિક તેમને માહિતી પૂરી પાડવી.

**કેસ નંબર-૩૪**

**અરજદારે માંગેલ માહિતી આપવાથી રાષ્ટ્રની સલામતી અને આર્થિક હિતોને પ્રતિકુળ અસર થઈ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, COFEPOSA Act હેઠળ અટકાયત કરવામાં આવેલ હોય તેવા નાગરિક પણ માહિતી માંગી શકે**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(a), 24(4)**
**અપીલ નં. ૩૩૬/૨૦૦૬-૦૭ અને ૩૩૭/૨૦૦૬-૦૭,**
**હુકમની તારીખ : ૦૪-૦૭-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૮**

(૧) <u>માહિતીની વિગત</u>

- અરજદારનું નામ : (૧) સુરેશચંદ્ર ગમનલાલ ચોકસી (અપીલ નં.૩૩૬/૦૬-૦૭)
  (૨) બીપીનચંદ્ર ગમનલાલ ચોકસી (અપીલ નં.૩૩૭/૦૬-૦૭)
- જાહેર માહિતી અધિકારી : સચિવ
- જાહેર સત્તા મંડળ : ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માંગેલ માહિતીની વિગત :

બન્ને વિવાદીઓએ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને **COFEPOSA Act** હેઠળની તેમની અટકાયના હુકમ અંગે **COFEPOSA Act** ની જોગવાઈઓ સંદર્ભે જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) પાસે માહિતી માંગેલ હતી, જેના ટૂંકસાર નીચે મુજબ છે :

(૧) અટકાયતના હુકમ સંદર્ભે રાજય સરકારે કેન્દ્ર સરકારને રીપોર્ટ સુપ્રત કરેલ કે કેમ ?

(૨) વિવાદીઓની અટકાયતના કારણો, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ આપવામાં વિનંતી.

(૩) સમુચ્ચ સરકાર (Appropriate Government) દ્વારા દિન-૧૫ માં Order of Declaration ની સમીક્ષા કરવામાં આવી છે ?

(૪) વિવાદીઓના કિસ્સામાં દર ચાર મહિને નિયમાનુસાર Declaration ની સમીક્ષા કરવામાં આવેલ છે કે કેમ ?

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ</u> :**

જાહેર માહિતી અધિકારીએ તા.૦૩-૦૨-૨૦૦૬ ના તેમના પત્ર/નિર્ણયથી વિવાદીઓને જણાવ્યું કે, ‘‘માંગવામાં આવેલ માહિતી ગૃહવિભાગની Special Branch ને લગતી છે અને માહિતી

અધિકાર અધિનિયમની કલમ-૨૪(૪) અન્વયે ગૃહ વિભાગે બહાર પાડેલ નોટીફીકેશન નંબર એસબીઆઈ/૧૦૨૦૦૧/૮૨૦૩/**GOI**-૬૨ (Part file) અનુસાર, ગૃહ વિભાગની Special Branch નો સમાવેશ કલમ-૨૪(૪) ની જોગવાઈ મુજબ ''બાકાત સંસ્થા'' ની વ્યાખ્યામાં આવતો હોઈ વિવાદીઓને માહિતી આપવાની રહેતી નથી''.

(૨) **<u>પ્રથમ અપીલની વિગત :</u>**

પ્રતિવિવાદીના નિર્ણયથી અસંતુષ્ટ થતાં, વિવાદીઓએ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. પ્રથમ અપીલ અધિકારીએ તા.૨૬-૦૭-૨૦૦૬ થી વિવાદીઓને જણાવેલ કે, ''કલેકટર ઓફ સેન્ટ્રલ એન્ડ કસ્ટમ્સ, અમદાવાદ તરફથી મળેલ વિગતો અનુસાર, વિવાદીઓ ગેરકાયદેસર અને સ્મગલીંગની પ્રવૃત્તિઓ કરતા હોવાથી તા.૧૧-૦૬-૧૯૭૬ ના રોજ COFEPOSA હેઠળ તેમની અટકાયતના હુકમો કરવામાં આવેલ હતા. વિવાદીઓને સરકારે ભાગેડુ જાહેર કર્યા હતા અને વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને તેમને જણાવવામાં આવેલ કે તેઓ પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારે. વિવાદીઓએ શરણાગતિ સ્વીકારવાને બદલે નામદાર હાઈકોર્ટમાં પીટીશનનો દાખલ કરેલ. સરકારે સમયાંતરે વિવાદીઓની અટકાયતના હુકમોની સમીક્ષા કરેલ હતી. આ તમામ વિગતો જોતાં, વિવાદીઓએ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગેલ માહિતી આપવાથી, માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(a) મુજબ, રાષ્ટ્રની સલામતી અને આર્થિક હિતોને પ્રતિકુળ અસર થઈ શકે તેમ હોતાં, કલમ-8(1)(a) હેઠળ વિવાદીઓને માહિતી ન આપવાનો નિર્ણય કરવામાં આવે છે''.

(૩) **<u>બીજી અપીલની વિગત :</u>**

અપીલ અધિકારીના તા.૨૬-૦૭-૨૦૦૬ ના નિર્ણયથી નારાજ વિવાદીઓએ આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરી. આયોગે નોંધ્યું કે, ''પ્રતિવિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૪(૪) મુજબ માહિતી નકારી છે, જયારે અપીલ અધિકારીએ કલમ-8(1)(a) મુજબ માહિતી નકારી છે, જે ઘ્યાને લેતા, આયોગે તા.૧૬-૦૧-૨૦૦૭ ના રોજ આ કેસ અપીલ અધિકારીને પરત મોકલી આપેલ અને અપીલ અધિકારીને દિન-૩૦ માં સુનાવણી કરી, કાયદાની કલમ 8(1)(a) કે 8(1)(j) પૈકી કઈ કલમના આધારે નિર્ણય કરશો? તે પણ જણાવવું. અપીલ અધિકારીના નિર્ણયથી જો વિવાદીઓ અસંતુષ્ટ હોય તો તેઓ આયોગનો પુનઃ સંપર્ક કરી શકશે''.

સબબ, અપીલ અધિકારીએ તા.૧૨-૦૨-૨૦૦૭ ના રોજ સુનાવણી રાખી વિવાદીઓને સાંભળ્યા બાદ તા.૨૭-૦૨-૨૦૦૭ ના નિર્ણયથી વિવાદીઓને અને આયોગને જણાવ્યું કે ''માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-8(1)(a) ઘ્યાને લેતાં, અરજદારે માંગેલ માહિતી તેમને આપવાથી રાષ્ટ્રની સલામતી અને આર્થિક હિતોને પ્રતિકુળ અસર થઈ શકે તેમ હોતાં, તેમને માહિતી ન આપવાનો નિર્ણય કરવામાં આવે છે''.

અપીલ અધિકારીના તા.૨૭-૦૨-૨૦૦૭ ના નિર્ણયથી નારાજ વિવાદીઓએ આયોગનો પુનઃ સંપર્ક કરતા, આયોગે તા.૩૦-૦૬-૨૦૦૭ ના રોજ સુનાવણી રાખી વિવાદીઓને સાંભળ્યા.

- **<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

માંગવામાં આવેલ માહિતીનો સમગ્ર મુદ્દો ૧૯૭૬ ની સાલમાં વિવાદીઓની અટકાયતના હુકમ

સંબંધી છે. અટકાયતના હુકમો સમયાંતરે પાછા ખેંચવામાં આવ્યા છે તે હકીકત છે, જે ધ્યાને લેતાં, હવે આ માહિતી વિવાદીઓને આપવાથી રાષ્ટ્રની સલામતી અને આર્થિક હિતોને પ્રતિકુળ અસર થઈ શકે તેવું વ્યાજબી રીતે કહી શકાય નહી, સબબ, વિવાદીઓને માહિતી નકારવા માટેના કારણો વ્યાજબી અને યથાયોગ્ય જણાતાં ન હોઈ પ્રતિવિવાદીએ વિવાદીઓને વિનામૂલ્યે માહિતી આપવી જોઈએ.

- **<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

(૧) વિવાદીઓની અપીલો ગ્રાહ્ય રાખવામાં આવે છે.

(૨) આ હુકમ મળ્યેથી દિન-૧૫ માં પ્રતિવિવાદીએ વિવાદીઓને વિનામૂલ્યે માહિતી પૂરી પાડવી.

## કેસ નંબર-૩૫

**અરજદારની મૂળ અરજી અન્વયે જો તેઓને માહિતી આપી દેવામાં આવેલ હોય અને ત્યારબાદ મળેલ માહિતીના અનુસંધાને જો અન્ય માહિતી માંગે તો ફરી નિયત કરેલ ફી અરજદારે ભરવાની રહેશે.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 6(1)**
**ફરિયાદ નં. ૧૧૫૮/૨૦૦૬-૦૭, હુકમની તારીખ : ૨૮-૦૩-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) <u>માહિતીની વિગત</u>

- અરજદારનું નામ : ડૉ. કાન્તિલાલ એન. રાવલ
- જાહેર માહિતી અધિકારી : સંયુકત પશુપાલન નિયામક (આયોજન-સંકલન)
- જાહેર સત્તા મંડળ : પશુપાલન નિયામકની કચેરી, ગાંધીનગર
- માંગેલ માહિતીની વિગત :

ફરિયાદીએ તા.૨૦-૦૭-૨૦૦૬ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ અરજી કરી જાહેર માહિતી અધિકારી પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જાહેર માહિતી અધિકારી (સામાવાળા) એ ફરિયાદીની તા.૨૦-૦૭-૨૦૦૬ ની અરજી અન્વયે ફરિયાદીને તા.૦૮-૦૮-૨૦૦૬ ના રોજ બિડાણ સહિત માહિતી આપી દીધેલ છે.

- **ફરિયાદીનો પ્રતિભાવ :**

ફરિયાદીએ તા.૧૧-૦૮-૨૦૦૬ ના પત્રથી જાહેર માહિતી અધિકારી (સામેવાળા) ને જણાવેલ છે કે, ''મેં મારી અરજીમાં '૧૯૮૫ નો હુકમ' એવો શબ્દપ્રયોગ કરી માહિતી માંગેલ હતી પરંતુ તેના બદલે '૧૯૮૨ નો હુકમ' એમ વાંચીને, તદ્અનુસાર મને માહિતી આપવા વિનંતી છે''.

- **જાહેર માહિતી અધિકારીનો પુનઃ પ્રતિભાવ :**

ફરિયાદી તા.૧૧-૦૮-૨૦૦૬ ના પત્ર અન્વયે જાહેર માહિતી અધિકારીએ ફરિયાદીને જણાવેલ કે, ''ફરિયાદીએ તા.૨૦-૦૭-૨૦૦૬ ના અરજીથી માંગેલ માહિતી તા.૦૮-૦૮-૨૦૦૬ ના રોજ બિડાણ સહિત તેમને ઓલરેડી આપી દેવામાં આવેલ છે, તે બાબત ધ્યાને લેતાં, હવે જો ફરિયાદીને તેમના તા.૧૧-૦૮-૨૦૦૬ ના પત્ર અન્વયે '૧૯૮૫ ના હુકમ' ને બદલે '૧૯૮૨ નો હુકમ' એમ વાંચીને (મતલબ કે એવા અર્થઘટન સાથે) જો માહિતી જોઈતી હોય તો તેમણે ફરીથી અરજી કરી ગણાય. આ સંજોગોમાં ફરિયાદીએ ફરીથી ફી ભરવાની રહે છે''.

## (૨) <u>ફરિયાદની વિગત</u> :

જાહેર માહિતી અધિકારીના તા.૧૧-૦૮-૨૦૦૬ ના જવાબથી નારાજ થતાં, ફરિયાદીએ તા.૦૮-૧૨-૨૦૦૬ થી આયોગ સમક્ષ ફરિયાદ દાખલ કરેલ છે. આયોગ દ્વારા તા.૨૮-૦૩-૨૦૦૭ ના રોજ ફરિયાદની સુનાવણી રાખવામાં આવી. સુનાવણીમાં ફરિયાદી તથા સામાવાળા હાજર રહેલ છે. આયોગે બંને પક્ષકારોને સાંભળ્યા.

ફરિયાદીના તા.૧૧-૦૮-૨૦૦૬ ના પત્ર અન્વયે સામેવાળાએ એટલે કે જાહેર માહિતી અધિકારીએ ફરિયાદીને આપેલ પુનઃપ્રતિભાવ (કે એકવાર માહિતી આપ્યા બાદ ફરીથી અરજી કરો તો ફરીથી ફી ભરવાની રહે છે) આયોગને યોગ્ય જણાયેલ છે, આથી આયોગ નીચે મુજબ હુકમ કરે છે.

- **<u>ગુજરાત માહિતી આયોગનો હુકમ :</u>**

(૧) ફરિયાદીની મૂળ અરજી અન્વયે તેઓને સામેવાળાએ માહિતી આપી દીધેલ છે. ત્યારબાદ ફરીથી જો બીજી અરજી કરવામાં આવે તો અરજદારે ફરી નિયત કરેલ ફી ભરવાની રહે છે.

(૨) આથી સદર ફરિયાદ ફેસલ કરવામાં આવે છે.

## કેસ નંબર-૩૬

**''પબ્લીક ટ્રસ્ટ એક્ટ'' હેઠળ ''ટ્રસ્ટના સભ્ય'' તરીકે ''ટ્રસ્ટ'' પાસેથી માહિતી માંગી હોય (પરંતુ ''માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫'' હેઠળ ''નાગરિક'' તરીકે ''જાહેર માહિતી અધિકારી'' પાસે માહિતી ન માંગી હોય) તેવા કિસ્સામાં અરજદારે પબ્લીક ટ્રસ્ટ એક્ટ નીચે ચેરીટી કમિશનર પાસેથી માહિતી મેળવવાની રહે.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**ડૉ. પી. કે. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 3, 6(1)**
**પ્રાથમિક તપાસ નં. ૨૨/૨૦૦૬, હુકમની તારીખ : ૨૭-૦૧-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : ડૉ. કાન્તિલાલ એન. રાવલ
- જાહેર માહિતી અધિકારી : કચેરી અધિક્ષક
- જાહેર સત્તા મંડળ : જાહેર ટ્રસ્ટની નોંધણીની કચેરી, મહેસાણા.
- માંગેલ માહિતીની વિગત :

ફરિયાદીએ તા.૦૯-૦૯-૨૦૦૫ ની અરજી મંત્રીશ્રી, શિપોર કેળવણી મંડળ, મુ. શિપોર, તા.વડનગરને સંબોધીને કરેલ હતી, જેમાં તેમણે નીચે મુજબ પાંચ મુદ્દાઓની માહિતી માંગેલ હતી :

(૧) આચાર્યની ભરતી સબબ માહિતી

(૨) બંધારણની નકલ

(૩) બંધારણ સુધારાના મંજૂરી પત્રની નકલ

(૪) સલાહકાર મંડળમાં કન્યાશાળાના આચાર્યને બદલે પ્રાથમિક શાળા નં. ૨ના આચાર્યને સમાવવાનો નિર્ણય.

(૫) સાધારણ સભામાં નિર્ણય થયા પછી એ બદલવા કારોબારીને અધિકાર છે તે બાબતનો નિર્ણય.

### (૨) કેસની વિગત :

ઉપરોક્ત માહિતી ફરિયાદીને ન મળતાં તેમણે તા.૨૫-૧૨-૨૦૦૫ ના રોજ આયોગ સમક્ષ અરજી દાખલ કરેલ હતી. આયોગે બંને પક્ષકારોને સાંભળવા માટે તા.૦૩-૦૧-૨૦૦૬ ના રોજ નોટીસ કાઢી, તા.૨૭-૦૧-૨૦૦૬ ના રોજ ૧૨-૦૦ કલાકનો સમય સુનાવણી માટે મુકરર કરેલ. તા.૨૭-૦૧-૨૦૦૬ ના રોજ આયોગ દ્વારા રાખવામાં આવેલ સુનાવણીમાં (૧) ફરિયાદી, (૨) જાહેર

માહિતી અધિકારી (ચેરીટી કમિશનરશ્રીતરફે) અને (૩) કચેરી અધિક્ષક, જાહેર ટ્રસ્ટની નોંધણીની કચેરી, મહેસાણા હાજર રહેલ. આયોગે તમામને સાંભળ્યા.

## (૩) <u>જાહેર માહિતી અધિકારી (ચેરીટી કમિશનરશ્રીતરફે) ની રજૂઆત :</u>

જાહેર માહિતી અધિકારી (ચેરીટી કમિશનરશ્રીતરફે) એ આયોગને જણાવ્યું કે ફરિયાદીએ જે માહિતી માંગી છે તે તેમની ઓફિસ પાસેથી નથી માંગી, પરંતુ ટ્રસ્ટ પાસેથી માહિતી માંગી છે.

## (૪) <u>ફરિયાદની રજૂઆત</u> :

ફરિયાદીએ પણ આયોગને જણાવ્યું કે ''મેં ટ્રસ્ટ પાસેથી, ટ્રસ્ટના સભ્યની હેસિયતથી માહિતી માંગી છે.

## (૫) <u>કચેરી અધિક્ષક, જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, મહેસાણાની રજૂઆત :</u>

કચેરી અધિક્ષકે પોતાના લેખિત જવાબમાં જણાવ્યાનુસાર, ''ફરિયાદીની સદર ફરિયાદ સત્યથી વેગળી અને ઉપજાવી કાઢેલી છે. ફરિયાદીએ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા માટેની કોઈ અરજી જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી, મહેસાણામાં રજૂ કરેલ નથી તેમજ જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી, મહેસાણા પાસેથી કોઈ માહિતી માંગેલ નથી, પરંતુ ફરિયાદીએ શિપોર કેળવણી મંડળ, મુ. શિપોર, તા.વડનગર પાસેથી માહિતી મેળવવા માટે સદર મંડળના મંત્રીશ્રીને સંબોધીને, તા.૦૯-૦૯-૨૦૦૫ ની અરજી કરેલ છે, જેની નકલ ફરિયાદીએ જાહેર ટ્રસ્ટતી નોંધણીની કચેરી, મહેસાણાને મોકલી આપેલ હતી. સદર તા.૦૯-૦૯-૨૦૦૫ ની ફરિયાદના પત્રની નકલના અનુસંધાને, જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી, મહેસાણાએ શિપોર કેળવણી મંડળના મંત્રીને જા.નં.૨૪૫૬, તા.૦૫-૧૦-૨૦૦૫ ના પત્રથી સૂચના આપી, ફરિયાદીએ માંગેલ માહિતી ફરિયાદીને પૂરી પાડવા જણાવેલ હતું. સદર તા.૦૫-૧૦-૨૦૦૫ ના પત્રની નકલ ફરિયાદીને પણ મોકલવામાં આવેલ હતી. ત્યારબાદ, ફરિયાદી તરફથી તેમના તા.૨૫-૧૨-૨૦૦૫ ના પત્રથી ''મને માહિતી મળી નથી'' તેવી રજૂઆત મળતાં, તા.૧૩-૦૧-૨૦૦૬ ના પત્ર ક્રમાંક : ૨૭૭ થી શિપોર કેળવણી મંડળને પુનઃ પત્ર લખીને ફરિયાદીએ માંગેલ માહિતી ફરિયાદીને પૂરી પાડવા સૂચના આપવામાં આવેલ છે''.

## (૬) <u>ગુજરાત માહિતી આયોગનો હુકમ</u> :

(૧) આ કેસમાં ફરિયાદીએ ''માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫'' હેઠળ ''નાગરિક'' તરીકે ''જાહેર માહિતી અધિકારી'' પાસેથી નહિ પરંતુ ''પબ્લિક ટ્રસ્ટ એકટ'' હેઠળ ''ટ્રસ્ટના સભ્ય તરીકે ''ટ્રસ્ટ'' પાસેથી માહિતી માંગી છે, તેથી તેઓએ આ માહિતી પબ્લિક ટ્રસ્ટ એકટ નીચે ચેરીટી કમિશનરશ્રી પાસેથી મેળવવાની રહે છે. માહિતી આયોગ નાગરિકોને માહિતી અપાવવા માટે કાયદાનો અમલ કરાવવા માટે છે, તેથી ફરિયાદીને જણાવવામાં આવે છે કે પબ્લિક ટ્રસ્ટ એકટ મુજબ માહિતી મેળવવા માટે કાર્યવાહિ કરવી.

(૨) પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો. ખર્ચ અંગે બીજો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) આજ તા.૨૭-૦૧-૨૦૦૬ ના રોજ ખુલ્લા આયોગમાં જાહેર કર્યુ.

## કેસ નંબર-૩૭

**કોઈપણ પરિપત્ર માહિતી અધિકાર અધિનિયમની વૈધાનિક (કાનૂની) જોગવાઈઓની ઉપરવટ જઈ શકે નહિ.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f), 2(i) & 22**
**ફરિયાદ નં. ૬૦૮-૬૦૯/૨૦૦૬-૦૭ હુકમની તારીખ : ૦૪-૦૧-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

### (૧) <u>માહિતીની વિગત</u>

- અરજદારનું નામ : પ્રમોદચંદ્ર એસ. જોષી
- જાહેર માહિતી અધિકારી : નાયબ સચિવ (સેવાઓ)
- જાહેર સત્તા મંડળ : સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માંગેલ માહિતીની વિગત :

ફરિયાદીએ તા.૨૮-૦૯-૨૦૦૬ ની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી જાહેર માહિતી અધિકારી (સામેવાળાઓ) પાસેથી જુદીજુદી-૩ અરજીઓ (આર.ટી.આઈ. હેઠળની નહિ) અન્વયેની માહિતી તેમજ ફાઈલ નોટીંગની નકલો માંગી હતી.

- **<u>ફરિયાદીની રજૂઆત :</u>**

ફરિયાદીએ તા.૨૮-૦૯-૨૦૦૬ ની બે ફરિયાદો આયોગ સમક્ષ દાખલ કરી હતી. જેમાં તેમણે જણાવેલ કે ‘‘મેં તા.૨૮-૦૬-૨૦૦૬ ની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી, પરંતુ મને માહિતી આપવામાં આવેલ નહોતી, સબબ, મેં તા.૨૪-૦૮-૨૦૦૬ થી પ્રથમ અપીલ અધિકારી પ્રથમ અપીલ દાખલ કરેલ હતી પરંતુ પ્રથમ અપીલ અધિકારી દ્વારા પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવેલ નથી. સબબ, આયોગ સમક્ષ મારે પ્રસ્તુત ફરિયાદો દાખલ કરવી પડી છે.

### (૨) <u>ફરિયાદની વિગત :</u>

આયોગ દ્વારા તા.૦૩-૦૧-૨૦૦૭ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં ફરિયાદી હાજર રહયા હતા. સામેવાળાઓના પ્રતિનિધિઓ પણ હાજર રહયા હતા.

- **<u>સામેવાળાની રજૂઆત :</u>**

ફરિયાદીએ તા.૨૮-૦૬-૨૦૦૬ ની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી, ત્રણ જુદીજુદી અરજીઓ અન્વયે, જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી માંગેલ હતી, જેની વિગતો

તેમજ તે અન્વયે જાહેર માહિતી અધિકારીએ કરેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે :-

(૧) **પ્રથમ અરજી :** પ્રથમ અરજી તા.૨૮-૦૫-૧૯૯૯ અન્વયે માંગવામાં આવેલ માહિતી સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગે, તા.૨૮-૦૭-૨૦૦૬ ના પત્રથી ફરિયાદીને જણાવેલ કે, ''આપની તા.૨૮-૦૫-૧૯૯૯ ની અરજી વિભાગને મળેલ ન હોઈ, આ અંગે માંગેલ માહિતી આપવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) **બીજી અરજી :** બીજી અરજીમાં ફરિયાદીએ અન્વયે સામાન્ય વહીવટ વિભાગે જીપીએસસીને લખેલ તા.૩૦-૦૩-૨૦૦૧ ના પત્રની નકલો અને આ વિષય પરત્વે ફાઈલ નોટીંગની નકલો માંગેલ. આ અન્વયે સામાન્ય વહીવટ વિભાગે તા.૧૮-૦૭-૨૦૦૬ના પત્રથી ફરિયાદીને જીપીએસસી ના પત્રની નકલ મેળવવા માટે રૂા.૪/- જમા કરાવવા જણાવેલ. આ વિષય પરત્વેના ફાઈલ નોટીંગની નકલો અંગે ફરિયાદીને જણાવવામાં આવેલ કે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૧૧-૨૦૦૫ ના પરિપત્ર મુજબ, તેમને ફાઈલ નોટીંગની નકલો આપવાની રહેતી નથી.

(૩) **ત્રીજી અરજી :** પોતાની સામે શિક્ષાત્મક કાર્યવાહીનો આખરી હુકમ કરતાં પહેલાં ફાઈલ ઉપર લેવાયેલ નિર્ણય સંબંધે ફાઈલ નોટીંગની નકલોની માંગણી અંગે ફરિયાદીને તા. ૧૯-૦૭-૨૦૦૬ ના પત્રથી જવાબ આપવામાં આવેલ કે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૧૧-૨૦૦૫ ના પરિપત્ર મુજબ, તેમને ફાઈલ નોટીંગની નકલો આપવાની રહેતી નથી.

ફરિયાદીની અપીલ અધિકારી સમક્ષની પ્રથમ અપીલ અન્વયે સામાવાળાઓના જણાવ્યાનુસાર તા.૧૬-૧૦-૨૦૦૬ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ ફરિયાદીને જણાવેલ કે, ''ફરિયાદીની ત્રણેય અરજીઓ અન્વયે ફરિયાદીને પ્રતિભાવ/પ્રત્યુતર આપવામાં આવેલ હોઈ, હવે ફરિયાદીની પ્રથમ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની બાકી રહેતી નથી.

- **<u>ફરિયાદની રજૂઆત</u> :**

ફરિયાદીએ આયોગને જણાવ્યું કે, ''મેં માંગેલ ત્રણેય અરજીઓ પૈકી એકપણ અરજી અંગે મને માહિતી આપવામાં આવેલ ન હોઈ મને વિનામૂલ્યે માહિતી મળવી જોઈએ''.

**<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ/હુકમ</u>** :

(૧) ફરિયાદીની મુખ રજૂઆત ફાઈલ નોટીગની નકલો મેળવવા બાબતે છે. આ અંગે આયોગે બે અલગ અલગ અપીલો અન્વયે નિર્ણય આપેલ કે,

*''માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-2(f) અને 2(i) મુજબ, ''ફાઈલ નોટીગ'' નો સમાવેશ ''માહિતી'' ની વ્યાખ્યામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કાનૂની (વૈધાનિક) જોગવાઈઓની ઉપરવટ જઈ શકે નહી તેમ છતાં, જાહેર માહિતી અધિકારી અને જાહેર સત્તામંડળ કલમ-૮(૧) સંદર્ભે વ્યાજબી કારણોસર ફાઈલ નોટીગ નકારી શકે''.*

(૨) પ્રસ્તુત કિસ્સામાં, ફરિયાદીએ માંગેલ ફાઈલ નોટીગ આપવા બાબતે જાહેર માહિતી અધિકારીએ વિવેકબુધ્ધિ વાપર્યા વગર સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૧૧-૨૦૦૫ ના પરિપત્રનો આધાર લઈ ફાઈલ નોટીગ નકારેલ છે.

(૩) માહિતી અધિકાર અધિનિયમની કલમ-૮(૧) ને બાધ આવે તેમ ન હોય તો પ્રસ્તુત કેસમાં ફાઈલ નોટીગની નકલો, આ હુકમ મળ્યેથી દિન-૧૫ માં ફરિયાદીને વિનામૂલ્યે પૂરી પાડવી.

(૪) પ્રથમ અપીલ અન્વયેનો પ્રથમ અપીલ અધિકારીનો જવાબ, જાહેર માહિતી અધિકારીની સહીથી નહિ, પરંતુ અપીલ અધિકારીની સહીથી મોકલવો જોઈતો હતો.

(૫) આ બંને ફરિયાદો તદ્‌નુસાર ફેંસલ કરવામાં આવે છે.

====

**<u>સ્પષ્ટીકરણ</u> :**

પ્રસ્તુત કેસમાં ઉલ્લેખ કરવામાં આવેલ સરકારશ્રીનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર તત્સમયે અમલમાં હતો પરંતુ આ પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : વહશ-૨૦૦૫-(૫)-આર.ટી.આઈ. સેલ, તા. ૨૨-૦૭-૨૦૦૮ થી રદ કરવામાં આવેલ છે.

## કેસ નંબર-૩૮

**''ફાઈલ નોટીંગ'' ની માહિતી આપવાનો ઈન્કાર કલમ-8(1)(e) મુજબ ''વિશ્વસનીય સંબધોના ભંગ'' હેઠળ કરી શકાય નહિ.**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(e)**
**ફરિયાદ નં. ૧૩૪૩/૨૦૦૬-૦૭, હુકમની તારીખ : ૦૭-૦૭-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૪**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : જસવીંદરસીંગ રાણા
- જાહેર માહિતી અધિકારી : સંયુકત સચિવ (સેવાઓ)
- જાહેર સત્તા મંડળ : સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માંગેલ માહિતીની વિગત :

ફરિયાદીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની તા.૨૧-૧૧-૨૦૦૬ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસેથી, પૂર્વ મુખ્ય સચિવશ્રી પી. કે. લહેરીએ, ફરિયાદી સામે આપેલ તપાસના હુકમ અંગેની ફાઈલ નોટીંગની નકલ માંગેલ હતી, જેમાં નીચે મુજબ ત્રણ ચોકકસ માહિતી માંગવામાં આવેલ :-

(૧) આપમેળે ઈન્કવાયરી શરૂ કરતાં પહેલા શ્રી પી. કે. લહેરીએ સંબંધિત વહીવટી વિભાગની સલાહ મેળવેલ કે કેમ ?

(૨) શ્રી પી. કે. લહેરીના સમયગાળા દરમિયાન ઈન્કવાયરી શરૂ કર્યાના તબકકાથી લઈને તેમની ભલામણ સામાન્ય વહીવટી વિભાગને મોકલવામાં આવી ત્યાં સુધીના ફાઈલ નોટીંગની અથવા પત્રવ્યવહારોની પ્રમાણીત નકલો.→

(૩) શ્રી પી. કે. લહેરીએ ફાઈલ નોટીંગ ઉપર આપેલ સલાહ અથવા પત્રવ્યવહારની નકલો.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જાહેર માહિતી અધિકારીએ તા.૧૧-૨-૨૦૦૬ ના પત્રથી જણાવ્યું કે, ''ફરિયાદીએ માંગેલ માહિતીમાં ફાઈલ નોટીંગનો કેટલોક ભાગ માહિતી અધિકાર અધિનિયમના કલમ-**8(1)(e)** મુજબ ''જાહેર કરવામાંથી મુકિત'' કેટેગરીની માહિતી હેઠળ આવતો હોઈ આપી શકાય નહિ''.

## (૨) પ્રથમ અપીલની વિગત

(૧) જાહેર માહિતી અધિકારીના તા.૧૧-૦૨-૨૦૦૬ ના નિર્ણય સામે ફરિયાદીએ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. અપીલ અધિકારીએ તા.૨૪-૦૧-૨૦૦૭ થી

ફરિયાદીની અપીલ કેન્દ્રીય માહિતી આયોગના તા.૦૩-૧૧-૨૦૦૬ અને તા.૧૪-૦૭-૨૦૦૬ ના કેસનો હવાલો આપીને નામંજૂર કરી (ડૉ. આર. કે. ગર્ગ વિરુધ્ધ ગૃહમંત્રાલય, નવી દિલ્હી અને શ્રી કે. સી. અગ્રવાલ વિરુધ્ધ ગૃહમંત્રાલય, નવી દિલ્હી).

(૨) વધુમાં, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૧૧-૨૦૦૫ ના પરિપત્રના ને ઘ્યાને લઈને પણ ફરિયાદીની પ્રથમ અપીલ, અપીલ અધિકારીએ નામંજૂર કરી.

## (૩) <u>બીજી અપીલની વિગત :</u>

અપીલ અધિકારીના નિર્ણયથી નારાજ થતાં ફરિયાદીએ આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરી, જેની સુનાવણી તા.૦૫-૦૭-૨૦૦૭ ના રોજ રાખવામાં આવી. સુનાવણીમાં ફરિયાદી અને જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી) હાજર હતા.

## (૪) • <u>ફરિયાદીની મુખ્ય દલીલો નીચે મુજબની હતી :</u>

(૧) માહિતી અધિકાર અધિનિયમની કલમ-**8(1)(e)** હેઠળ ''વિશ્વસનીય સંબંધોના ભંગ'' ના બહાના હેઠળ નોટીંગની માહિતી નકારવી ગેરવ્યાજબી છે. ગુજરાત માહિતી આયોગે વિશ્વસનીય સંબંધો અને માહિતીના પ્રગટીકરણ અંગેના ઘણા નિર્ણયોમાં, માહિતીની પ્રગટીકરણની તરફેણમાં નિર્ણયો આપ્યા છે. સરકારી અધિકારીઓને જનતાના નાણામાંથી પગાર ચૂકવાય છે. તેથી તેઓએ જાહેર હિતમાં ફરજ બજાવવાની હોય છે તેથી તેમના કાર્યો, જવાબદારીઓ અને પારદર્શિતા વિશાળ જાહેર હિતને લગતા હોવાથી તેમની માહિતી નાગરિકોને મળવી જોઈએ.

(૨) મેં માંગેલ માહિતી ત્રાહિત પક્ષકારને લગતી ગણી લેવામાં આવે તો કાયદાની કલમ-૧૧(૧) માં જોગવાઈ કર્યાનુસાર વિશાળ જાહેર હિતને લગતી હોવાથી તે જાહેર કરવી જોઈએ, અને તેથી ત્રાહિત પક્ષકાર તરીકે શ્રી પી. કે. લહેરીએ પક્ષપાત રાખ્યા વગર, કુદરતી ન્યાયના દરેક પાસાઓને ઘ્યાને રાખી જો નોટીંગ કર્યુ હોય તો તે નકલો જાહેર કરવામાં તેમને કોઈ વાંધો હોવો જોઈએ નહિ.

(૩) તા.૧૪-૧૧-૨૦૦૫ નો વહીવટી પરિપત્ર માહિતી અધિકાર અધિનિયમની વૈધાનિક જોગવાઈઓની ઉપરવટ જઈ શકે નહિ, સબબ, તા.૧૪-૧૧-૨૦૦૫ ના વહીવટી પરિપત્રના આધારે ફાઈલ નોટીંગનું પ્રગટીકરણ નકારી શકાય નહિ.

(૪) ગુજરાત સરકારનો જ ઉદ્યોગ વિભાગ આવી જ માહિતી જાહેર કરી શકતો હોય તો સામાન્ય વહીવટ વિભાગ શા માટે જાહેર ન કરી શકે ?

(૫) મારી સામેની ખાતાકીય તપાસ ઓલરેડી શરૂ થઈ ગઈ છે તે સંજોગોમાં મેં માંગેલ માહિતી આપવાથી ખાતાકીય તપાસ શરૂ કરવાના નિર્ણયને તે પ્રભાવિત કરી શકશે નહિ.

(૬) કેન્દ્રીય માહિતી આયોગના એક ચૂકાદામાં એક વ્યકિત સામેની વિઘ્વંસ/સંહારની કાર્યવાહિમાં, નીચી પાયરીના પોલીસ અધિકારીઓ અને તેમના ઉપરી અધિકારીઓ વચ્ચેના અહેવાલની મહિતી કલમ-૮(૧) હેઠળ પ્રતિબંધિત ન કરતા, ઉલ્ટાનું આક્ષેપિતને આપવી જોઈએ તેવો નિર્ણય લેવાયેલ છે.

(૫) • <u>પ્રતિવાદીની મુખ્ય દલીલો નીચે મુજબ હતી</u> :

(૧) અપીલ અધિકારીએ કલમ-૮(૧)(ઈ) હેઠળ વિશ્વસનીય સંબંધોના ભંગની બાબતના તમામ પાસાઓને ધ્યાને લઈને ફરિયાદીની અપીલ નામંજૂર કરેલ છે. ફરિયાદીએ માંગેલ માહિતી જાહેર કરવાથી કયું વિશાળ જાહેર-હિત જળવાશે તે સમજાતું નથી. ઉલટાનું, આવી માહિતી જાહેર કરવાથી, જેમણે ફાઈલ નોટીગમાં નોંધ કરી છે અને જેમણે ફાઈલ ઉપર મંજૂરી આપી છે તેમની વચ્ચેના વિશ્વસનીય સંબંધોના ભંગ સમકક્ષ ગણાશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર ગુજરાત રાજપાલના નામે ઈસ્યુ કરવામાં આવેલ છે, જે જાહેર કરવાથી સક્ષમ સત્તાધિકારી (ગુજરાતના રાજયપાલ) અને જાહેર માહિતી અધિકારી વચ્ચેના સંબંધોના ભંગ સમાન ગણાશે.

(૩) જયારે કોઈ રેકર્ડનું વર્ગીકરણ ''ખાનગી'' તરીકે કરવામાં આવે છે ત્યારે તે ત્રાહિત પક્ષકારે માહિતી પૂરી પાડી હોય તે કક્ષાની લાક્ષણિકતા ધારણ કરે છે. સબબ, આવી માહિતી ત્રાહિત પક્ષકારની સંમતિ વગર જાહેર કરી શકાય નહી, જે ધ્યાને લેતાં, પ્રસ્તુત કેસમાં શ્રી પી. કે. લહેરી ત્રાહિત પક્ષકાર હોવાથી જયારે તેમનો અભિપ્રાય માંગ્યો ત્યારે તેમણે માહિતી જાહેર કરવા સામે અસંમતિ દર્શાવેલ હોવાથી ફરિયાદીએ માગેલ માહિતી જાહેર કરી શકાય નહિ.

(૪) ફરિયાદીએ માંગેલ માહિતી ફરિયાદીની સામેની ખાતાકીય તપાસ સંબંધી છે, જે જાહેર કરવામાં કોઈ વિશાળ જાહેર હિત સંકળાયેલ નથી.

(૬) • <u>ફરિયાદી અને પ્રતિવિવાદીની રજૂઆતો સાંભળ્યા બાદ આયોગના નિરીક્ષણો નીચે મુજબ છે.</u>

(૧) આયોગે પોતાના અગાઉના નિર્ણય (અપીલ નં.૨૭૬/૦૬-૧૭, તા.૨૫-૧૦-૦૬, શ્રી પ્રેમશંકર વી. ભટ્ટ વિરુધ્ધ અપીલ અધિકારી સહ સચિવ, શહેરી વિકાસના કિસ્સામાં) અને આવા અન્ય કિસ્સાઓમા પણ નિર્ણયો આપ્યા છે કે, ''ફાઈલ નોટીંગનો સમાવેશ ''માહિતી'' ની વ્યાખ્યામાં આવે છે અને કાયદાની કલમ-૮(૧) માં ઠરાવ્યા સિવાયના અન્ય કોઈ કારણોસર ફાઈલ નોટીંગ નકારી શકાય નહિ.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો વહીવટી પરિપત્ર માહિતી અધિકાર અધિનિયમની વૈધાનિક જોગવાઈઓની ઉપરવટ જઈ શકે નહિ.

(૩) ''વિશ્વસનીય સંબંધ''ની વ્યાખ્યા માહિતી અધિકાર અધિનિયમમાં કરવામાં આવેલ નથી પરંતુ Advanced Law Lexicon ૨૦૦૬ ની ત્રીજી આવૃત્તિમાં વર્ણવ્યા મુજબ, વિશ્વસનીય સંબંધો એટલે...... ''એવો સંબંધ કે જેમાં સંબંધની મયાર્દામાં એક વ્યકિત ફરજના ભાગ રૂપે અન્ય વ્યકિતના લાભાર્થે કાર્ય કરે છે. સામાન્ય રીતે, ચાર પૈકી એક પરિસ્થિતિમાં વિશ્વસનીય સંબંધ અસ્તિત્વમાં આવે છે : (૧) જયારે એક વ્યકિત બીજી એવી વ્યકિતની વિશ્વસનીય અખંડાતામાં શ્રધ્ધા રાખે છે કે જે પ્રથમ વ્યકિત કરતાં ઉચ્ચ હોય કે તેમને પ્રભાવિત કરી શકતા હોય, (૨) જયારે એક વ્યકિત બીજી વ્યકિત ઉપર

નિયંત્રણ અને જવાબદારી ધરાવતા હોય, (૩) જયારે એક વ્યકિતની બીજી વ્યકિતને, સંબંધની મર્યાદામાં આવતી બાબતો વિશે, સલાહ આપવાની ફરજ હોય, અથવા (૪) જયારે એવો કોઈ ચોકકસ સંબંધ અસ્તિત્વ ધરાવતો હોય કે જેમાં પ્રણાલીગત વિશ્વસનીય ફરજો સંકળાયેલી હોય, જેમ કે વકીલ અને અસીલ, શેરદલાલ અને ગ્રાહક''. આનો અર્થ એ નથી કે ''વિશ્વસનીય સંબંધ'' નો વ્યાપ નાગરિકને માહિતી નકારવા માટે કરવામાં આવે.

(૪) ફાઈલ નોટીંગ જાહેર કરવાથી નિર્ણય લેવાની પ્રક્રિયા અને તબકકાઓ ઉજાગર થતાં, સત્તામંડળના નિર્ણયોમાં પારદર્શિતા લાવવાના સમર્પિતતાને બળ મળતાં, તે વિશાળ જાહેર હિતને પ્રોત્સાહિત કરશે.

(૫) સરકારી નોકરીમાં ફરજના ભાગરૂપે વ્યકિત ફાઈલ નોટીંગ કરે છે, સબબ નોટીંગ કરનારને ત્રાહિત પક્ષકાર તરીકે ગણી શકાય નહિ. ફકત નોટીંગ કરતા દરેક સરકારી કર્મચારી/અધિકારીને જાહેર માહિતી અધિકારી દ્વારા જો ત્રાહિત પક્ષકાર ગણવામાં આવે અને દરેકના અભિગમો અને સંમતિ મેળવ્યા બાદ જ ફાઈલ નોટીગ આપવાના નિર્ણયો લેવાના થાય તે બાબત કાયદાના શબ્દ અને હાર્દની વિરુઘ્ધ ગણાશે.

(૬) અન્યથા પણ, ત્રાહિત પક્ષકારાને લગતી કલમ-૧૧(૩) મુજબ, ત્રાહિત પક્ષકારને તેમની માહિતી જાહેર કરવા સંબંધે રજૂઆત કરવાની તક આપવામાં આવી હોય ત્યારે, માહિતી જાહેર કરવા અંગેનો નિણર્ય તો જાહેર માહિતી અધિકારીએ જ લેવાનો રહે છે. ત્રાહિત પક્ષકારની સંમતિ લેવાની જોગવાઈ નથી. આમ, જાહેર માહિતી અધિકારી નિર્ણય લેવાના પોતાનો હક ત્રાહિત પક્ષકાર ઉપર ઢોળી શકે નહિ.

(૭) કેન્દ્રીય માહિતી આયોગના નિર્ણયો ગુજરાત માહિતી આયોગને બંધનકર્તા નથી.

**(૭) <u>ઉપરોકત બાબતો ઘ્યાને લેતાં, આયોગના તારણો નીચે મુજબ છે :</u>**

(૧) વિશ્વસનીય સંબંધના ભંગ સબબ ફરિયાદીને ફાઈલ નોટીગ નકારવામાં આવેલ છે તે બાબત ટકી શકે તેમ નથી.

(૨) ફાઈલ નોટીંગની નકલ આપતાં પહેલાં, ફાઈલ નોટીંગ લખનારને ત્રાહિત પક્ષકાર ગણીને, તેમનો અભિપ્રાય માંગવાનું કાર્ય અસમર્થનીય (untenable) છે.

(૩) ત્રાહિત પક્ષકારની સંમતિ લીધા વગર તેમની માહિતી જાહેર કરવા અંગેના કેન્દ્રીય માહિતી આયોગના ચુકાદાનો આધાર કાયદાના શબ્દો અને હાર્દ (letter & spirit) સાથે સંઘર્ષ કરે તેમ હોઈ, ટકી શકે તેમ નથી.

(૪) વિશાળ જાહેર હિતમાં ફરજ બજાવતા જાહેર સેવકોના અભિપ્રાયો, સલાહો અથવા નિર્ણયોના સમાવેશ ફાઈલ નોટીંગમાં થતો હોવાને કારણે, કાયદાની કલમ-૮(૧) થી વ્યાજબી ઠરતા હોય તેવા કારણે સિવાય, ફાઈલ નોટીંગની માહિતી જાહેર કરી શકાશે. પ્રસ્તુત કેસમાં ફાઈલ નોટીંગ જાહેર ન કરવાના કોઈ વ્યાજબી કારણો જણાતા નથી.

(૮) **<u>ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં, આયોગ નીચે મુજબ નિર્ણય/હુકમ કરે છે :</u>**

(૧) ફરિયાદ સ્વીકારવામાં આવે છે.

(૨) આ હુકમ મળ્યેથી દિન-૧૦ માં ફરિયાદીએ માંગેલ માહિતી તેમને આપવાનો પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે અને તેની આયોગને જાણ કરવી.

====

**<u>સ્પષ્ટીકરણ</u> :**

પ્રસ્તુત કેસમાં ઉલ્લેખ કરવામાં આવેલ સરકારશ્રીનો તા.૧૪-૧૧-૨૦૦૫ નો પરિપત્ર તત્સમયે અમલમાં હતો પરંતુ આ પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : વહશ-૨૦૦૫-(૫)-આર.ટી.આઈ. સેલ, તા. ૨૨-૦૭-૨૦૦૮ થી રદ કરવામાં આવેલ છે.

**કેસ નંબર-૩૯**

**વિદ્યાર્થીઓ '''જાહેર સેવકો ન હોઈ, તેમને સંબંધિત માહિતી સામાન્ય રીતે ''અંગત માહિતી'' ની વ્યાખ્યામાં આવતી હોઈ, આપી શકાય નહી**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(j)**
**ફરિયાદ નં. ૪૨૯/૨૦૦૬-૦૭, ૪૯૧/૦૬-૦૭**
**હુકમની તારીખ :**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૯**

## (૧) <u>માહિતીની વિગત</u>

- અરજદારનું નામ : પટેલ શૈલેષકુમાર ભાનુપ્રસાદ
- જાહેર માહિતી અધિકારી : આચાર્ય
- જાહેર સત્તા મંડળ : એચ.બી. મહેતા વલ્લભનગર હાઈસ્કૂલ, ઓઢવ, અમદાવાદ.
- માંગેલ માહિતીની વિગત :

ફરિયાદીએ તેમની તા.૧૪-૦૭-૨૦૦૬ ની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી જાહેર માહિતી અધિકાર પાસે નીચે મુજબ માહિતી માંગેલ : (૧) જી.આર. રજીસ્ટરોની પ્રમાણીત નકલો (૨) હાજરી પત્રકો, (૩) ધોરણ-૮ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓના ૧૯૮૭-૮૮ થી ૧૯૯૨-૯૩ના સમયગાળા દરમિયાન લેવાયેલ વાર્ષિક પરીક્ષાઓના પરિણામની નકલો અને (૪) વર્ષ ૨૦૦૦ થી શરૂ કરીને તા.૧૪-૦૭-૨૦૦૬ સુધીમાં અન્ય શાળાઓમાંથી આપની શાળામાં પ્રવેશ લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓના સ્કૂલ લીવીગ સર્ટીફીકેટની નકલો અને આપની શાળામાંથી અન્ય શાળામાં પ્રવેશ મેળવવાના હેતુસર ઈસ્યુ કરવામાં આવેલ સ્કૂલ લીવીગ સર્ટીફીકેટોની નકલો.

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :</u>**

જાહેર માહિતી અધિકારી (સામેવાળા) એ ફરિયાદીને તા.૧૯-૦૭-૦૬ થી જણાવેલ છે કે, ''તમોએ માંગેલ વિદ્યાર્થીઓના ૧૪ વર્ષના જનરલ રજીસ્ટરોની ઝેરોક્ષ નકલો સર્ટીફાઈડ કરીને માંગેલ છે, જેના માટે જનરલ રજીસ્ટર ઝેરોક્ષ કરાવવા માટે શાળાની બહાર લઈ જવું પડે અને તેના માટે નિયમાનુસાર સરકારનો આદેશ જરૂરી છે. તમોએ માંગેલ માહિતીનો અંદાજીત ખર્ચ રૂા.૧૦,૦૦૦/- જેટલો થાય છે, જે જમા કરાવ્યેથી, જિલ્લા શિક્ષણાધિકારીના આદેશ મુજબ જરૂરી તમામ ઝેરોક્ષ નકલો પ્રમાણીત કરીને પુરી પાડવામાં આવશે. જે કોઈ હિસાબ થશે તે પાછળથી સરભર કરવાનો રહેશે''.

- **<u>ફરિયાદીનો પ્રતિભાવ :</u>**

ફરિયાદીએ તા.૦૩-૦૮-૨૦૦૬ ના પત્રથી રૂા.૧૦,૦૦૦/- જમા કરાવવાના મુદ્દે વિવાદ કરી, તા.૧૮-૦૮-૨૦૦૬ ના પત્રથી રેકર્ડનું ઈન્સ્પેકશન માંગ્યુ, જે નકારવામાં આવતાં, ફરિયાદીએ

તા.૧૮-૦૮-૨૦૦૬ ના રોજ આયોગમાં ફરિયાદ નં.૪૨૯/૦૬ થી ફરિયાદ દાખલ કરી. ત્યારબાદ, તા.૨૯-૦૮-૨૦૦૬ થી ફરિયાદીએ આયોગમાં ફરિયાદ નં. ૪૯૧/૦૬-૦૭ દાખલ કરી આયોગને જણાવ્યું કે, ''સામવાળાઓએ (જાહેર માહિતી અધિકારીઓએ) રેકર્ડ ઈન્સ્પેકશન નકારેલ છે તેમજ સામેવાળાઓએ જણાવેલ રૂા.૧૦,૦૦૦/- ની રકમની ચોકકસતા અંગે પણ શંકા છે''.

## (૩) <u>બીજી ફરિયાદની વિગત :</u>

તા.૧૬-૧૨-૨૦૦૬ ના રોજ ફરિયાદ નં.૪૯૧/૦૬-૦૭ ની સુનાવણીમાં ફરિયાદીએ આયોગને જણાવ્યું કે, ''સામેવાળાઓએ પોતાના ઉપરી અધિકારીઓના આદેશો કે સ્પષ્ટીકરણ મેળવવાનો પ્રશ્ન જ રહેતો નથી. આ સંદર્ભે સામેવાળાઓએ જણાવ્યું કે જનરલ રજીસ્ટર (જીઆર) શાળા બહાર લઈ જવા માટે નિયમાનુસાર સરકારશ્રીની મંજૂરી જરૂરી છે. રેકર્ડ ઈન્સ્પેકશન માટે તા.૨૧-૦૮-૨૦૦૬ થી પત્ર લખી જિલ્લા શિક્ષણાધિકારીની સૂચના/માર્ગદર્શન મેળવવામાં આવી રહયું છે. માહિતી માટેની ચોકકસ રકમ રૂા.૩૦૪૪૭/- થાય છે તેવું પણ સામેવાળાએ તા.૧૮-૦૯-૨૦૦૬ ના પત્રથી ફરિયાદીને જણાવેલ છે.

તા.૨૨-૦૧-૨૦૦૭ ના રોજ ફરિયાદ નં.૪૨૯/૦૬-૦૭ ની સુનાવણીમાં ફરિયાદીએ આયોગને જણાવ્યું, કે ''તા.૨૫-૦૯-૨૦૦૬ ના રોજ મને રેકર્ડ ઈન્સ્પેકશનમાં બોલાવવમાં આવેલ, જેમાં મેં ૨૫ વિદ્યાર્થીઓની માહિતી માટે ૫૦ પાનાના રૂા.૧૦૦/- ચૂકવ્યા હોવા છતાં મને ૪૪ પાનાની જ માહિતી આપવામાં આવેલ હતી, અને બાકીના ૬ પાનાના રૂા.૧૨/- મને પરત ચુકવવામાં આવેલ નથી. મને સમય મર્યાદામાં માહિતી અપાયેલ ન હોઈ જાહેર માહિતી અધિકારીને દંડ કરવો જોઈએ''.

દરમિયાનમાં ફરિયાદીએ પ્રથમ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ હતી, જેની સુનાવણી તા.૧૯-૧૦-૨૦૦૬ ના રોજ રાખવામાં આવેલ અને તે અન્વયેનો નિર્ણય તા.૦૮-૧૧-૨૦૦૬ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ જેમાં જાહેર માહિતી અધિકારી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી માન્ય રાખવામાં આવેલ. રૂા.૧૨/- નું રીફંડ દિન-૫ માં મેળવી લેવા માટે ફરિયાદીને જાણ કરતાં તા.૨૮-૧૧-૨૦૦૬ ના પત્રની નકલ પણ રજૂ કરવામાં આવી.

- **<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

(૧) ફરિયાદીની મનોવૃત્તિ અંગે આયોગે નોંધ્યુ કે,

*''ફરિયાદીએ માંગેલ માહિતી, માહિતીનો વ્યાપ અને વિશાળતા, અલગ અલગ ફરિયાદો દાખલ કરવી અને બાબતને ગૂંચવવાના પ્રયત્નો કરવા.... વગેરે બાબતોથી પ્રમાણ મળે છે કે ફરિયાદીની મનોવૃત્તિ જાહેર માહિતી અધિકારીને પરેશાન (**harass**) કરવાની છે. ૧૨ થી ૧૪ વર્ષના સમયગાળામાં પથરાયેલ વિશાળ માહિતી માંગવાનો હેતુ જાહેર માહિતી અધિકારીને પરેશાન (**harass**) કરવાનો હોવાનું પ્રમાણ છે. આટલી વિશાળ માહિતી એકત્રિત કરવામાં વપરાતા સમય અને સ્ત્રોતોને કારણે જાહેર સત્તામંડળના સક્ષમ સંચાલનમા અસરકર્તા હોવાનું આ પ્રમાણ છે''.*

(૨) આટલી વિશાળ માહિતી માંગવાથી કયું જાહેર હિત તેમાં સમાયેલું છે? તે ફરિયાદી પ્રસ્થાપિત કરી શકયા નથી. ફરિયાદીએ માંગેલ માહિતી તેમને આપવી કે કેમ? તે બાબતે જિલ્લા શિક્ષણાધિકારીની સૂચના/માર્ગદર્શન મેળવવા બાબતે જાહેર માહિતી

અધિકારી સાચા છે.

(૩) ફરિયાદીએ માંગેલ માહિતી પૈકીની મોટાભાગની માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(j) મુજબ ‘‘અંગત માહિતી’’ ની વ્યાખ્યામાં આવે છે, જે મુજબ આ માહિતી જાહેર હિત સાથે સંબંધ ધરાવતી નથી અથવા તો આવી માહિતી જાહેર કરવાથી કોઈ વિશાળ જાહેર હિત સચવાય તેમ જણાતું નથી.

(૪) ફરિયાદી જો માહિતી મેળવવા બાબતે ગંભીર હોત તો તેઓ રૂા. ૩૦૪૪૭/- ની રકમ ભરીને માહિતી મેળવી શકયા હોત પરંતુ આખરે તેમણે ફકત મર્યાદિત ૪૪ પાનાની જ માહિતી મેળવી છે.

**(૫) ગુજરાત માહિતી આયોગનો હુકમ :**

(૧) ફરિયાદીની બંને ફરિયાદો રદ કરવામાં આવે છે.

(૨) જાહેર માહિતી અધિકારીને સલાહ આપવામાં આવે છે કે ભવિષ્યમાં જયારે પણ વિદ્યાર્થીઓ સંબંધિત માહિતી માંગવામાં આવે ત્યારે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-8(1)(j) સંદર્ભે ખાસ ચકાસણી કરવી કારણ કે **<u>વિદ્યાર્થીઓ જાહેર સેવકો નથી અને તેમને સંબંધિત માહિતી સામાન્ય રીતે અંગત માહિતી કહી શકાય.</u>** **<u>(Students are not public servant and information relating to them would ordinarily be termed as personal information).</u>**

(૩) આ હુકમની એક નકલ જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ (શહેર) ને અને એક નકલ અગ્ર સચિવ (શિક્ષણ), ગુજરાત સરકારને જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે મોકલવી.

## કેસ નંબર-૪૦

**એક સરખી માહિતી માંગતી એકજ અરજદારની જુદીજુદી બે અરજીઓ પૈકી એકની માહિતી આપી હોય અને બીજી અરજીનો ફકત જવાબ જ આપ્યો હોય પરંતુ બીજી અરજીની માહિતી ન આપવામાં જાહેર માહિતી અધિકારીનો જો કોઈ બદઈરાદો ફલિત ન થાય તો દંડ થઈ શકે નહીં**

**ગુજરાત માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી આર. એન. દાસનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(1)**
**ફરીયાદ નં. ૫૯૫/૨૦૦૬-૦૭, હુકમની તારીખ ૨૮-૦૬-૨૦૧૧**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

## (૧) <u>માહિતીની વિગત</u>

- અરજદારનું નામ : ગોવિંદભાઈ ઝીણાભાઈ ચુમવાળીયા
- જાહેર માહિતી અધિકારી : ડેપ્યટી ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર ઓફ કો.ઓ. સોસાયટીઝ
- જાહેર સત્તા મંડળ : ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર ઓફ કો.ઓ. સોસાયટીઝની કચેરી અમદાવાદ.
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની પ્રથમ અરજી તા.૨૬-૦૭-૨૦૦૬ ના રોજ માહિતી અધિકારીને આપેલ હતી, જેમાં તેમણે પોતાની અગાઉની તા.૧૯૦૬-૨૦૦૬ ની સાદી અરજીથી અમદાવાદ મ્યુનીસીપલ સર્વન્ટસ કો.ઓ. હાઉસીંગ સોસાયટી સામેની ફરિયાદ સંદર્ભે માહિતી માંગેલ હતી.

ત્યારબાદ, અરજદારે તા.૦૭-૦૯-૨૦૦૬ ની બીજી અરજી તા.૨૬-૦૭-૨૦૦૬ ની અરજીમાં માંગ્યા જેવી જ લગભગ એક જેવી જ (identicle) અરજી જાહેર માહિતી અધિકારીને સુપ્રત કરેલ હતી.

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :</u>**

અરજદારની તા.૨૬-૦૭-૨૦૦૬ ની પ્રથમ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીએ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ તા.૧૫-૦૯-૨૦૦૬ થી અરજદારને માહિતી આપેલ હતી. અરજદારે તા.૧૬-૧૦-૨૦૦૬ ના પત્રથી અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ હતી. પરંતુ અપીલ અધિકારી તરફથી કોઈ પ્રતિભાવ મળેલ નહિ.

## (૨) <u>બીજી અપીલ</u>

અપીલ અધિકારી તરફથી કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ, જેમાં તેમણે દાદ માંગેલ કે, ‘‘સમયમર્યાદામાં માહિતી ન મળવાને કારણે હવે મને માહિતી વિના મૂલ્યે મળવી જોઈએ અને જાહેર માહિતી અધિકારીને દંડ કરવો જોઈએ’’.

આ કેસની પ્રથમ સુનાવણી તા.૦૨-૦૩-૨૦૦૭ ના રોજ રાખવામાં આવેલ, જેમાં અરજદાર હાજર હતા. જાહેર માહિતી અધિકારી હાજર નહોતા. સમયમર્યાદામાં માહિતી ન આપવા સબબ આયોગ દ્વારા તા.૦૨-૦૩-૨૦૦૭ ના પત્રથી જાહેર માહિતી અધિકારીને કાયદાની કલમ-૨૦(૧) હેઠળ દંડ કેમ ન કરવો? તે બાબતે શો-કોઝ નોટીસ આપવામાં આવેલ.

ત્યારબાદ તા.૨૯-૦૩-૨૦૦૭ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમા બંને પક્ષ હાજર હતા.

જાહેર માહિતી અધિકારીએ આયોગને જણાવ્યું કે, ''અરજદારે તા.૨૬-૦૭-૨૦૦૬ અને તા.૦૭-૦૯-૨૦૦૬ થી બે જુદીજુદી અરજીઓ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મને કરી હતી. તા.૨૬-૦૭-૨૦૦૬ ની પ્રથમ અરજી અન્વયે યોગ્ય પ્રક્રિયા કર્યા બાદ તા.૧૫-૦૯-૨૦૦૬ થી મેં અરજદારને માહિતી આપી દીધેલ છે.

તા.૦૭-૦૯-૨૦૦૬ ની બીજી અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કે તત્સમયે સંબંધિત Deemed PIO (માની લીધેલા જાહેર માહિતી અધિકારી) રજા ઉપર હતા અને ત્યારબાદ પણ રજા ઉપર ચાલુ રહયા હતા. તેથી અરજદારને તેમની બીજી અરજી અન્વયે તત્સમયે માહિતી આપી શકાઈ નહોતી, પરંતુ તા.૧૫-૦૩-૨૦૦૭ થી અરજદારને જવાબ આપવામાં આવેલ. બંને અરજીઓ લગભગ એક સરખી (identical) હતી.

- **<u>ગુજરાત માહિતી આયોગના નિરીક્ષણો :</u>**

આયોગને લાગે છે કે બંને અરજીઓ સંબંધી બંને અપીલમાં બાબત એક જ છે. પ્રથમ અપીલ તા.૨૬-૦૭-૨૦૦૬ ની હતી જેની માહિતી અરજદારને તા.૧૫-૦૯-૨૦૦૬ થી આપી દેવામાં આવેલ છે. અરજદારની તા.૦૭-૦૯-૨૦૦૬ ની બીજી અરજી અન્વયે અરજદારને કોઈ જવાબ/ માહિતી સમયમર્યાદામાં આપવામાં આવ્યા નહોતા. ''બન્ને અરજીઓ લગભગ એક સરખી હોવાથી અને પહેલી અરજીની માહિતી સમયસર આપી દેવામાં આવેલ હોઈ બીજી અરજીના જવાબમાં વિલંબ થયેલ'' એ જવાબ સંપૂર્ણ રીતે સંતોષકારક નથી. તેમ છતાં, બીજી અરજીનો જવાબ સમયસર ન આપી શકવામાં જાહેર માહિતી અધિકારીની કોઈ બદદાનત જણાતી નથી.

- **<u>ગુજરાત માહિતી આયોગનો હુકમ :</u>**

(૧) ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, આ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

(૨) આયોગ દ્વારા જાહેર માહિતી અધિકારીને કલમ-૨૦(૧) હેઠળ તા.૦૨-૦૩-૨૦૦૭ થી ઈસ્યુ કરવામાં આવેલ કારણદર્શક નોટીસ પરત ખેંચવાનો હુકમ કરવામાં આવે છે.

**કેસ નંબર-૪૧**

| |
|---|
| **પ્રોસીકયુશન ચાલુ હોય તે દરમિયાન માહિતી આપી શકાય નહી** |

**કેન્દ્રીય માહિતી આયોગની લાર્જર બેંચનો ૨ વિરુધ્ધ-૧નો ચુકાદો**
**શ્રી સત્યાનંદ મિશ્રા (મુખ્ય માહિતી કમિશનર) અને શ્રી એમ. એલ. શર્મા વિરુધ્ધ**
**શ્રી શૈલેષ ગાંધી**
**(લાગુ પડતી કલમ-8(1)(h), 22**
**અપીલ નં. CIC/LS/A/2010/000685**
**ચુકાદાની તારીખ : ૨૬-૦૮-૧૧**
**ચુકાદાના કુલ પાના : ૧૧**

(૧) <u>કેસની વિગત</u>

- અરજદારનું નામ : શ્રીમતી દુર્ગેશકુમારી
- જાહેર સત્તામંડળ : ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ
- માંગેલ માહિતીની વિગત :

કેસની વિગતોમાં એવું છે કે જયારે અરજદાર ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતા હતા ત્યારે લાંચ લેવાના આક્ષેપ અન્વયે સી.બી.આઈ. દ્વારા ગોઠવાયેલા છટકામાં પકડાયા હતા. તેથી તેણીની સામે ફોજદારી કેસ દાખલ થયેલ અને ફોજદારી તપાસ શરૂ થયેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૩-૦૮-૨૦૦૯ ના પત્રથી માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારીને અરજી કરીને આ બાબતની આખી ફાઈલની માંગણી કરી હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

તા.૧૦-૦૯-૦૯ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-8(1)(h) ની જોગવાઈઓને આધીન આવી ફોજદારી તપાસ ચાલુ હોઈ માહિતી આપવાનું નકારેલ અને સાથે સાથે જાહેર માહિતી અધિકારીએ કેન્દ્રીય માહિતી આયોગની અપીલ નં. 01/IC/(A)2006 અશોક કુમાર અગ્રવાલ વિ. ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ માં કરવામાં આવેલ આયોગના નિર્ણયનો લાગુ પડતો ફકરો મુકીને તેવા કારણોસર આપના કિસ્સામાં પણ માહિતી આપવાનું નકારવામાં આવેલ છે તેમ જણાવેલ. અને કાયદાની યોગ્ય પ્રક્રિયા અનુસરીને ટ્રાયલ કોર્ટ પાસેથી આનુષાંગિક દસ્તાવેજો મેળવી શકાય છે. તેમ જણાવેલ હતું. અને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ-8(1)(h) મુજબ કાયદાએ મુકિત આપેલ હોઈ માહિતી આપવાનું નકારેલ.

- **<u>પ્રથમ અપીલની વિગત :</u>**

જાહેર માહિતી અધિકારીના પ્રત્યુતર થી અસંતોષ થતાં અરજદારે પ્રથમ અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરેલ. જેનો તા.૨૨-૧૨-૦૯ ના હુકમ થી નિર્ણય કરવામાં આવેલ અને તેમાં પ્રથમ અપીલ અધિકારીએ એવા ટેકનીકલ મુદ્દાને ધ્યાને લઈને અપીલ રદ કરી હતી કે કાયદાની જોગવાઈ મુજબ નિયત સમયમર્યાદામાં અપીલ કરવામાં આવેલ નથી.

- **<u>બીજી અપીલની વિગત :</u>**

પ્રથમ અપીલ અધિકારીના નિર્ણયની સામે અરજદારે અપીલ કરતાં આયોગ સમક્ષ તા.૨૮-૦૭-૧૦ ના રોજ માહિતી કમિશનર શ્રી એમ. એલ. શર્માની સીંગલ બેંચમાં સુનાવણી માટે આવેલ. સુનાવણી દરમિયાન અરજદારે કેટલીક કાયદાકીય બાબતો ઉપસ્થિત કરતાં સદર કેસ કમિશનની ફુલ બેંચ સમક્ષ મૂકવા માટે શ્રી શર્માએ મુખ્ય માહિતી કમિશનરને પરત કરેલ. તે મુજબ ત્રણ માહિતી કમિશનરોની ફુલ બેંચ સમક્ષ આ કેસ સુનાવણી માટે આવેલ. અને તા.૧૨-૦૮-૧૨ ના રોજ ફુલ બેંચે સુનાવણી કરેલ. અરજદાર તેમના પતિશ્રી સુધીરકુમાર સાથે હાજર રહયાં હતા. સી.બી.આઈ.ના સંબંધિત પ્રતિવિવાદીઓ પણ ઉપસ્થિત રહેલા હતા તે તમામને સાંભળવામાં આવ્યા.

- **<u>અરજદારની રજૂઆત :</u>**

અરજદારે એવી રજુઆત કરી કે આ કેસમાં તેમને દોષિત ઠરાવવામાં આવેલ છે. અને તે અંગેની તેમની અપીલ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. અને તેથી આ બાબતે હવે પ્રોસીકયુશન ચાલુ છે તેમ ગણી શકાય નહી, અને તેથી 8(1)(h) હેઠળ નકારી શકાય નહીં. ઉપરાંતમાં તેમણે આવીજ અન્ય બાબતના કેન્દ્રીય માહિતી આયોગના કમિશનર શ્રી શૈલેષ ગાંધીના એક ચુકાદા (CIC/SG/A/2009/00015) ની અપીલ પ્રકાશચંદ્ર વિ. ગર્વમેન્ટ ઓફ એનસીટી ન્યુદિલ્હી) માં લેવાયેલ નિર્ણયનો આધાર આપી ચર્ચા માટે મૂકેલ. જેમાં દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી રવિન્દ્રનના (WPCC NO.3114/2007) ચુકાદાના નિરીક્ષણો ટાંકવામાં આવેલ. '' તે મુજબ જોતાં માહિતી અધિકાર કાયદાની કલમ-૩ એ નિયમ છે. અને કલમ-૮એ અપવાદ છે અને કલમ-૮ મૂળભૂત અધિકાર ઉપર અવરોધ હોઈ તેને મુખ્ય અધિકાર છાયામાં આવી જાય તે રીતે તેનું અર્થઘટન ન થવું જોઈએ'' અને અરજદારે એવું ભારપૂર્વક દલીલ કરતાં જણાવ્યું કે ઉપર મુજબનો નિર્ણય તેણીના કેસને પણ લાગુ પાડવો જોઈએ. અને તેથી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીના હુકમો રદ કરવાની તેમણે રજુઆત કરી.

- **<u>સી.બી.આઈ. ના ડીઆઈજી શ્રી સુમીત શરણની રજુઆત :</u>**

તેમણે એવી દલીલ કરી કે ટ્રાયલકોર્ટમાં કેસ ચાલી જવાથી અને અરજદાર દોષિત જાહેર થવાથી એનો અર્થ એવો નીકળતો નથી કે પ્રોસીકયુશન પૂરું થયેલ છે. વધુમાં કેસ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે તેજ બાબત સૂચિત કરે છે કે પ્રોસીકયુશન ચાલુ છે. અને હજુ પૂરું થયું નથી અને તેથી અરજદારે માંગેલ માહિતી કાયદાની કલમ-8(1)(h) મુજબ કાયદાથી પ્રતિબિંધ છે. વધુમાં તેમણે હાઈકોર્ટના એક ચુકાદા (WP(C) No. 16712/2006 સુરિન્દરપાલસિંઘ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા, તા.૧૦-૧૧-૦૬) નો સંદર્ભ ટાંકીને જણાવ્યું કે જયારે કેસ પ્રોસીકયુશન હેઠળ છે ત્યારે કોઈ માહિતી જાહેર કરવાની બાબત પ્રોસીકયુશનને અવરોધી શકે છે અને આ ચુકાદાના ઉપયોગી ભાગનું વાંચન કરીને શ્રી શરણે મજબૂત દલીલ કરી કે અરજદારને 8(1)(h) હેઠળ માહિતી આપી શકાય નહીં કારણ કે પ્રોસીકયુશન ચાલુ છે.

- **<u>કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

પ્રસ્તુત કેસમાં મુખ્યત્વે બે મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) અપીલ હાઈકોર્ટમાં પેન્ડીંગ હોય તો કાયદાની કલમ-8(1)(h) મુજબ પ્રોસીકયુશન ચાલુ છે તેવું કહી શકાય ?

(૨) અને એવું માની લેવામાં આવે કે પ્રોસીકયુશન ચાલુ છે અને જો માહિતી આપવામાં આવે તો પ્રોસીકયુશનમાં રૂકાવટ/અવરોધ કરી શકે કે કેમ? 8(1)(h) મુજબ

- **<u>મુદ્દા નં.૧ અંગે આયોગે નોંધે છે કે :</u>**

❖ કેસ હાઈકોર્ટમાં પેન્ડીંગ હોવાને કારણે હજુ પ્રોસીકયુશન પુરું થયેલ ન ગણાય. કારણ કે ટ્રાયલ કોર્ટના જજમેન્ટની સામે હાઈકોર્ટ બંનેમાંથી કોઈપણ પક્ષની વિરુધ્ધ કે તરફેણમાં નિર્ણય આપી શકે અને તેથી બંનેમાંથી કોઈપણ પક્ષકાર હાઈકોર્ટના નિર્ણયની સામે ઉપલી કોર્ટમાં પણ અપીલ કરી શકે. એટલે કે પ્રોસીકયુશન સળંગ પ્રકિયા છે. પ્રોસીકયુશનની પ્રક્રિયા ત્યારે જ પૂરી થઈ ગણાય કે જયારે ન્યાયની પ્રક્રિયાને આધીન ઉપલબ્ધ તમામ વિકલ્પો વાપરી લેવામાં આવે.

❖ 8(1)(h) સંદર્ભે પ્રોસીકયુશન એક પ્રકારની ફોજદારી કાર્યરિતી છે જે શરૂ થઈને સક્ષમ અદાલતમાં ચાલુ રહેતી પ્રક્રિયા છે. અને તેથી ટ્રાયલકોર્ટમાં ચુકાદો આવી જવાથી પ્રોસીકયુશન પૂરું થયેલું ગણી શકાય નહી. ઉચ્ચ અદાલતમાં તેને પડકારી શકાય. પ્રસ્તુત કિસ્સામાં ટ્રાયલ કોર્ટના નિર્ણયને ઉચ્ચ અદાલતમાં પડકારવામાં આવેલ છે. આ સંજોગોમાં કલમ-8(1)(h) હેઠળ અમારા મત મુજબ પ્રોસીકયુશન ચાલુ છે તેવું કહી શકાય.

- **<u>મુદ્દા નં. ૨ ની વિગતે :</u>**

પ્રોસીકયુશન ચાલુ હોય ત્યારે જો માહિતી જાહેર કરવામાં આવે ત્યારે પ્રોસીકયુશનને અવરોધી શકે છે. આગળ જણાવેલ કેસમાં દિલ્હી હાઈકોર્ટે પણ નોંધ્યુ છે કે એક વખત બાબત અદાલત સમક્ષ આવે પછી કોઈ માહિતી જાહેર કરવામાં આવે તો તે પ્રોસીકયુશનની પ્રક્રિયાને અવરોધી શકે છે. તેમ આયોગે જણાવ્યું.

વધુમાં ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ માં જણાવ્યા મુજબ આક્ષેપિતને પોતાની તરફેણમાં દલીલો કરવાની યોગ્ય રીતે સાંભળવાની તક આપીને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ ઉચિત-નિષ્પક્ષ રીતે કેસ ચલાવવો જોઈએ તેવી જોગવાઈઓ થયેલ છે. ઉપરાંત ટ્રાયલ શરૂ થતાં પહેલાં તમામ જરૂરી દસ્તાવેજો-પુરાવાઓ આક્ષેપિતને આપવા અંગે, તેને ચકાસવા અંગે વિગેરે જોગવાઈઓ થયેલ છે. કાર્યવાહી અંગેની સમગ્ર ફાઈલ પણ કોર્ટ સમક્ષ અભ્યાસ માટે મૂકવામાં આવે છે અને તેથી શ્રી સુનીલકુમાર શરણની દલીલો ધ્યાને લેતાં, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ ની તેમજ અન્ય જોગવાઈઓનો અભ્યાસ કરતાં અરજદારે માંગેલ સમગ્ર ફાઈલ જો આપવામાં આવે તો પ્રોસીકયુસનની પ્રક્રિયા અવરોધી શકે છે. અને સમગ્ર બાબતનો સારાંશ એ છે કે પ્રસ્તુત કેસ હજુ પ્રોસીકયુશન હેઠળ છે તેથી જો અરજદારે માંગેલ માહિતી આપવામાં આવે તો પ્રોસીકયુશનની પ્રકિયા અવરોધી શકે છે. તેથી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીએ કલમ-8(1)(h) હેઠળ માહિતી આપવાનું નકારેલ છે તે બાબતે આયોગને હવે કોઈ હસ્તક્ષેપ કરવાનું જરૂરી જણાતું નથી. તેથી અપીલ રદ કરવામાં આવે છે.

| સત્યાનંદ મિશ્રા | અને | એમ. એલ. શર્મા |
|---|---|---|
| (મુખ્ય માહિતી કમિશ્નર) | | (માહિતી કમિશ્નર) |

- **પ્રસ્તુત કેસના ચુકાદા સાથે અસંમત હોવાનો કેન્દ્રીય માહિતી કમિશનર શ્રી શૈલેષ ગાંધીનો ચુકાદો**

પ્રસ્તુત કેસમાં બંને કમિશ્નરશ્રીઓ કરેલ નિરીક્ષણોમાં મુદ્દા નં.૧ વિશે સદર બાબત હાઈકોર્ટમાં પેન્ડીંગ છે તેથી પ્રોસીકયુશન ચાલુ છે તેમ કહી શકાય એ અંગેના તેમના અભિપ્રાયો સાથે હું સંમત છું.

પરંતુ મુદ્દા નં.૨ એટલે કે પ્રોસીકયુશન ચાલુ હોય અને માહિતી જાહેર કરવામાં આવે તો પ્રોસીકયુશનને અવરોધી શકે છે. એવા બંને કમિશ્નરોના અભિપ્રાય સાથે હું સંમત નથી અને એ પ્રમાણે તેમનો ચુકાદો નીચે મુજબ છે.

માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૨ ની જોગવાઈ ટાંકીને શ્રી શૈલેષ ગાંધી જણાવે છે કે આ જોગવાઈ મુજબ ક્રીમીનલ પ્રોસીજર કોડની કોઈ જોગવાઈ જો માહિતી અધિકારના કાયદાની કોઈ જોગવાઈથી, અસંગત હોય તો તે બાબતે માહિતી અધિકાર અધિનિયમની અસરો તેનાથી ઉપરવટ છે અને માહિતી અધિકારના કાયદામાં અધિકારની રૂએ નામંજૂર (over-ruling) કરવા અંગે કોઈ અપવાદ નથી. એટલે કે માહિતી અધિકારના કાયદામાં સંસદે સભાનપણે ૨૨ ને સર્વોપરી ખંડ તરીકે મૂકયા છે જે નાગરિકોના માહિતી મેળવવાના મૂળભૂત અધિકારને સંતોષ આપી શકે. વધુમાં તેમણે દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી સંજીવ ખન્નાના એક ચૂકાદાના નિરીક્ષણો (યુનિયન ઓફ ઈન્ડીયા વિ. કેન્દ્રીય માહિતી આયોગ 2009 (165) DLT, 559) ટાંકીને જણાવ્યું કે, જયારે અન્ય કાયદાની જોગવાઈઓ સાથે જો માહિતી અધિકારના કાયદાની જોગવાઈઓ વચ્ચે સંઘર્ષ થતો હોય એમ લાગે ત્યારે માહિતી અધિકાર કાયદાની જોગવાઈઓનો પ્રભાવ રહેશે. ન્યાયાધીશ શ્રી રવિન્દ્ર ભાટના એક ચુકાદાના નિરીક્ષણો (ભગતસિંહ વિ. કેન્દ્રીય માહિતી આયોગ, W.I.P. No.3114/2007 dated 3/12/2007) ટાંકીને જણાવ્યું કે ફકત ઈન્વેસ્ટીગેશનની પ્રક્રિયા ચાલુ હોય તેવા કારણથી જ તે માહિતી નહી આપવાનું કારણ બનતું નથી.

પરંતુ ખરેખર કઈ રીતે પ્રક્રિયાને અવરોધશે તેવા સંબંધિત સંતોષકારક કારણોસહિત જણાવીને માહિતી આપવાનું નકારવું જોઈશે અને જાહેર માહિતી અધિકારીને પુરાવાઓને આધીન કઈ રીતે પ્રક્રિયા અવરોધશે તેવું જણાવીને ના પાડવી જોઈએ.

દિલ્હી હાઈકોર્ટના સુરિન્દપાલસિંઘના કેસમાં હાઈકોર્ટ કલમ-8(1)(h) હેઠળ નકારમાં આવેલી માહિતીના નિર્ણયને એટલા માટે માન્ય રાખેલો કે તે અંગે તેમની પાસે આધારો હતા કે જેના કારણે પ્રોસીકયુશનમાં અવરોધ થશે તેથી તે કિસ્સામાં હાઈકોર્ટનું જજમેન્ટ આધાર વગરનું નહોતુ.

પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ કોઈ સબળ પુરાવાઓ વગર પ્રોસીકયુશનની પ્રક્રિયા અવરોધાશે તેમ ગણીને માહિતી આપવાનું નકારેલ છે તેમજ સીબીઆઈના શ્રી શરણે પણ

કઈ રીતે પ્રોસીકયુશન અવરોધશે તે બાબતો જણાવવામાં નિષ્ફળ નીવડયા છે.

વધુમાં શ્રી શૈલેષ ગાંધીએ સુપ્રિમકોર્ટના ત્રણ જજની બેંચના એક ચુકાદો (ડાયરેકટર ઓફ એજયુકેશન વિ. પુષ્પેન્દ્રકુમાર ૧૩-૦૫-૧૯૯૮) અને પાંચ જજની બેંચનો એક ચુકાદો (નાથી દેવી વિ. રાધાદેવી ગુપ્તા-૨૦૦૫(૨) SCC૨૦૧) ના નિરીક્ષણો ટાંકીને જણાવ્યું કે ''જે મુખ્ય જોગવાઈથી હક મળતો હોય તે હકને અપવાદ હેઠળની જોગવાઈથી, મુખ્ય અધિકાર છીનવી શકે નહી''.

એટલે કે કલમ-૮ અને ૯ ની જોગવાઈઓને એવી રીતે અર્થઘટન ન કરવું જોઈએ જેથી તે જોગવાઈઓ કાયદાની કલમ-૩ ની નાગરિકને મળેલા માહિતીના અધિકારની મુખ્ય જોગવાઈને અસર કરી શકે.

ઉપરની તમામ બાબતો ઘ્યાને લઈ હું સદર કેસ અંગેના બહુમતી નિર્ણય સાથે સંમત થઈ શકું નહી અને મારો અભિપાય છે કે પ્રસ્તુત કેસમાં શ્રી શરણે કરેલી દલીલ મુજબ 8(1)(h) હેઠળ પ્રોસીકયુશનની પ્રક્રિયા અવરોધી શકે છે તે બાબત સાથે સંમત નથી. તેથી પ્રસ્તુત કેસમાં કલમ-8(1)(h) મુજબ માહિતી આપવાનું નકારાયેલ છે તે કાયદાની દ્રષ્ટ્રિએ ટકી શકે તેમ નથી. એટલે કે અરજદારે માંગેલ માહિતી કાયદાની કલમ-8(1)(h) હેઠળ આવતી નથી અને તેથી માહિતી આપવી જોઈએ.

**શૈલેષ ગાંધી**
**(૦૬-૦૯-૧૧)**

## કેસ નંબર-૪૨

**વિશ્વસનીય સંબંધો સહિત કોપીરાઈટનો ભંગ કોને કહી શકાય તે બાબત**

**કેન્દ્રીય માહિતી આયોગના કમિશનર શ્રી શૈલેષ ગાંધીનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(e) & Section-9**
**અપીલ નંબર : CICSG/A/2009/002100+001167 Dt.28-08-09**
**તારીખ : ૩૦-૧૨-૨૦૦૯**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૩**
**(નામદાર ન્યાયાધીશ શ્રી કે. એસ. રાધાક્રિષ્નન અને નામદાર ન્યાયાધીશ શ્રી દિપકમિશ્રા)**

**(૧) <u>માહિતીની વિગત</u> :**

**અરજરદારનું નામ** : શ્રી અમન, હરિનગર, ન્યૂ દિલ્હી

**જાહેર સત્તા મંડળ** : શ્રી પંકજ અગ્રવાલ જાહેર માહિતી અધિકારી

: ગુરુગોવિંદ સિંઘ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી, દિલ્હી

ત્રાહિત વ્યકિત : મે.જી.ડી. ગોયેલ એન્ડ કંપની, દિલ્હી

- **<u>માંગેલ માહિતીની વિગત :</u>**

અરજદારે તા.૨૩-૦૩-૦૯ ની અરજીથી જુદાજુદા સાત મુદ્દાની માહિતી ગુરુગોવિંદસીઘ ઈન્દ્રપ્રસ્થ યુનિવસિર્ટીના જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ. જેમા યુનિવર્સિટીએ ચોકકસ બાબત અંગેના PGI/09/GGSIP/01/2198 તા.૧૦-૦૨-૦૯ ના પત્ર અન્વયે લેવાયેલ એકશન, સંબંધિત કેસના લાગુ પડતા દસ્તાવેજો, હુકમ, સૂચનો, કાર્યવાહી નોંધ, બિડાણો, PGC ની ભલામણો અંગે એકશન ટેકન રીપોર્ટ કે જે અરજદારની ફરિયાદના અનુસંધાને મહારાજા અગ્રસેન કોલેજ, રોહિણી દિલ્હીની સામેની હતી, યુનિવર્સિટીમાં ટેકનીકલ કોલેજ માટે અરજી કરવા માટેની સંપૂર્ણ માર્ગદર્શિકા, મહારાજા અગ્રસેન કોલેજ રોહિણી, દિલ્હીમાં ૨૦૦૮-૦૯ ના વર્ષમાં દાખલ યયેલા તમામ વિદ્યાર્થીઓની વિગતો (GGSIPU આધારે) અને શ્રી જી.ડી. ગોયલ, કાયદાકીય કાઉન્સેલ પાસેથી મેળવેલ અભિપ્રાયની વિગતો નો સમાવેશ થતો હતો.

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :</u>**

તા.૨૮-૦૪-૦૯ અને તા.૦૩-૦૮-૦૯ ના પત્રોથી જાહેર માહિતી અધિકારીએ તમામ સાતેય મુદ્દાઓને જવાબ આપેલ. જેમાં લીગલ કાઉન્સેલનો લીગલ અભિપ્રાય મેળવવા માટે પત્ર લખવામાં આવેલ છે તેમ જણાવ્યું અને લાગુ પડતા રેકર્ડસ માટે ઈન્સ્પેકશન કરવા જણાવ્યું. લીગલ કાઉન્સેલનો જે અભિપ્રાય મેળવેલ તેના વિશે બોલાવવામા આવેલ મીટીંગની જાણકારી આપી. કેટલીક માહિતી વેબસાઈટ ઉપર હતી તે સરનામું આપી મેળવી લેવા જણાવ્યું. અગ્રસેન કોલેજના વિદ્યાર્થીઓની માંગેલ માહિતી પણ આપવામાં આવેલ. કેટલાક રેકર્ડનું ઈન્સ્પેકશન કરવા જણાવેલ અને તે અન્વયે ઈન્સ્પેકશન કરી અરજદારે કેટલીક માહિતી પસંદ કરેલ અને માંગેલ.

(૨) **<u>પ્રથમ અપીલની વિગત</u>**

- **અરજદારની રજુઆત :**

અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી બે મુદ્દાની માહિતી અધૂરી મળી છે અને કેટલીક માહિતી ઈન્સ્પેકશનમાં બતાવવામાં આવેલ નથી અને કેટલીક મહિતી આપવામાં આવેલ નથી તેમજ લીગલ કાઉન્સેલનો અભિપ્રાય આપવામાં આવેલ નથી એવા મુદ્દાઓને આધારે અપીલ કરેલ હતી.

- **<u>જાહેર માહિતી અધિકારીની રજુઆત</u> :**

પ્રથમ અપીલ અધિકારીના આદેશ મુજબ અરજદારને તા.૨૪-૦૭-૦૯ ના રોજ ફાઈલો/રેકર્ડનું ઈન્સ્પેકશન આપવામાં આવેલ છે. અરજદારે ઈન્સ્પેકશન પછી તેમણે માંગેલ ૭૩૪ પાનાના પાનાદીઠ રૂપિયા બે મુજબ રૂપિયા ૧૪૬૮ ભરવા જણાવેલ છે.
જાહેર માહિતી અધિકારીએ વધુમાં જણાવ્યું કે મુદ્દા નં.૫ ની માહિતી એટલે કે શ્રી જી. ડી. ગોયલ, લીગલ કાઉન્સીલર પાસેથી મેળવવામાં આવેલ લીગલ ઓપીનીયન, ત્રાહિત વ્યકિતને લગતી બાબત હોઈ ત્રાહિત વ્યકિત પાસેથી આ બાબતે માહિતી આપવા માટે તેમનો અભિપ્રાય માંગવામાં આવેલ છે. જે અભિપ્રાય/કોમેન્ટસ મળ્યા પછીથી અરજદારને પુરી પાડવામાં આવશે.

- **<u>અપીલ સત્તાધિકારીનું નિરીક્ષણ :</u>**

અપીલ સત્તાધિકારીએ તેમના હુકમમાં જણાવ્યા પ્રમાણે બે મુદ્દાની માહિતી આપવામાં આવેલ અને કેટલાક મુદાની માહિતી પ્રશ્નો સ્વરૂપે હોઈ અને અપીલ દરમિયાન આવા પ્રશ્નો ઉપસ્થિત કરેલ જે મૂળ અરજીનો ભાગ નહોતો જે આપવામાં આવેલ નહોતી.

- **<u>અપીલ સત્તાધિકારીનો હુકમ :</u>**

અરજદારે કેટલાક મુદ્દા અપીલ ની સુનાવણી દરમિયાન ઉપસ્થિત કરેલ હોઈ જાહેર માહિતી અધિકારીને આદેશ આપતાં અપીલ સત્તાધિકારીએ જાહેર માહિતી અધિકારી ને હુકમ કર્યો કે અરજદારને બોલાવી જરૂરી માહિતી અંગે અસલ અરજી સાથે મેળવણું કરીને માંગ્યા મુજબના સંબંધિત રેકર્ડનું ઈન્સ્પેકશન આપવું.

(૩) **<u>બીજી અપીલ/ફરીયાદની વિગત</u>**

- **અરજદારની રજુઆત :**

જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ જવાબ ન મળતાં બીજી અપીલ તા.૨૮-૦૮-૦૯ ના રોજ કરવામાં આવેલ અરજદારે સુનાવણી દરમિયાન વધુમાં જણાવ્યું કે કલાયન્ટ કે જે જાહેર સત્તામંડળ છે તેની પાસેથી માહિતી મેળવામાં કોઈ જાહેર હિતમાં વિશ્વાસનો ભંગ થતો નથી. યુનિવર્સિટી જાહેર સત્તામંડળ છે તેથી એક જાહેર સંસ્થાએ કોઈ જાહેર હિતમાં મેળવેલ કાયદાકીય અભિપ્રાય આ કાયદા હેઠળ માંગવામાં આવે તો આપી શકાય. કારણ કે અરજદારના મત મુજબ મેળવવામાં આવેલ અભિપ્રાયમાં મહારાજા અગ્રસેન કોલેજ પાસેથી દંડ વસુલ

કરવાનો પ્રશ્ન હતો, જે એક જાહેર સંસ્થાને થયેલ નાણાંકીય નુકશાનની બાબત હતી.

- **જાહેર માહિતી અધિકારીની રજૂઆત :**

અરજદારે માંગેલ ત્રાહિત વ્યકિતની માહિતી એટલે કે શ્રી જી. ડી. ગોયલની પાસેથી મેળવેલ લીગલ ઓપીનીયન Fuduciary relationship ના ભાગરૂપે હોઈ અરજદારને પૂરી પાડવામાં આવેલ નહોતી. આ બાબતે તા.૧૨-૧૧-૦૯ ની લેખિત રજુઆતમાં જાહેર માહિતી અધિકારીએ જણાવ્યું કે કાઉન્સેલ પાસે યનિવર્સિટીએ મેળવેલ લીગલ અભિપ્રાયની માહિતી પુરી પાડવામાં જાહેર હિત પ્રસ્થાપિત થવું જોઈએ. અન્યથા આ માહિતી ત્રાહિત વ્યકિતની હોઈ અને વિશ્વાસનીય સંબંધોની હોઈ જો માહિતી આપવામાં આવે તો વિશ્વાસનો ભંગ થઈ શકે. અને લીગલ કાઉન્સેલર પાસેથી મેળવવામાં આવેલ કાનૂની સલાહ જે તે કાઉન્સેલનો ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ છે અને તેમની ધંધાકીય બાબત છે તેથી ત્રાહિત વ્યકિતને પણ એટલે કે શ્રી જી. ડી. ગોયલ અને કંપનીને પણ નિર્ણય લેતાં પહેલા સાંભળવા જોઈએ.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

આયોગે જાહેર માહિતી અધિકારીને આદેશ આપી જણાવ્યું કે લીગલ ઓપીનીયન જે યુનિવર્સિટી દ્વારા મેળવવામાં આવેલ છે તે કઈ રીતે fiduciary relationship હેઠળ આવે છે તે અંગે વિગતવાર જસ્ટીફીકેશન લેખિતમાં રજુ કરવું. અરજદાર અને જાહેરમાહિતી અધિકારી બંને પાસેથી લેખિત રજુઆત મળેલ છે. બીજુ સુનાવણી દરમિયાન ત્રાહિત વ્યકિતએ (શ્રી જી. ડી. ગોયલ એન્ડ કંપની) હાજર રહેવાની તક ઉપયોગ કરેલ નથી કે શા માટે તેમની માહિતી પુરી પાડવી ન જોઈએ એવી રજુઆત પણ કરેલ નથી. સુનાવણી દરમિયાન જાહેર માહિતી અધિકારીએ અગાઉ કરેલ રજુઆત ધ્યાને લેવા જણાવ્યું.

આયોગે Fiduciary Relationship ની કાયદાની જોગવાઈને ટાંકીને ઉલ્લેખ કરીને એવું નિરીક્ષણ કર્યુ કે વિશ્વસનીય સંબંધોમાં અન્ય કેસોમાં આપેલી સમજ મુજબ આવા સંબધોમાં કલાયન્ટ કે દર્દી કે ટ્રસ્ટી ની માહિતી ચોકકસ પસંદગીના લોયર કે ડૉકટર કે ટ્રસ્ટ અંગેની હોય છે અને વિશ્વાસને આધીન તેમની પાસે પડેલી હોય છે. એટલે કે માહિતી આપનાર સામેની વ્યકિતને પોતાના લાભમાં ઉપયોગ કરવા માહિતી વિશ્વાસને આધીન પુરી પાડે છે. જે Fiduciary Relationship ગણાય અને તેથી આવી બાબતો માટે એક જરૂરી શરત એ છે કે માહિતીનો સંગ્રાહક (Fiduciary) અન્ય કોઈપણને આપવા સ્વતંત્ર નથી અને જો અન્યને આપે તો તેમાં વિશ્વાસનો ભંગ થાય. પરંતુ પ્રસ્તુત કેસમાં અરજદારે માંગેલ માહિતી એટલે કે લીગલ કાઉન્સેલનો લીગલ ઓપીનીયન જે યુનિવસિર્ટી એ કલાયન્ટ તરીકે મેળવેલ છે. જે લીગલ કાઉન્સેલે યુનિવર્સિટીના હિતમાં અને તેના હિતોને રક્ષણ માટે વિશ્વાસ રાખીને કાઉન્સેલ પસંદ કરીને મેળવેલ છે. એટલે લીગલ ઓપીનીયન યુનિવર્સિટીએ માંગેલ હોઈ ફકત યુનિવર્સિટીને ઓપીનીયન આપી શકાય અન્ય કોઈ વ્યકિતને નહી. એટલે કે યુનિવર્સિટીએ કાઉન્સેલ પર વિશ્વાસ મૂકેલ છે પણ યુનિવર્સિટી કાઉન્સેલની તરફેણમાં તેના હિતના રક્ષણ માટે કાર્ય કરતી નથી. એટલે કે વિશ્વાસના સંબંધો પ્રસ્તુત કિસ્સામાં ફકત એકતરફી છે અને અહીં ફકત લોયર એટલે કે કાઉન્સેલ માહિતી ધરાવે છે તે Fiduciary capacity માં છે નહી કે યુનિવર્સિટી ! તેથી ૮(૧)(ઈ) હેઠળ મળેલ મુકિતની બાબત પ્રસ્તુત કેસમાં લાગુ પાડી શકાય નહી.

વધુમાં આયોગ કલમ-૮ ની કોઈ પેટા કલમ પ્રસ્તુત કિસ્સામાં લાગુ પાડવા બાબતે વધુ અન્ય

કોઈ હુકમ કરતું નથી કારણ કે સમગ્ર સુનાવણી દરમિયાન કોઈપણ પક્ષે આવી કોઈ રજુઆત થયેલ નથી. પરંતુ પ્રતિવિવાદી એટલે કે યુનિવર્સિટીના જણાવ્યા મુજબ વકીલ પાસેથી મેળવવામાં આવેલ વકીલનો ઓપીનીયન એ વકીલનો ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી છે. પરંતુ આ બાબત જાહેર માહિતી અધિકારીએ/ અરજદારને આપેલ તેમના જવાબમાં કે આયોગ સમક્ષ સુનાવણીમાં પણ ઉપસ્થિત કરેલ નથી. તેથી આયોગ આટલું મોડુ થયા પછી આ તબકકે આ મુદ્દાને આધાર તરીકે સ્વીકારશે નહી'' તેમ છતાં માત્ર લીટરરી વર્ક (સાહિત્યિકી) અંગેનો કોપીરાઈટ હોવાથી એવું ફલિત થતું નથી કે માહિતી અધિકાર હેઠળ માહિતી જાહેર કરવાથી કોપીરાઈટનો ભંગ થશે (અથવા ભંગ થઈ શકે) તેથી જાહેર માહિતી અધિકારીએ ઊભા કરેલ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટની દલીલમાં કોઈ મેરીટ આયોગને લાગતું નથી.

''કાયદાની કલમ-૯ માં કોપીરાઈટને લગતી જોગવાઈ કરેલ છે તેમાં જણાવ્યા મુજબ'' કલમ-૮ની જોગવાઈઓને બાધ આવ્યાં સિવાય, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજય જાહેર માહિતી અધિકારી માહિતી પૂરી પાડવાની એવી કોઈ વિનંતીથી રાજય સિવાયની કોઈ વ્યકિત પાસે રહેલ કોપીરાઈટનો ભંગ થાય તેમ હોય ત્યારે, માહિતી પૂરી પાડવા માટેની એવી વિનંતીનો અસ્વીકાર કરી શકાશે.''

જો કે કોપીરાઈટ એકટ-૧૯૫૭ ની કલમ-૫૧ માં જણાવ્યા મુજબ કોપીરાઈટનો ભંગ થયાનું ગણી શકાય જયારે-

(એ) જયારે કોઈ વ્યકિત કોપીરાઈટના માલિકની મંજૂરી વગરના લાયસન્સથી અથવા રજીસ્ટ્રાર ઓફ કોપીરાઈટની મંજુરી વગરના લાયસન્સથી અથવા લાયસન્સ માટેની શરતોની વિરુઘ્ધમાં અથવા સત્તાધિકારીએ લાદેલી શરતોની વિરુઘ્ધમાં (૧) કોઈ કૃત્ય કરે જે કોપીરાઈટના માલિકને હકકો મળ્યા હોય''+

(૧) કોઈપણ જગ્યાએ નફાકારક પ્રવૃત્તિઓ માટે કોઈ જગ્યા વાપરવા મંજૂરી આપે કે જેને કારણે કોપીરાઈટનો ભંગ થતો હોય (સિવાય કે તેની જાણમાં ન હોય અથવા તેને આ બાબત કોપીરાઈટનો ભંગ કરી શકે એવું માનવાને તેની પાસે યોગ્ય કારણ ન હોય),

(બી) જયારે કોઈ વ્યકિત

(૧) વેચવાની વ્યવસ્થા કરે અથવા ભાડે આપે અથવા વેચે અથવા ભાડે આપવા જાહેરાત આપે અથવા વેપારના હેતુથી વેચવા અથવા ભાડે આપવા રજુ કરે અથવા

(૨) વેચવાના હેતુથી અથવા તો ચોકકસ પૂર્વગ્રહથી કોપીરાઈટના માલિક અસર કરે તેવા હેતુથી વહેંચણી કરે અથવા

(૩) વેપારના માઘ્યમથી જાહેરમાં પ્રદર્શિત કરે અથવા

(૪) કોઈ કાર્યના કોપીરાઈટનો ભંગ કરી ભારતમાં આયાત કરે સિવાય કે આયાત કરનાર પોતાના ખાનગી ઉપયોગ માટે કોઈ કામની એક નકલ આયાત કરે જે ખંડ(૪) ને લાગુ પડતી ન હોય.

**<u>સમજુતી :</u>**

આ કલમના હેતુઓ માટે સાહિત્ય, નાટય, સંગીત અથવા કલાત્મક કામોનું સીનેમેટોગ્રાફ ફિલ્મ તરીકેની Reproduction (રજુઆત) કોપીરાઈટનો ભંગ કર્યાનું માની લેવાનું રહેશે.

આયોગે ઉપર મુજબ કોપીરાઈટ એકટની કલમ દર્શાવીને એવું જણાવે છે કે કોઈ વ્યકિતના કોપીરાઈટનો ભંગ થયાનું ત્યારે જ ગણાય જયારે કોપીરાઈટ ધરાવનારને પૂર્વગ્રહથી કોપીરાઈટના ભંગથી અસર પહોંચી હોય અને એવું માનવાને કારણે હોય કે કોપીરાઈટ અંગેના કાર્યની રજુઆત એવા પ્રકારની કે જેના કારણે કોપીરાઈટ ધરાવનારને નુકસાન થઈ શકે. તેથી આયોગને એવું લાગે છે કે પ્રસ્તુત કેસમાં લીગલ ઓપીનીયન જાહેર કરવાથી લીગલ ઓપીનીયન આપનાર કાઉન્સેલ (વકીલ) ને કોઈ નુકસાન કરતું નથી. (does not harm).

**<u>કેન્દ્રીય માહિતી આયોગનો હુકમ :</u>**

અપીલ ગ્રાહય રાખવામાં આવે છે અરજદારને ૧૫ જાન્યુઆરી, ૨૦૧૦ પહેલાં પૂરી પાડવાની રહેશે. આ માહિતી કલમ-૭(૬) મુજબ કોઈપણ ફી લીધા સિવાય પુરી પાડવાની રહેશે.

## કેસ નંબર-૪૩

**વિશ્વસનીય સંબંધોને આધીન ઉપલબ્ધ માહિતી આપી ન શકાય**

**કેન્દ્રીય માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી શૈલેષ ગાંધીનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(e)**
**અપીલ નં. એ/૨૦૧૨-૦૦૦૬૨૨, તારીખ ૧૮-૦૪-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શ્રી આનંદકાન્ત ભાટીયા
- જાહેર માહિતી અધિકારી : શ્રી એન. કે. સીંઘ-જાહેર માહિતી અધિકારી સીનીયર મેનેજર
- જાહેર સત્તા મંડળ : યુકો બેંક, ઝોનલ ઓફિસ મીરત, ઉત્તરપ્રદેશ
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૧૬-૧૧-૧૧ થી કરેલી અરજીમાં બન્નુ બિરાદરી ભવન ટ્રસ્ટ, (જાહેર ટ્રસ્ટ) ના જુદાજુદા એકાઉન્ટની વિગતો બેંક પાસે માંગવામાં આવેલ. જેમાં, એકાઉન્ટ નંબર સાથેના તમામ ખાતાઓની વિગત, એકાઉન્ટ ખોલાવ્યા તારીખો, આ એકાઉન્ટનું નિયંત્રણ/નિયમન કરનાર અધિકારીઓની વિગત, ટ્રસ્ટ દ્વારા ખાતુ ખોલાવતી વખતે ટ્રસ્ટે રજીસ્ટ્રેશન કોપી આપેલ હોય તેની નકલ, અદ્યતન રીન્યુ થયા મુજબના ટ્રસ્ટના રજીસ્ટ્રેશનની બેંકે માંગેલી નકલ, આ બધા ખાતાઓ શરૂઆતથી અરજી તારીખ સુધીમાં ઓપરેટ કરનાર વ્યકિતના નામ અને હોદ્દો, બેંકને ટ્રસ્ટે આ એકાઉન્ટ ઓપરેટ કરવા આપેલ સુચનાઓ, ટ્રસ્ટે લીધેલ લોનની વિગત, ટ્રસ્ટના બચત ખાતાની અગાઉના વર્ષોના થયેલ વ્યવહારોની વિગતો, ટ્રસ્ટ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીનું એકાઉન્ટના નિયમન અંગેની વર્ષવાર માહિતી, ટ્રસ્ટની ફીકસ ડીપોઝીટોની વિગતો તેના ટ્રસ્ટીઓમાં થયેલ ફેરફારની બેંકની માહિતી, ટ્રસ્ટે સુપ્રત કરેલ હોય તેની નકલો, ટ્રસ્ટના રજીસ્ટ્રેશનના કેન્સલેશનની વિગતો અથવા ટ્રસ્ટ સામે ફાઈલ થયેલ કેસની ટ્રસ્ટે બેંકને જાણ કરેલ છે? આવી બધી કુલ ૧ થી ૧૩ મુદ્દાની માહિતી માંગવામાં આવેલ હતી. જાહેર માહિતી અધિકારીએ કોઈ જવાબ આપેલ નહી તેથી અસંતોષ થવાથી અરજદારે તા.૦૨-૦૧-૨૦૧૨ થી પ્રથમ અપીલ કરેલ.

**<u>અપીલ સત્તાધિકારીનું નિરીક્ષણ :</u>**

અરજદારે માંગેલ બિન્નુ બિરાદરી ભવન ટ્રસ્ટ અંગેની માંગેલ માહિતી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-8(1)(e) હેઠળની એટલે કે કાયદાએ મુકિત આપેલ કેટેગરીની હોવાથી એટલે કે અરજદારે માંગેલ માહિતી બેંક અને ટ્રસ્ટ (બેંકના ગ્રાહક) વચ્ચેના વિશ્વાસના સંબંધોને આધીન (Fiduciary Relationship) હોવાથી આ માહિતી આપી શકાય નહી અને તેથી અપીલ રદ કરવામાં આવી.

* **<u>કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

અરજદારે તા.૨૨-૨-૧૨ થી બીજી અપીલ કેન્દ્રીય માહિતી આયોગમાં કરેલ.

જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા મુજબ કેટલીક માહિતી તા.૧૩-૧૨-૧૧ ના અને તા.૦૫-૦૧-૧૨ ના પત્રથી પૂરી પાડવામાં આવેલ હતી. અરજદારની અરજીમાં જુદાજુદા ત્રણ સરનામાં હતા અને અરજદારનાં કહેવા પ્રમાણે અરજદારને માહિતી મળેલ નથી તેથી આયોગે જણાવ્યા મુજબના સરનામે અરજદારને માહિતી હુકમમાં જણાવેલ સરનામે મોકલવામાં આવી હતી.

બેંકના જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારે માંગેલ મોટાભાગની માહિતી એટલે કે ટ્રસ્ટની માહિતી બેંકના ગ્રાહક હોવાના કારણે પૂરી પાડવામાં આવી નહોતી. બેંક દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-8(1)(e) હેઠળ આ માહિતી આપવાની કાયદાએ મુક્તિ આપેલ હોવાથી નકારવામાં આવેલ કે જે જાહેર સત્તામંડળ પાસે વિશ્વાસના સંબંધોને આધીન ઉપલબ્ધ હતી. Fiduciary શબ્દની વ્યાખ્યાનો વિગતે અર્થ મુજબ ડૉક્ટર, વકીલ, નાણાંકીય એનાલીસ્ટ અથવા ટ્રસ્ટી કે જેઓ બીજાના વિશ્વાસને આધીન સંબંધો પ્રમાણે કાર્ય કરવાનું હોય છે. બીજુ કે જયારે કોઈપણ ગ્રાહક કોઈ પણ વકીલ પાસે કે કોઈ દર્દી કોઈપણ ડૉક્ટર પાસે અથવા કોઈ ગ્રાહક કોઈ પણ બેંક સાથે વ્યવહાર કરે છે ત્યારે તેમાં તેની પસંદગીનું તત્વ મત્ત્હવનું હોય છે એટલે કે ચોકકસ સંસ્થા કે વ્યકિત ઉપર તેને વિશ્વાસ છે તે પ્રમાણે પસંદ કરે છે અને વ્યવહારો કરે છે. જો કે તમામ સબંધોમાં સામાન્ય રીતે વિશ્વાસનું તત્વ હોય છે પણ બધાને Fiduciary ની વ્યાખ્યામાં વર્ગીકૃત કરી ન શકાય. કોઈ બંધારણીય ફરજોના ભાગરૂપે અથવા કોઈ નોકરીની ફરજોના ભાગરૂપે અથવા કોઈ લાયસન્સ મેળવવાની માહિતીને વિશ્વસનીય સબંધોની વ્યાખ્યામાં ગણી ન શકાય.

પ્રસ્તુત કેસમાં કથિત ટ્રસ્ટની બેંક સાથેની Fiduciary Relationship ખૂબજ સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત થાય છે. કારણ કે ટ્રસ્ટે વિશ્વાસ રાખીને પોતાના લાભાર્થે બેંકને પોતાની માહિતી આપેલ છે અને એ વિશ્વાસ ઘ્યાને લઈ પોતે તે બેંકની પસંદગી કરીને બેંકના કલાયન્ટ થયા છે અને આ કિસ્સામાં કોઈ જાહેર હિત સંકળાયેલ ન હોઈ આવી માહિતી આપવાની બાબત કાયદાની જોગવાઈ મુજબ મુકિત ને પાત્ર છે. અને આવી જાહેર હિત સકળાયેલ હોવા અંગેની કોઈ બાબત પણ અરજદાર દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી.

**<u>કેન્દ્રીય માહિતી આયોગનો નિર્ણય :</u>**

અરજદારે માંગેલ મોટાભાગની માહિતી કાયદાની કલમ-૮(૧)(ઈ) હેઠળની હોવાથી મુકિતને પાત્ર થાય છે. અપીલ રદ કરવામાં આવે છે.

**<u>નોંધ</u>: કલમ-૮(૧)(ઈ) હેઠળનો ડૉક્ટર-પેશન્ટને લગતો કેસ નં. CIC/ SG /A/ 2009/002997 / 6325 શૈલેષ ગાંધી**

૧) Commision Agrees that a Doctor Patient relationship is a classic case of Fiduciary Relationship and information about treatment cannot be disclosed under section-8(1)(e) of the RTI Act.

૨) CIC/AD/2009/00080 તા.૧૫-૧૦-૨૦૦૯ નો અશ્વિની કુમાર શ્રીવાસ્તવ વિ. મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર એન્ડ ધ પ્રાઈમ મીનીસ્ટર્સ ઓફિસને લગતો કેન્દ્રીય માહિતી કમિશનરશ્રી અનુપમા દિક્ષીતનો ચુકાદો.

The information about the health and medical problems of present & former is exempted category on three fold) grounds of national security, protection of individual Right's to privacy and also because the information is available with the DGHS in Fiduciary Capacity પરંતુ વડાપ્રધાનની કાર્ડિયાક સર્જરી અંગેની માહિતી જે મીડીયા કવરેજના કારણે Public domain માં ઉપલબ્ધ છે. તેટલી માહિતી અરજદારને પૂરી પાડવી જોઈએ. (within one month of Receipt of order)

## કેસ નંબર-૪૪

**ખૂબજ જૂનો રેકોર્ડ હોય તેનું ઐતિહાસિક મહત્ત્વ હોય જે ઉપલબ્ધ હોય તે જરૂરી છે**

**કેન્દ્રીય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી સત્યાનંદમિશ્રા તથા માહિતી કમિશનરશ્રી સુષ્માસિંઘ અને માહિતી કમિશનરશ્રી શૈલેષ ગાંધીની બેંચનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(j), 8(3)**
**ફરીયાદ નં. CIC/WB/A/2009/000266/31-12-2008 તારીખ ૩૦-૦૧-૨૦૧૧**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૭**

(૧) <u>કેસની વિગત</u>

- અરજદારનું નામ : ઝેડ યુ. અલ્વી
- જાહેર માહિતી અધિકારી :
- જાહેર સત્તા મંડળ : મીનીસ્ટ્રી ઓફ હોમ એફેર્સ, ભારત સરકાર
- માંગેલ માહિતીની વિગત :

તા.૨૬-૦૭-૦૮ ની અરજીથી અરજદારે માંગેલ માહિતી નીચે મુજબ હતી.

(૧) તે વખતના માનનીય મંત્રીશ્રી હોમ એફેર્સ (ભારત સરકાર) શ્રી જી. બી. પંતને લખેલ તા.૧૪-૦૮-૧૯૫૫ ના ભોપાલના નવાબ હમીદુલ્લાખાને લખેલ પત્રની નકલ, ૧૫-૦૬-૧૯૫૬ ના પત્રની નકલ તેની સાથેના બિડાણોની નકલ, જેમાં રિયાઝ મંઝીલ અંગેનો ભેટ કરાર અંગેના બિડાણો, તેમજ માનનીય મંત્રીશ્રીના સચિવશ્રીએ નવાઝને લખેલ પત્રની ઓફિસ કોપીની નકલ.

(૨) તા.૩૦-૦૪-૧૯૪૯ ના શ્રી વી. પી. મેનન, ભારત સરકારશ્રીના સલાહકારનો ભોપાલના નવાબને લખેલ પત્રની નકલ.

(૩) તા.૩૦-૦૪-૧૯૪૯ ના ભોપાલના નવાબ અને ભારત સરકારશ્રીના સલાહકાર વચ્ચે થયેલ કરાર (એગ્રીમેન્ટ) ની નકલ અને તેની સાથે જોડેલ નવાબની મિલકતોની યાદી..........

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ</u> :**

તા.૦૨-૦૯-૦૮ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકાર અધિનિયમની ૨૦૦૫ ની કલમ-૮(૧)(જે) ની જોગવાઈ ટાંકીને અરજદારે માંગેલ માહિતી અંગત માહિતી હોઈ અરજદારે માંગેલ માહિતી જાહેર કરવાનું નકારવામાં આવેલ.

(૨) • **પ્રથમ અપીલ/ફરીયાદની વિગત :**

જાહેર માહિતી અધિકારીના જવાબથી સંતોષ ન થતાં અરજદારે તા.૨૯-૦૯-૦૮ થી પ્રથમ અપીલ અધિકારીને અપીલ કરેલ. પરંતુ પ્રથમ અપીલ અધિકારીએ સુનાવણીની પ્રક્રિયા હાથ ધરીને જાહેર માહિતી અધિકારીએ કરેલ જવાબને માન્ય રાખેલ.

• **પ્રથમ અપીલ અધિકારીનો હુકમ :**

પ્રથમ અપીલ અધિકારીએ તા.૧૯-૧૧-૨૦૦૮ ના હુકમ થી જાહેર માહિતી અધિકારી અને અરજદારને સાંભળીને ન્યાયની પ્રક્રિયા કરીને જાહેર માહિતી અધિકારીનો જવાબ કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય જણાતા અરજદારની અપીલ રદ કરી દીધી.

(૩) **બીજી અપીલ/ફરીયાદની વિગત**

બીજી અપીલમાં અરજદારે અને જાહેર માહિતી અધિકારી તેમજ પ્રથમ અપીલ અધિકારના નિવેદનો કાળજીપૂર્વક ધ્યાને લઈ આયોગના નિરીક્ષણો નીચે મુજબ થયેલ છે.

• **આયોગના નિરીક્ષણ :-**

(૧) અરજદારે માંગેલ જવાબની પ્રોપર્ટી અંગેની યાદી અને તેને આનુષાંગિક બિડાણો સાથેના દસ્તાવેજો નકલો મેળવવા બાબતે આયોગે વિસ્તૃત રીતે સુપ્રિમકોર્ટના ૧૧ જજની બેંચના એક ચુકાદામાં સમાવિષ્ટ (**AIR-1971 SC 530**) નિરીક્ષણોનો વિગતવાર રીતે છણાવટ કરીને તા.૩૦-૦૪-૧૯૪૯ નો ભોપાલ મર્જર એગ્રીમેન્ટ અંગે અને તે પાંચ વર્ષ સુધી નવાબને અને તેમના વારસદારને મળવાપાત્ર વિશેષ અવેજ તથા હકોની વિગતો ધ્યાને લીધેલ. અને એવો અભિપ્રાય વ્યકત કર્યો કે ભારતના ગર્વનર જનરલ અને ભોપાલના નવાબ વચ્ચેનો એગ્રીમેન્ટ અને તેની સાથેના તમામ દસ્તાવેજો જાહેર દસ્તાવેજો ગણાય. તેથી માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ મુજબ અરજદારને માહિતી આપવી જોઈએ.

(૨) અરજદારે માંગેલ પ્રોપર્ટીની યાદી સંદર્ભે સુનાવણીમાં તા.૧૫-૧૧-૧૯૬૭ ના લોકસભાના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૫૫ અન્વયે ઈન્દોર અને ગ્વાલિયરના રાજાઓની પ્રોપર્ટી સંદર્ભની માહિતીનો આધાર રજુ કરેલ. તે અન્વયે આયોગે સદર બાબત ભોપાલ-મર્જર એગ્રીમેન્ટથી અલગ છે અને પ્રસ્તુત કિસ્સામાં લાગુ પાડી શકાય તેમ નથી તેવું જણાવ્યું. અને ખાસ એ જણાવ્યું કે માહિતી અધિકારના કાયદાની કલમ-૮(૩) મુજબ પ્રોપર્ટીની યાદીને કાયદા મુજબ મુકિત આપેલ કેટેગરીની ગણી શકાય નહી.

(૩) એજ પ્રમાણે પ્રોપર્ટી અંગેના પત્રવ્યવહારની નકલો માંગી છે તે પણ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૮(૧)(જે) મુજબ અંગત માહિતી ગણી શકાય નહી. ઉપરાંતમાં માંગેલ માહિતી એટલે કે પત્રોની નકલો અંગેની તારીખ જોતા ૨૦ વર્ષ ઉપરની છે અને કલમ-૮(૧)(જે) લાગુ પડતી નથી. જે ધ્યાને લેતાં, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૮(૩) માં જણાવ્યા મુજબ 8(1)(a), 8(1)(c) & 8(1)(i) અંગેની બાબતે જો ૨૦ વર્ષ વીતી ગયા હોય તાો માહિતી આપવી પડે.

• **આયોગનો નિર્ણય :**

જાહેર સત્તામંડળની એવી રજુઆત છે કે માંગવામાં આવેલ રેકર્ડ ઘણો જૂનો છે અને જો આ પત્રવ્યવહાર અંગે ચોકકસ ફાઈલ સંદર્ભ કે નંબર ઉપલબ્ધ હોય તો શોધી શકાય. આ બાબતે અમે એ અભિપ્રાય ધરાવીએ છીએ કે, પબ્લીક રેકૉર્ડ એકટ-૧૯૯૮ મુજબ જો ૩૦ વર્ષ કરતાં વધુ જૂનો રેકર્ડ હોય તો રાષ્ટ્રીય અભિલેખાગારમાં હોઈ શકે. તેથી મીનીસ્ટ્રી ઓફ હોમ એફેર્સ દ્વારા રાષ્ટ્રીય અભિલેખાગાર પાસેથી આ રેકર્ડ મેળવવા માટે ફાઈલ અંગેના જરૂરી સંદર્ભ/નંબર વિગેરે પુરા પાડી રેકર્ડ મેળવવા કાર્યવાહી કરવી. (જો તેમની પાસે આ દસ્તાવેજો અત્યારે તેમના કબજા હેઠળ ન હોય તો) તેમ છતાં, જો રેકર્ડસ અને દસ્તાવેજો શોધવા માટે પૂરતા પ્રયત્નો કરવા છતાં જો સફળતા પ્રાપ્ત ન થાય તો મીનીસ્ટ્રી ઓફ હોમ એફેર્સે એફીડેવીટ કરીને આયોગને મોકલી આપવાની રહેશે. આ એફીડેવીટમાં રેકર્ડ શોધવા માટે કરવામાં આવેલ કાર્યવાહી તથા તે શોધવા માટે આપવામાં આવેલ સુચનાઓની વિગતોનો પણ સમાવેશ કરવો અને તે પ્રમાણે આદેશ કરી અપીલ ગ્રાહય રાખવામાં આવી.

**કેસ નંબર-૪૫**

| |
|---|
| **કોઈએ આપઘાત કર્યો હોય તો તેના કુટુંબની વિગતો જાહેર કરવાની બાબત વ્યકિતની અગંત બાબત ગણાય** |

| |
|---|
| **કેન્દ્રિય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**<br>**સત્યાનંદ મિશ્રાનો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 8(1)(j)**<br>**અપીલ નં. CIC/SM/A/2010/00/086**<br>**હુકમની તારીખ : ૦૬-૦૪-૨૦૧૧**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : 3** |

**(૧) કેસની વિગત**

- અરજદારનું નામ : ચેતન કોઠારી, મુંબઈ
- જાહેર માહિતી અધિકારી :
- જાહેર સત્તા મંડળ : ભાભા એટોમીક રિસર્ચ સેન્ટર, ટ્રોમ્બે મુંબઈ.
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે ભાભા એટોમીક રિસર્ચ સેન્ટરના જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજી કરીને ભાભા એટોમીક રિસર્ચ સેન્ટરના કેટલા કર્મચારીઓએ છેલ્લા-૧૫ વર્ષમાં આપઘાત કર્યા? તેની વિગતો માંગી હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ** :

અરજદારની અરજી સંદર્ભે ભાભા એટોમીક રિસર્ચ સેન્ટરના જાહેર માહિતી અધિકારીએ તેમના જાહેર સત્તામંડળના કુલ કેટલા કર્મચારીઓએ છેલ્લા ૧૫ વર્ષમાં આપઘાત કર્યા તેની આંકડાકીય વિગતો પુરી પાડી હતી અને તેમના નામ અથવા અન્ય વિગતો અંગત પ્રકારની માહિતી હોઈ તે અંગેનું કારણ દર્શાવી બાકીની માહિતી આપવાનું નકાર્યુ હતું.

- **પ્રથમ અપીલની વિગતો :**

અરજદારે જાહેર માહિતી અધિકારીના જવાબથી અસંતોષ થતાં અધૂરી માહિતી મળવાને કારણે પ્રથમ અપીલ કરી હતી. પ્રથમ અપીલ અધિકારીએ અરજદારને સાંભળ્યા વગર જાહેર માહિતી અધિકારીના નિર્ણયને કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય ઠરાવ્યો હતો અને અપીલનો નિકાલ કર્યો હતો.

- **બીજી અપીલની વિગત :**

અરજદારે પ્રથમ અપીલ અધિકારીના હુકમથી સંતોષ ન થતાં બીજી અપીલ કરતાં કેન્દ્રીય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરે તા.૦૬-૦૪-૨૦૧૧ ના રોજ સુનાવણી રાખીને તેજ

દિવસે ચુકાદો જાહેર કર્યો હતો.

- **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ અને નિર્ણય :**

સુનાવણી દરમિયાન અરજદાર હાજર રહયા હતા. જાહેર માહિતી અધિકારી વતી શ્રી ગોવર્ધનરાવ હાજર રહયા હતાં, બંને પક્ષકારો મુંબઈ ખાતેના એન.આઈ.સી. ના સ્ટુડીયોમાં હાજર રહેલ હતા તેમને સાંભળવામાં આવ્યા.

❖ કોઈ વ્યક્તિના મૃત્યુ થવાની બાબત એ સામાન્ય રીતે વ્યક્તિની અંગત માહિતીનો પ્રકાર ગણાય. તેથી જાહેર માહિતી અધિકારીએ પ્રસ્તુત કેસમાં આત્મહત્યા કરેલ કર્મચારીઓના નામ અને તેના કુટુંબની અન્ય વિગતો આપવાની કાયદાની જોગવાઈ મુજબના પાડી છે તે યોગ્ય રીતે ના પાડેલ છે તેવું અમને લાગે છે.

❖ **મૃત્યુ પામનારના કુટુંબના સભ્યોને પણ સમાજમાં ગૌરવપૂર્વક જીવવાનો અધિકાર છે. આત્મહત્યા કરીને મરનારના કુટુંબીજનોની વિગતો જાહેર કરવી અને જાહેરમાં તેની ચર્ચાઓ કરવી એ બાબત કુટુંબના સભ્યોના અંગત જીવનમાં આક્રમણ કરવાની બાબત ગણી શકાય. વળી આવી વિગતો જાહેર કરવી એ ખુદ મરનારનું પણ અપમાન છે.**

❖ તેથી જાહેર માહિતી અધિકારીએ કલમ-8(1)(j) ધ્યાને લઈ વ્યક્તિગત માહિતી હોઈ કાયદાની જોગવાઈ મુજબ નકારેલ છે તે નિર્ણયમાં કશું જ ખોટું નથી.

❖ અરજદારે રજુઆત કરી કે પ્રથમ અપીલ અધિકારીએ તેમને સાંભળ્યા વગર અપીલનો નિકાલ કરેલ છે જે અંગે આયોગે જણાવ્યું કે ખરેખર પ્રથમ અપીલ અધિકારીએ હુકમ કરતાં પહેલા અરજદારને સાંભળવાની તક અચૂક આપવી જોઈએ.

❖ અપીલનો આ પ્રમાણે નિકાલ કરવામાં આવ્યો.

## કેસ નંબર-૪૬

**માહિતી અધિકાર કાયદાનો દુરુપયોગ**

**કેન્દ્રિય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી**
**ઓ. પી. કેજરીવાલનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(9)**
**અપીલ નં. CIC/OK/C/2007/00362 & 367**
**હુકમની તારીખ : ૦૫-૦૧-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

### (૧) કેસની વિગત

- અરજદારનું નામ : શ્રી ઉમા કાન્તિ અને શ્રી રમેશચંદ્ર, ગૌતમબુધ્ધ નગર દિલ્હી
- જાહેર માહિતી અધિકારી :
- જાહેર સત્તા મંડળ : નવોદય વિદ્યાલય સમિતિ, ન્યુ દિલ્હી
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૨૨-૦૪-૨૦૦૭ ની બે અરજીઓ થી નવોદય વિદ્યાલય સમિતિના જાહેર માહિતી અધિકારી પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી. જેમાં ૨૦૦ કરતાં પણ વધારે બાબતો અંગેની માહિતી/દસ્તાવેજો અને તા.૧૮-૦૪-૨૦૦૭ ની બીજી અરજીમાં ૧૪૯ જેટલા મુદ્દાઓની જુદીજુદી બાબતોને લગતી માહિતી માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ** :

જાહેર માહિતી અધિકારીએ તેમની આ અરજીઓ અંગે કોઈ પ્રતિભાવ આપેલ ન હતો.

- **ફરિયાદ અંગેની વિગતો :**

અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રતિભાવ ન મળતાં કેન્દ્રિય માહિતી આયોગમાં તા.૨૪-૦૭-૨૦૦૭ અને તા.૨૫-૦૭-૨૦૦૭ થી ફરિયાદ કરેલ હતી.

- **સુનાવણી દરમિયાન જાહેર માહિતી અધિકારીની રજુઆત :**

તા.૧૨-૧૨-૨૦૦૭ ની કેન્દ્રીય માહિતી આયોગ દ્વારા રાખવામાં આવેલ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને જોઈન્ટ કમિશનરશ્રી એમ.એસ. ખન્ના તથા મદદનીશ કમિશનરશ્રી મણીકુંતલ સરકારે હાજર રહીને રજુઆત કરેલ. તેમણે જણાવ્યું કે અરજદારે તા.૧૯-૦૩-૨૦૦૭ ની જે અરજીનો ઉલ્લેખ કર્યો છે તે તેમને મળેલ ન હતી તેમજ આ અંગે કોઈ નિયત થયેલ ફી પણ મળેલ નથી. તેમ છતાં આ યુગલે ઘણી સંખ્યામાં અરજીઓ કરીને માહિતી માંગેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ જણાવ્યું અને આયોગે પણ ખરેખર જોયું કે આ યુગલે કરેલી અરજીઓ કુલ-૧૮૮ પાનાની થાય છે અને તેમાં ૩૭૫ મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ છે. વધુમાં તેમણે ૧૪૧ પત્રકોમાં માહિતી આપવા માટે અરજી સાથે બીડયાં હતાં અને

અરજદારે માંગેલ માહિતી છેલ્લા ૨૦ વર્ષની માહિતીઓ હતી. જેમાં હજારો કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલો, તેમણે લીધેલા સ્કૂટર એડવાન્સ, તેમને એલોટ થયેલ સ્ટાફ કવાર્ટસ, જુદીજુદી સ્કૂલોના ટાઈમટેબલ, ૧૯૯૬ ના વર્ષથી અત્યાર સુધી તમામ અધિકારીઓને કરવામાં આવેલા ચુકવણાની વિગતો, ૧૯૯૬ થી અત્યાર સુધીના કોર્ટ કેસ વગેરે.....વગેરે..... વગેરેનો સમાવેશ થાય છે.

- **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ અને નિર્ણય :**

સદર કેસમાં અરજદારે (પતિ-પત્ની) માંગેલી વિગતો અન્વયે છણાવટ કરી અભ્યાસ કરતાં આયોગે જણાવ્યું કે, અરજદારની એટલે કે શ્રી રમેશચંદ્ર જેઓ નવોદય વિદ્યાલય સમિતિના કર્મચારી હતા. તેમની મુઝફરનગર થી ગાઝીયાબાદ બદલી થવાને કારણે અને પછી કેટલાક વહીવટી કારણોનો લીધે પાછી ગાઝીયાબાદ બદલી થયેલ અને **તેના કારણે એક બદલાની ભાવનાથી આવી માહિતીઓ માંગેલ.**

આયોગે પણ નોંધ્યુ છે કે બદલી બાબતે અરજદારની ટ્રીબ્યુનલમાં ગયા હતા અને ટ્રીબ્યુનલના ચુકાદાને આધીન અન્ય શિક્ષકોની જેમ તેમને પણ પાછા મૂળ જગ્યાએ બદલીને મૂકવામાં આવેલ.

ત્યારબાદ અરજદારે હાઈકોર્ટે તેમજ અનુસુચિત જાતિઓ માટેના રાષ્ટ્રીય આયોગ તેમજ કેન્દ્રીય માહિતી આયોગમાં રજુઆત કરી. હાઈકોર્ટે અરજદારને પોતાની બદલી અંગેના અસંતોષ બાબતે સંબંધિત કમિશનરને મળવા પણ જણાવેલ અને કોર્ટે રીટ ૬-૧૧-૨૦૦૭ થી રદ કરી હતી.

**અરજદારની અરજી સંદર્ભે કેન્દ્રીય માહિતી આયોગ નોંધે છે કે, ''માહિતી અધિકાર અધિનિયમનો ખરાબમાં ખરાબ દુરુપયોગ કરતો હોય તેવો આવો કેસ કદાચ આ બેંચ સમક્ષ આવ્યો છે'' કેન્દ્રીય માહિતી આયોગ જાહેર માહિતી અધિકારીને આદેશ કરે છે કે આ અરજદાર અને તેમના પત્ની દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જે અરજીઓ કરી છે તેને લક્ષમાં ન લે કારણ કે એક કર્મચારી કે જેને પોતાની સંસ્થા સામે કોઈ અસંતોષ/ફરીયાદ હોય તો તેનો બદલો લેવા માટે માહિતી અધિકારના કાયદાનો ઉપયોગ કરવાના સાધન તરીકે કરી શકે નહી. પ્રસ્તુત કેસ કાયદાની એક જોગવાઈનો ઉપયોગ કરીને કાયદાની હાંસી ઉડાવતા હોય તેવો કાયદાની અવમાનના કરતો કેસ છે.**

વધુમાં આયોગે આ કેસને અન્ય એક કેસ ફકીરચંદ વિરુધ્ધ વેર્સ્ટન રેલ્વે બિકાનેર (**No. CIC/OK/A/2007/00951**) જેવો ગણીને, એવી લાગણી વ્યકત કરી છે કે જે અરજદારો માહિતી અધિકારના કાયદાનો બેશરમ થઈને દુરુપયોગ કરે છે તેમને માટે શિક્ષાત્મક પગલાં લેવાની આ કાયદામાં જોગવાઈઓ કરવાની જરૂરીયાત બતાવે છે અને આયોગે એ પ્રમાણે હુકમ કર્યો છે.

## કેસ નંબર-૪૭

**સંબંધિત જાહેર માહિતી અધિકારીને અરજી કરવા અંગે અને અરજી તબદીલ કરવા બાબત**

**કેન્દ્રિય માહિતી આયોગની લાર્જર બેન્ચના ત્રણ કમિશનરશ્રીઓ મુખ્ય માહિતી કમિશનરશ્રી શ્રી વજાહત હબીબુલ્લાહ, શ્રી એ. એન. તિવારી અને શ્રી શૈલેષ ગાંધીનો સંયુકત ચુકાદો**
**લાગુ પડતી કલમ : 6(1), 6(3), & 2(f)**
**અપીલ નં. CIC/AT/A/2008/01280**
**હુકમની તારીખ : ૨૨-૦૯-૨૦૦૯**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩૫**

### (૧) કેસની વિગત

- અરજદારનું નામ : શ્રી કેતન કાન્તિલાલ મોદી
- જાહેર માહિતી અધિકારી :
- જાહેર સત્તા મંડળ : સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ અને કસ્ટમસ
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૩૦-૦૬-૨૦૦૮ ના પત્રથી જાહેર માહિતી અધિકારી પાસેથી જુદા જુદા-૧૨ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જેમાં કેટલાક મુદ્દાઓ વિશે એટલે કે ૩૪૦૮ બલ્ક મેઈલ હેન્ડલર્સની વિગતો જેમાં સર્વિસ ટેક્ષની રીકવરી, તે અંગેની સંખ્યા, તેમને ઈસ્યુ કરવામાં આવેલ કારણદર્શક નોટીસની માહિતી તા.૦૧-૭-૦૩ થી તા.૧૫-૦૬-૨૦૦૫ સુધીની સમગ્ર દેશની કમિશનર ઓફિસને લગતી માંગી હતી. કેટલાક મુદ્દાઓમાં તેમના વિરુધ્ધ લેવાયેલ એકશન, અથવા તેમનાં વિરુધ્ધ એકશન લેવાયા નથી તો તેના કારણો તેમજ બોર્ડ દ્વારા કરવામાં આવેલા બીઝનેસ ઓકસીલીયરી સર્વિસીસ અને બલ્કમેઈલ હેન્ડલર્સ/આઉટ સોર્સીગ એજન્ટસના એસેસમેન્ટ અંગેના બોર્ડના અભિપ્રાયની નકલો વિગેરે..... વિગેરે..... નો સમાવેશ થતો હતો.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ** :

સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ એન્ડ કસ્ટમસના જાહેર માહિતી અધિકારીએ તેમના તા.૨૪-૦૭-૨૦૦૮ ના રોજથી માહિતી આપેલ. જેમાં મુખયત્વે બોર્ડ દ્વારા તેમના અભિપ્રાયો અંગેની માહિતી પુરી પાડવામાં આવેલ. પરંતુ બાકીના મુદ્દાઓ વિશેની માહિતી ભારત સરકારશ્રીના ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેઈનીંગ ન્યુ દિલ્હીના તા.૧૨-૦૬-૨૦૦૮ ની કચેરી યાદીનો ઉલ્લેખ કરીને (સાથે આ કચેરી યાદીની નકલ પણ મોકલેલ) અને તેમાં આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈ માંગેલ માહિતી સંબંધિત જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તેમની પાસેથી મેળવી લેવા જણાવેલ હતું.

- **પ્રથમ અપીલની વિગતો :**

જાહેર માહિતી અધિકારીના જવાબથી અસંતુષ્ટ થતાં અરજદારે તા.૦૭-૦૮-૦૮ થી પ્રથમ અપીલ કરી. જેનો પ્રથમ અપીલ અધિકારી દ્વારા તા.૦૩-૦૯-૦૮ થી નિકાલ કરવામાં આવ્યો. **જેમાં મુખ્યત્વે સૂર એ હતો કે અરજદારે કલમ-૬(૧) હેઠળ સંબંધિત જાહેર સત્તા મંડળને**

**<u>અરજી કરીને જેની પાસે ઉપલબ્ધ છે ત્યાંથી માહિતી મેળવવા સંપર્ક કરવો જોઈએ.</u>**

- **બીજી અપીલની વિગત :**

તા.૦૩-૦૯-૦૮ ના હુકમની સામે કેન્દ્રિય માહિતી આયોગમાં બીજી અપીલ તા.૧૦-૦૯-૦૮ ના રોજ કરી જેની તા.૨૩-૦૩-૦૯ ના રોજ કમિશનર શ્રી એ. એન. તિવારી દ્વારા કરવામાં આવી અને તેજ દિવસે હુકમ કરવામાં આવ્યો.

- **કેન્દ્રીય માહિતી આયોગનો નિર્ણય (સીંગલ બેંચ-શ્રી એ. એન. તિવારી)**

કેન્દ્રીય માહિતી આયોગે જાહેર માહિતી અધિકારીને, જેના નિયંત્રણ હસ્તક માહિતી હતી તેવા તમામ જાહેર સત્તામંડળોના જાહેર માહિતી અધિકારીઓના ઈ-મેઈલ આઈડી આપવા માટે આદેશ કર્યો. જેથી કાયદાની કલમ-૬(૧) મુજબ અરજદાર તેમની સાથે સંપર્ક કરીને માહિતી માંગવા માટે અરજી કરી શકે.

વધુમાં અરજદાર અને જાહેર સત્તા મંડળના જાહેર માહિતી અધિકારીની રજુઆતો ધ્યાને લઈ શ્રી એન. તિવારીની સીંગલ બેંચ દ્વારા આ કેસ કમિશનની લાર્જર બેંચ સમક્ષ કાયદાની કલમ-૬(૧) અને ૬(૩) ના નિર્ણય સારૂ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો.

- **કેન્દ્રીય માહિતી આયોગની ફુલ બેંચ/લાર્જર બેંચના નિરીક્ષણો અને નિર્ણય :**

તા.૩૧-૦૭-૨૦૦૯ ના રોજ અરજદારને મુંબઈ ખાતેના નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર મુંબઈથી વીડીયો કોન્ફરન્સીંગ દ્વારા સાંભળવામાં આવ્યા. પ્રતિવાદીઓ દિલ્હી ખાતેની ઓફિસમાં હાજર હતા.

આ બેંચમાં આયોગે અરજદારને જણાવ્યું કે સીંગલ બેંચના નિર્ણયની ઉપર અપીલ સાંભળવા બોલાવવામાં આવી નથી. અરજદારે મોકલી આપેલ લેખિત રજુઆત સીંગલ બેંચના નિર્ણયની સામે પ્રશ્નો સ્વરૂપની હતી. ખરેખર કેટલાક અગત્યના મુદ્દાઓ વિશે લાર્જર બેંચને કેસ સુપ્રત કરવામા આવેલ છે.

- **કેન્દ્રીય માહિતી આયોગની લાર્જર બેંચનું નિરીક્ષણ :**

આયોગે અરજદારે માંગેલ ૧૨ મુદ્દાની માહિતી અને તેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુતરમાં ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગના ઓફિસ મેમો સંદર્ભે આ ચુકાદામાં ઉલ્લેખ કરીને કાયદાની કલમ-૬(૧) અને ૬(૩) ને અક્ષરશ : લખીને તે વિશે છણાવટ કરી. તેમજ જાહેર માહિતી અધિકારીએ આ યાદી (૧૨-૦૬-૨૦૦૮) મુજબ કલમ-૬(૩) હેઠળ અરજદારની અરજી બીજા જાહેર સત્તા મંડળોને તબદીલ કરવાની થતી નહોતી. અને સાથે સાથે જો તેમની પાસેથી મેળવીને આપવા વિચારવામાં આવે તો તે સંખ્યાબંધ જાહેર સત્તામંડળો હોવાને કારણે મેળવીને આપવામાં આવે તો તે માહિતી ઉભી કરી (ક્રિએટ) કહેવાય. પણ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ મુજબ માહિતી મેળવીને આપવી તે કાયદાના કાર્યક્ષેત્રની બહાર છે. એટલે કે આ યાદી મુજબ જાહેર સત્તામંડળ પાસે જે માહિતી ઉપલબ્ધ છે તેજ આપવાની છે. અને જયારે કેટલાક અન્ય જાહેર સત્તામંડળોને લગતી માહિતી હોય ત્યારે તે

જે સત્તામંડળો પાસે પડી હોય તેવા સંબંધિત જાહેર સત્તામંડળો પાસેથી અલગ અલગ અરજીઓ કરીને માહિતી મેળવી લેવા સલાહ આપવી જોઈએ.

- **અરજદારની રજુઆત :**

ભારત સરકારના ૧૨-૦૬-૦૮ ના ઓફિસ મેમોને પડકારીને એવી રજુઆત કરી કે આ યાદીમાં કરવામાં આવેલ જોગવાઈઓ કાયદાની જોગવાઈઓની ઉપરવટ જઈ શકે નહી, અને આ યાદીમાં માહિતી અધિકારના કાયદાની કલમ-૬(૧) અને ૬(૩) નું ખોટું અર્થઘટન કરવામાં આવેલ છે અને એવી રજુઆત કરેલ છે કે ડી.ઓ.પી.ટી. દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ યાદી રદ કરવામાં આવે અથવા સુધારવામાં આવે. તેમણે એવી પણ રજુઆત કરી કે આ યાદી Bad in Law છે.

વધુમાં અરજદારે કરેલ રજુઆતમાં તેઓ એમ જણાવે છે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ એન્ડ કસ્ટમ્સ એ ભારત દેશની નોડલ એજન્સી ગણાય અને તમામ ફીલ્ડની કચેરીઓ દ્વારા તેમને અહેવાલો મોકલી આપવામાં આવતા હોય તેથી તેમની પાસે બધી માહિતી ઉપલબ્ધ હોય તેમ માનીને અરજદારે સંબંધિત જાહેર સત્તામંડળ ગણીને અરજી કરી છે અને છતાં તેમની પાસે ન હોય તો તેમણે સંબંધિતને તબદીલ કરવી જોઈએ.

ઉપરાંત અરજદારે એવી પણ રજુઆત કરી કે જેમ લોકસભાના તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો માટે જે રીતે માહિતી મેળવવામાં આવે છે અને લોકસભામાં રજુ કરવામા આવે છે તેવી પધ્ધતિ મને માહિતી આપવામાં અપનાવવી જોઈતી હતી, અને ઈન્ટરનેટ અથવા ઈ-મેઈલનો ઉપયોગ કરી ઝડપી અરજીઓ તબદીલ કરવી જોઈએ. જાહેર માહિતી અધિકારી, પ્રથમ અપીલ અધિકારી તથા ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનીંગના ડાયરેકટર કે.જી. વર્મા કે જેમણે તા.૧૨-૦૬-૦૮ થી આ કેસમાં ઉલ્લેખ છે તે પરિપત્ર કર્યો છે તેમની સામે દંડનીય કાર્યવાહી કરવી એવી દાદ માંગી.

ઉપરાંત તેમણે ઈન્ફોર્મેશન ટેકનોલોજી કાયદો-૨૦૦૦ ની કલમ-(૪) પણ ધ્યાને લેવી અને કેટલીક અતિ આવશ્યક (**vital**)માહિતી જાહેર જનતાના હિત માટે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીએ નિયંત્રણ રાખવા જરૂરી કરવું જોઈએ એવી પણ દાદ માંગેલ.

- **લાર્જરબેંચના આયોગના નિરીક્ષણ અને નિર્ણય :**

**૧) માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) વાંચતા કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે કે-**

જો અરજદારે કરેલ અરજી 'સંબંધિત જાહેર સત્તામંડળ' ને કરવામાં આવી નથી એવું ફલિત થાય તો તે માહિતી મેળવવા માટેની અરજી કરવા અંગે યોગ્ય લાયક ઠરતી નથી.

''સંબંધિત જાહેર સત્તા મંડળ'' શબ્દો એવું પ્રતિપાદિત કરે છે કે તે જાહેર સત્તામંડળ પાસે અરજદારે માંગેલ માહિતી ઉપલબ્ધ હોવી જોઈએ એટલે કે કલમ-6(1) અને કલમ-2(j) સાથે સમજીને વાંચવામાં આવે (કલમ-2(j) માહિતી ઉપલબ્ધ હોય) અથવા જાહેર સત્તા મંડળના નિયંત્રણ હેઠળ હોય) તો સંબંધિત જાહેર સત્તા મંડળ'' શબ્દ સ્પષ્ટ થાય છે.

કલમ-૬(૩) જોતાં તે ત્યારે જ લાગુ પડે જયારે અરજી ૬(૧) મુજબ યોગ્ય રીતે સંબંધિત જાહેર સત્તા મંડળને કરવામાં આવી હોય. એટલે કે અરજદાર લાગુ ન પડતા હોય તેવા જાહેર સત્તામંડળને અરજી કરી શકે નહી. મતલબ કલમ-૬(૩) મુજબ જાહેર માહિતી અધિકારીને અરજી કરી શકાય નહી.

એવું તારણ કાઢી શકાય કે કલમ-૬ એવું સમજાવે છે કે અરજદારે કાળજી રાખીને ૬(૧) મુજબ જયાં માહિતી ઉપલબ્ધ હોય ત્યાં અરજી કરવી જોઈએ. એટલે કે જાહેર માહિતી અધિકારી માટે ૬(૩) એ કલમ-૬(૧) નો અપવાદ છે. એટલે કે અરજદાર એમ સમજીને શુભ હેતુથી એવું વિચારીને અરજી કરે છે કે તે જાહેર સત્તામંડળ પાસે માહિતી હશે. પરંતુ તેમ ન હોય તો જાહેર માહિતી અધિકારીએ ૬(૩) મુજબ અરજદારને મદદ કરીને લાગુ પડતા સંબંધિત અન્ય જાહેર સત્તામંડળને તબદીલ કરી શકે.

પ્રસ્તુત કિસ્સામાં અરજદારને જાણ હતી કે માંગવામાં આવેલ માહિતી સેન્ટ્રલ એકસાઈઝ ડીપાર્ટમેન્ટના મુખ્ય કમિશનર અને કમિશનરની કચેરીઓ ખાતે ઉપલબ્ધ હતી. તેમ છતાં જુદા જુદા લાગુ પડતા જાહેર સત્તામંડળોને અરજીઓ કરવાને બદલે કલમ-૬(૧) ને કલમ-૬(૩) સાથે વાંચીને એકજ જાહેર સત્તામંડળને અરજી કરી.

અરજદારની રજુઆત પ્રમાણે સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ એન્ડ કસ્ટમ નોડલ ઓફિસ છે જેથી તેમની પાસે માહિતી હોવી જોઈએ એ દલીલ ટકી શકે એમ નથી કારણ કે કાયદાની કલમ-2(h) પ્રમાણે એ જાહેર સત્તામંડળ છે. એ એક જાહેર સત્તામંડળને અરજદારની અનુકૂળતા માટે વૈદ્યાનિક મર્યાદા ઓળંગવા માટે દબાણ કરી ન શકાય.

❖ તેથી અમે એ તારણ ઉપર આવીએ છીએ કે અરજદાર જે જાહેર સત્તામંડળ પાસે માહિતી ઉપલબ્ધ હોય {કલમ-2(j)} તેવા સંબંધિત જાહેર સત્તામંડળને કલમ-૬(૧) હેઠળ અરજી કરવા માટે બંધાયેલ છે.

૧) અરજદારની અરજી બીજા જાહેર સત્તામંડળને કલમ-૬(૩) હેઠળ તબદીલ કરવાનો નિર્ણય લેવાની બાબત જાહેર માહિતી અધિકારીના સંબંધિત માહિતી માટેની અરજી અન્વયેના સંજોગોને આધીન છે. આવા સંજોગો જુદીજુદી અરજીઓ કે જુદાજુદા પ્રસંગોમાં જુદાજુદા હોઈ શકે અને તે બાબત પૂર્વનિર્ણીત થઈ શકે નહી. એટલે કે કોઈક કિસ્સામાં એક જાહેર સત્તામંડળને (અહી સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ એન્ડ કસ્ટમ્સ) માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી મળે અને તેની પાસે માહિતી ન હોય તો તે માંગેલ માહિતી ધરાવતા નથી. તેથી તે સંબંધિત જાહેર સત્તામંડળ નથી તે પ્રમાણે જણાવી શકે અને વિકલ્પે અરજદારને મદદરૂપ થવા સંબંધિત જાહેર સત્તામંડળ પાસે માહિતી હોવાનું જાણમાં હોય તેવા જાહેર સત્તામંડળને તબદીલ કરવાનો એટલે કે અરજીની વિગતો અને સંજોગો મુજબ જાહેર માહિતી અધિકારી આવો નિર્ણય લઈ શકે અને આવા નિર્ણયને અરજદાર હક તરીકે દાવો કરી શકે નહી. જાહેર સત્તામંડળ તબદીલ કરવાનો વિકલ્પ પસંદ કરી શકે.

૨) પ્રસ્તુત કેસમાં અરજદારે એવું સુચન કર્યુ છે કે જાહેર માહિતી અધિકારી તેમના હસ્તકની અન્ય જાહેર સત્તામંડળને અરજી ઈન્ટરનેટ-ઈ-મેઈલથી તબદીલ કરી શકે. પણ અમારા અભિપ્રાય મુજબ જાહેર માહિતી અધિકારી આ રીતે કલમ-૬(૩) હેઠળ સરળતાથી અને બહુ ઓછા ખર્ચે તબદીલ કરી શકે.

૩) તેથી અમો સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ અને કસ્ટમ્સના જાહેર માહિતી અધિકારીને આદેશ કરીએ છીએ કે આ હુકમ મળ્યાની તારીખથી બે અઠવાડીયામાં તેમના નિયંત્રણ હસ્તકની કચેરીઓના જાહેર સત્તામંડળ પાસે માહિતી ઉપલબ્ધ હોવાનું જાણમાં હોય તેવા જાહેર સત્તામંડળને અરજદારની અરજી તબદીલ કરવી.

૪) જો માહિતીના પ્રકાર જોતાં, સદર માહિતી કોની પાસે ઉપલબ્ધ છે તે બાબત ચોકકસ જાણકારી ન હોય તો અરજદારને કાયદાની જોગવાઈઓ મુજબનો યોગ્ય જવાબ આ હુકમ મળ્યાની બે અઠવાડીયામાં કરી દેવો.

૫) વધુમાં એવો પણ આદેશ કરવામાં આવે છે કે જો જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારની અરજી ઈલેકટ્રોનીકલી તબદીલ કરવામાં આવે તો જેને અરજી તબદીલ થઈને મળે તેવા જાહેર સત્તામંડળોએ જાણે કે તેમને કલમ-૬(૧) હેઠળ સ્વતંત્ર અરજી મળી છે તે મુજબ તે રીતે ગણીને કાયદાની જોગવાઈઓ મુજબ જરૂરી તમામ ફી, અરજી ફી, સહિત, વસૂલ કરવાની રહેશે.

૬) અરજદારની ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગના ઓફિસ મેમો તા.૧૨-૦૬-૦૮ સંદર્ભે કરેલી રજુઆત અંગે તેમાં જણાવેલી કોઈ બાબત ન્યાયિક રીતે ધ્યાને લેવાની આયોગની જવાબદારી બનતી નથી. એક વખત આયોગે કોઈ જોગવાઈ સંદર્ભે હુકમ કર્યા પછી કોઈ મીનીસ્ટ્રી અથવા ડીપાર્ટમેન્ટ અથવા જાહેર સત્તામંડળે કરેલા કોઈપણ પરિપત્ર/યાદીમાં ગમે તે મજકૂર હોય તે છતાં આયોગનો હુકમ અમલમાં રહે છે. (**It holds**)

૭) અમારા અભિપ્રાય મુજબ જાહેર માહિતી અધિકારી, પ્રથમ અપીલ અધિકારી અથવા ડી.ઓ.પી.ટી.ના કોઈ ઓફિસર વિરુધ્ધ કલમ-૧૮ મુજબ કોઈ દંડનીય કાર્યવાહી હાથ ધરવાનું જરૂરી જણાતું નથી.

૮) પ્રસ્તુત કેસમાં અરજદારે સંબંધિત જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારી માટે 'બદઈરાદો' ''વીધાઉટ એપ્લીકેશન ઓફ માઈન્ડ'' એવા શબ્દો વાપર્યા છે તે સમગ્ર રીતે અપમાનજાક અને અનિચ્છનીય રજુઆત છે. અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકાર કાયદાની જોગવાઈઓ મુજબ ઉત્તમ નિર્ણય લીધેલ છે. ફકત અરજદારની વિચારધારાને અનુરૂપ ન હોવાને કારણે તેમના નિર્ણયો બદઈરાદાપૂર્વકના કે બેપરવાહ ગણી શકાય નહી.

૯) ઉપર મુજબના હુકમો કરી બાબતનો નિકાલ કરવામાં આવે છે.

**કેસ નંબર-૪૮**

**કાયદો અને નિયમો સ્વયં ''માહિતી'' છે અને જાહેર રીતે ઉપલબ્ધ છે જે દેશના તમામ નાગરિકો મેળવી શકે છે.**

**કેન્દ્રિય માહિતી આયોગના કમિશનરશ્રી એ. એન. તિવારી નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f)**
**અપીલ નં. CIC/AT/A/2006/00185, તારીખ ૧૮-૦૯-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૫**

## (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : રાકેશકુમાર ગુપ્તા, દિલ્હી
- જાહેર માહિતી અધિકારી : શ્રી આર. વી. વિશ્વાસ
  ઈન્કમટેક્ષ એપેલેટ ટ્રીબ્યુનલ (**ITAT**) ન્યૂ દિલ્હી
- જાહેર સત્તા મંડળ : ઈન્કમટેક્ષ અપેલેટ ટ્રીબ્યુનલ
- માંગેલ માહિતીની વિગત :

તા.૨૧-૧૦-૨૦૦૫ ની બે અરજીઓ અન્વયે અરજદારે પ્રથમ અરજીમાં જુદાજુદા બાર મુદ્દાઓની માહિતી માંગેલ. તેમાં મુખયત્વે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમાં પેન્ડીંગ કેસો, નિર્ણીત કેસો વગેરેના ઈન્સ્પેકશન કરવા અંગેના ઈન્કમટેક્ષ અપેલેટ ટ્રીબ્યુનલના નિયમો મુજબ ફીના દરો શું છે? આ નિયમોમાં કેટલાક નિયમોનો ઉલ્લેખ છે તે નિયમોં શું સાચા છે? કયાં સંજોગોમાં ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલના પ્રમુખ અથવા બેંચ મેમ્બર તપાસ પ્રક્રિયામાં ભાગ ભજવી શકે? કયા સંજોગોમા બેંચ સ્ટાફે રજીસ્ટ્રારની મંજુરી હોવા છતાં ઈન્સ્પેકશન કરવા માટે સ્ટાફ મેમ્બરે પરમીશન આપી નથી? બેંચ મેમ્બર શા માટે રજીસ્ટ્રારની કચેરી કામગીરીમાં ચંચુપાત કરે છે? શ્રી રાકેશ ગુપ્તાને તમે તમારા નિણર્યના કારણો જણાવ્યા છે/ જો જણાવ્યા હોય તો નકલ આપો. અરજદારે તેમની બીજી અરજી દ્વારા અરજદારે મુખ્યત્વે કરીને ઈન્કમટેક્ષ અપેલેટ ટ્રીબ્યુનલની સત્તાઓ અને કાર્યો વિશેના પ્રશ્નો સ્વરૂપે માહિતી માંગેલ, જેવી કે, આખરી સુનાવણી થયા પછી નિર્ણય જાહેર કરવા માટે કોઈ છેલ્લી તારીખ નિયત થયેલ છે? બેંચ દ્વારા નિર્ણય લેવાયેલ છે? મોડો નિર્ણય લેવાના કારણો શું? જો આટલું મોડું થયું હોય તો નિર્ણયની ગુણવત્તા પર અસર પડે કે કેમ? શ્રી રાકેશકુમાર ગુપ્તાનો ચોકકસ વિગતો વાળો પ્રત્ર મળ્યો છે? વિગેરે.

- **જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ :**

૧) જાહેર માહિતી અધિકારી દ્વારા ઈન્સ્પેકશન ફી અંગેના મુદ્દાઓ પરત્વે જણાવેલ કે અપેલેટ ટ્રીબ્યુનલ નિયમો-૧૯૬૩ ના ૫૦(૧) અને ૫૦(૩) માં ફી અને તે અંગેની પ્રક્રિયાઓ કે દસ્તાવેજો મેળવવા માટેના નિયમો દર્શાવ્યા છે તે મુજબ અરજી કરીને દસ્તાવેજો મેળવી શકે છે. બીજું નિયમોમાં રજીસ્ટ્રારની કામગીરી અંગેના સ્પષ્ટ નિયમો હોવા છતાં અરજદારે આ નિયમોનું સ્પષ્ટીકરણ (અર્થઘટન) માંગેલ છે જે આપવાની જાહેર સત્તામંડળની ફરજમાં આવતું નથી. અરજદારે માંગેલ માહિતી નિયમોમાં સ્પષ્ટરીતે સમાવિષ્ટ છે. અન્ય મુદ્દાઓ રજીસ્ટ્રાર ઓફિસે કરેલ કામગીરી ટ્રીબ્યુનલના હુકમ મુજબ કરવામાં આવેલ છે તેમ

જણાવેલ અને ટ્રીબ્યુનલનો હુકમ ક્વોસી જયુડીસીયલ છે જ. તેથી જાહેર માહિતી અધિકારીએ કોઈ અન્ય માહિતી આપવાની રહેતી નથી. તેમ છતાં શ્રી ગુપ્તા ટ્રીબ્યુનલ નિયમો-૧૯૬૩ માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરીને જરૂરી દસ્તાવેજો મેળવી શકે છે તેવો પ્રત્યુતર આપવામાં આવેલ.

૨) બીજી અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીએ જયાં જરૂરીયાત હતી તે મુજબના પ્રશ્નોના જવાબો આપીને કાયદા મુજબની પરિસ્થિતિ સમજાવેલ છે. કેટલાક પ્રશ્નો વ્યાખ્યામાં જ આવતા નથી. તેથી માન્ય ઠરતા નથી. ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ એક અર્ધન્યાયિક સંસ્થા છે તેની સત્તાઓ અંગે અને તે કઈ રીતે વાપરે છે તેની માહિતી આપવાની રહેતી નથી.

## (૩) <u>કેન્દ્રીય માહિતી આયોગમાં અપીલની વિગત</u>

- **અરજદારની રજુઆત :**

અરજદાર તેમને મળેલ પ્રત્યુતરથી અસંતોષ થતાં કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ અપેલેટ ટ્રીબ્યુનલ નિયમો-૧૯૬૩ ના ૫૦(૧) તથા ૫૦(૩) અને ત્રાહિત વ્યકિતની માહિતી મેળવવા માટેના નિયમોનું અર્થઘટન મેળવવા માટે અપીલ કરેલ અને બીજી અરજી મુજબ પણ મુખ્યત્વે ટ્રીબ્યુનલની સત્તાઓ અંગેનું અર્થઘટન ન મળતાં તેમણે અપીલ કરેલ.

(૧) અરજદારની રજુઆત જોતાં એવું જણાય છે કે શ્રી ગુપ્તાને ટ્રીબ્યુનલ તરફથી મળેલો હુકમ યોગ્ય છે. આયોગ જણાવે છે કે શ્રી ગુપ્તા અપેલેટના ટ્રીબ્યુનલના નિયમો મુજબ જે માહિતી જોઈએ તે માટે અલગથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને માગી શકે છે. અપીલ ફેસલ કરવામાં આવે છે. (Reject)

બીજી અરજી અન્વયે શ્રી ગુપ્તાએ ટ્રીબ્યુનલના હુકમ અંગે શ્રી ગુપ્તાએ ટ્રીબ્યુનલની સત્તાઓ વિશેનું અર્થઘટન કરવાની માંગણી કરેલ છે.

## (૨) <u>કેન્દ્રીય માહિતી આયોગનો હુકમ :</u>

ઉપર્યુકત બન્ને અરજીઓ અન્વયે આયોગ આથી નીચે મુજબનો હુકમ કરે છે. **<u>આવું પ્રથમવાર બન્યું છે કે કોઈ અરજદારે કાયદો/નિયમોનું અર્થઘટન પુછયું હોય અને એક અર્ધન્યાયિક સંસ્થા (ITAT) ની સત્તાઓ વિશેના અર્થઘટન અંગે માહિતી માંગી હોય. પરંતુ કોઈ કાયદો અથવા નિયમોનું માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ હેઠળ અર્થઘટન કરવું સંપૂર્ણ રીતે અયોગ્ય છે. તેથી સ્પષ્ટ કરવામાં આવે છે કે કાયદો અને નિયમો સ્વયં ''માહિતી'' છે અને જાહેર રીતે ઉપલબ્ધ છે જે દેશના તમામ નાગરિકો મેળવી શકે છે. બંને અપીલ રદ કરવામાં આવે છે. તેથી આવા હેતુઓ માટે માહિતી અધિકાર અધિનિયમનો ઉપયોગ કરી શકાય નહી.</u>**

## કેસ નંબર-૪૯

**જથ્થાબંધ માહિતીઓ માંગીને તંત્રને ચીઢવવા/જાહેર સત્તામંડળને વહીવટમાં ગૂંચવાડા ઉભા કરવા અને માહિતી અધિકાર અધિનિયમની મજાક/મશ્કરી કરવા અંગે**

**કેન્દ્રીય માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી**
**ઓ. પી. કેજરીવાલ નો ચુકાદો**
**(લાગુ પડતી કલમ : 3 અને કાયદાનું આમુખ)**
**અપીલ નં. CIC/OK/A/2006/00605, હુકમની તારીખ ૩૦-૦૪-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : 3**

### (૧) કેસની વિગત

- અરજદારનું નામ : શ્રી શ્રીપાલ જૈન, પ્રદેશ અધ્યક્ષ, રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ કમીટી જયપુર
- જાહેર માહિતી અધિકારી
- જાહેર સત્તા મંડળ : રેલવે બોર્ડ
- માંગેલ માહિતીની વિગત

અરજદારે તા.૧૩-૦૭-૨૦૦૬ ના પત્રથી જાહેર માહિતી અધિકારી રેલ્વે બોર્ડ પાસેથી કુલ-૧૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જેમાં-

(૧) ભારતીય રેલ્વેના દરેક ડીવીઝનના દરેક ઝોનના એ અને બી ગ્રુપના સર્વિસ કરતાં તમામ કર્મચારીઓના નામ, હોદ્દા અને પગારધોરણે.

(૨) એ અને બી ગ્રુપનાં શિસ્ત અને અપીલ નિયમો મુજબ પેનલ બોર્ડ ઉપર હોય તેવા તમામ ઈન્કવાયરી ઓફિસર્સ કે જેઓ નિવૃત થઈ ગયેલા છે તેમની સંખ્યા.

(૩) એ અને બી ગ્રુપના નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ કે જેઓની સર્વિસ ભાડે લેવામાં આવી હોય તેવા તમામ ડીવીઝન અને તમામ ઝોનલના અધિકારીઓ નામ, હોદ્દો અને પગારના ગ્રેડની વિગતો

(૪) જેને ઈન્કવાયરી ઓફિસર તરીકે નોમીનેટ કરી શકાય તેવા એ અને બી ગ્રુપના નિવૃત કર્મચારીઓ માટેની ઉંમરની મર્યાદા

(૫) નોમીનેશન થયા પછી પેનલ ઉપરના ઈન્કવાયરી ઓફિસર તરીકે તેમણે કેટલો સમય કામ કર્યુ તેની વિગતો

(૬) રેલવે કર્મચારીઓ માટેના ડીસ્પ્લીનરી અને અપીલ નિયમો કોણે બનાવ્યા અને તેના અમલીકરણની તારીખ

(૭) જે હુકમને આધીન એ ને બી ગ્રુપના નિવૃત્ત કર્મચારીઓને ઈન્કવાયરી ઓફિસર તરીકે રાખી શકાય તે હુકમની નકલ અને આવી વ્યકિતઓને ઈન્કવાયરી ઓફિસરની નિમણુંક કરી શકે તેવા સક્ષમસત્તામંડળના હુકમો અંગે નકલ.

(૮) એ અને બી ગ્રુપના નિવૃત્ત કર્મચારીઓને નોકરીમાં રાખી શકાય તે અંગેના રાષ્ટ્રપતિશ્રીએ મંજૂર કરેલા હુકમની નકલ તથા તે મુજબના સુધારા અંગેનો ડીસ્પ્લીનરી અને અપીલ નિયમોના હુકમની નકલ.

(૯) સી ગ્રુપના નિવૃત્ત કર્મચારીઓને પેનલ ઉપરના ઈન્કવાયરી ઓફિસર તરીકે રાખવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી કે કેમ ?

(૧૦) જેમની ઈન્કવાયરી ઓફિસર તરીકે ઉછીની સેવા લેવા નિમણુંક કરવામાં આવી હતી તેવા પ્રિન્સીપાલ, ખાતાના વડા, જનરલ મેનેજર અને રેલવે બોર્ડના નિવૃત્ત થયેલા કર્મચારીઓની સંખ્યા.

(૧૧) એ અને બી ગ્રુપના નિવૃત્ત કર્મચારીઓની રેલવેમાં ઈન્કવાયરી ઓફિસર તરીકે મળેલ દરખાસ્તો જે ચર્ચામાં લેવામાં આવેલ હતી તે તમામની નકલો તથા તે અંગેના નિર્ણયો સક્ષમ સત્તાધિકારીએ લીધેલા હોય તેવી તમામ નોંધની અને નિર્ણયોની નકલો.

(૧૨) દરેક કિસ્સામાં એ અને બી ગ્રુપના નિવૃત્ત કર્મચારીઓને ઈન્કવાયરી ઓફિસર તરીકે કાર્યો કરવા માટે કેટલી રકમો ચૂકવવમાં આવી હતી? તેની વિગતો અને આવી રકમોનું ચૂકવણું કરવા માટેના એ, બી અને સી કર્મચારીઓને લાગુ પડતા હોય તેવા ધારાધોરણો (Criteria)

(૧૩) રેલવેમાંથી નિવૃત્ત થયેલા એ અને બી વર્ગના કર્મચારીઓ કે જેમની બીજી રેલવેમાં ઈન્કવાયરી ઓફિસર તરીકે નિમણુંક કરી શકાય અને તેમની સેવાઓ ઉછીની લઈ શકાય તે અંગેના હુકમની નકલ.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

પ્રસ્તુત કિસ્સામાં અરજદારે પ્રદેશ અધ્યક્ષ, રાજસ્થાન કોંગ્રેસ કમીટી તરીકે અરજી કરી હતી અને ભારતના નાગરિક તરીકે અરજી કરેલ ન હતી. તે બાબત ઘ્યાને લઈ એવું જણાવેલ કે ફકત ભારતના નાગરિકને જ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માંગવાનો અધિકાર છે અને તેથી માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર નિયમના-૨૦૦૫ ની કલમ-3 મુજબ આપી શકાય નહી. તેવો જવાબ તા.૧૯-૦૭-૨૦૦૬ ના રોજ આપેલ હતો.

- **પ્રથમ અપીલની વિગત :**

જાહેર માહિતી અધિકારીના જવાબથી સંતોષ ન થતાં અરજદારે તા.૧૯-૦૭-૦૬ નારોજ પ્રથમ અપીલ અધિકારીને અપીલ કરી હતી અને પછી તા.૧૪-૧૧-૨૦૦૬ થી કેન્દ્રીય માહિતી આયોગ, સમક્ષ બીજી અપીલ કરી હતી.

• **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ અને નિર્ણય :**

તા.૨૬-૦૪-૦૭ ના રોજ ડૉ. ઓ. પી. કેજરીવાલે કેસ સાંભળીને નીચે મુજબ નિર્ણય લીધો. સુનાવણીમાં શ્રી બી. એલ. મીના એકઝીકયુટીવ ડાયરેકટર (પીજી) અને જાહેર માહિતી અધિકારી હાજર રહયા હતા. અરજદારશ્રી શ્રીપાલ જૈન પોતે કે તેમના પ્રતિનિધિ સુનાવણી દરમિયાન હાજર રહયા નહોતા.

કેન્દ્રીય માહિતી આયોગે પ્રસ્તુત કેસની વિગતો આયોગના અગાઉના અન્ય એક કેસ (એટલે કે No. CIC/OK/A/2006/00268 ઓફ શ્રી એસ. કે. લાલ વિરુધ્ધ રેલવે બોર્ડ) ને સમાન પ્રકારનો છે તેમ જણાવી તે ચુકાદો આ કિસ્સામાં તેમજ બીજા અરજદારો આવી માહિતી માંગે ત્યારે ફરીથી લાગુ પાડવાનું નકકી કર્યુ અને જાહેર માહિતી અધિકારીને સાંભળીને માહિતી અંગેની પરિસ્થિતિનું બયાન સ્વીકાર્યુ અને નીચે જણાવ્યા પ્રમાણેનો એસ. કે. લાલના કિસ્સામાં આવેલ ચુકાદો કે જે પ્રસ્તુત કેસમાં પણ મહદ અંશે લાગુ પડે છે તે પ્રમાણે નિર્ણય લેવામાં આવ્યો.

‘‘આયોગને સ્વાભાવિક રીતે જ, અરજદારે માંગેલ જુદીજુદી માહિતીઓનું લાંબુ લીસ્ટ જોતાં સ્પષ્ટપણે એવું જણાય છે કે અરજદારે માંગેલ માહિતી એક મજાક-મશ્કરી કરતી અસંગત અને અર્થહીન છે. મોટાભાગે અરજદારે રેલ્વેની જુદીજુદી કેટેગરીના સ્ટાફને લગતી લગભગ તમામ રેકર્ડઝ ગણી શકાય તેવી રીતે માહિતી કે જેનો કોઈ અર્થ નીકળી શકે નહી તેવી રીતે માહિતી માંગીને માહિતી અધિકારના કાયદાનું જાણે મશ્કરી (અવમાનના) કરતું હોય તેવું લાગે છે. અને કમીશન એવું જણાવે છે કે માહિતી અધિકારના કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ વહીવટમાં પારદર્શિતા જવાબદેહી પણું નકકી કરવા તથા ભ્રષ્ટાચારને નિયંત્રણમાં મૂકવાનો મુખ્ય હેતુ પ્રસ્તુત કિસ્સામાં અરજદારે માગેલ વિવિધિ બાબતોને લગતી લાંબી માહિતીઓ માહિતી અધિકારના ઉપર જણાવેલ મુખ્ય ધ્યેયો સાથે કોઈ રીતે સુસંગત હોય તેવું આયોગ સમજવામાં નિષ્ફળ ગયેલ છે. અને ખરેખર એવું લાગે છે કે આવી માહિતીઓ જાહેર સત્તામંડળને કોઈ રીતે અનુચિત અને અનિચ્છનીય રીતે દબાણમાં લાવવા માટે જ માંગવામાં આવી હોય ! ...... અને તેથી આ અપીલને અર્થહીન અને અતાર્કિક ગણીને રદ કરવામાં આવે છે અને તે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

## કેસ નંબર-૫૦

**વિશ્વસનીય સંબંધોની માહિતી આપી શકાય નહી. ડૉક્ટર અને દર્દી વચ્ચેના સંબંધો વિશ્વસનીય સંબંધો છે.**

**કેન્દ્રીય માહિતી આયોગ ના માહિતી કમિશનરશ્રી**
**શૈલેષ ગાંધીનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1) (e)**
**અપીલ નં. CIC/SG/A/2009/002997, તારીખ ૦૭-૦૧-૨૦૧૦**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : શ્રી ડી. કે. ભારદ્વાજ, ન્યુ દિલ્હી
- જાહેર માહિતી અધિકારી
- જાહેર સત્તા મંડળ : બાબુ જગજીવન રામ હોસ્પિટલ, મેડીકલ સુપ્રિટેન્ડન્ટની કચેરી, દિલ્હી
- માંગેલ માહિતીની વિગત

અરજદારે તા.૧૮-૦૯-૨૦૦૯ ના પત્રથી કેટલીક માહિતી માંગેલ, જેમાં કુલ ચાર મુદ્દાની માહિતી માંગેલ. જેમાં એક ચોકકસ મહિલા દર્દીની પ્રેગનન્સીથી ડીલીવરી સુધીની ડૉક્ટરો અને નર્સોએ આપેલ સારવારની વિગતો, ડૉક્ટરો અને નર્સોના નામ  તેમના હોદ્દા-ફરજની વિગતો, સારવારની વિગતોમાં ડૉક્ટરના નામ સહિત પ્રિસ્ક્રિપ્શનની વિગતો અને તા.૦૫-૦૮-૨૦૦૧ થી તા.૨૪-૦૮-૨૦૦૧ સુધીની ઓપીડી/ઈમરજન્સી કેસ દાખલ થયા હોય તેની વિગતો ચોકકસ તારીખ, સમય અને કેસ દાખલ કરનારના હોદ્દાની વિગતો.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

તા.૧૬-૧૦-૨૦૦૯ થી જાહેર માહિતી અધિકારીએ મોટા ભાગની માહિતી પૂરી પાડેલ હતી પરંતુ કેટલીક મહિતી જે ડૉક્ટરના અને નર્સના નામ વિગેરેને લગતી હતી તે પૂરી પાડવામાં આવેલ નહોતી.

### (૨) <u>પ્રથમ અપીલની વિગત</u>

જાહેર માહિતી અધિકારીના જવાબથી અસંતોષ થતાં અરજદારે પ્રથમ અપીલ ૨૨-૧૦-૨૦૦૯ ના રોજ કરેલ હતી જેને પ્રથમ અપીલ અધિકારીએ સુનાવણી કરી ૧૬-૧૧-૨૦૦૯ ના રોજ હુકમ કરીને નિકાલ કર્યો હતો. પ્રથમ અપીલ અધિકારીએ જાહેર માહિતી અધિકારીના જવાબને માન્ય રાખી મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ ની કેટલીક માહિતી જે ડૉક્ટર/નર્સની અંગત માહિતી હોવાને કારણે આપવામાં આવી નહોતી જે ગ્રાહય રાખવામાં આવેલ.

## (૩) <u>બીજી અપીલની વિગત</u>

તા. ૨૭-૧૧-૨૦૦૯ થી અરજદારે પોતાને અધૂરી માહિતી મળી છે તેવી રજૂઆત કરીને કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ કરી ન્યાય માટે દાદ માંગેલ.

- **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ :**

સુનાવણી દરમ્યાન અરજદાર હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી પણ હાજર રહેલ ન હતા.

પરંતુ દસ્તાવેજો/પત્રોની વિગતોનો અભ્યાસ કરતાં એવું જણાય છે કે મોટે ભાગે અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી દ્વારા ફક્ત સારવારને લગતી માહિતી પુરી પાડવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ આ માહિતી પોતાની પાસે ઉપલબ્ધ છે તે વિશ્વાસના સબંધો હેઠળની હોવાથી (Fiduciary Relationship) કાયદાએ માહિતી આપવાની મુકિત આપેલ કેટેગરીની હોવાથી આપેલ નથી તેવું જણાય છે. આયોગ પણ સંમત થાય છે કે ડૉક્ટર અને દર્દી વચ્ચેના સંબંધો એ વિશ્વાસના સંબંધો અંગેનો એક શાસ્ત્રીય કેસ છે અને માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(e) મુજબ આવી સારવારને લગતી માહિતી જાહેર કરી શકાય નહી.

**આયોગનો નિર્ણય :**

અપીલ રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૫૧

**કર્મચારી વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેનો રિપોર્ટ અને તે અંગેની દરખાસ્તની માહિતી અરજદારને આપવાથી તે જો તપાસ પ્રક્રિયાને અવરોધતી ન હોય તો આપી શકાય**

**કેન્દ્રિય માહિતી આયોગના કમિશનરશ્રી સુષ્માસિંઘ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(h)**
**અપીલ નં. CIC/AT/2010/001083/SS, CIC/AT/2010/000185/SS & CIC/AT/2010/0001086/SS,**
**તારીખ ૨૯-૦૨-૨૦૧૧**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : (૧) ખામદેવ તુકારામ ખાંડેકર
- જાહેર માહિતી અધિકારી : (૧) મુંબઈ પોર્ટ ટ્રસ્ટ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ
  : (૨) મુંબઈ પોર્ટ ટ્રસ્ટ, એસ્ટેટ ડીપાર્ટમેન્ટ
  : (૩) મુંબઈ પોર્ટ, વીજીલન્સ કચેરી (તકેદારી કચેરી)
- જાહેર સત્તા મંડળ
- માંગેલ માહિતીની વિગત

પ્રસ્તુત ત્રણેય કેસમાં અરજદારે તા.૧૭-૦૭-૧૦ ની અરજી અન્વયે તેમના વિરુધ્ધ તપાસ અહેવાલ (Investigation Report) અને ખાતાકીય તપાસની કાર્યવાહી અંગેના તમામ કાગળો તથા ફાઈલની નોંધની નકલો માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગેલ હતી. ઉપરાંતમાં તેમના વિરુધ્ધ તપાસ શરૂ કરવા માટેના અધ્યક્ષે કરેલા હુકમની નકલ તથા મુખ્ય તકેદારી આયોગ સાથે કરવામાં આવેલ તમામ પત્રવ્યવહારની નકલો માંગેલ હતી. એજ પ્રમાણે ચોકકસ પ્લોટ અંગેની માહિતી, તેના અંગે થયેલ પત્રવ્યવહાર અને એસ્ટેટ મેનેજર તથા અધ્યક્ષના હુકમની નકલો તેમજ તે અંગેના પરિપત્રોની નકલ માંગવામાં આવેલ.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

અરજદારે માંગેલ માહિતી સંદર્ભે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ આ તમામ માહિતી આપવાનો ઈન્કાર કરેલો અને કાયદાની કલમ-8(1)(h) નો આધાર લઈ એવું જણાવેલ કે સદર માહિતી જો આપવામાં આવે તો ચાલી રહેલ તપાસની કામગીરી અને ખાતાકીય તપાસની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરી શકે તેમ છે. તેથી કાયદાએ આપેલ મુકિતને ધ્યાને લઈ માહિતી નકારવામાં આવેલ.

### (૨) <u>પ્રથમ અપીલની વિગત</u>

- **અપીલ અધિકારીનો હુકમ :**

અપીલ અધિકારીએ તા.૨૩-૦૮-૨૦૧૦ ના હુકમથી જાહેર માહિતી અધિકારીના નિર્ણયને યોગ્ય ઠરાવેલ હતો અને અરજદારની અપીલ કાઢી નાંખી.

(૩) <u>બીજી અપીલની વિગત</u>

- **અરજદારની રજૂઆત :**

અરજદારે સુનાવણી દરમિયાન એવી રજુઆત કરી કે તેમના વિરુધ્ધ ચાલી રહેલ ખાતાકીય તપાસની સામે પોતાના પક્ષે કેસ લડવા માટે સ્વબચાવ માટે તેમણે માંગેલ માહિતીની જરૂરીયાત છે તેથી તેમને માહિતી મળવી જોઈએ.

- **અપીલ સત્તાધિકારીની રજૂઆત :**

શ્રી આર. જે. સાવંત તકેદારી અધિકારી (વીજીલન્સ ઓફિસર) મુંબઈ પોર્ટ ટ્રસ્ટે જણાવ્યું કે અરજદારની વિરુધ્ધ ચાલી રહેલ ખાતાકીય તપાસ પ્રગતિમાં છે અને હજુ આ તપાસ અંગેનો અંતિમ નિર્ણય લેવાનો બાકી છે, અને મને એવું લાગે છે કે જો અરજદારે માંગેલ માહિતી આપવામાં આવે તો તપાસની પ્રક્રિયામા અવરોધ ઉભો થઈ શકે તેમ છે. તેથી કાયદાએ કલમ-8(1)(h) હેઠળ આપેલ મુકિત ધ્યાને લેતાં માહિતી નકારવામાં આવેલ છે. તેજ પ્રમાણે મુંબઈ પોર્ટ ટ્રસ્ટના આસીસ્ટન્ટ મેનેજરે પણ આજ કલમનો આધાર લઈ માહિતી આપવાનું નકારેલ તેમ જણાવ્યું.

- **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ :**

કેન્દ્રીય માહિતી આયોગે સુનાવણીમાં તા.૨૬-૦૯-૧૧ ના રોજ અરજદાર, અપીલ અધિકારી બન્નેને સાંભળીને અને લાગુ પડતા દસ્તાવેજો અભ્યાસ કરીને એવો અભિપ્રાય વ્યકત કર્યો કે પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી કે અપીલ અધિકારીએ અરજદારે માંગેલ માહિતી આપવાથી કઈ રીતે તપાસની પ્રક્રિયામાં અવરોધ કે અડચણ ઊભી થશે તેવું સ્પષ્ટ રીતે સમજાવી શકયા નથી અને તેથી આયોગને લાગે છે કે અહીં કાયદાની કલમ-8(1)(h) લાગુ પાડી શકાય તેમ નથી. ખરેખર જોઈએ તો કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ આક્ષેપિત અધિકારી હોવાના નાતે અરજદારને પોતાના બચાવમાં કેસ લડવા માટે (ખાતાકીય તપાસમાં) તેમને દસ્તાવેજો પુરા પાડવા જોઈએ.

- **કેન્દ્રીય આયોગનો હુકમ :**

સમગ્ર સુનાવણીને અંતે આયોગ, કેન્દ્રીય માહિતી અધિકારી તકેદારી અધિકારીને અરજદારે માંગેલ માહિતી આ હુકમ મળ્યાની તારીખથી બે અઠવાડીયામાં પુરી પાડવા હુકમ કરે છે. અરજદારે માહિતી અંગેની જરૂરી ફી ચૂકવવાની રહેશે.

## કેસ નંબર-પર

**બોર્ડર સીક્યુરીટી ફોર્સ માહિતી અધિકારના કાયદાના દાયરાની બહાર છે. જો કે ભ્રષ્ટાચાર અને માનવઅધિકાર ઉલ્લંઘનની બાબત અપવાદ રૂપ છે.**

**કેન્દ્રીય માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી**
**સુષ્માસિંઘનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 24**
**અપીલ નં. CIC/SS/A/2011/002014, તારીખ ૧૧-૦૪-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

(૧) <u>કેસની વિગત</u>

- અરજદારનું નામ : શ્રી મુકુલ અંગીરાડ
- જાહેર સત્તા મંડળ : બોર્ડર સીકયુરીટી ફોર્સ
- માંગેલ માહિતીની વિગત :

તા.૧-૦૫-૨૦૧૧ ની અરજીથી અરજદારે કેટલીક માહિતી બોર્ડર સીકયુરીટી ફોર્સના જાહેર સત્તામંડળ પાસેથી માંગેલ હતી.

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :</u>**

અરજદારે માંગેલ માહિતી, માહિતી અધિકારના કાયદા ૨૦૦૫ ની કલમ-૨૪ ની જોગવાઈ મુજબ માહિતી આપવામાંથી મુકિત મળેલ હોઈ જાહેર માહિતી અધિકારી દ્વારાઆપવામાં આવેલ નહીં.

- **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ અને નિર્ણય :**

- બોર્ડર સીકયુરીટી ફોર્સ-જાહેર સત્તામંડળે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના બીજા શીડયુલમાં જણાવ્યા પ્રમાણે અપવાદ રૂપ જાહેરસત્તામંડળ છે. એટલે કે આવા સલામતી સંગઠનોને કાયદા હેઠળ માહિતી આપવામાંથી કલમ-૨૪ હેઠળ મુકિત આપેલી છે.

- વધુમાં અરજદારે માંગેલ માહિતી આ જાહેર સત્તામંડળને અનુલક્ષીને માનવ અધિકારના ઉલ્લંઘનને લગતી નથી કે ભ્રષ્ટાચારના કોઈ આક્ષેપોને લગતી નથી. તેથી કાયદાની કલમ-૨૪(૧) પણ લાગુ પડતી નથી. (કારણ કે સદર કલમ મુજબ માનવઅધિકાર ઉલ્લંઘન કે ભ્રષ્ટાચારને લગતી માહિતી હોય તો આ પેટા કલમ હેઠળ બાકાત રાખી શકાશે નહી).

- અને એ રીતે પણ મૂલવણી કરવી જોઈએ કે ભ્રષ્ટાચાર અંગેના આક્ષેપો મતલબ ફકત ધારણાઓ કે અનુમાનો કે શંકાથી ભરેલ અભિપ્રાયો કે પોતાના માનવાને કારણે અધૂરી માહિતીને આધારે ભ્રષ્ટાચાર થયો છે તેમ અર્થ કરી શકાય નહી. ભ્રષ્ટાચાર અંગેના આક્ષેપો સંગીન અને તર્ક સંગત પુરાવાઓને આધારિત હોવા જોઈએ અને જે ધ્યાને લેતાં, આયોગને

ગેરરીતિ હોવાનું સંબંધિત કેસમાં માલુમ પડવું જોઈએ. અને અરજદારે કરેલ બીજી અપીલમાં આવા તત્વોનો અભાવ છે. કારણ કે આવા કોઈ પુરાવાઓ અરજદાર આયોગ સમક્ષ રજુ કરી શકયા નથી. તેમજ એવી બાબત પણ કે જે માનવ અધિકારના ઉલ્લંઘનને લગતી હોય તેવી પણ કોઈ બાબતના પુરાવાઓનો પ્રસ્તુત કેસમાં અભાવ છે.

- **નિર્ણય :**

તેથી આયોગ એવો અભિપ્રાય ધરાવે છે કે અરજદારે માંગેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની ઉપર મુજબ જોગવાઈઓ પ્રમાણે પુરી પાડી શકાય તેમ નથી. તેથી સદર અપીલ રદ થવાને પાત્ર ઠરે છે.

**કેસ નંબર-૫૩**

**જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપવાનો વ્યાજબી હુકમ કરવો જોઈએ. (Reasoned Order)**

**કેન્દ્રીય માહિતી આયોગના માહિતી કમિશનર શ્રી શૈલેષ ગાંધીનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(8)(i to iii) & 19(5)**
**ફરિયાદ નં. CIC/SG/C/2010/000552, ચુકાદાની તારીખ ૦૯-૦૮-૨૦૧૧**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

(૧) <u>કેસની વિગત</u>

- અરજદારનું નામ : પારિતોષકુમાર, પટણા
- જાહેર માહિતી અધિકારી : એમ. એમ. દાસ (નિવૃત્ત જાહેર માહિતી અધિકારી)
- જાહેર સત્તા મંડળ : એમ્પ્લોયી પ્રોવીડન્ટ ફંડની કચેરી, ઝોનલ ઓફિસ, કલકત્તા.
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૨૧-૦૯-૨૦૧૦ થી માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજી કરીને જુદાજુદા કુલ-૧૬ મુદ્દાની માહિતી માંગેલ હતી. જેમાં મુખ્યત્વે ડીપાર્ટમેન્ટ ઓફ એક્ષ્પેન્ડીચર, મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ભારત સરકારના તા.૧૩-૦૭-૦૯ ઓફિસ મેમો ઈસ્યુ થયા પછી જલપાઈગુરીના કોઈ અધિકારીએ ખાનગી એરલાઈન્સમાં મુસાફરી કરી છે? કરી હોય તો તેમના નામ, હોદ્દો, પ્રવાસની તારીખ, ભાડું, એરલાઈન્સનું નામ, મંજુરી આપનારનું નામ વિગેરે.

- આ ખર્ચ **EPFO** એ ભોગવ્યો છે? જો હા, તો કઈ જોગવાઈ હેઠળ તેનો ખર્ચ વિગેરે
- આવા સ્કેમ થતાં રોકવા માટે કરવામાં આવેલ પરિપત્ર ગાઈડલાઈનની નકલ.
- લીઝ એકોમોડેશનની પોલીસીની નકલ, અને તે અંગેની અન્ય આનુષાંગિક બાબતે જુદાજુદા પ્રશ્નો.
- સ્ટાફ કવાટર્સ અંગેની વિગતો
- પારિતોષકુમારના સંદર્ભે ૨૦૧૦ ના વર્ષમાં ઝોનલ ઓફિસના જુદીજુદી ઓફિસ સાથે થયેલ તમામ પત્રવ્યવહારોની નકલ, રીજીયોનલ ઓફિસ સહિત.
- ૨૦૧૦ ના પ્રથમ ૯ માસમાં કેટલા શિસ્ત ભંગના કિસ્સા થયા.
- ઓફિસીયલ વેબસાઈટ પર ઉપલબ્ધ ન હોય તેવા તમામ પરિપત્રોની નકલો..... વિગેરે
- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :</u>**

જાહેર માહિતી અધિકારીએ તા.૧૪-૧૦-૨૦૧૦ ના પત્રથી એવું જણાવ્યું કે અરજદારે માંગેલ

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૮ મુજબ કાયદાએ મુકિત આપેલ છે. (**Exempted**) છે.

- **<u>ફરીયાદની વિગત</u>**

અરજદારે તા.૨૨-૧૨-૨૦૧૦ થી આયોગમાં જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી ન મળવાના મુદ્દે ફરિયાદ કરી, અને ફરિયાદમાં અરજદારે જણાવ્યું કે **<u>જાહેર માહિતી અધિકારીએ સારાંશ સ્વરૂપે ફકત માહિતી અધિકારના કાયદાની કલમ-૮ મુજબ માહિતી આપવાની મુકિત આપેલ છે અને કોઈપણ અન્ય વિગતો જેવી કે કલમ-૮ ની પેટા કલમો કે કોઈપણ પેટા કલમોનું વિવરણ કે કોઈપણ કારણ દર્શાવ્યા વગરનો ફકત સાદો જવાબ આપ્યો હતો.</u>**

- **કેન્દ્રીય માહિતી આયોાનું નિરીક્ષણ અને નિર્ણય :**

- આયોગે તા.૧૩-૦૭-૧૧ ના રોજ સુનાવણી રાખી. ફરિયાદી શ્રી પારિતોષકુમાર હાજર હતા. જાહેર માહિતી અધિકારીશ્રી ટી. કે. દાસ હાજર હતા.

જાહેર માહિતી અધિકારી શ્રી ટી. કે. દાસે જણાવ્યું કે, માહિતી ન આપવા માટે જવાબદાર વ્યકિત પોતે નહી પણ જે તે વખતના જાહેર માહિતી અધિકારી શ્રી એમ. એમ. દાસ છે. ફરિયાદીએ જણાવ્યું કે કોઈપણ વિગતવાર કારણો વગરના ફકત કલમ-૮ દર્શાવીને માહિતી નકારેલ હતી. અને ફરિયાદીએ એમ પણ જણાવ્યું કે ખરેખર માહિતી નકારવા માટેની જવાબદારી કલમ-૧૯(૫) મુજબ જાહેર માહિતી અધિકારીના શીરે છે. ફરિયાદીએ જણાવ્યું કે કેટલીક માહિતી મળી છે અને મુદ્દા નં.૪,૫,૬,૭,૧૦ અને ૧૬ ક્રમાંકની માહિતી મળવી જોઈએ.
આયોગ શ્રી ટી. કે. દાસને આદેશ કર્યો કે ફરિયાદીને તા.૦૫-૦૮-૧૧ પહેલાં માહિતી પૂરી પાડવામાં આવે અને તા.૦૯-૦૮-૧૧ ના રોજ શ્રી એમ. એમ. દાસ (નિવૃત્ત) જાહેર માહિતી અધિકારીને લેખિત રજુઆત સાથે હાજર રહેવા અને જો ફરિયાદીને માહિતી પૂરી પાડી હોય તો તેના પુરાવા સાથે હાજર રહેવા જણાવ્યું.

- **<u>તા.૦૯-૦૮-૨૦૧૧ ના રોજ ફરીથી સુનાવણી કરવામાં આવી</u>**

નિવૃત્ત જાહેર માહિતી અધિકારીશ્રી એમ. એમ. દાસ હાજર હતા તેમજ અન્ય કેન્દ્રીય માહિતી અધિકારીશ્રી ઉમા મંડલ તથા અન્ય અધિકારી શ્રી અમીત વશિષ્ઠ પણ હાજર હતા.

- અગાઉ આપેલ આદેશ મુજબ જાહેર માહિતી અધિકારી શ્રી ટી. કે. દાસે તા.૨૯-૦૭-૧૧ ના રોજ ફરિયાદીને માહિતી પુરી પાડેલ છે તેવું જણાવ્યું.

- પરંતુ મુળ અરજી સંદર્ભે શ્રી એમ. એમ. દાસે (નિવૃત્ત) જાહેર માહિતી અધિકારીએ જણાવ્યું કે, કોઈપણ માહિતી આપેલ નહી અને તેમાં તેઓ સેકશન 8(1)(h) લાગુ પાડવાના હતા પણ તેમણે ભૂલથી ફકત સેકશન-૮ નો ઉલ્લેખ કરેલ અને માહિતી આપવાની ના પાડેલ.

- પ્રસ્તુત કિસ્સામાં એવું સ્પષ્ટ દેખાય છે કે શ્રી એમ. એમ. દાસ કંઈપણ વિચાર્યા વગર માહિતી આપવાની ના પાડેલ છે. વળી પ્રસ્તુત માહિતી સંદર્ભે સેકશન-8(1)(h) કઈ રીતે લાગુ પડે છે તે પણ સમજી શકાય તેવું નથી.

- આયોગે ત્યારબાદ કલમ-૨૦(૧) નો આધાર આપી માહિતી નકારવા સંદર્ભે દંડની જોગવાઈઓનું વિવરણ કરીને જાહેર માહિતી અધિકારીને ફરિયાદ અથવા અપીલ સંદર્ભે સાંભળવાની તક આપીને દંડ કરવાની જોગવાઈઓનું વર્ણન કરેલ અને પછી એવું જણાવેલ કે કાયદામાં દર્શાવેલ તમામ પ્રકારના દંડને પાત્ર કારણોમાં ૨૦(૧) લખ્યા મુજબ તેની શરૂઆત ''Without Resonable Case'' થી થાય છે.

- કાયદાની કલમ-૧૯(૫) પણ કોઈપણ અપીલ પ્રોસીડીંગમાં અરજી નકારવાની બાબતને ન્યાયિક સાબિત કરવાની જવાબદારી જેણે અરજી નકારી હોય તે જાહેર માહિતી અધિકારી પર છે.

- પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી શ્રી એમ. એમ. દાસે માહિતી આપવાનું નકારવાના યોગ્ય કારણો આપ્યા નથી અને આવી રીતે યોગ્ય કારણો ન આપવાની બાબતને આયોગને ૨૦(૧) હેઠળ જાહેર માહિતી અધિકારી શ્રી એમ. એમ. દાસને દંડ કરવા માટે યોગ્ય કિસ્સો જુએ છે. માહિતી ૩૦ દિવસમાં આપવાને બદલે ૧૦૦ દિવસ મોડી અને તે પણ આયોગના હુકમ પછી આપવામાં આવેલ છે તેથી રૂપિયા ૨૫૦૦૦/- નો દંડ કરવામાં આવે છે અને સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડના કમિશ્નરને આદેશ કરે છે કે માસિક રૂપિયા ૨૫૦૦/- પ્રમાણે (સપ્ટેમ્બ-૧૧ થી શરૂ કરીને) કુલ રૂપિયા પચ્ચીસ હજાર ૧૦ જૂન ૨૦૧૨ સુધીમાં વસૂલ કરવા.

## કેસ નંબર-૫૪

**સરકાર દ્વારા રચવામાં આવેલ પેનલ/કમીટી/કમિશનના અહેવાલો સામે ચાલીને પ્રસિધ્ધ કરવા જોઈએ (સિવાય કલમ 8-9 મુજબ હોય)**

**કેન્દ્રીય માહિતી આયોગના માહિતી કમિશનર શ્રી શૈલેષ ગાંધીનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 4(1)(c) & 4(2)**
**ફરિયાદ નં. CIC/SG/A/2012/00374, ચુકાદાની તારીખ ૦૯-૦૪-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૮**

### (૧) કેસની વિગત

- અરજદારનું નામ : એમ. જી. કૃષ્ણન
- જાહેર માહિતી અધિકારી : નાયબ નિયામક
- જાહેર સત્તા મંડળ : મીનીસ્ટ્રી ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ફોરેસ્ટ, ન્યુ દિલ્હી
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તા.૨૨-૦૯-૧૧ ના પત્રથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજી કરીને વેસ્ટર્ન ઘાટ ઈકોલોજી એકસ્પર્ટ પેનલ (**WGEEP**) એ તૈયાર કરેલ રિપોર્ટ જે મીનીસ્ટ્રી ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ફોરેસ્ટ (**MOEF**) ને સુપ્રત કરેલ તેની વિગતો માંગેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

મીનીસ્ટ્રી ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ફોરેસ્ટ, વેર્સ્ટન ઘાટના વિસ્તારમાં આવેલા ૬ રાજયો સાથેના પરામર્શમાં આવા રિપાર્ટને તપાસી રહી છે. રિપોર્ટ હજુ ફાઈનલ નથી. ડ્રાફટ સ્વરૂપે હોઈ તેમજ ડીપાર્ટમેન્ટની તપાસ/ચકાસણી હેઠળ હોઈ માહિતી અધિકાર હેઠળ આપી શકાય તેમ નથી, અને જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારને આ બાબતે કાર્યવાહી પૂર્ણ થઈ જાય પછી ફરીથી માહિતી અધિકાર હેઠળ વિનંતી કરતી અરજી કરવા તા.૧૧-૧૧-૧૧ ના પત્રથી જણાવવામાં આવેલ.

- **પ્રથમ અપીલની વિગત :**

અરજદારે જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાની ના પાડી હોઈ તે મુદ્દે પ્રથમ અપીલ તા.૦૯-૧૧-૧૧ નારોજ કરેલ. પ્રથમ અપીલ અધિકારીએ તા.૧૬-૧૧-૧૧ ના રોજ હુકમ કર્યો. પ્રથમ અપીલ અધિકારીએ તેમના હુકમમાં જણાવ્યું કે જાહેર માહિતી અધિકારીએ તા.૧૧-૧૧-૧૧ થી આપને પ્રત્યુતર કર્યો છે. તેમ જણાવી જાહેર માહિતી અધિકારીનો જવાબ સાથે મોકલી આપીને અપીલ રદ કરી. અરજદારે ફરી વખત પ્રથમ અપીલ અધિકારીને તા.૨૩-૧૧-૧૧ ના રોજ કરી. તેના જવાબમાં પ્રથમ અપીલ અધિકારીએ તા.૨-૧-૨૦૧૨ ના પત્રથી એવું માની લીધું કે જાહેર માહિતી અધિકારીએ કલમ-૮ મુજબ માહિતી આપેલ નહી હોય. અને તેમ માનીને જાહેર માહિતી અધિકારીના તા.૧૧-૧૧-૧૧ ના જવાબની નકલ ફરી અરજદારને મોકલી આપી.

- **<u>બીજી અપીલની વિગત :</u>**

જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીના જવાબથી નારાજ થતાં અરજદારે તા.૨૭-૧-૧૨ ના રોજ બીજી અપીલ કરી, તા.૨૩-૩-૧૨ ના રોજ સુનાવણી રાખવામાં આવી. અરજદાર ગેરહાજર રહયા. જાહેર માહિતી અધિકારી અને નાયબ નિયામક ડૉ. અમીત લવ હાજર રહયા.

- **<u>જાહેર માહિતી અધિકારીની રજુઆત :</u>**

શરૂઆતમાં અરજદારને માહિતી નકારવામાં જાહેર માહિતી અધિકારીએ કલમ-૮ અને ૯ ના કારણો દર્શાવેલ નહોતા. પરંતુ સુનાવણી દરમિયાન જાહેર માહિતી અધિકારીએ કલમ-8(1)(a) હેઠળ માહિતી આપેલ નથી. પણ આયોગે સ્પષ્ટતા પૂછતાં જાહેર માહિતી અધિકારીએ સાર્વભૌમત્વ, એકતા, સલામતી, વ્યૂહાત્મક, અખંડિતતા નહીં, પરંતુ તેમણે દલીલ કરી કે વૈજ્ઞાનિક અને આર્થિક બાબતોને અસર કરી શકે તેમ હોવાને કારણે માહિતી આપવાનું નકારેલ.

જાહેર માહિતી અધિકારીએ એમ પણ જણાવ્યું કે ઈકોલોજીકલ વિસ્તારો નકકી કરવાની પધ્ધતિઓ રિપોર્ટમાં દર્શાવેલ જે સુધારાને પાત્ર હતી. તેમણે જણાવ્યું કે રિપોર્ટને કવેળા (અપરિપકવ) જાહેર કરવાથી એનવાયર્નમેન્ટ પ્રોટેકશન એકટ-૧૯૮૬ હેઠળ ઈકોલોજીલ વિસ્તાર જાહેર કરવા માટેની માંગણીઓ/દરખાસ્તો આવી શકે. વધુમાં જુદાજુદા ૧૧ વિભાગો અને ૬ રાજયો પાસેથી અભિપ્રાય માંગવામાં આવ્યા હતા અને રિપોર્ટની ભલામણો સ્વીકારવા બાબતે અંતિમ સ્વીકાર્ય નિર્ણય લેવાની બાબત પેન્ડીંગ હોઈ જો જાહેર કરવામાં આવે તો રાષ્ટ્રના આર્થિક હિતોને અસર કરી શકે. મીનીસ્ટ્રી ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ફોરેસ્ટએ એવું વિચાર્યું છે કે એક વખત નીતિ નકકી થઈ જાય પછી રિપોર્ટને જાહર માધ્યમમાં મૂકી શકાય. આ પ્રમાણે જાહેર માહિતી અધિકારીએ લેખિતમાં પણ રજુઆત કરી.

- **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ અને નિર્ણય :**

- જાહેર માહિતી અધિકારીની રજુઆત પરથી સ્પષ્ટ થાય છે કે પેનલ દ્વારા મીનીસ્ટ્રી ઓફ એનવાયર્નમેન્ટને રિપોર્ટ સુપ્રત કર્યો છે તેથી તે 'ડ્રાફટ' ગણી શકાય નહી અને કાયદામાં આવા રિપોર્ટ જે આખરી થયા નથી અથવા જાહેર સત્તામંડળ દ્વારા સ્વીકારાયા નથી તેને જાહેર કરવામાંથી કોઈ મુકિત આપેલ નથી.

- જાહેર માહિતી અધિકારી દ્વારા આ રિપોર્ટ જાહેર કરવાથી રાજયનું આર્થિક હિતોને અસરકર્તા થશે એવું જણાવ્યું તે બાબતે આયોગ જણાવે છે કે, તેમણે કોઈ સ્પષ્ટ બાબતો જણાવી નથી કે કઈ રીતે આ રિપોર્ટ જાહેર કરવાથી રાષ્ટ્રને વૈજ્ઞાનિક અને આર્થિક હિતોને અસરકર્તા થશે.

- ખરેખર તો જયારે સરકારે વેર્સ્ટન ઘાટના વિસ્તારોને રક્ષિત કરવા તથા સંવેદનશીલતા ધ્યાને લઈ આવા વિસ્તારોની બાયોડાયર્વસીટીનો અભ્યાસ કરવા અને તેની સ્પષ્ટ ઓળખ કરવા તથા આવા અનેક હેતુઓસર સરકારના અને પ્રજાના પ્રતિનિધિઓ, નિષ્ણાંતો નાગરિકો વગેરેને સાથે રાખી પેનલ બનાવેલ છે અને પ્રજાના હિતમાં જયારે આવો રિપોર્ટ બનાવેલ હોય ત્યારે તેને પ્રદર્શિત કરવામાં કોઈ આર્થિક હિતોને નુકશાન થઈ શકે તેવું

જણાતું નથી. વધુમાં અન્ય વિભાગો તેમ જુદીજુદી મીનીસ્ટ્રી અને રાજયો પાસે અભિપ્રાયો પણ માં માંગવામાં આવ્યા છે ત્યારે રિપોર્ટ જાહેર કરવાથી એનો મતલબ એવો થતો નથી કે ભવિષ્યમાં સરકારે રિપોર્ટ સ્વીકારવો જ પડે. પર્યાવરણને ઘ્યાને લઈ કદાચ રિપોર્ટ સ્વીકારવામાં ન આવે તો તેના કારણો જાહેર જનતાને જણાવી શકાય. એટલે આવી બાબતને દેશના આર્થિક અને વૈજ્ઞાનિક હિતોને દ્વેષપૂર્ણ અસરકર્તા થશે તેવું ગણી ન શકાય.

- સરકાર આવી પેનલો, કમિશન કે કમીટીઓ બનાવે છે ત્યારે જાહેર ભંડોળ વાપરવામાં આવે છે અને નાગરિકો ખુદ જયારે સાર્વભૌમ છે ત્યારે તેમને આ રિપોર્ટ જાહેર કરવામાં આવે તો તેને નીતિના ઘડતરમાં નાગરિકો પણ ભાગ ભજવી શકે. તેમના અભિપ્રાયોનો વૈજ્ઞાનિક રીતે સમાવેશ કરી શકાય.

- આયોગે પર્યાવરણને લગતી/પુષ્કળ બાબતો અંગે વિગતવાર છણાવટ કરેલ છે.

- માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ નો વિગતો ઉલ્લેખ કરીને આયોગ જણાવે છે કે, શકય તેટલી માહિતી જાહેર સત્તામંડળે સામે ચાલીને જાહેર કરવી જોઈએ.

- બહુ સ્પષ્ટ રીતે જોઈએ તો કાયદાની કલમ-4(1)(c) એવું જણાવે છે કે, **''મહત્ત્વની નીતિઓ ઘડતી વખતે અથવા લોકોને અસર કરતાં નિર્ણયો જાહેર કરતી વખતે સંબંધિત હકીકતો પ્રસિધ્ધ કરતાં નિર્ણયો કરતી વખતે અથવા સંબંધિત હકીકતો પ્રસિધ્ધ કરવી જોઈશે''.**

- આ જોગવાઈ જોતાં, નાગરિકોને WGEEP નો રિપોર્ટ વિશે જાણવાનો અધિકાર છે. જે જાહેર જનતાનાં નાણાં વાપરીને બનાવવામાં આવેલ છે અને પર્યાવરણ પર તેની વિશાળ અસરો થનાર છે. WGEEP નો રિપોર્ટ જાહેર કરવાથી નાગરિકો તેમાં પ્રતિભાવો પણ આપી શકે. જેને રિપોર્ટ ફાઈનલ કરતી વખતે ઘ્યાનમાં લઈ શકાય.

- માહિતી અધિકાર અધિનિયમમાં જણાવ્યા પ્રમાણે કાયદામાં થયેલ 4(1)(c) ની જોગવાઈ મુજબ ''while'' શબ્દનો ઉપયોગ કર્યો છે અને ''after'' શબ્દનો ઉપયોગ કર્યો નથી સ્વાભાવિક રીતે જ કાયદાની આ જોગવાઈ જાહેર જનતા ભાગીદારી સૂચવે છે કે **''નીતિઓ ઘડતી વખતે''** બાબત જાહેર કરવાથી જાહેર જનતાના નિર્ણય પ્રક્રિયામાં ભાગ લઈ શકે અને ત્યાર પછી નીતિઓના નિર્ણયની લોકોના નામે જાહેરાત થઈ શકે.

- આયોગે ઉત્તરપ્રદેશ વિ. રાજનારાયણના ૧૯૭૫નો સુપ્રિમકોર્ટના ચુકાદામાં પારદર્શિતા અને નાગરિકોના જાણવાના અધિકાર અંગે નિરીક્ષણોનો ઉલ્લેખ કરીને નાગરિકોને આ કાયદા હેઠળ મળેલો અધિકાર બંધારણને આધીન ૧૯(૧) મુજબનો મૂળભૂત અધિકાર છે તેમ જણાવી માહિતી અધિકાર અધિનિયમનાં મુખ્ય હેતુઓનો ઉલ્લેખ કરેલ છે.

- ઉપર મુજબના તમામ નિરીક્ષણો ઘ્યાને લેતાં આયોગ એ નિષ્કર્ષ પર આવે છે કે કલમ-4(1)(c) & 4(1)(d) તેમજ કલમ-4(2) ઘ્યાને લઈ પેનલ, કમીટી કે કમિશનના તમામ રિપોર્ટ સામે ચાલીને જાહેર કરવા જોઈએ અને જો આવા રિપોર્ટનો કોઈ ભાગ માહિતી અધિકારના કાયદાએ આપેલ મુકિત મુજબ લાગુ પડતો હોય તો તેટલો ભાગ દૂર કરીને, તે અંગેના કારણો આપીને બાકીનો ભાગ જાહેર કરવો જોઈએ. જો સમગ્ર રિપોર્ટ સલામતી,

અથવા વ્યૂહાત્મક બાબતે જાહેર કરી શકાય તેમ ન હોય તો તે રીતે જણાવવું જોઈએ.

- આ પ્રકારની કાયદાની કલમ-4 ધ્યાને લઈ વહીવટમાં પારદર્શક પધ્ધતિ અમલમાં મૂકવામાં આવે તો સરકારમાં અને તેના કાર્યોમાં ઘણો વિશ્વાસ ઉભો કરી શકાશે.

**<u>નિર્ણય :</u>**

અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

- તા.૦૮૫-૦૫-૨૦૧૨ સુધીમાં અરજદારને WGEEP ના રિપોર્ટની સમરીની ફોટોકોપી પુરી પાડવા જાહેર માહિતી અધિકારીને આદેશ કરવામાં આવે છે.

- વધુમાં એવો પણ આદેશ કરવામાં આવે છે કે જાહેર માહિતી અધિકારી એ સુનિશ્ચિત કરે કે તા.૧૦-૦૫-૧૨ સુધીમાં આખરી રિપોર્ટ મીનીસ્ટ્રી ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ફોરેસ્ટની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરે.

- આયોગે મીનીસ્ટ્રી ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ફોરેસ્ટના સેક્રેટરીને કલમ-૧૯(૧)(બી)(૩) હેઠળ આદેશ કરે છે કે તેઓ તેમને કમીશન, પેનલ કે કમીટી તરફથી મળેલા તમામ રિપોર્ટ દિન-૩૦ માં પ્રસિધ્ધ કરે. કાયદાની જોગવાઈ ૮(૧) કે (૯) મુજબ પ્રસિધ્ધ કરવા પાત્ર ન હોય તો તેમ કરે. અને કારણો સહિત આવી બાબત ૪૫ દિવસમાં વેબસાઈટ પર પ્રસિધ્ધ કરે.

**કેસ નંબર-૫૫**

**અરજદારે માંગેલ માહિતી જથ્થાબંધ હોય તો જાહેર સત્તા મંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાઈ જતા હોય તેવું લાગે ત્યારે માહિતી આપવા અંગે કાયદાની કલમ-7(9)નો ઉપયોગ કરવો.**

**કેન્દ્રીય માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી**
**સુષ્માસિંઘનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(9)**
**અપીલ નં. CIC/SS/A/2011/001765, તારીખ ૨૪-૦૪-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

(૧) **<u>માહિતીની વિગત</u>**

- અરજદારનું નામ : હર્ષદભાઈ યુ. પંડયા
- જાહેર સત્તા મંડળ : નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગરના જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરી તા.૨૦-૦૧-૨૦૧૧ ના પત્રથી વસુંધરા ડેરીની નજીક બંધાઈ રહેલા ફલાય ઓવર અને રોડના બાંધકામ બાબતે જુદાજદુા ૯ મુદ્દાઓની માહિતી માંગી હતી.

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ</u> :**

જાહેર માહિતી અધિકારીએ અરજદારે માંગેલ માહિતી તા.૦૩-૦૩-૨૦૧૧ ના પત્રથી લાગુ પડતી માહિતી ૧૬ પાનામાં પુરી પાડવામાં આવેલ.

(૨) • **<u>પ્રથમ અપીલની વિગત</u>**

જાહેર માહિતી અધિકારીના પ્રત્યુતરથી નારાજ અરજદારે પ્રથમ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ કરી હતી. પ્રથમ અપીલ અધિકારીએ તેમના તા. ૧૬-૦૫-૧૧ ના હુકમથી જાહેર માહિતી અધિકારીને અરજદારે માંગેલ વધારાની માહિતી દિન-૧૫ માં પુરી પાડવા હુકમ કર્યો. જેના અનુસંધાને એટલે કે પ્રથમ અપીલ અધિકારીના હુકમનું પાલન કરવા અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૨૭-૦૫-૧૧ ના પત્રથી, અપીલ દરમિયાન મુદ્દા નં. ૪ અન્વયે માંગેલ વધારાની માહિતી પુરી પાડવા માટે અંદાજે ૧.૫૦ લાખ પાનાના (એક પાનાના રૂપિયા બે મુજબ) કુલ રૂપિયા ત્રણ લાખ જમા કરાવવા જણાવેલ.

(૩) • **<u>બીજી અપીલની વિગત</u>**

અરજદારે તા.૦૨-૦૬-૧૧ ના રોજ અપીલ કરેલ જેની તા.૧૭-૦૪-૧૨ ના રોજ સુનાવણી રાખવામાં આવી. સુનાવણી વીડીયો કોન્ફરન્સીંગથી કરવામાં આવી. સુનાવણી દરમિયાન

અરજદાર હાજર રહેલ નહોતા. પ્રતિવિવાદી પક્ષે થાણેના ટેકનીકલ મેનેજરશ્રી બી. કે. સીંગ અને ગાંધીનગરના શ્રી બી. કે. સિંહા હાજર હતા.

- **કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ અને નિર્ણય :**

સુનાવણી દરમિયાન પ્રતિવિવાદીએ જણાવ્યું કે પ્રથમ અપીલ અધિકારીના આદેશ મુજબ મુદ્દા નં.૪ હેઠળ અરજદારે માંગેલ વધારાની માહિતી સંદર્ભે કુલ દોઢ લાખ પાનાનો સમાવેશ થાય છે. જે અંગેના રૂપિયા ત્રણ લાખ જમા કરાવવા અરજદારને તા.૨૭-૦૫-૧૧ થી જણાવેલ. પરંતુ હજુ સુધી અરજદારે રકમ જમા કરાવેલ નથી તેથી માહિતી પુરી પાડવામાં આવેલ નથી.

આયોગે પક્ષકારોના નિવેદન સાંભળ્યા. આયોગ એવું નોંધે છે કે અરજદારે માંગેલ માહિતી જથ્થાબંધ પ્રકારની છે. તેથી જાહેર સત્તામંડળના જુદાજુદા સ્ત્રોતો અપ્રમાણસર રીતે ખોરવી નાંખે તેવી છે. તેથી અહીં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-7(9) ની જોગવાઈ લાગુ પડે છે.

આ બાબતનો આયોગ કક્ષાએ અપીલ રદ કરવામાં આવી.

## કેસ નંબર-૫૬

**અરજદાર બીપીએલ હોય અને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને જેની કિંમત નક્કી થયેલ છે તેવા પ્રકારના Priced Publications માંગે તો બીપીએલ અરજદારે પણ તેની નિયત કિંમત ચૂકવવી પડે.-વિના મૂલ્યે મળી શકે નહિ.**

**કેન્દ્રીય માહિતી આયોગના કમિશનરશ્રીશ્રી એમ. એલ. શર્માનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(5), 2(f)**
**નં. CIC/LS/A/2013/00527**
**તારીખ : ૧૫-૦૩-૨૦૧૩**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

(૧) **માહિતીની વિગત :**

**અરજરદારનું નામ** : મોહમદ શરીફ શબ્બીર અહમદ

**જાહેર સત્તા મંડળ** : સેન્ટ્રલ કાઉન્સીલ ફોર રિસર્ચ ઈન હોમિયોપોથી

**માંગેલ માહિતીની વિગત :** :

અરજદારે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેરસત્તામંડળના જાહેર માહિતી અધિકારી પાસે તા.૨૫-૦૧-૨૦૧૨ થી અરજી કરીને કેટલાક પ્રકાશનો અને જેની કિંમત નકકી થયેલ છે તેવા પુસ્તકો અને કેટલીક સી.ડી. (C.D) માંગેલ જેમાં હોમિયોપેથી ફાર્માકોપીઆનો પણ સમાવેશ હતો. અરજદાર એક ફોજદારી ગુના હેઠળ જેલમાં હોઈ તેમને બીપીએલ ગણવા જોઈએ અને તેથી તેમણે રજુઆ ત કરેલી કે માંગેલી માહિતી મફત મેળવવા માટે હકકદાર છે.

- **કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ અપીલની વિગતો**

➢ સુનાવણી દરમિયાન જાહેર સત્તામંડળના અધિકારી ડૉ. વર્માએ જણાવ્યું કે કાઉન્સીલના પ્રકાશનોની કિંમતો પૂર્વનિર્ધારિત છે અને તેથી અરજદારને વિનામૂલ્યે આપી શકાય નહી. જો અરજદાર ઈચ્છે તો તેમણે નિયત થયેલ કિંમત ચૂકવવાની રહેશે.

➢ આયોગ સમક્ષ અગાઉ એક બાબત સુનાવણી માટે રજુ થયેલ (CIC/LS/A/2013/00457-ડૉ.અબ્દુલગની બાગબાન વિ. ઈન્ડીયન ફાર્માકોપીઓ) જેમાં આયોગે નીચે પ્રમાણે અભિગમ લીધો હતો.

➢ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨(એફ) માં માહિતીની વ્યાખ્યા આપેલ છે તેમાં માહિતી એટલે કે જે માહિતી જાહેર માહિતી અધિકારીના અનન્ય કબજા હેઠળ હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિયંત્રણ હેઠળ (Exclusive possesison) હોય તે.

➢ Priced Publication બજારમાં ઉપલબ્ધ છે અને કોઈપણ વ્યકિત, કે બિનનાગરિક પણ બજારમાંથી તેનું યોગ્ય તે નકકી થયેલ કિંમત ચૂકવીને ખરીદી શકે છે.

- તેથી કોઈપણ વ્યકિત અને દરેક વ્યકિ ત જે તેની નિયત કિંમત ચૂકવે તેને ઉપલબ્ધ હોય છે તેવા Priced Publication જાહેર માહિતી અધિકારીના અનન્ય કબજામાં અથવા તેમના નિયંત્રણ હેઠળ છે તેવું કહી ન શકાય.

- તેથી અરજદારે માંગેલ માહિતી (Priced Publication) વિના મૂલ્યે મળી શકે નહી કારણ કે કલમ-૨(એફ) મુજબ તે માહિતી નથી.

- અત્રે એ પણ નોંધવું પ્રસ્તુત છે કે અરજદારે માંગેલ વિનામૂલ્યે માહિતી એટલે કે પુસ્તકોની કિંમત ૨૫૦૦૦ (પ્રતિનકલ) રૂપિયા સુધી થવા જાય છે. તેથી જો જાહેર સત્તામંડળો દરેકને આવા કિંમતી પુસ્તકો મફતમાં આપવાનું ચાલુ કરે તો વહેતી તકે તે દેવાળીયું થઈ જાય. તેથી કોઈપણ રીતે જોતાં અરજદારે વિનામૂલ્યે માંગણી કરેલ છે તેવા કિંમતી પ્રકાશનો આપવાની બાબત ગ્રાહય રાખવા પાત્ર નથી.

- તેથી અપીલ રદ કરવામાં આવે છે''

**<u>કેન્દ્રીય માહિતી આયાગનો નિર્ણય :</u>**

ઉપર્યુકત કેસમાં જે નિર્ણય લેવામાં આવ્યો છે તે આ કેસમાં પણ લાગુ પડે છે અને અપીલ રદ કરવામાં આવે છે.

**કેસ નંબર-૫૭**

**અરજદારે માંગેલ માહિતી જથ્થાબંધ (Voluminous) હોય અને સમય મર્યાદામાં પૂરી પાડી શકાય તેમ ન હોય ત્યારે અરજદારને રેકર્ડ ઈન્સ્પેક્શન માટે બોલાવી શકાય**

**કેન્દ્રીય માહિતી આયોગના માહિતી કમિશનરશ્રી શૈલેષ ગાંધી નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(9)**
**અપીલ નં. CIC/SG/A/2009/001920/4969**
**તારીખ : ૨૯-૦૯-૨૦૦૯**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

**(૧) <u>માહિતીની વિગત</u> :**

**અરજરદારનું નામ** : ડૉ. આર. કુમાર
**જાહેર સત્તા મંડળ** : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, દિલ્હી
**માંગેલ માહિતીની વિગત :**

અરજદારે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ તા.૦૯-૦૫-૨૦૦૯ ની તારીખ ધરાવતી જુદીજુદી બે અરજીઓ અન્વયે જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી માંગેલ હતી, જેની અરજીવાર વિગતો નીચે મુજબ છે :

(અ) **અરજી નં. ૧ :**

(૧) ૨૦૦૩ થી ૨૦૦૮ દરમિયાન મિલકતના નિકાલ અને મિલકતની ચકાસણી અંગેના સાધનિક કાગળોની નકલો.

(૨) ૨૦૦૩ થી ૨૦૦૮ દરમિયાન સ્થાયી મિલકતના ઘસારાના દર દર્શાવતા સાધનિક કાગળોની નકલો.

(૩) ૨૦૦૩ થી ૨૦૦૮ દરમિયાન સ્ટોક વેરીફાયરની મંજૂર થયેલ જગ્યાઓ અને સ્ટોક વેરીફાયરની ભરાયેલ જગ્યાઓની વિગતવાર માહિતીની નકલ.

(૪) ૨૦૦૩ થી ૨૦૦૮ દરમિયાન તમામ વિભાગો/કેન્દ્રો/પ્રભાગો/ એકમોના જથ્થામાં વધઘટ અંગેના સાધનિક કાગળોની વિગતો.

(૫) ૨૦૦૩ થી ૨૦૦૮ દરમિયાન નિવૃત થતાં સ્ટાફ દ્વારા બિનવપરાશી સામાનનો જથ્થો પરત કરવામાં ન આવ્યો હોય તે અંગેના સ્ટોક વેરીફીકેશનની નકલો.

(૬) ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમિયાન, દરેક વિભાગો/ કેન્દ્રો/ પ્રભાગો/એકમો દ્વારા પેટ્રોલ અને ડિઝલની આવક અને વપરાશના હિસાબોની નકલો.

(૭) ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમિયાન તમામ પ્રકારના ખર્ચને લગતા તમામ

કાગળો/સ્ટેટમેન્ટની નકલો કે જેમાં સમારકામ (રીપેરીંગ)/ નવીનીકરણ (રીનોવેશન)/ જાળવણી (મેઈન્ટેનન્સ)/આંતરિક અને બાહય ફીટીંગો......વિગેરેનો સમાવેશ થતો હોય તે સાધનિક કાગળોની નકલો.

**(બ) <u>અરજી નં. ૨ :</u>**

(૧) ડાયરેકટર, ડેપ્યુટી ડાયરેકટરો, સંસ્થાઓના ડીનના છેલ્લા પાંચ વર્ષના શિક્ષણના કાર્યભારણ અંગેના અધિકૃત કાગળોની નકલો.

(૨) સ્થાપિત કાર્યભારણ, **AICTE** ના શિક્ષણના કાર્યભારણસબંધી ધારાધોરણોની નકલો.

(૩) સંસ્થાઓના ડીન, ડાયરેકટર, ડેપ્યુટી ડાયરેકટરોના છેલ્લા પાંચ વર્ષના ટાઈમટેબલની અધિકૃત નકલો.

(૪) ઉપરોકત ઈસમોએ છેલ્લા પાંચ વર્ષમાં વિદ્યાર્થીઓની લીધેલ હાજરીની નકલો.

(૫) પ્રો.સુરેન્દ્રપ્રસાદ અને હાલના ડેપ્યુટી ડાયરેકટરોની ભરતી અંગે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાતની નકલ અને પ્રોફેસર સુરેન્દ્ર પટેલ સંબંધી અન્ય માહિતીની નકલો.

**(૨) <u>બંને અરજીઓ અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ જવાબ તા. ૨૬-૦૫-૨૦૦૯</u>**

''આપે માંગેલ માહિતી જોતાં જણાય છે કે માહિતી આપવા માટે ઘણી મોટી સંખ્યામાં ફાઈલો અને સાધનિક કાગળો (દસ્તાવેજો) ઘ્યાનપૂર્વક જોવાના (તપાસવાના) થશે, અને તેથી મોટી સંખ્યામાં માનવકલાકોની જરૂર પડશે. માહિતી સંકલિત કરવા માટે બિનપ્રમાણસર સ્ત્રોતની જરૂરીયાતને કારણે, કાયદાની કલમ-૭(૯) મુજબ આપે માંગેલ માહિતી આપને આપી શકાય તેમ નથી, તેથી, રેકર્ડના ઈન્સ્પેકશન માટે આપ કચેરીના સંબંધિત વિભાગની, અગાઉથી સમય નકકી કરી, મુલાકાત લઈ શકો છો.''

**(૩) <u>અપીલ અધિકારીના તારણો અને નિર્ણય તા.૦૯-૦૭-૨૦૦૯</u> :**

જાહેર માહિતી અધિકારીના જવાબથી નારાજ અરજદારે તા.૧૮-૦૬-૨૦૦૯ થી અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરી, જેમાં તેમણે જણાવ્યું કે, ''કાયદાની કલમ-૭(૯) હેઠળ જાહેર માહિતી અધિકારીની દલીલ ખોટી છે. કાયદાની કલમ-૪(૧)(એ) મુજબ, દરેક જાહેર સત્તામંડળે પોતાના તમામ રેકૉર્ડ યોગ્ય રીતે પત્રકમાં નોંધીને અને અનુક્રમણિકા કરીને જાળવવાના હોય છે. માહિતી સંકલિત કરવા માટે અને પૂરી પાડવા માટે કેટલાય મદદનીશ જાહેર માહિતી અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે''.

અપીલ અધિકારીએ પોતાનો નિર્ણય આપતાં જણાવ્યું કે, ''માંગવામાં આવેલ માહિતી ડાયરેકટર, ડેપ્યુટી ડાયરેકટર, ડીન અને અન્ય શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા જુદાજુદા વિભાગો/પ્રભાગો/એકમોને લગતી ૨૦૦૩ થી ૨૦૦૮ ના સમયગાળા સંબંધિત છે. જેના માટે ખૂબજ મોટી સંખ્યામાં ફાઈલો/દસ્તાવેજો જોવા પડે અને તેના માટે બિનપ્રમાણસર સ્ત્રોતોની જરૂર પડે. તેથી સંબંધિત વિભાગોનો અગાઉથી સમય લઈ રેકર્ડ ઈન્સ્પેકશન કરવાની આપને સલાહ આપવામાં આવે છે.

## (૪) કેન્દ્રીય માહિતી આયોગના તારણો અને નિર્ણય :

અપીલ અધિકારીના નિર્ણયથી નારાજ અરજદારે તા.૧૦-૦૮-૨૦૦૯ થી કેન્દ્રિય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરી. અરજદારના જણાવ્યાનુસાર ''મેં મૂળતઃ ૫ વર્ષની માહિતી માંગી હતી. ત્યારબાદ સમયગાળો ઘટાડીને ૩ વર્ષની માહિતી માંગેલ અને છેલ્લે અપીલ અધિકારી કક્ષાએ ફકત બે વર્ષના સમયગાળાની જ માહિતી માંગેલ. સંસ્થા પાસે ૪૬૯ તાંત્રિક મહેકમ છે અને કરાર આધારિત લગભગ ૨૦૦ કામદારો કામ કરે છે. તેથી કાયદાની કલમ-૭(૯) ના આધારે માહિતી નકારી શકાય નહી. કાયદાની કલમ-૪(૧) મુજબ, આઈ.આઈ.ટી., દિલ્હી પોતાની જવાબદારીઓ નિભાવી રહી નથી.''

આયોગે રાખેલ સુનાવણીમાં અરજદાર, જાહેર માહિતી અધિકારી, અપીલ અધિકારી અને સંસ્થાનો અન્ય સ્ટાફ પણ હાજર હતો. આયોગે તમામને સાંભળ્યા બાદ આયોગનું નિરીક્ષણ આ પ્રમાણે હતું :

''અરજદારે માંગેલ માહિતી ઘણીજ વિશાળ (Voluminous) અને ઘણા વર્ષોની હોઈ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને રેકર્ડ ઈન્સ્પેકશનની ઓફર કરેલ હતી. અરજદારની દલીલ એ છે કે રેકર્ડને વ્યવસ્થિત ગોઠવવા જોઈએ કે જેથી વિશાળ માહિતી પૂરી પાડી શકાય. કોઈપણ જાહેર સત્તામંડળ માટે આટલી બધી માહિતી પૂરી પાડવી અસંભવિત છે. જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીએ કાયદાની કલમ-૭(૯) મુજબ અરજદારને રેકર્ડ ઈન્સ્પેકશન કરી જરૂરી માહિતીની નકલો મેળવવા જણાવ્યું છે તે યોગ્ય જ છે''.

## (૪) <u>કેન્દ્રીય માહિતી આયોગનો નિર્ણય :</u>

(૧) અરજદારની અપીલ રદ કરવામાં આવે છે.

(૨) જાહેર માહિતી અધિકારીએ અરજદારને ઓફર કરેલ રેકર્ડ ઈન્સ્પેકશન વ્યાજબી છે પરંતુ અરજદારે ઓફર સ્વીકારી નથી.

(૩) આ હુકમના અમલીકરણ અર્થે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ ૭(૬) મુજબ અરજદારને માહિતી વિના મૂલ્યે પરી પાડવી.

(૪) આ હુકમની નકલો તમામ પક્ષકારોને વિનામૂલ્યે આપવી.

## કેસ નંબર-૫૮

**અરજદારે માંગેલ માહિતી ત્રાહિત પક્ષકારને લગતી ખાનગી પ્રકારની હોય તો કાયદાની કલમ-૧૧ મુજબ ત્રાહિત પક્ષકારને રૂબરૂ સાંભળવાની તક આપીને અને તેમને સાંભળીને માહિતી આપવાના નિર્ણયો થવા જોઈએ.**

**ગુજરાત હાઈકોર્ટના નામદાર ન્યાયધીશ ડી. એન. પટેલ નો ચુકાદો**
**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ વિરુધ્ધ ગુજરાત રાજય માહિતી આયોગ**
**લાગુ પડતી કલમ : 11(1 to 4) & 7(7), 19(2), 19(3)**
**SCA No. 16073 of 2007, 17067/2007 તારીખ ૧૬-૦૮-૨૦૦૭**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨૮**

- **કેસની વિગત :**

શ્રી રસિકલાલ મરડીયા એ તા.૨૫-૦૭-૨૦૦૬ થી લેબર કમિશનર ઓફિસ અમદાવાદને અરજી કરેલ હતી. અરજદારે રિલાયન્સ પેટ્રોકેમીકલ્સ લીમીટેડ કંપનીને સરકારી નીતીના ભાગરૂપે સેલ્સટેક્ષમાં મુકિત આપવામાં આવેલ તે અંગેના રિલાયન્સે સ્થાનિક લોકોને આપવામાં આવેલ નોકરી બાબતના ચકાસણી રિપોર્ટની નકલ, તે અંગેના પત્રવ્યવહારો અને નકકી થયેલ શરતો બોલીઓ મુજબ પાલન ન થયું હોય તો તે અંગે કંપની વિરુધ્ધ કરવામાં આવેલ કાર્યવાહી અને તે અંગેના પત્રવ્યવહારોની નકલો તથા રિલાયન્સ રિફાઈનરીના બાંધકામ દરમિયાન કેટલા લોકોનું મૃત્યુ થયું. તે અંગેની માહિતી તથા તેના અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહી અંગેના પત્રોની નકલો વિગેરે માહિતી માંગેલ હતી. અરજી તા.૨૯-૦૭-૦૬ થી અમદાવાદની કચેરીએ, જામનગર ખાતેની લેબર કમિશનરની ઓફિસને તબદીલ કરેલ હતી.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

જામનગર ખાતેના જાહેર માહિતી અધિકારીએ તા.૨૯-૦૮-૦૬ થી અરજદારને તેમની અરજી પરત કરીને જણાવવામાં આવેલ કે માંગેલ માહિતી બીજા શહેર સત્તામંડળને કાર્યક્ષેત્રને લગતી છે. દરમિયાનમાં અરજદારે યોગ્ય પ્રતિભાવ ન મળવાથી તા.૨૧-૦૮-૦૬ ના પત્રથી તેમણે લેબર કમિશનર ઓફિસ જામનગરને માહિતી આપવા વિનંતી કરેલ. પણ કોઈ પ્રતિભાવ ન મળતાં તમણે આયોગને ફરિયાદ કરેલ.

**રાજય માહિતી આયોગમાં અપીલની વિગત :**

**અરજદારની રજૂઆત :**

તા.૨૯-૦૭-૦૬ ની અરજી અન્વયે યોગ્ય પ્રત્યુત્તર ન મળતાં, તા.૨૧-૦૮-૦૬ ના જાહેર માહિતી અધિકારી લેબર કમિશનર જામનગરને પત્ર લખવા છતાં, કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે આયોગમાં ફરિયાદ કરેલ, અને એવી દાદ માંગેલ હતી કે જાહેર માહિતી અધિકારી જામનગરની લેબર કમિશનરની ઓફિસ દ્વારા જો તેમના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી નહોતી તો, માહિતી અધિકારના કાયદા હેઠળ પાંચ દિવસમાં લાગુ પડતા જાહેર સત્તામંડળને તબદીલ કરવી જોઈતી હતી તેથી તેમણે માહિતી મેળવીને મને આપવામાં આવે એવી રજુઆત કરેલ.

**<u>જાહેર માહિતી અધિકારીની રજૂઆત :</u>**

ફરિયાદ સંદર્ભે તા.૨૦-૧૨-૦૬ અને ૧૨-૦૧-૦૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ પણ ફરિયાદી હાજર ન હતા. જાહેર માહિતી અધિકારીએ રજુઆત કરી કે સદર અરજી જાહેર માહિતી અધિકારી જામનગરને તા.૨૯-૦૭-૦૬ ના રોજ તબદીલ કરવામાં આવેલ અને તેમણે પણ તા.૨૯-૦૮-૦૬ ના રોજ પ્રત્યુતર પાઠવેલ તેથી હવે યોગ્ય એકશન લીધેલ હોવાથી અરજદારની ફરિયાદ ફાઈલ કરવી જોઈએ.

**<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

આયોગના નિરીક્ષણ મુજબ જામનગરના જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુતરમાં તેમણે કોઈ માહિતી આપી નથી. તે ફકત એટલું જ જણાવે છે કે સદર માહિતી આસીસ્ટન્ટ લેબર કમિશ્નર સેન્ટ્રલ ગાંધીધામ એન્ફોર્સમેન્ટ ઓફિસર, કોઠી કમ્પાઉન્ડ રાજકોટના કાર્યક્ષેત્ર હેઠળની છે. તેથી સ્પષ્ટ થાય છે કે ફરિયાદીને કોઈ માહિતી મળી નથી. આ કાયદા હેઠળ આ પ્રકારનો જવાબ કલમ-૨૦(૧) મુજબ દેખીતી રીતે સજાને પાત્ર ગણાય.

**<u>ગુજરાત માહિતી આયોગનો હુકમ : તા.૩૧-૦૧-૦૭</u>**

ઉપર મુજબના નિરીક્ષણને અંગે આયોગ સદર બાબત પ્રથમ અપીલ અધિકારી જામનગરને પરત મોકલવાનો નિર્ણય લે છે અને જણાવે છે કે તેમણે ફરિયાદીને સાંભળીને યોગ્ય રીતે કાર્યક્ષેત્રની બાબત નિર્ણીત કરીને લાગુ પડતા જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારને યોગ્ય માર્ગદર્શન આપીને અરજદારને વિના મૂલ્યે ૩૦ દિવસમાં માહિતી પૂરી પાડવા આદેશ કરવામાં આવે છે અને અરજદારને પૂરી પાડવામાં આવેલ માહિતીની નકલ મોડામાં મોડા તા.૧૫-૦૩-૦૭ પહેલાં આયોગને મોકલી આપવા જણાવવામાં આવે છે. જરૂર પડે તો કલમ-૨૦(૧) હેઠળ આગામી સુનાવણીની તારીખ ૨૯-૦૩-૦૭ નકકી કરવામાં આવે છે.

**<u>અપીલ અધિકારીનો હુકમ : તા.૦૯-૦૩-૦૭</u>**

આયોગના તા.૩૧-૦૧-૦૭ ના અરજદારને માહિતી પુરી પાડવાના હુકમ ધ્યાને લઈ પ્રથમ અપીલ અધિકારીએ તા.૦૯-૦૩-૦૭ ના હુકમથી જાહેર માહિતી અધિકારી લેબર કમિશ્નર અમદાવાદની કચેરીને જણાવીને માહિતી આપવાનો હુકમ કરતાં જે અન્વયે જામનગરના જાહેર માહિતી અધિકારીને માહિતી આપવાનો આદેશ કરવામાં આવતાં, જામનગરના તથા તેના જાહેર માહિતી અધિકારીએ તા.૦૯-૦૩-૦૭ ના રોજ એટલે કે એજ દિવસે માહિતી પુરી પાડવામાં આવેલ.

**(૫) ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલ અપીલની વિગત :**

**પીટીશનર એટલે કે રિલાયન્સ અને તેમની ગ્રુપ કંપનીઓ દ્વારા નિષ્ણાંત એડવોકેટ દ્વારા રજુઆતના મુખ્ય મુદ્દાઓ :**

અરજદાર રસીકલાલ મરડીયા સામે કેટલીક ગુનાકીય ફરિયાદો થયેલ છે તેથી તેમની આવી અરજીઓ જવાબદાર સત્તામંડળો દ્વારા ધ્યાને લેવાવી ન જોઈએ. સદર કેસમાં અમોને માહિતી અધિકારના કાયદાની કલમ-૧૧ (૧) મુજબ સાંભળવાની તક આપી નથી અને કલમ-૭(૭) મુજબ

ત્રાહિત વ્યક્તિને સાંભળીને માહિતી પુરી પાડવી જોઈએ તે બંને જોગવાઈની વિગતો જોતા જવાબદાર સત્તામંડળોએ અમારી માહિતી અરજદારને પુરી પાડી છે તે બાબતે ત્રાહિત પક્ષકારને સાંભળવાના અધિકારનું હનન થયું છે. એટલે બંધારણની કલમ-૧૪ મુજબ જવાબદાર સત્તામંડળો દ્વારા માહિતી આપી દેવામાં આવેલ હુકમો એકતરફી અને અન્યાયી છે. કાયદાની કલમ-2(n) માં ત્રાહિત પક્ષકારની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને કલમ-૧૧(૧) મુજબ ત્રાહિત પક્ષકારને લગતી માહિતી ખાનગી ગણવામાં આવી હોય તો કલમ-૧૯(૨) મુજબ ત્રાહિત પક્ષકારને પણ અપીલ કરવાનો અધિકાર છે. વધુમાં તેમની રજુઆત મુજબ અન્ય સી.એ.નં.૧૭૦૬૭ ઓફ ૨૦૦૭ અન્વયે તા.૧૮-૦૫-૨૦૦૭ ના પત્રથી અમોએ સંબંધિત સત્તામંડળને એમ જણાવેલ કે અમારી માહિતી ખાનગી હોઈ અરજદારને માહિતી આપતાં પહેલાં અમોને સાંભળવાની તક આપવી. જેના અનુસંધાને તા.૩૦-૦૫-૦૭ ના પત્રથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કે અરજદારે માંગેલ માહિતી તમારી કંપનીને લાગુ પડતી ન હોવાથી તેમને સાંભળવાની તક આપવાની જરૂર નથી. વધુમાં પીટીશનરે આ અંગે અમારી માહિતી અમોને સાંભળ્યા વગર અરજદારને આપવા કેટલીક રજુઆતો કરી હતી. દરમિયાનમાં શ્રી રસીકલાલ મરડીયાએ અત્યાર સુધીમા આવી ૫૫ અરજીઓ કરીને માહિતી માંગેલ છે. તેથી અમારા ત્રાહિત પક્ષકારના હિતને ધ્યાનમાં લીધા સિવાય અને આ માહિતી જાહેર કરવાનું જાહેર હિતમાં છે એવું પ્રતિપાદિત કર્યા સિવાય અમારા સાંભળવાના અધિકાર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરી માહિતી આપી દીધેલ છે. તે માહિતી અમને પરત આપવા અથવા રસીકલાલ મરડીયા આ માહિતીનો ઉપયોગ ન કરે તેવો હુકમ કરી અમને ન્યાય આપવો.

**<u>અરજદાર એટલે કે રસીકલાલ શાહ વતી તેમના એડવોકેટની રજુઆતના મુખ્ય મુદ્દાઓ</u>**

- સેકશન-૧૧ Confidentiality એટલે ખાનગી બાબતના આધાર ઉપર ટકે છે. પ્રસ્તુત કિસ્સામાં આવી કોઈ ખાનગી બાબત સમાવિષ્ટ નથી. અને તેથી અત્રે ૭(૭) કે સેકશન-૧૧(૧) લાગુ પડતી ન હોવાથી ત્રાહિત પક્ષકારને સાંભળવાની જરૂર નહોતી.

- જાહેર માહિતી અધિકારીએ ફક્ત ત્રાહિત વ્યક્તિને સાંભળીને તેનો અભિપ્રાય ધ્યાનમાં રાખીને નિર્ણય કરવાનો હોય છે. અહી કોઈ ઈન્કવાયરી કે અરજદારને સાંભળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે કોર્ટ જેવી કોઈ કાર્યવાહી કરવાની થતી નથી. જાહેર માહિતી અધિકારીનું કાર્ય ફક્ત વહીવટી પ્રકારનું છે.

- પીટીશનરને જો ૯-૩-૦૭ ના હુકમથી જો અન્યાય થતો હોય તો તેમને સેકશન-૧૯ મુજબ અપીલનો અધિકાર છે. તેથી આ રીટ ટકી શકે તેમ નથી.

- જાહેર માહિતી અધિકારીને સંતોષ થાય તો જ ત્રાહિત પક્ષકારને નોટીસ આપવાની થાય. પણ પ્રસ્તુત કિસ્સામાં ૧૧(૧) લાગુ પડતી નથી. તેથી નોટીસ આપવાની થતી નથી. ફક્ત ધંધાકીય અને વ્યાપારિક બાબતો અંગેની માહિતી જાહેર કરવા માટે અપવાદ છે. આ કિસ્સામાં તે લાગુ પડતું નથી.

- બીજી પીટીશન પણ ટકી શકે તેમ નથી કારણ કે માહિતી અગાઉ અપાઈ ચૂકી છે. (૧૭૦૬૦ ઓફ ૨૦૦૭) તેથી અરજદારની દાદ મંજૂર કરી શકાય તેમ નથી. ગ્રુપ ઓફ કંપનીઝ તરીકે પીટીશન ફાઈલ થઈ શકે નહી. કારણ કે દરેક કંપની કાયદાની દ્રષ્ટિએ જુદીજુદી છે.

- માહિતી ખરેખર જાહેર કરવામાં આવેલ છે તેથી હવે આ રીટ ટકી શકે તેમ નથી.

**<u>રાજ્ય માહિતી આયોગની રજુઆતના મુખ્ય મુદ્દા :</u>**

- આ બંને રીટ કાયદાની દ્રષ્ટ્રિએ નિષ્ફળ છે. કાયદાની કલમ-૭ મુજબ માહિતી આપવાના હુકમ કરવામાં કુદરતી ન્યાયના સિધ્ધાંતો લાગુ પડતા નથી.

કલમ-૧૮ મુજબ અમારી સત્તાનું કાર્યક્ષેત્ર છે. સદર ફરિયાદ સેકશન-૧૮ મુજબ છે. સેકશન-૧૯ અપીલ માટે અને સેકશન-૨૦ દંડ માટે છે. તેથી ત્રણેય કલમો સાથે લાગુ પાડી શકાય નહી.

- ત્રાહિત વ્યકિતની ખાનગી માહિતી અંગેની જોગવાઈમાં ''has been treated'' શબ્દો કાયદામાં વપરાયા છે તે ચાલુ વર્તમાન કાળના છે તેથી ભવિષ્યની અસરો પ્રતિપાદિત કરતાં નથી એટલે કે ભવિષ્યમાં પણ તે ખાનગી હોઈ શકે''.

- સેકશન-૧૮ હેઠળની ફરિયાદ હોઈ ત્રાહિત વ્યકિતને સાંભળવાની તક આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેથી તા.૩૧-૦૧-૦૭ નો હુકમ કાયદાની દ્રષ્ટ્રિએ સાચો, યોગ્ય અને વિષયવસ્તુ પ્રમાણે સુસંગત છે.

- માહિતી આપવાના હુકમમાં અહી કોઈ પૂર્વગ્રહ પણ પ્રસ્થાપિત થતો નથી. તેથી આ સુનાવણી ફોર્માલીટી છે.

**<u>હાઈકોર્ટનું નિરીક્ષણ અને હુકમ :</u>**

- માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨(એન) ત્રાહિત પક્ષકારની વ્યાખ્યા, ત્રાહિત પક્ષકારને સાંભળીને માહિતી આપવા અને સાંભળવાની તક આપવી, ૭(૭) અને ૧૧(૧), (૨), (૩), (૪) તેમજ ૮(૧)(ડી) અને કલમ-૬ તથા ૧૯ ની જોગવાઈઓ સમાવિષ્ટ છે.

- કાયદાની કલમ-૭(૭) મુજબ તેમજ કલમ-૧૧(૧ થી ૪) ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ પીટીશનરની એટલે કે ત્રાહિત પક્ષકારની ખાનગી માહિતી જાહેર કરતાં પહેલા સાંભળવાની તક આપવી જોઈએ.

- ત્રાહિત પક્ષકારની માહિતી '' has been treated'' શબ્દો જ સ્પષ્ટ દર્શાવે છે કે તેણે માહિતી આપી છે તેના માટે ત્રાહિત વ્યકિત ગમે તે સમયે તેને ખાનગી ગણી શકે છે અને શરૂઆતમાં મેળવેલ માહિતી સમય જતાં ધંધાના વિકાસને અંતે ગમે ત્યારે વ્યાવસાયિક હરીફોને ધ્યાને લઈ ખાનગી બની શકે. તેથી આ કિસ્સામાં ત્રાહિત વ્યકિતને સાંભળવાની તક આપેલ ન હોવાથી આયોગના તા.૩૧-૦૧-૦૭ અને પ્રથમ અપીલ અધિકારીના અને જાહેર માહિતી અધિકારીના તા.૯-૦૩-૦૭ એમ ત્રણેય હુકમો રદ થવાને પાત્ર છે.

- માહિતી આપવાના હુકમ થયા છે તે આયોગનો હુકમ Reasoned order નથી. જાહેર માહિતી અધિકારીએ Quashi-judicial હુકમો કરવા જોઈતા હતા. **<u>હુકમમાં કારણો દર્શાવવા એ હુકમનો આત્મા છે</u>**. ત્રાહિત વ્યકિતને જાહેર માહિતી અધિકારીએ સાંભળવાની તક આપીને, સાંભળીને પછી હુકમ કરવો જોઈતો હતો. અને તેમ થયું નથી.

- આ કિસ્સામાં જાહેર માહિતી અધિકારીના અરજદારને સાંભળીને માહિતી આપવાના અધિકાર ક્ષેત્રને ધ્યાને લીધા વગર હુકમ કરવાની બાબતમાં આયોગે ત્રાહિત વ્યકિતના હકકને છીનવી લીધા છે અને સીધો હુકમ ૩૧-૦૧-૦૭ થી કર્યો છે જે એક ગંભીર ભૂલ છે. **<u>''એટલે કે જે બાબત સીધી રીતે ન થઈ શકે તે બાબત આડકતરી રીતે પણ ન થઈ શકે''</u>**

- **<u>અપીલ અંગેની કલમ-૧૯(૨) અને ૧૯(૩) ની વિગતો જોતાં ત્રાહિત વ્યકિતને અપીલના જે અધિકારો મળ્યા છે તે જોતા, જયાં સુધી અપીલ પૂર્ણ ન થાય ત્યાં સુધી માહિતી આપવી ન જાઈએ. કારણ કે તે હવા અથવા સુગંધ જેવું છે.</u>** એક વાર તે બહાર નીકળી ગયા પછી પાછી લઈ શકાતી નથી અને પ્રસ્તુત કિસ્સામાં તેમ બનવા પામેલ છે. એકવાર માહિતી આપી દેવાય પછી તે પાછી લેવામાં આવે કે વાપરવા માટે પ્રતિબંધ મુકવામાં આવે તો પણ ત્રાહિત પક્ષકારને થનાર નુકશાન થઈ ગયું હોય.

**<u>હાઈકોર્ટનો નિર્ણય :</u>**

ઉપરના તમામ નિરીક્ષણો ધ્યાને લેતાં, પ્રસ્તુત કિસ્સામાં ત્રાહિત પક્ષકારના સાંભળવાના હકકનું કલમ-૭(૭) હનન થયું છે અને કોઈપણ નોટીસ (કલમ-૧૧ હેઠળ) પણ આપવામાં આવી નથી કે સાંભળવામાં પણ આવ્યા નથી. અને તેથી યોગ્ય તે કાર્યરીતિ અનુસર્યા સિવાયનો સ્પીકીંગ ઓર્ડર ન હોવાથી વિવાદી હુકમો આથી રદ થવાને પાત્ર છે. એટલે કે તા.૩૧-૦૧-૦૭ નો આયોગનો હુકમ, તા.૦૯-૦૩-૦૭ નો પ્રથમ અપીલ અધિકારીનો હુકમ અને તા.૦૯-૦૩-૦૭ ના જાહેર માહિતી અધિકારી જામનગરનો હુકમ આથી હવે રદ કરવામાં આવે છે. અને અરજદારશ્રી રસીકલાલ મરડીયાને આદેશ કરવામાં આવે છે કે કોઈપણ હેતુ માટે તેમણે મેળવેલ માહિતીનો ઉપયોગ કરી શકશે નહી અને હવે ભવિષ્યમાં સંબંધિત જવાબદાર અધિકારીઓએ આ બાબતને લગતી કોઈ અરજી માહિતી અધિનિયમ ૨૦૦૫ સંદર્ભે યોગ્ય તે જરૂરી કાર્યવાહી કર્યા સિવાય ધ્યાને લેવાની રહેશે નહી.

આ હુકમની સામે શ્રી રસીકલાલ મરડીયાએ મનાઈ હુકમ મેળવવા કરેલ અરજી પણ ખારીજ કરવામાં આવે છે.

## કેસ નંબર-૫૯

**સહકારી મંડળીઓને જાહેર સત્તામંડળ ગણી શકાય નહિ તેમ છતાં રાજય માહિતી આયોગે મંડળીના બાયલોઝ વગેરેના અભ્યાસ કરી યોગ્ય નિર્ણય લેવો.**

**ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ**
**સ્પે. સી. એ. નં. ૧૬૫૧૮ ઓફ ૨૦૦૭**
**બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કો.ઓપ. મીલ્ક પ્રોડયુસર યુનિયન લી.**
**વિરુઘ્ધ ગુજરાત માહિતી આયોગ અને ૨ પ્રતિવાદીઓ**
**નામદાર ન્યાયાધીશ : શ્રી કે. એસ. ઝવેરી**
**લાગુ પડતી કલમ-2(h)**
**અપીલ નં. CIC/LS/A/2010/000685, ચુકાદાની તારીખ : ૨૫-૦૨-૨૦૧૦**
**ચુકાદાના કુલ પાના : ૫**

### (૧) <u>કેસની વિગત</u>

પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ જુદીજુદી ૮ અપીલો તથા ૨૦ ફરિયાદોને સાથે રાખીને સુનાવણી કરવામાં આવેલ. જેમાં તમામ અરજદારોએ કરેલ રજુઆતો મુજબ માંગવામાં આવેલ માહિતીઓ સહકારી સંસ્થાઓના નફા-નુકશાન, લોન અને ગીરો અંગેની માહિતી, બિનવપરાશી અસકયામતો, તેમજ ઓડિટ રીપોર્ટ અને બેન્કોના ગેરવહીવટ વગેરે અંગેની માહિતીનો સમાવેશ થતો હતો.

- **<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :</u>**

પરિશિષ્ટમાં જણાવેલ તમામ અપીલો અને ફરિયાદોમાં અપીલ નં.૩૯૪ સિવાયના તમામ કિસ્સાઓમાં જાહેર માહિતી અધિકારીઓએ સહકારી મંડળીઓના રજીસ્ટ્રારના તા.૨૪-૩-૨૦૦૬ ના પરિપત્ર આધારે સહકારી મંડળીઓ અને સહકારી બેન્કો જાહેર સત્તામંડળ ગણી શકાય નહી. એમ જણાવી અરજદારોને માહિતી આપવાનું નકારવામાં આવેલ. (સહકારી સોસાયટીઓ અંગેના જીલ્લા રજીસ્ટ્રાર, પાટણ)

### (૨) બીજી અપીલ/ફરિયાદની વિગત

- **<u>અરજદારની રજૂઆત :</u>**

સહકારી સોસાયટીઓ અને સહકારી બેન્કો મૂળભૂત રીતે સહકારી સોસાયટીના કાયદા હેઠળ રચાતી હોવાથી બંનેને કાયદો લાગુ પડી શકે. સહકારી સોસાયટીઓનું નિયંત્રણ રાજય સરકાર અને રજીસ્ટ્રાર દ્વારા થતું હોવાથી આ કાયદા હેઠળ માંગેલ માહિતીની ના પાડી શકાય નહી. સોસાયટીઓના ઓડિટ રીપોર્ટ જોઈન્ટ રજીસ્ટ્રારને સુપ્રત થતાં હોઈ અને સહકારી કાયદા હેઠળ કલમ-૮૪ હેઠળ ઓડિટરની નિમણૂંક થતી હોઈ માહિતી આપવાની નાગરિકોને ના પાડી શકાય નહી. સહકારી મંડળીઓના રજીસ્ટ્રારના તા.૨૩-૦૩-૦૭ ના પરિપત્ર મુજબ પણ સહકારી સોસાયટીઓ અંગે જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવે છે. સહકારી મંડળીઓ અને સહકારી બેંકોની માહિતી જાહેર જનતાને અસરકર્તા છે. જે જાહેર હિતની બાબત ગણાય. તેથી વહીવટમાં પારદર્શિતો ઘ્યાને લેતાં સહકારી મંડળીઓ કે બેંકોને પણ જાહેર જનતાને જવાબદેહી ગણી શકાય તેથી માહિતી આપવાની ના પાડવી તે બાબત જાહેર હિતની વિરુઘ્ધ ગણી શકાય.

- **<u>જાહેર માહિતી અધિકારીઓની રજુઆત :</u>**

સહકારી મંડળીઓ અને સહકારી બેંકો આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ-2(h), (a), (b), (c), (d) મુજબ બંધારણને આધીન કે પાર્લામેન્ટ કે રાજયની વિધાનસભાના કોઈ કાયદાને આધીન અમલમાં આવેલ નથી કે કોઈ હુકમને આધીન અમલમાં આવેલ નથી. સહકારી બેંકો રાજયના સહકારી સોસાયટીઓના કાયદા હેઠળ પંજીકૃત થાય છે, પણ તે રજીસ્ટ્રેશન એવું પ્રસ્થાપિત કરતી નથી કે તે બંધારણીય રીતે કે કાયદાને આધીન અમલમાં આવેલ છે.

સહકારી સોસાયટીઓ ''બોડી'' પણ નથી કે ઓથોરીટી પણ નથી કે Institution of self Govt. પણ નથી. રાજય સરકારનું નિયંત્રણ એ ફકત નિયમન પ્રકારનું કાર્ય છે. જે ખરેખર સહકારી બેંકો/મંડળીઓ ઉપર કંટ્રોલ ગણી શકાય નહી. ઉપરાંતમાં દેશની ઘણી હાઈકોર્ટોએ પણ આપેલ જુદાજુદા ચુકાદાઓમાં આપેલ નિરીક્ષણો મુજબ બંધારણના આર્ટીકલ-૧૨ માં જણાવ્યા મુજબ ''ઓથોરીટી''ની વ્યાખ્યા મુજબ સહકારી બેંકો ઓથોરીટી ગણી શકાય નહી. સુપ્રિમ કોર્ટે પણ Zee Telefilms Limited ના કેસમાં ઓથોરીટી અંગેના જુદાજુદા ટેસ્ટ આપ્યા છે. એ મુજબ પણ સહકારી મંડળીઓ કે સહકારી બેંકો ઓથોરીટી ગણી શકાય નહીં. એજ રીતે સહકારી બેંકોનું નિયંત્રણ જે આર.બી.આઈ. દ્વારા કરવામાં આવે છે તે પણ નિયમન પ્રકારનું છે અને રિઝર્વ બેંક એપ્રોપીએટ ગર્વમેન્ટ ગણી શકાય નહી. (સેકશન-૨ મુજબ) વધુમાં ગુજરાત હાઈકોર્ટે પણ બેંક ઓફ બરોડાના કેસમાં {૨૦૦૧(૧) GCD ૬૫૧} મુજબ બેંકીંગને કોમર્શીયલ પ્રવૃત્તિઓ ગણી છે અને તે સહકારી કાર્ય નથી એવું જણાવેલ છે. વધુમાં એક અપીલમાં (૪૮૮) શ્રી વખારીયાએ રજુ કરેલ વિગતો મુજબ West ની ડિક્ષનરીમાં આપેલ વ્યાખ્યા મુજબ ૫૦% કરતા વધુ સરકારી ગ્રાન્ટ/ફંડ મળતું હોય તે સત્તા મંડળ substantially financed ગણી શકાય. પરંતુ પ્રસ્તુત કેસમાં રાજય સરકારનો ફાળો ફકત ૩.૪૮% છે જે substantially financed ગણી ન શકાય તેથી જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવી ન શકે.

- **<u>રાજય સરકારના પ્રતિનિધિ તરીકે કૃષિ સહકાર વિભાગ અને મંડળીઓના રજીસ્ટ્રારની રજુઆત :</u>**

ગુ.કો-ઓપરેટીવ સોસાયટીના કાયદાની જુદીજુદી કલમો ટાંકીને તેઓએ રજુઆત કરેલ કે રાજય સરકારનું/રજીસ્ટ્રારનું મંડળીઓ ઉપરનું નિયંત્રણ હોવાથી સહકારી મંડળીઓ સરકાર દ્વારા નિયંત્રિત બોડીઝ ગણી શકાય. વધુમાં સહકારી મંડળીઓ ઓથોરીટીઝ અને ઈન્સ્ટીટયુટ ઓફ સેલ્ફ ગર્વમેન્ટ પણ ગણી શકાય. કારણ કે સહકારી મંડળીઓ લોકશાહી પધ્ધતિએ રચાય છે અને સહકારી મંડળીઓના કાયદો-૧૯૬૧ ની કલમ-૪ મુજબ સહકારના સાત સિધ્ધાંતો મુજબ પાલન થતું હોય છે. સહકારી બેંકો દ્વારા ખેતી ક્ષેત્રે અપાતી લોન પણ જાહેર હિતને લગતી બાબત છે અને સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર દ્વારા સહકારી મંડળીઓ/બેંકોને ૨૩-૦૩-૨૦૦૭ થી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ જાહેર સત્તામંડળ ગણાય એવો પરિપત્ર પણ કરવામાં આવેલ છે.

- **<u>ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :</u>**

આયોગે પોતાનું નિરીક્ષણ આપતાં જણાવ્યું કે સહકારી મંડળી/બેંકોને જાહેર સત્તામંડળ ગણી શકાય તે અંગે ફકત કલમ-૨(એચ) જ નહીં, પરંતુ કલમ-૨(એફ) ની માહિતીની વ્યાખ્યા જેમાં પ્રાઈવેટ બોડીની માહિતીની વ્યાખ્યા સહિત કલમ-૮(૧)(જે) ની માહિતીની સાથે વ્યાખ્યા સાથે વાંચીને (AIR 1997 SC 628 માં સુપ્રીમ કોર્ટ કે.વી. મૃથ્થુ વિરુધ્ધ અગ્નામુથુ અનમોલમાં નોંધ્યા

મુજબ) કાયદાનો કોઈપણ શબ્દની વ્યાખ્યાને કાયદાની પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબના ધ્યેયો સાથે સાથે કાયદાની જોગવાઈઓને વિસ્તૃત સ્વરૂપમાં પણ સમજવી જોઈએ. અરજદાર પક્ષે જણાવેલ ઓથોરીટી અંગેના ચુકાદાઓ સાથે સંમત થવા સાથે સાથે સુપ્રીમ કોર્ટના અન્ય ચુકાદાઓમાં કરવામાં આવેલ નિરીક્ષણોને ટાંકીને (દા.ત. ઉત્તરપ્રદેશ સહકારી જમીન વિકાસ બેંક વિ. ચંદ્રભાણ દુબે ૧૯૯૯ સુપ્રીમ કોર્ટ કેસ-૭૪૧, ફૂલચંદ વિ. રાજસ્થાન રાજય, ૧૯૮૫ RLR૩૬૫ વિગરે) આયોગ જણાવે છે કે જુદીજુદી કોર્ટોએ સહકારી મંડળીઓ/બેંકોને વિસ્તૃત સ્વરૂપે જાહેર સત્તામંડળ (ઓથોરીટી) પ્રસ્થાપીત કરેલ છે. એજ રીતે જસ્ટીસ ભગવતીના સુપ્રીમ કોર્ટ કેસમાં નિરીક્ષણ મુજબ (અજય હાસીયા લિ.ખાલીદ મુજીદ શેરાવાલી (૧૯૮૧) ૧ SCC ૭૨૨) મુજબ કોઈ સંસ્થા કઈ રીતે અસ્તિત્વમાં આવેલ છે. તેને બદલે સંસ્થા સરકારની એજન્સી છે એ ટેસ્ટ મહત્ત્વનો છે અને જાહેર હિતમાં શા માટે તે અસ્તિત્વમાં આવેલ છે તે જોવાનું મહત્ત્વ છે. એવા આધારો સાથે સહકારી મંડળીઓના કાયદા-૧૯૬૧ ની જુદીજુદી કલમોના આધારે, જાહેર હિત ધ્યાને લેતાં આ સંસ્થાઓ જાહેર સત્તામંડળ ગણી શકાય. અને એડવાન્સ લૉ ડિકશનરી ૩જી આવૃત્તિ ૨૦૦૫ માં જણાવ્યા મુજબ બોડી શબ્દની વ્યાખ્યા મુજબ અને સહકારી મંડળીઓના કાયદા-૧૯૬૧ ની કલમ-૩૭ માં જણાવ્યા મુજબ ''સોસાયટીનું રજીસ્ટ્રેશન થતાં તે બોડી કોર્પોરેટ...... ગણાશે'' અને તે રીતે પણ સહકારી મંડળીઓ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨(એચ) મુજબ જાહેર સત્તામંડળ ગણાય. સહકારી મંડળીઓના કાયદા-૧૯૬૧ ની કલમ-૪ મુજબ પણ સભ્યોના આર્થિક હિતોની બાબત જાહેર હિતની સાથે સ્પષ્ટ થાય છે. દમનસિંઘ વિરુધ્ધ પંજાબ રાજયના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે નોંધ્યા મુજબ ''The very philosophy and concept of the co-operative movement is impregnated with pubic interest'' એજરીતે સહકારી મંડળીઓના કાયદા ૧૯૬૧ ના પ્રકરણ-૭ માં મંડળીઓના ઓડિટ, ઈન્સ્પેકશન, તપાસ, હિસાબો, બુક ઈન્સ્પેકશન વિગેરે બાબતો એક પ્રકારનું કન્ટ્રોલ મીકેનીઝમ જ છે. એજ પ્રમાણે કાયદાની ૧૧૫-એ કલમ મુજબ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનું નિયંત્રણ સહકારી બેંકો પર લાદવામાં આવ્યું છે અને તેમાં પણ જાહેર હિતની બાબતો ધ્યાને લઈને આખરી સત્તાઓ રજીસ્ટ્રાર અને રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયામાં નિહિત થયેલ છે. અને રાજય સરકારે પણ ૨૩-૦૩-૦૭ થી પરિપત્ર કરીને સહકારી મંડળીઓને/સહકારી બેંકોને જાહેર સત્તામંડળ ગણવામાં આવેલ છે.

- **<u>ગુજરાત માહિતી આયોગનો હુકમ :</u>**

➢ તમામ સહકારી સોસાયટીઓ કે જે ગુજરાત રાજય સહકારી સોસાયટીઓના કાયદો ૧૯૬૧ હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે તે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-2(h)(i) હેઠળ જાહેર સત્તામંડળ છે.

➢ તમામ સહકારી બેંકો પણ સહકારી મંડળીઓ તરીકે પંજીકૃત થયેલ હોઈ તેવી બેંકો પણ માહિતી અધિકાર અધિનયમ-૨૦૦૫ ની કલમ-૨(એચ)(આઈ) મુજબ જાહેર સત્તામંડળ છે

➢ ઉપર મજબના નિર્ણયને આધીન તમામ સહકારી મંડળીઓ અને તમામ સહકારી બેંકો માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની જોગવાઈઓનું પાલન કરવાનું રહે અને કાયદાની જોગવાઈઓ મુજબ નાગરિકોને માહિતી આપવાની તેઓની કાયદેસર રીતે ફરજ બને છે.

- **<u>હાઈકોર્ટના કેસની વિગત :</u>**

➢ અરજદારે રાજય સરકારના તા.૨૩-૦૩-૦૭ ના જીલ્લા સહકારી મંડળીઓના રજીસ્ટ્રારના પરિપત્ર કે જેમાં જાહેર માહિતી અધિકારીઓની નિમણુંક કરવા (આર.ટી.આઈ. એકટ-૨૦૦૫

હેઠળ) ના હુકમો કરેલ છે તે અને રાજ્ય માહિતી આયોગના તા.૧૫-૦૫-૦૭ ના ચુકાદાને ગેરકાયદેસર ઠરાવવા તેમજ રદ કરવા સદર પીટીશન કરેલ છે. (બંધારણના આર્ટીકલ-૨૨૬ હેઠળ)

- **<u>હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

પ્રસ્તુત ચુકાદામાં પ્રતિવિવાદી દ્વારા ગુજરાત માહિતી આયોગના તા.૧૫-૦૫-૦૭ ના ચુકાદાને ચેલેન્જ કરવામાં આવેલ છે અને સહકારી મંડળીઓને જાહેર સત્તામંડળ ગણી શકાય કે કેમ? તે વિશે વિશદ છણાવટ કરી હુકમ કરવામાં આવેલ છે.

➢ વિવાદીત હુકમ (તા.૧૫-૦૫-૦૭) જોતાં મને જણાય છે કે ગુજરાત માહિતી આયોગે અરજદારની સોસાયટીના બંધારણ અને તેના પેટા નિયમો ધ્યાને લીધા સિવાય આ સંસ્થા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨(એચ) હેઠળ આવે છે તેવો નિર્ણય લીધેલ છે તેથી હું એવો અભિપ્રાય ધરાવું છું કે આયોગે અરજદારની મંડળીનું બંધારણ/પેટા નિયમો અને કઈ રીતે અરજદારની મંડળી ‘‘Owned” or Controlled or substantially financed” ની માહિતી અધિકાર અધિનિયમની-૨ કલમ-(એચ) હેઠળ આવે છે એ ચોકકસ કરીને નિર્ણય લેવા યોગ્ય રહેશે.

➢ ગુજરાત માહિતી આયોગનો તા.૧૫-૦૫-૦૭ નો વિવાદી હુકમ અને વિવાદીત તા.૨૩-૦૩-૦૭ નો પરિપત્ર આથી ગેરકાયદેસર હોવાથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ બાબત ગુજરાત માહિતી આયોગના સક્ષમ સત્તાધિકારીને નિર્ણય લેવા માટે પરત કરવામાં આવે છે કે અરજદારની સોસાયટી તેના બંધારણ, પેટા નિયમો ધ્યાને લેતાં, માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના કાર્યક્ષેત્ર હેઠળ body owned, controlled or substantially financed છે કે નહી ? વધુમાં સ્પષ્ટ કરવામાં આવે છે કે આ હુકમ કેસના કોઈપણ ગુણ-દોષ ધ્યાને લીધા સિવાય કરવામાં આવે છે અને સક્ષમ સત્તાધિકારીએ કેસના ગુણદોષ અને સોસાયટીના પેટા નિયમો અને નિયમો ધ્યાને લઈ ખરેખર વહીવટી નિયંત્રણ હેઠળ આવે છે. કે કેમ તે અભ્યાસ કરી નિર્ણય કરવાનો રહેશે.

➢ આ મુજબના નિરીક્ષણોને આધારે આ પીટીશન નિકાલ કરવામાં આવે છે.

- **<u>હાઈકોર્ટના સમાન બાબતના કેસો :</u>**

૧) બનાસકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લી. વિરુધ્ધ ગુજરાત માહિતી આયોગ ૩ પ્રતિવાદીઓ, તા.૨૬-૦૨-૧૦ નો SCA. ૨૫૯૧૦ ઓફ ૨૦૦૭)
૨) સૌરાષ્ટ્ર કો.ઓ. બેંક લી. વિ. ગુજરાત માહિતી આયોગ ૧૦-૧૧-૦૯ SCA 25910 of 2007)
૩) ધાનેરા તાલુકા ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રોડકટ સેલ-વિ. ગુજરાત માહિતી આયોગ અને ૩ પ્રતિવાદીઓને SCA. 8169 of 2008) તા.૧૦-૧૧-૨૦૦૯.
૪) ભરૂચ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી. વિ. ગુજરાત માહિતી આયોગ ૧૬૪૪૪ ઓફ ૨૦૦૭, તા. ૨૬-૦૨-૨૦૧૦.
૫) એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કમીટી ઊંઝા, વિ. ડાયરેકટર ઓફ એગ્રીકલ્ચર માર્કેટીંગ એન્ડ રૂરલ ફાઈનાન્સ. તા.૧૦-૧૧-૨૦૦૯ SCA. 6419 of 2007, SCA. 29123 of 2007, SCA. 6650 of 2008.

## કેસ નંબર-૯૦

**જાહેર માહિતી અધિકારીના પ્રત્યુતરથી નારાજ અરજદારે સીધા હાઈકોર્ટમાં જવાને બદલે અપીલનો આધાર લેવો જોઈએ.**

**ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી અભિલાષા કુમારીનો ચુકાદો**
**SCA No. 10697 of 2011**
**લાગુ પડતી કલમ-19**
**રાહુલ શર્મા વિરુધ્ધ જાહેર માહિતી અધિકારી**
**ચુકાદાની તા. ૧૨-૦૮-૨૦૧૧**
**કુલ પાનાની સંખ્યા : ૨૩**

- **કેસની વિગત :**

પ્રસ્તુત રીટમાં અરજદારશ્રી રાહુલ શર્મા, આઈ.પી.એસ.એ તેમની ૧૨-૨-૧૧ ની માહિતી અધિકારની અરજી સંદર્ભે જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબને રદ કરવા તથા તેમના જવાબ સાથે તેમણે બિડાણ કરેલ કેન્દ્રીય માહિતી આયોગનો તા.૧૭-૦૬-૦૮ નો ચુકાદો રદ કરવા અને જાહેર માહિતી અધિકારી અને સંબંધિત જાહેર સત્તામંડળમાં માહિતી આપે તેવો હુકમ કરવા અને તા.૨૭-૦૧-૧૧ ની કારણદર્શક નોટીસની સામે મનાઈ હુકમની બાબતો ન્યાય મેળવવા રજુઆત થયેલ છે.

- **અરજદારે માંગેલ માહિતીની વિગત :**

➢ પ્રસ્તુત કેસમાં જણાવ્યા મુજબ અરજદારશ્રી રાહુલ શર્મા, આઈ.પી.એસ. ઓફિસરે તા.૧૨-૦૨-૧૧ ના પત્રથી ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને પત્ર લખી તેમને મળેલ કારણદર્શક નોટીસ સંદર્ભે કેટલીક માહિતી માંગેલ હતી અને એજ દિવસે એટલે કે તા.૧૨-૨-૧૧ ના પત્રથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ગૃહવિભાગના જાહેર માહિતી અધિકારી પાસેથી કેટલીક માહિતી માંગી હતી.

➢ દરમિયાનમાં પીટીશનરે કરેલ અન્ય પત્રવ્યવહાર સંદર્ભે અધિક મુખ્ય સચિવ દ્વારા તા.૨૯-૦૬-૧૧ થી તેમને જરૂરી દસ્તાવેજોના ઈન્સ્પેકશન માટે તા.૮-૦૭-૧૧ ના રોજ બોલાવવામાં આવેલ હતા. તેજ રીતે ફરીથી તા.૨૮-૦૭-૧૧ ના રોજ ઈન્સ્પેકશન માટે બોલાવેલ હતા.

➢ જો કે તા.૨૮-૦૭-૧૧ ના પત્રથી અરજદારને એક કારણદર્શક નોટીસ આપીને તેનો દિન-૧૫ માં જવાબ કરવા જણાવવામાં આવ્યું હતું.

➢ દરમિયાનમાં તા.૧૧-૦૩-૧૧ ના જાહેર માહિતી અધિકારીના પત્રથી અરજદારની ૧૨-૨-૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી કલમ-૮(૧)(એચ) નું કારણ દર્શાવીને અને કેન્દ્રીય માહિતી આયોગની તા.૧૭-૦૬-૨૦૦૮ ના એક ચુકાદાનો આધાર ટાંકીને માહિતી આપવાનું નકારવામાં આવેલ. જો કે તે ચુકાદામાં અરજદાર પક્ષકાર નહોતા.

- **<u>હાઈકોર્ટના કેસની સુનાવણી દરમિયાન અરજદારના એડવોકેટની રજુઆત :</u>**

➢ રાજયના અધિકૃત સત્તાધિકારી તેમને કારણદર્શક નોટીસનો જવાબ આપવા કેટલાક દસ્તાવેજો આપ્યા નથી.

➢ તા.૧૧-૦૩-૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ, તા.૧૭-૦૬-૦૮ ના કેન્દ્રીય માહિતી આયોગનો ચુકાદો ટાંકીને માહિતી આપવાનું નકાર્યુ છે તે ચુકાદાનું કેન્દ્રીય માહિતી આયોગે ખોટું અર્થઘટન કર્યુ છે કે કલમ-8(1)(h) હેઠળ ડીપાર્ટમેન્ટલ પ્રોસીડીંગ્ઝનો સમાવેશ થાય છે.

➢ અરજદારે માંગેલ દસ્તાવેજો સુપ્રત કરવામાં આવ્યા નથી.

➢ કેન્દ્રીય માહિતી આયોગનો ચુકાદો માનવા જાહેર માહિતી અધિકારી બંધાયેલ છે. તેથી જાહેર માહિતી અધિકારીના તા.૧૧-૩-૧૧ ના હુકમ સામે અરજદાર અપીલ કરી શકે નહી અને તેથી રીટ સ્વીકારવામાં આવે.

- **<u>સરકારી એડવોકેટની રજુઆત</u>**

➢ અરજદારે માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી માંગી છે એવા ઓઠા હેઠળ તેમને આપવામાં આવેલી કારણદર્શક નોટીસનો તેમણે જવાબ કર્યા નથી. તા.૮-૭-૧૧ અને તા.૨૮-૦૭-૧૧ ના રોજ અરજદારને ઈન્સ્પેકશન આપવામાં આવેલ છે.

➢ જો અરજદારને તા.૧૧-૦૩-૧૧ ના જાહેર માહિતી અધિકારીના હુકમથી અન્યાય થતો હોય તો તેમણે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ મા વૈધાનિક રીતે પ્રાપ્ય પ્રથમ અપીલ, અને તેનાથી પણ અસંતોષ થાય તો બીજી અપીલનો આધાર લઈ શકયા હોત. તેને બદલે તેમણે સીધા હાઈકોર્ટમાં રીટ કરવાનું પસંદ કર્યુ. તેથી પીટીશન અપરિપકવ છે તેથી ટકી શકે નહિ.

➢ તા.૧૭-૦૬-૨૦૦૮ નો કેન્દ્રીય માહિતી આયોગનો ચુકાદો આ કોર્ટના ન્યાયક્ષેત્ર હેઠળ આવતો નથી. તેથી રીટ ટકી શકે નહી.

➢ તેમજ તા.૧૭-૦૬-૦૮ ના કેન્દ્રીય માહિતી આયોગના ચુકાદામાં અરજદાર પોતે પક્ષકાર નથી તેથી તેમાં કલમ-૮(૧)(એચ) નું જે અર્થઘટનનો મુદ્દો તેમણે ઉપસ્થિત કર્યો છે તેને પડકારી શકે નહી.

- **<u>કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

➢ આ રીટ જાહેર માહિતી અધિકારીના તા.૧૧-૦૩-૧૧ નો હુકમ તેમજ તા.૧૭-૦૬-૨૦૦૮ ના ચુકાદા પુરતું મર્યાદિત છે.

➢ જાહેર માહિતી અધિકારીનો તા.૧૧-૦૩-૧૧ નો હુકમ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અપીલના અધિકાર મુજબ પડકારી શકાય છે અને આ બાબતનો જાહેર માહિતી અધિકારીએ તેમના પ્રત્યુતરમાં ઉલ્લેખ પણ કરેલ છે પણ તેમ કરવાને બદલે અરજદારે કાયદાકીય વિલ્કપો (ઉપાયો) ને બાયપાસ કરી આ કોર્ટનો આશરો લીધો છે.

➢ કેન્દ્રીય માહિતી આયોગનો ચુકાદાના કારણે વૈકલ્પિક ઉપાયો એટલે કે અપીલના ઉપાયો અરજદારે વાપર્યા નથી તે બાબત ટકી શકે તેમ નથી. કારણ કે કેન્દ્રીય માહિતી આયોગનો ચુકાદો જે તે કેસ સંદર્ભે છે અને જો આ ચુકાદો અરજદારને લાગુ પડતો નથી તો તેમણે અપીલ અધિકારી સમક્ષ દાદ માંગવી જોઈતી હતી.

➢ પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય થી અસંતોષ થાય તો અરજદાર બીજી અપીલનો પણ ઉપાય વાપરી શકે છે. (માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ) તેથી અરજદારે રજુ કરેલ બાબત ટકી શકે તેમ નથી કારણ કે જાહેર માહિતી અધિકારીના તા.૧૧-૦૩-૧૧ ના હુકમ સામે હજુ બે રસ્તા ખુલ્લા છે.

➢ કેન્દ્રીય માહિતી આયોગના ચુકાદામાં અરજદાર પક્ષકાર નથી. તેથી અરજદાર આ ચુકાદાને પડકારી શકે નહિ.

➢ ૧૯(૭) ની કલમ પણ અહીં ટકી શકે તેમ નથી કારણ કે કેન્દ્રીય માહિતી આયોગ અથવા રાજય માહિતી આયોગનો નિર્ણય તથા પ્રસંગ માન્ય રહેશે તેવી જોગવાઈ છે તેથી આ જોગવાઈનો મતલબ એવો ન કરી શકાય કે ચુકાદો સમગ્ર દુનિયાને લાગુ પડી શકે અને આ જોગવાઈ એવું કશું નથી કે જે અરજદારને અપીલ કરતાં રોકી શકે. તેથી અરજદારના એડવોકેટે કરેલી દલીલ એટલે કે અપીલીય અધિકાર બાયપાસ કરીને કોર્ટમાં દાદ માંગેલ છે તેને કોઈ કાયદાકીય કે યોગ્ય સમર્થન નથી.

➢ અરજદારના એડવોકેટ દ્વારા કાયદાની કલમ-૮(૧)(એચ) નું અર્થઘટન કે કાયદાનો પ્રશ્ન છે એવી રજુઆત પણ ઉપર જણાવેલ વિગતો જોતાં સ્વીકારી શકાય તેમ નથી.

- **<u>હાઈકોર્ટનો નિર્ણય :</u>**

આ કોર્ટ સદર રીટ સ્વીકારવા માટે પોતાની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાની બાબત ધ્યાને લેતી નથી કારણ કે વૈધાનિક રીતે વિકલ્પ ઉપાયો માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ ઉપલબ્ધ છે. તેથી સદર રીટનો અસ્વીકાર કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર તેમની રીટના સી, ડી અને એફ મુદ્દા વિશે યોગ્ય તે અદાલત/ફોરમમાં દાદ માંગી શકે છે.

**કેસ નંબર-૬૧**

| |
|---|
| **કાયદાની જોગવાઈઓ સમજવાની ભૂલને કારણે કરવામાં આવેલો દંડ યોગ્ય ન ગણાય.** |

| |
|---|
| **ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી અકીલ કુરેશીનો ચુકાદો**<br>**SCA No. 8376 of 2010**<br>**લાગુ પડતી કલમ-20(1), 8(1)(h)**<br>**ઉર્મીશ પટેલ વિ. રાજય સરકાર અને બીજાઓ**<br>**ચુકાદાની તા. ૧૦-૧૨-૨૦૧૦**<br>**કુલ પાનાની સંખ્યા : ૬** |

- **<u>કેસની વિગત :</u>**

પીટીશનર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકાર અને હોદ્દાની રૂએ હિસાબી અધિકારી હતા.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ પ્રતિવિવાદી નં.૨ કે જેઓ નિવૃત્ત સરકારી કર્મચારી હતા. તેમણે પીટીશનર એટલે કે જાહેર માહિતી અધિકારીને આ કાયદા હેઠળ અરજી કરીને નિવૃત્ત પ્રવાસ ભથ્થા અને બીજી કેટલીક વિગતોની માહિતી માંગેલ હતી.

જાહેર માહિતી અધિકારીએ તારીખ ૨૬-૦૨-૨૦૦૮ ના પત્રથી કેટલીક માહિતી આપવાનું નકારેલ અને તેના કારણો ઈન્કવાયરી પેન્ડીંગ હોવાની બાબતને લગતો હતા તેમ જણાવેલ.

- **<u>પ્રથમ અપીલની વિગત :</u>**

જાહેર માહિતી અધિકારીના હુકમ સામે પ્રતિવિવાદી નં.૨ એ પ્રથમ અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરેલ હતી. પ્રથમ અપીલ અધિકારીએ તા.૧૯-૦૪-૦૮ થી હુકમ કર્યો અને જાહેર માહિતી અધિકારીને આદેશ કર્યો કે ગુજરાત રાજય શિસ્ત અને અપીલ નિયમો-૧૯૭૧ તથા ગુજરાત રાજય વર્તણૂંક નિયમો-૧૯૭૧ અન્વયે જો કોઈ ઈન્કવાયરી કરવાનો નિર્ણય લેવાયેલ હોય અને તેના આનુષાંગિક કોઈ ચાર્જશીટ ઈસ્યૂ થયેલ હોય તો તે સિવાયની બાકીની બધી માહિતી, માહિતી માંગનાર અરજદારને પુરી પાડવી અને આ બાબતની અરજદારને પણ જાણ કરવામાં આવી.

પ્રથમ અપીલ અધિકારીના હુકમ સામે તા.૨-૦૫-૦૮ ના પત્ર થી પીટીશનરે (એટલે કે જાહેર માહિતી અધિકારીએ) અરજદારને શા માટે માહિતી આપેલ નથી. તેની યથાર્થતા જણાવી. તેમણે એવું પણ જાણવા માંગ્યું કે પ્રથમ અપીલ કયારે સાંભળવામાં આવેલી અને તે હુકમની નકલ પણ મોકલી આપવા જણાવ્યું. જો કે જાહેર માહિતી અધિકારીને અરજદારે માહિતી પુરી ન પાડી.

- **<u>રાજય માહિતી આયોગમાં બીજી અપીલની વિગત અને હુકમ :</u>**

પ્રતિવિવાદી નં.૨ એટલે કે માહિતી માંગનાર અરજદારને માહિતી ન મળતાં પ્રથમ અપીલ અધિકારીના હુકમ અન્વયે રાજય માહિતી આયોગમાં ફરિયાદ કરી અને રાજય માહિતી આયોગે પીટીશનર એટલે કે જાહેર માહિતી અધિકારીને સાંભળીને વિગતવાર સ્પીકીંગ ઓર્ડર કરીને કલમ-૨૦(૧) હેઠળ તેમને મળેલી સત્તાઓ મુજબ રૂા.૨૫૦૦૦/- નો દંડ કર્યો.

આયોગે તેમના હુકમમાં જણાવેલ કે જાહેર માહિતી અધિકારીએ કલમ-8(1)(h) ની સમજુતી આપેલ તે ગંભીર રીતે ક્ષતિવાળી હતી અને માહિતી નકારવાની બાબત શુભઆશય વગરની હતી. પ્રથમ અપીલ અધિકારીએ પણ તેમના હુકમમાં જણાવ્યા મુજબ માહિતી બદઈરાદાથી આપવાનું નકારાયેલ હતું, આમ 8(1)(h) નું જાણી જોઈને માહિતી ન આપવા અને અડચણ ઊભી કરવાના ઈરાદાથી ક્ષતિયુકત અર્થઘટન કરવામાં આવેલ.

- <u>**હાઈકોર્ટમાં સુનાવણીની વિગતો :-**</u>

પીટીશનરના એડવોકેટે રજુઆત કરી કે પ્રથમ અપીલ અધિકારીનો તા.૧૯-૦૪-૦૮ નો પત્રવ્યવહાર હુકમ તરીકે ગણી શકાય નહી અને તે સ્પીકીંગ ઓર્ડર પણ નહોતો. તેમજ કાયદાની જોગવાઈઓ મુજબ યોગ્ય કાર્યવાહી કર્યા વગર હુકમ કરવામાં આવ્યો હતો. વધુમાં પીટીશનરે માંગેલ હુકમની નકલ પણ પુરી પાડવામાં આવેલ ન હતી. તેમજ પીટીશનરે કલમ-8(1)(h) મુજબ માહિતી આપવાનુ નકારેલ જેથી પીટીશનરે કરેલ હુકમ ક્ષતિવાળો છે તેમ કહેવામાં આયોગે ભૂલ કરી છે.

- <u>**પ્રતિવિવાદી એટલે કે અરજદારના એડવોકેટની રજુઆત :**</u>

અરજદાર તરફી એડવોકેટ દ્વારા પીટીશનનો વિરોધ કરવામાં આવ્યો અને આયોગે કરેલ વિવાદી હુકમને યોગ્ય ગણાવ્યો.

- <u>**હાઈકોર્ટનું નિરીક્ષણ :**</u>

પક્ષકારોના એડવોકેટને સાંભળ્યા. રેકર્ડ ઉપરના દસ્તાવેજો જોયા. આયોગ દ્વારા કરવામાં આવેલો દંડ અંગેનો હુકમ પ્રાથમિક રીતે જોતાં એવું લાગે છે કે તે જાહેર માહિતી અધિકારીનું કલમ-8(1)(h) હેઠળની જોગવાઈના ગંભીર રીતે ક્ષતિવાળા તર્કને કારણે થયેલ અર્થઘટનને કારણે થયો હોય તેમ લાગે છે.

આયોગે એવા નિષ્કર્મ પર આવી શકયા નથી કે જાહેર માહિતી અધિકારી બદઈરાદાથી વર્ત્યા છે અથવા તેમનો મલિન હેતુ છે. મારા મત પ્રમાણે અધિકારીની કાયદા બાબતની સમજણ ક્ષતિવાળી હતી. એવા આધારે દંડ કરવાનું ન્યાયપૂર્ણ નથી. તેમ છતાં, એ નજર અંદાજ ન કરી શકાય કે જાહેર માહિતી અધિકારીએ પ્રથમ અપીલ અધિકારીના આદેશાત્મક હુકમ પછી પણ માહિતી પુરી પાડી નથી. જેને માનવા માટે ફરજથી બંધાયેલા હતા. ખરેખર સ્પીકીંગ ઓર્ડર થયો છે કે કેમ અથવા અપીલ અધિકારીએ નિયત પધ્ધતિઓ મુજબ હુકમ કર્યો છે કે કેમ અથવા તેમાં કાયદાની ક્ષતિ હતી કે કેમ તે જોવાને બદલે ત્વરિત અને કોઈ જાતના સંકોચ વગર માહિતી પુરી પાડવાની જરૂર હતી. અને તેમ કરવામાં પીટીશનર એટલે કે જાહેર માહિતી અધિકારી તેમની ફરજો બજાવવામાં નિષ્ફળ નીવડયા છે.

- <u>**હાઈકોર્ટનો નિર્ણય :**</u>

ઉપરના સંજોગો જોતાં મને એવું માલુમ પડયુ છે કે આયોગે જાહેર માહિતી અધિકારીની કાયદાને સમજવામાં ક્ષતિ હોવાની બાબત ધ્યાને લઈને દંડ કરવો જોઈતો નહોતો. પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારીએ અપીલ અધિકારીના આદેશનું પાલન કરવામાં નિષ્ફળ જતાં આયોગે કરેલ દંડ ઘટાડીને રૂપિયા ૧૦,૦૦૦/- કરવામાં આવે છે. અને તે પ્રમાણે આયોગના ૨૬-૦૫-૧૦ નો હુકમ ફેરફારને પાત્ર છે.

## કેસ નંબર-૬૨

**કુદરતી ન્યાય અને મુખ્ય માહિતી કમિશનરની સત્તાઓનું કાર્યક્ષેત્ર અને મર્યાદા**

**ગુજરાત હાઈકોર્ટના મા.ન્યાયાધીશ શ્રી ડી. એન. પટેલનો ચુકાદો**
**લાગુ પડતી કલમ-7, 18, 19, 20, 11(1)**
**ગોકળભાઈ નાનાભાઈ પટેલ વિરુધ્ધ મુખ્ય માહિતી કમિશનર અને બીજાઓ**
**SCA No. 16770 of 2007**
**ચુકાદાની તા. ૩૧-૦૮-૨૦૦૭**
**કુલ પાનાની સંખ્યા : ૧૧**

- **કેસની વિગત :**

સદર પીટીશન માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે બીજા અપીલ અધિકારીને મળેલ સત્તાઓના દુરુપયોગ અંગેની ફરિયાદ બાબત છે.

રાજય માહિતી આયોગના તા.૧૪-૦૬-૨૦૦૭ ના મુખ્ય માહિતી કમિશનરના હુકમમાં આયોગે (અપીલ નં.૭૩૦ ઓફ ૨૦૦૬-૦૭) કરેલ હુકમની સામે રીટ થયેલ છે.

- **પીટીશનરના એડવોકેટની રજુઆત :**

પ્રતિવિવાદી નં.૫ એટલે કે અરજદારે જાહેર માહિતી અધિકારી તલાટી કમ મંત્રી પાસે (ખેરોલી ગામ-તાલુકો-વિરપુર, જી.ખેડા) તા.૦૪-૧-૨૦૦૬ થી કેટલીક માહિતી માંગેલ. જેના અનુસંધાને તા.૦૩-૧૧-૨૦૦૬ ના પત્રથી જવાબ કરેલ. પરંતુ તેમના જવાબથી અસંતોષ થતાં તા.૧૫-૧૧-૦૬ ના રોજ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જેના જવાબમાં પ્રથમ અપીલ અધિકારીએ ચૂંટણીની કામગીરીમાં અધિકારીઓ વ્યસ્ત છે તેમ ૧૧-૧૨-૨૦૦૬ ના પત્રમાં જણાવ્યું. તેથી પીટીશનરે કલમ-૧૯(૩) હેઠળ બીજી અપીલ કરી. બીજી અપીલના હુકમમાં મુખ્ય માહિતી કમિશનરે પીટીશનરને સાંભળવાની તક આપ્યા વગર દબાણ દૂર કરવાનો હુકમ કર્યો (તા.૧૪-૦૬-૨૦૦૭) તેથી આયોગનો આવો હુકમ તદ્દન તરંગી, સ્વચ્છંદી અને અન્યાયી છે. આયોગે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કર્યુ નથી અને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ મુખ્ય માહિતી કમિશનરે તેમને મળેલ સત્તાઓ, સ્વાધિકારો અને તેમના કાર્યક્ષેત્ર મુજબ યોગ્ય રીતે વાપર્યા નથી. વધુમાં વધુ માહિતી આપવાના કે નકારવાના હુકમો થઈ શકે, પરંતુ બાંધકામ તોડી પાડવાના હુકમો આ અધિનિયમ હેઠળ મુખ્ય માહિતી કમિશનર કરી શકે નહી. તેમણે વધુમાં જણાવ્યું કે, પીટીશનરને ત્રાહિત વ્યકિત તરીકે પણ બોલાવીને સાંભળવા જોઈતા હતા. પ્રથમ કે બીજા અપીલ અધિકારી બેમાંથી કોઈપણ દ્વારા અમોને સાંભળવાની તક આપ્યા વગર અમારૂ બાંધકામ તોડી પાડવાના હુકમો થયા છે તે બાબત માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના કાર્યક્ષેત્રની નથી. મુખ્ય માહિતી કમિશનરે તેમની સત્તા બહારનો હુકમ કર્યો છે. તેમજ ત્રાહિત વ્યકિતના ૧૧(૧) મુજબ ત્રાહિત વ્યકિત તરીકે અમને સાંભળવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો છે તેથી અમારી રજુઆત છે કે ૧૪-૦૬-૨૦૦૭ નો મુખ્ય માહિતી અધિકારીનો હુકમ રદ કરવામાં આવે.

- પ્રતિવિવાદી નં.૫ તથા પ્રતિવિવાદી નં.૧ ના એડવોકેટને પણ સાંભળવામાં આવ્યા.

* **<u>હાઈકોર્ટનું નિરીક્ષણ :</u>**

❖ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઈઓ જોતાં રાજય માહિતી આયોગની સત્તાઓની કલમ-૧૮, ૧૯, ૨૦ માં જોગવાઈ કરવામાં આવેલી છે.

❖ અરજદારે માંગેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ કરવાની જોગવાઈ કલમ-૧૯(૨) માં અને બીજી અપીલ કરવાની જોગવાઈ ૧૯(૩) માં કરવામાં આવેલ છે. દબાણ દૂર કરવાનો મુખ્ય માહિતી કમિશનરે કરેલો હુકમ તદ્દન ગેરકાયદેસર અને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની જોગવાઈઓથી અસંગત છે.

❖ કોર્ટ એમ પણ નોંધે છે કે ખરેખર દબાણ છે કે કેમ એ એક દિવાની વિવાદ છે. તે મુખ્ય માહિતી કમિશનર નિર્ણય ન કરી શકે.

❖ જયારે કોઈપણ અરજદાર ત્રાહિત વ્યકિતની માહિતી માંગે ત્યારે કાયદાની કલમ-૧૧(૧) અને કલમ-૭(૭) ની જોગવાઈઓ ધ્યાનમાં રાખીને યોગ્ય તે કાર્યવાહી કરીને જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવા નિર્ણય લેવા જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં પીટીશનરને આવી સાંભળવાની કોઈ તક આપવામાં આવી નથી.

❖ પ્રસ્તુત કેસમાં પીટીશનર પ્રથમ અપીલ કે બીજી અપીલમાં પક્ષકાર નહોતા. છતાં સબંધિત સત્તાતંત્ર એ બાબત યોગ્ય રીતે ધ્યાનમાં લીધા વગર પીટીશનરની વિરુધ્ધમાં હુકમ કરહેલ છે તે રદ થવાને લાયક ઠરે છે. **<u>મુખ્ય માહિતી કમિશનર સામાન્ય ન્યાયિક પ્રક્રિયાથી અજાણ હોય તેવું લાગે છે</u>**. કુદરતી ન્યાયના લઘુત્તમ સિધ્ધાંતોનો ઉપયોગ થવો જોઈએ.

❖ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૧૯(૪) મુજબ ત્રાહિત વ્યકિતને સાંભળવા અંગે તક આપવા અંગે સ્પષ્ટ અને કોઈપણ ગૂંચવાડા વગરની જોગવાઈ થયેલ છે. જેને યોગ્ય રીતે ધ્યાને લેવાયેલ નથી. જેથી આયોગનો હુકમ રદ થવાને પાત્ર ઠરે છે.

❖ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ સત્તામંડળે માહિતી આપવાનું અથવા માહિતી નકારવાનું મુળભૂત કાર્ય કરવાનું છે. તેથી વધારાની દાદ જેવી કે બાંધકામ તોડી પાડવું વગેરે આ કાયદાની જોગવાઈ હેઠળ મંજૂર કરી શકાય નહીં, જે પક્ષકારનો કાયમી હક છીનવી લે છે. કયારેક ત્રાહિત વ્યકિત પક્ષકાર તરીકે જોડાયેલ ન હોય તેથી સત્તામંડળે વધુ કાળજી લેવી જોઈએ. **<u>એટલે કે બાંધકામ તોડી પાડવાનો હુકમ સંપૂર્ણ રીતે મુખ્ય માહિતી કમિશનરના કાર્યક્ષેત્રની બહારનો છે.</u>** તેમણે ખરેખર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ એ બક્ષેલ કાર્યક્ષેત્રની અંદર રહી કાર્ય કરવું જોઈએ. આયોગે ત્રાહિત વ્યકિતને સાંભળ્યા વગર હુકમ કરેલ છે.

* **<u>હાઈકોર્ટનો નિર્ણય :</u>**

❖ ઉપરની તમામ વિગતો જોતાં કરેલો હુકમ સ્વચ્છંદી અને તરંગી છે તેથી તા.૧૪-૦૬-૦૭ નો આ હુકમ રદ કરવામાં આવે છે.

❖ કોર્ટ પીટીશનરે કરેલ બાંધકામ ખરેખર દબાણ છે કે નથી તે પ્રશ્નને લક્ષમાં લીધા વગર આ હુકમ કરે છે.

**કેસ નંબર-૬૩**

**માહિતીના આધારે પક્ષકારોના હકો સંદર્ભે ન્યાયનો ચુકાદો આપવાની બાબત રાજય માહિતી આયોગની સત્તા બહારનું કાર્યક્ષેત્ર છે.**

**ગુજરાત હાઈકોર્ટના મા.ન્યાયાધીશ શ્રી જયંત પટેલનો ચુકાદો**
**સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ પંડયા વિપુલકુમાર દિનેશચંદ્ર અને બીજા**
**લાગુ પડતી કલમ-18, 19**
**SCA No. 9723 of 2008 સાથે SCA No. 9724 of 2008**
**ચુકાદાની તા.૦૨-૦૯-૦૮**
**કુલ પાનાની સંખ્યા : ૬**

- **<u>કેસની વિગત :</u>**

પ્રસ્તુત કિસ્સામાં એક જ પ્રશ્ન અંગે નિર્ણય લેવાનો છે કે મખ્ય માહિતી કમિશનર એક નિષ્કર્ષ પર પહોંચ્યા પછી એટલે કે માહિતી પુરી પાડવાનો હુકમ કર્યા પછી કેટલીક માહિતી ખોટી છે એ અંગે તેમની સત્તાઓ વાપરીને બદલી કરનાર સત્તામંડળને બદલીનો હુકમ-રદ કરવા માટે આદેશ કરી શકે ?

કેસની વિગતો એવી છે કે એક કિસ્સામાં અરજદારે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતી માંગેલ. જે અન્વયે જુદાજુદા તબકકે કાર્યવાહી થઈને છેવટે રાજયમાં માહિતી આયોગમાં ફરિયાદ થતાં આ ફરિયાદ અંગે (ફરિયાદ નં.૭૦૧, ૦૬-૦૭) આયોગે હુકમ કરેલ જેનો સારાંશ જોતાં, તેમાં જણાવ્યા મુજબ આયોગ નોંધે છે કે,

‘‘ફરિયાદીની તા.૩૦-૦૧-૨૦૦૪ ના હુકમ મુજબ બદલી થયેલ છે તે સરકારની સુચનાઓ જોતાં તે હુકમ સ્વયં ખામીયુકત, ખોટો અને ગેરમાર્ગે દોરનારી માહિતીના આધારે થયેલો છે. આવી કોઈ સુચનાઓ સરકાર તરફથી આપવામાં આવી નહોતી.......... આ સંજોગોમાં આયોગ એવો નિર્ણય લે છે કે, માહિતીનું ઉદ્‌ગમસ્થાન સાચું કરવામાં આવે અને પ્રતિવિવાદીઓ તરફથી નિયામક સીએમએસઓને સંબંધિત બદલી હુકમ જેટલું શકય બને તેટલું ઝડપી પરંતુ ૧૫ દિવસની મર્યાદામાં રદ કરવા સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે’’

- **<u>હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય</u> :** કોર્ટ નોંધે છે કે-

❖ પ્રતિવિવાદી નં.૧, પ્રતિવિવાદી નં.૨ ના એડવોકેટને એ સમજાતું નથી કે આયોગને આવા બદલીના હુકમો રદ કરવા અંગેના આદેશો આપવાની સત્તાઓ કેવી રીતે મળી છે. મુખ્ય માહિતી આયોગની સત્તાઓ કાયદાને આધીન સર્જાઈ છે અને તેમની સત્તાઓ કાયદાની જોગવાઈઓને આધીન છે.

❖ તેમને માહિતી આપવા માટે અને જરૂર જણાયે સાચી માહિતી આપવા માટે જરૂરી કાર્યવાહી કરવા અને પછી પુરી પાડવાના આદેશો કરવાની સત્તા છે અને અહીં તેમની સત્તાઓનો અંત આવે છે. આવી માહિતીના આધારે પક્ષકારોના હકો અંગે ચુકાદો આપવાનું આયોગનું કાર્યક્ષેત્ર વિસ્તરતું નથી અને તેમને આવી સત્તાઓ ઉપલબ્ધ નથી. જે કાયદાના હેતુઓ અને કાયદાની જોગવાઈ ઉપરથી સ્પષ્ટ થાય છે.

❖ આજ કોર્ટના અન્ય એક ચુકાદા (ગોકળભાઈ નાથાભાઈ પટેલ) વિ.મુખ્યમાહિતી આયોગ અને બીજા (2007(3) GLH-352) નો સંદર્ભ પણ કોર્ટે અહીં ટાંકયો છે.

❖ રાજય માહિતી આયોગ તરફથી એડવોકેટ દ્વારા આયોગના નિર્ણયને ટેકો આપતાં દલીલ કરી કે ખોટી માહિતીના આધારે બદલી હુકમ થયેલ હોવાથી બદલી હુકમનું અસ્તિત્વ રહેતું નથી.

❖ તેમ છતાં કોર્ટ જણાવે છે કે આવી પરિસ્થિતિ હોય તો પણ આયોગે તે પ્રમાણેનું નિરીક્ષણ કરીને હુકમ કરવો જોઈતો હતો. તેમણે પક્ષકારના આગળના હકકો વિશે ન્યાય તોળવાની કાર્યવાહી કરવી જોઈતી નહોતી. આયોગે કરેલ હુકમ તેમની કાયદાની આધીન સત્તામર્યાદા બહારનો હુકમ હોવાથી આયોગ તરફી એડવોકેટની દલીલ ટકી શકે તેમ નથી.

- **<u>કોર્ટનો નિર્ણય :</u>**

તેથી ફકત એટલોજ નિષ્કર્ષ નીકળે છે કે મુખ્ય માહિતી કમિશનરને માહિતીના આધારે પક્ષકારોના હકો સંદર્ભે ન્યાયનો ચુકાદો આપવાની કોઈ સત્તા નથી, તે પછી સરકારી સત્તામંડળ દ્વારા કરેલો બદલી હુકમ હોય કે અન્ય કાંઈ પણ.

તેથી બદલી હુકમ રદ કરવાની બાબત પૂરતો રાજય માહિતી આયોગનો હુકમ સંપૂર્ણ રીતે કાયદેસર અધિકારની બહારનો છે અને સ્વાધિકારથી ઉપરવટનો છે.

ઉપરની બાબતો ઘ્યાને લઈ રાજય માહિતી આયોગ દ્વારા કરવામાં આવેલ વિવાદી હુકમ-''સંબંધિત સત્તામંડળને બદલીનો હુકમ રદ કરવાનો જે આદેશ કરેલ છે'' –તેટલા પૂરતો રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૬૪

**કુદરતી ન્યાય : સુનાવણી અંગે સંબંધિતોને જાણ કરવામાં કાળજી રાખવા બાબત.**

**ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી કે. એમ. ઠકકરનો ચુકાદો**
**(લાગુ પડતી કલમ-કુદરતી ન્યાય)**
**અપીલ નં. SCA 8994 of 2011**
**ચુકાદાની તારીખ : ૧૧-૧૦-૧૨**
**જાહેર માહિતી અધિકારી અને પ્રિન્સીપાલ ઈન્દ્રસિંહ પી. ઝાલા વિ. રાજય માહિતી આયોગ અને બીજા**
**ચુકાદાના કુલ પાના : ૮**

- **કેસની વિગત :**

પ્રસ્તુત રીટમાં દર્શાવેલ વિગતો મુજબ પીટીશનર જાહેર માહિતી અધિકારી છે અને પ્રિન્સીપાલ છે. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગવામાં આવેલ માહિતી સમય મર્યાદામાં પુરી પાડવામાં ન આવતાં અરજદારે જાહેર માહિતી અધિકારીની વિરુધ્ધ પ્રથમ અપીલ કરી. પ્રથમ અપીલમાં પ્રથમ અપીલ અધિકારીએ જાહેર માહિતી અધિકારીને અરજદારે માંગેલ માહિતી પુરી પાડવાના હુકમનું પાલન કરવા આદેશ કરી જણાવવામાં આવ્યું. તેમ છતાં પીટીશનર એટલે કે જાહેર માહિતી અધિકારી માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ થતાં અરજદાર એટલે કે પ્રતિવિવાદી નં.૨ દ્વારા રાજય માહિતી આયોગમાં બીજી અપીલ કરવામાં આવી. અને તે અન્વયે રાજયમાહિતી આયોગ દ્વારા તા.૧૮-૦૬-૨૦૧૧ ના હુકમથી, પીટીશનરને અરજદારે માંગેલ માહિતી પુરી પાડવા અને દંડ તરીકે રૂા.૨૫૦૦૦/- ભરવા આદેશ કરવામાં આવ્યો.

- **હાઈકોર્ટમાં કેસની સુનાવણીની વિગતો :**

પીટીશનરના એડવોકેટ દ્વારા દલીલો કરવામાં આવી. તેમણે જણાવ્યું કે પીટીશનરને પોતાની તરફેણમાં બચાવ માટે રજુઆત કરવા અને સાંભળવા માટે પૂરતી તક આપવામાં આવી નથી.

ખાસ કરીને તા.૬-૬-૨૦૧૧ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીની જાણ પીટીશનરને કરવામાં આવી ન હતી અને તેથી પીટીશનર તે દિવસે સુનાવણીમાં હાજર રહી શકેલ નહોતા. અને તેથી પીટીશનર પોતાની રજુઆત કરવામાં વંચિત રહેલ છે. અને સાંભળવાની પૂરતી તકમાંથી વંચિત રહેલ છે. અને ફકત આજ બાબતે ૧૮-૦૬-૧૧ ના હુકમને પડકારવામાં આવેલ છે. પરંતુ સત્ય હકીકત એ પણ છે કે ૧૮-૦૬-૧૧ ના આયોગના હુકમ થતાં સુધી પણ અરજદારને સમયમર્યાદા વીતી ગયા બાદ માહિતી પુરી પાડી શકયા નથી.

- **હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :**

પીટીશનરે જે જવાબ બાબતે વાંધો લીધો છે તે અંગે કોર્ટે રાજય માહિતી આયોગને તમામ રેકર્ડ રોજકામ રજુ કરવા આદેશ કર્યો.

❖ આયોગે રજૂ કરેલ રેકર્ડની તમામ વિગતો ચકાસતાં ખરેખર ૦૬-૦૬-૧૧ ના દિવસે સુનાવણી રાખવામાં આવેલ તે મતલબનો પત્ર પીટીશનરને મોકલવામાં આવ્યો હોય તેવું કશુંજ જોવા મળેલ નથી. આ સંજોગોમાં શંકાનો લાભ પીટીશનરને મળે છે.

❖ તેથી કોર્ટ આટલા પૂરતું ફરીથી સુનાવણી કરવા આદેશ આપે છે.

❖ જો કે આ તબકકે એ પણ સ્પષ્ટ થાય છે કે પીટીશનરે (એટલે કે જાહેર માહિતી અધિકારીએ) હજુ સુધી અરજદારે માંગેલ માહિતીની વિગતો અને દસ્તાવેજો પ્રતિવિવાદી નં.ર ને પુરા પાડયા નથી.

❖ તેથી બે અઠવાડીયાના સમયગાળામાં અરજદારને માહિતી પુરી પાડવામાં આવે પછી આ હુકમનો અમલ થશે.

❖ જો કે પીટીશનરના એડવોકેટ જણાવે છે કે પીટીશનરે દંડની રકમ રૂપિયા ૨૫૦૦૦/- વિવાદી હુકમ મુજબ અદાલતમાં જમા કરાવ્યા છે.

❖ કોર્ટ અહીં ખાસ નોંધે છે કે, તા.૬-૬-૨૦૧૧ ના રોજ રાખવામાં આવેલ આયોગની સુનાવણી અંગે પીટીશનરને જાણ કરવામાં આવેલ નથી તેમાં શંકાને સ્થાન નથી. તેથી કોર્ટ આયોગના હુકમને રદ કરે છે અને ફરીથી આગળની સુનાવણી કરવા કેસ પરત કરે છે.

❖ આ બાબતે હાઈકોર્ટે વિગતવાર આદેશ કરતાં જણાવ્યું કે, આયોગ પીટીશનરને સુનાવણીની તારીખ જણાવશે અને તે આ રીતે જાણ કર્યા પછી જો પીટીશનર હાજર ન રહે તો તેમની ગેરહાજરીમાં આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

❖ આ બાબત પ્રતિવિવાદી નં.ર એટલે કે માહિતી માંગનાર અજરદારને પણ જરૂરી જાણ કરવાની રહેશે.

❖ કોર્ટે ખાસ જણાવવું જરૂરી સમજે છે કે, પ્રસ્તુત કેસમાં આયોગની કચેરીના પત્રોના જાવક અને જાણ કરવા બાબતની પધ્ધતિને કારણે તેમજ આવા સર્વિસ નોટીસના હુકમો મોકલવા બાબતના રેકર્ડ સાચવવાના અભાવને કારણે આવી પરિસ્થિતિ ઉભી થયેલ છે. **<u>તે વધુ યોગ્ય રહેશે કે આયોગ સંબંધિત તમામ પક્ષકારોને સુનાવણી અંગેના પત્રવ્યવહારો રજીસ્ટર્ડ પોસ્ટથી કરે અને તે અંગેના રેકર્ડને યોગ્ય રીતે જાળવે અને સાચવે.</u>**

❖ એવી આશા રાખવામાં આવે છે કે આયોગ આ અંગે યોગ્ય કાળજી લેશે અને સંબંધિત તમામ પાર્ટીઓ (પક્ષકારોને) જાણ કરતા મોકલવાના પત્રો રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલશે.

- **<u>કોર્ટનો નિર્ણય :</u>**

❖ આગળ જણાવ્યા મુજબના ટૂંકા અને મર્યાદિત કારણ ઘ્યાને લઈ તા.૧૮-૦૬-૧૧ ના આયોગનો હુકમ રદબાતલ કરવામાં આવે છે.

❖ એ સ્પષ્ટ કરવામાં આવે છે અદાલતે કેસના ગુણ-દોષમાં પડયા વગર આ હુકમ કરેલ છે.

- ❖ આયોગ પીટીશનરને અને પ્રતિવિવાદી નં.ર એટલે કે, માહિતી માંગનાર અરજદારને સાંભળશે અને નવો હુકમ કરશે. તા.૬-૬-૨૦૧૧ ના તબકકે જે પરિસ્થિતિ હતી ત્યારથી કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

- ❖ આયોગ દ્વારા અરજદારે જમા કરાવેલ દંડની રકમ બાબતે પણ યોગ્ય હુકમ કરવાનો રહેશે.

- ❖ અદાલતની રજીસ્ટ્રી શાખા અરજદારે જમા કરાવેલ ૨૫૦૦૦ ની દંડની રકમ રાજય માહિતી આયોગમાં મોકલી આપવા યોગ્ય પગલાં લેશે.

## કેસ નંબર-૬૫

| |
|---|
| **માહિતી આયોગે કરેલ દંડ નામદાર હાઈકોર્ટે રદ કરી, કેસ અંગે નવેસરથી નિર્ણય લેવા સારૂ આયોગને જણાવતાં, આયોગે પોતાનો અગાઉનો દંડ કર્યાનો નિર્ણય/હુકમ પાછો ખેંચ્યો.** |

| |
|---|
| **નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રી જયંત પટેલ નો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 20(1)**<br>**SCA No. 12780 of 2008, તારીખ ૧૨-૦૧-૨૦૦૯**<br>**જે. ડી. જોષી વિરુધ્ધ મુખ્ય માહિતી કમિશનર અને અન્ય**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨૦** |

**આ કેસનો ટુંકસાર :**

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજદારે માંગેલ માહિતી તેમને ન મળતાં, ગુજરાત માહિતી આયોગે જાહેર માહિતી અધિકારીને રૂા.૧૫૦૦૦/- નો દંડ કરવાનો હુકમ કરેલ. ગુજરાત માહિતી આયોગનો આ હુકમ રદ કરવાની દાદ માંગી, જાહેર માહિતી અધિકારીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ, જે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ, દંડનો હુકમ રદ બાતલ કરવામાં આવેલ અને પ્રસ્તુત કેસના ગુણદોષ જોઈ ફ્રેશ ઓર્ડર ઈસ્યુ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટે આયોગને હુકમ કરેલ. સદરહુ હુકમ અન્વયે ગુજરાત માહિતી આયોગે જરૂરી કાર્યવાહી કરી, સુનાવણી કરી આખરે જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ રૂા.૧૫૦૦૦/- ના દંડનો હુકમ પરત ખેંચ્યો.

### (૧) માહિતીની વિગત

- અરજદારનું નામ : કાન્તિલાલ પદમશી ભગત
- જાહેર માહિતી અધિકારી : ડેપ્યુટી કલેકટર
- જાહેર સત્તા મંડળ : કલેકટરની કચેરી (રેવન્યુ શાખા), મુ.ભુજ, જી.કચ્છ
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તેમની તા.૨૮-૦૭-૨૦૦૬ ની અરજીથી જા.મા.અ. પાસેથી માહિતી માંગેલ હતી, કે સ્ટેમ્પ વેન્ડરશ્રી મયંક જે. મહેતાએ તા.૧૩-૦૭-૨૦૦૪ ના રોજ રૂા.૧૦૦=૦૦ ની કિંમતનો સ્ટેમ્પ પેપર નંબર-૧૧૨૭ કોના નામે ઈસ્યુ કરેલ હતો ? તદ્દુપરાંત, તા.૨૩-૦૭-૨૦૦૪ ના રોજ શ્રી લક્ષ્મીચંદ શામજીના નામે રૂા.૨૦=૦૦ નો સ્ટેમ્પ પેપર કોણે (કયા સ્ટેમ્પ વેન્ડરે) ઈશ્યુ કર્યો હતો ?

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

''અરજદારે માંગેલ માહિતી અંગેનું સંબંધિત રજીસ્ટર મળતું નથી પરંતુ સદર રજીસ્ટર શોધવાના પ્રયત્નો ચાલુ છે અને જો રજીસ્ટર મળશે તો માહિતી આપવામાં આવશે.''

### (૨) પ્રથમ અપીલની વિગત :

જા.મા.અ. ના તા.૧૮-૦૯-૨૦૦૬ ના જવાબથી નારાજ અરજદારે તા.૦૫-૦૩-૨૦૦૭ ના પત્રથી

અપીલ અધિકારીને પ્રથમ અપીલ (ક્રમાંક : ૪૦૩/૨૦૦૭-૦૮) કરી હતી, જેમાં અરજદાર અને જા.મા.અ. બંનેને સાંભળ્યા બાદ, અપીલ અધિકારીએ તા.૧૨/૧૪-૦૪-૨૦૦૭ ના હુકમથી જા.મા.અ ને જણાવેલ કે, ''જો સંબંધિત રજીસ્ટર મળતું ન હોય તો અરજદારને બે દિવસમાં જવાબ આપો.'' સાથે, સાથે અપીલ અધિકારીએ રજીસ્ટર ગુમ થયા બાબતે, જવાબદારી નકકી કરવા માટે સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટને ઈન્કવાયરી કરવા જણાવેલ હતું.

## (૩) <u>ફરીયાદની વિગત (અપીલ નંબર-૪૦૩/૨૦૦૭-૦૮) :</u>

- **ફરિયાદીની રજુઆત :**

''મેં મારી તા.૨૮-૦૭-૨૦૦૬ ની અરજીથી જા.મા.અ. પાસે સ્ટેમ્પ વેન્ડર્સ રજીસ્ટરોની માહિતી માંગી હતી. પરંતુ મને નિયત સમયમર્યાદામાં માહિતી મળી નથી. જા.મા.અ. એ મને આપેલ વચગાળાનો પ્રત્યુતર તા.૧૮-૦૯-૨૦૦૬ ના પત્રથી, અટેલે કે નિયત સમયમર્યાદા બાદ આપેલ છે. આયોગે રાખેલ તા.૦૫-૦૩-૨૦૦૮ ની સુનાવણી અન્વયે આયોગે તા.૦૭-૦૩-૨૦૦૮ ના હુકમથી જાહેર માહિતી અધિકારીના ખુલાસાની નકલ મને આપવા જણાવેલ હતું. તેમ છતાં જા.મા.અ. એ સદર ખુલાસાની નકલ મને આપેલ નથી. મેં માંગેલ માહિતીના સમયગાળા પહેલાના રજીસ્ટરો ઉપલબ્ધ છે, તેમજ ત્યારપછીના સમયગાળાના રજીસ્ટરો પણ ઉપલબ્ધ છે, પરંતુ મેં માંગેલ માહિતીના સમયગાળાના જ રજીસ્ટરો ઉપલબ્ધ નથી. જે દર્શાવે છે કે જાણી જોઈને રેકર્ડ ગુમ કરવામાં આવ્યાં છે જે અંગે જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ''.

- **જાહેર માહિતી અધિકારીની રજુઆત :**

જા.મા.અ. ના પ્રતિનિધિએ આયોગને જણાવ્યું કે આયોગના તા.૦૭-૦૩-૨૦૦૬ ના હુકમ અન્વયે જાહેર માહિતી અધિકારીએ પોતાનો લેખિત ખુલાસો તા.૨૧-૦૪-૨૦૦૮ થી મોકલી આપેલ છે જેમાં જણાવ્યાનુસાર, ''શોધવા છતાં પણ જરૂરી રેકર્ડ મળી ન શકવાને કારણે અરજદારને માહિતી આપી શકાઈ નથી. દર વર્ષે સ્ટેમ્પ વેન્ડર્સ તેમના સ્ટોક રજીસ્ટરો અને વેચાણ રજીસ્ટરો જમા કરાવતા હોય છે. જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્ર હેઠળ ૨૫ સ્ટેમ્પ વેન્ડર્સ છે, તેથી દર વર્ષે ઓછામાં ઓછા ૫૦ રજીસ્ટરો જમા કરાવવામાં આવે છે. કચ્છના ધરતીકંપને કારણે અલગ અલગ સમયે ૪ થી ૫ સ્થળોએ કચેરીનું સ્થળાંતર થયેલ હતું, તેથી રેકર્ડની યોગ્ય રીતે જાળવણી થઈ શકી નહોતી. શોધવા છતાં પણ જરૂરી રેકર્ડ ન મળવાને કારણે જ જા.મા.અ.એ તા.૧૮-૦૯-૨૦૦૬ ના પત્રથી અરજદારને વચગાળાનો જવાબ આપ્યો હતો. અપીલ અધિકારીના તા.૧૨/૧૪-૦૪-૨૦૦૭ ના હુકમ અન્વયે સંબંધિત કલાર્કે સ્વીકારેલ છે કે અરજદારે માંગેલ માહિતીનો જે સમયગાળો હતો તે સમયગાળા પહેલાના અને ત્યારપછીના સમયગાળાના રજીસ્ટરો ઉપલબ્ધ હતા. ત્રણ કલાર્કની જગ્યાઓ ખાલી હોવાથી રેકર્ડનું વર્ગીકરણ થઈ શકયું નહોતું. આયોગના તા.૦૭-૦૩-૨૦૦૮ ના હુકમ અન્વયે મારા ખુલાસાની નકલ મારે અરજદારને આપવાની થતી હતી. પરંતુ શરતચૂકથી આ નકલ હું અરજદારને આપી શકયો નથી''.

- **આયોગ દ્વારા સુનાવણીની તારીખો :** ૦૫-૦૩-૨૦૦૮, તા.૧૩-૦૫-૨૦૦૮

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

અરજદારની તા.૦૫-૦૩-૨૦૦૮ ની ફરિયાદ અન્વયે આયોગે તા.૦૭-૦૩-૨૦૦૮ થી અન્વયે હુકમ

કરેલ કે, ‘‘(૧) અરજદારે માંગેલ માહિતી તેમને પૂરી પાડવા માટે કચેરીના રેકર્ડની પુનઃ તપાસ કરવી અને જો અરજદારે માંગેલ માહિતી ઉપલબ્ધ થાય તો દિન-૧૫ માં તેમને વિનામૂલ્યે પૂરી પાડવી. (૨) અરજદારની માહિતી માંગતી તા.૨૮-૦૭-૨૦૦૬ ની અરજી અન્વયે જા.મા.અ.એ વચગાળાનો જવાબ તા.૧૮-૦૯-૨૦૦૬ ના રોજ આપેલ છે જે સમય મર્યાદા બહારનો હોઈ, જા.મા.અ.એ દિન-૨૦ માં ખુલાસો કરવો કે શા માટે તેમને દંડ ન કરવો? અને (૩) સંબંધિત રેકર્ડ ગુમ થવા અંગે જવાબદારી નક્કી કરવા અંગેના અપીલ અધિકારીના તા.૧૨/૧૪-૦૪-૨૦૦૭ ના હુકમ અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ? તેની વિગતો આયોગની પૂરી પાડવી.

અરજદારની તા.૨૮-૦૭-૨૦૦૬ ની માહિતી માંગતી અરજી સંબંધે જા.મા.અ.એ તા.૧૮-૦૯-૨૦૦૬ ના પત્રથી જે વચગાળાનો જવાબ આપ્યો છે તે સમય મર્યાદા બહારનો હોવાનું સ્પષ્ટ થાય છે. જવાબમાં જણાવેલ વિગત જોતાં જણાય છે કે આ જવાબ-૩૦ દિવસની સમયમર્યાદામાં આપી શકાયો હોત. જવાબ આપવામાં થયેલ વિલંબ અંગે જા.મા.અ.એ જણાવેલ કારણો જેવા કે (૧) કચેરીનું સ્થળાંતર, (૨) સ્ટાફની અછત... વિગેરે વ્યાજબી નથી. સબબ આયોગને જણાય છે કે અરજદારને ત્રીસ દિવસમાં માહિતી ન આપવા અંગે જા.મા.અ. એ દર્શાવેલ કારણો વ્યાજબી જણાતા નથી, જેથી જાહેર માહિતી અધિકારી દંડને પાત્ર છે.

સ્ટેમ્પ વેન્ડર્સના રજીસ્ટરો એ રેકર્ડ વર્ગીકરણ સંદર્ભે ‘‘ખ-વર્ગ’’ ની કક્ષામાં આવે છે. ‘‘ખ-વર્ગ’’ ની કક્ષાનું રેકર્ડ ત્રીસ વર્ષ સુધી નિભાવવાનું હોય છે. તદુપરાંત માહિતી અધિકાર અધિનિયમની કલમ-4(1)(a) મુજબ દરેક જાહેર સત્તામંડળે રેકર્ડની યોગ્ય રીતે જાળવણી અને નિભાવ કરવાનો હોય છે. આયોગને જણાય છે કે સ્ટેમ્પ રજીસ્ટરોની જાળવણીમાં આવા કોઈ પ્રયત્નો કરવામાં આવ્યા નથી.

- **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય/હુકમ તા.૧૩-૦૫-૨૦૦૮ :**

(૧) જા.મા.અ.ને રૂા.૧૫,૦૦૦=૦૦ નો દંડ કરવામાં આવે છે.

(૨) સદરહુ દંડની રકમ જા.મા.અ. એ પોતાના અંગત ભંડોળમાંથી બે હપ્તા માં ચૂકવવાની રહેશે.

(૩) દંડની રકમનો પ્રથમ હપ્તો આ હુકમ મળ્યેથી દિન-૩૦ માં ચૂકવવાનો રહેશે અને બીજો હપ્તો દિન-૬૦ માં ચૂકવવાનો રહેશે.

(૪) દંડની રકમના દરેક હપ્તાની ચૂકવણીના પાંચ દિવસની અંદર જા.મા.અ.એ ચૂકવણી અંગેના પુરાવાની નકલ આયોગને મોકલી આપવાની રહેશે.

(૫) કાયદાની કલમ-4(1)(a) મુજબ કચેરીના રેકર્ડની યોગ્ય રીતે જાળવણી અને નિભાવણી કરવામાં આવે તે માટે કલેકટર, કચ્છે કાર્યવાહી કરવાની રહેશે.

(૬) ઉપર-૫માં જણાવેલ હુકમની અમલ-બજવણી માટે આ હુકમની નકલ કલેકટર કચેરીને મોકલી આપવાની રહેશે.

## (૪) ગુજરાત હાઈકોર્ટમાં થયેલ અપીલીની વિગત :

રાજ્ય માહિતી આયોગના નિર્ણયથી નારાજ જાહેર માહિતી અધિકારીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૨૭૮૦/૨૦૦૮ દાખલ કરી રાજ્ય માહિતી આયોગનો રૂા.૧૫૦૦૦/- નો દંડ કર્યા અંગેનો કરવાનો તા.૧૩-૦૫-૨૦૦૮ નો આદેશ રદ કરવા દાદ માંગેલ.

નામદાર હાઈકોર્ટમાં જાહેર માહિતી અધિકારીના વકીલે જણાવ્યું કે, ''અરજદારની તા.૨૮-૦૭-૨૦૦૬ ની અરજી મળી કે તરતજ મારા અસીલે સંબંધીત કર્મચારીને માહિતી પુરી પાડવા માટે જાણ કરેલ હતી. કારણ કે તા. ૩૦-૦૭-૨૦૦૬ થી તા.૧૦-૦૯-૨૦૦૬ દરમિયાન મારા અસીલ રજા ઉપર જવાના હતા. રજા પરથી પરત આવ્યા બાદ મારા અસીલે તા.૧૮-૦૯-૨૦૦૬ થી અરજદારને જણાવેલ કે તેમણે માંગેલ રેકર્ડ (રજીસ્ટર) મળતું નથી. રજીસ્ટર મળ્યેથી અરજદારને માહિતી આપવામાં આવશે. ભૂકંપના કારણે કચેરીનું ૪ થી ૫ પ્રસંગે સ્થળાંતર થવાથી રેકર્ડ ઉપલબ્ધ નહોંતુ. આમ સ્પષ્ટતા કરવા છતાં મારા અસીલની સ્પષ્ટતા ધ્યાને લીધા વગર રૂા.૧૫૦૦૦/- નો દંડ કરવામાં આવેલ હોઈ, રાજ્ય માહિતી આયોગનો સદર તા.૧૩-૦૫-૨૦૦૮ નો હુકમ રદબાતલ કરવા વિનંતી છે.

- **ગુજરાત માહિતી આયોગની રજૂઆત :**

ગુજરાત માહિતી આયોગ વતી તેમના વકીલે જણાવ્યું કે, ''વિવાદીએ (જાહેર માહિતી અધિકારીએ) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫૨ ની કલમ-4(1)(a) મુજબ યોગ્ય રીતે રેકર્ડ નિભાવેલ નથી. વિવાદીને દંડ કરતા પહેલાં કારણદર્શક નોટીસ પણ આપવામાં આવેલ હતી અને રૂબરૂ સુનાવણી માટે પણ બોલાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ જ દંડનો હુકમ ઈસ્યુ કરવામાં આવ્યો હતો''.

- **હાઈકોર્ટનું નિરીક્ષણ :**

વિવાદીએ રજૂ કરેલ સ્પષ્ટીકરણ ધ્યાને લેતાં એવું ન કહી શકાય કે માહિતી ન આપવાના કારણો વ્યાજબી નહોતા. દંડ કરતાં પહેલાં વિવાદીને અલગથી કોઈ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ નહોતી. વિનાશક ભૂકંપને કારણે કચેરીનું ૪ થી ૫ પ્રસંગે કરવામાં આવેલ સ્થળાંતર અને વિવાદી રજા ઉપર હતા એ બાબતો આયોગે ધ્યાને લીધેલ નથી. સબબ, આયોગનો તા.૧૩-૦૫-૨૦૦૮ નો હુકમ ગેરવ્યાજબી હોઈ રદબાતલ કરવા પાત્ર છે.

- **હાઈકોર્ટનો હુકમ :**

આયોગનો તા.૧૩-૦૫-૨૦૦૮ નો હુકમ રદ કરવામાં આવે છે અને કાયદાની જોગવાઈ મુજબ નવેસરથી નિર્ણય લેવા સારૂ કેસ આયોગને પાછો મોકલવામાં આવે છે.

## (૫) નામદાર હાઈકોર્ટના હુકમ અન્વયે આયોગે કરેલ કાર્યવાહિ :

નામદાર હાઈકોર્ટના હુકમ અન્વયે આયોગ દ્વારા તા.૦૫-૦૩-૨૦૦૯ નારોજ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં જાહેર માહિતી અધિકારી હાજર હતા. પરંતુ ફરિયાદી હાજર નહોતા. જાહેર

માહિતી અધિકારીએ પોતાના લેખિત જવાબમાં જણાવ્યું કે, ''તા.૩૦-૦૭-૨૦૦૬ થી તા. ૧૦-૦૯-૨૦૦૬ દરમિયાન હું રજા ઉપર હતો, તેથી ફરિયાદીને સમયસર માહિતી ન આપવા સબબ હું જવાબદાર નથી. રજા ઉપરથી પરત આવ્યા બાદ મેં નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી ફરિયાદીને માહિતી આપવા સારૂ શુધ્ધ ઈરાદાપૂર્વક રજીસ્ટર શોધવાના પ્રયત્નો કર્યા હતા અને ફરિયાદીને વચગાળાનો જવાબ પણ આપેલ હતો. મારા શુધ્ધ ઈરાદાઓને ધ્યાને લેતાં, મને દંડ ન કરવા વિનંતી છે''.

આયોગે નોંધ્યુ કે, ''આયોગ દ્વારા અગાઉ રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી વતીથી હાજર રહેલ પ્રતિનિધિ કલાર્કે, જાહેર માહિતી અધિકાર રજા ઉપર જનાર છે તેવું જણાવેલ નહોતુ. જાહેર માહિતી અધિકારી પોતાના લેખિત જવાબમાં પણ તેમની રજા વિશે એક શબ્દા સુધ્ધાં બોલ્યા નથી. જાહેર માહિતી અધિકારી સુનાવણીમાં હાજર પણ ન રહયા અને લેખિત જવાબમાં રજા વિશે ઉલ્લેખ સુધ્ધાં પણ ન કર્યો અને હાજર રહેલ પ્રતિનિધિએ પણ રજા વિશે કોઈ મૌખિક રજૂઆત કરેલ નહિ. સુનાવણીની તક આપવામાં આવી ત્યારે જવાબદાર હોદ્દો ધરાવતાં જાહેર માહિતી અધિકારીએ હકીકતલક્ષી તમામ વિગતો આયોગ સમક્ષ રજૂ કરવી જોઈતી હતી''.

નામદાર હાઈકોર્ટના આદેશ અને ઉપરોકત તારણો ધ્યાને લેતાં, પોતાના અગાઉના નિર્ણય અંગે પુનઃ વિચારણા કરતાં, આયોગ પોતાના અગાઉનો તા.૧૩-૦૫-૨૦૦૮ નો હુકમ પરત ખેંચે છે.

**કેસ નંબર-૬૬**

**અપીલ અધિકારીને ''માની લીધેલા જાહેર માહિતી અધિકારી'' તરીકે ગણી દંડ કર્યા અંગે**

**નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયધીશશ્રી જયંત પટેલનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 5(4)**
**SCA No. 27225 of 2006, તારીખ ૦૯-૦૭-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૫**

**આ કેસનો ટૂંકસાર :**

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજદારે માંગેલ માહિતી તેમને ન મળતાં, ગુજરાત માહિતી આયોગે જાહેર માહિતી અધિકારીને અને માની લીધેલા જાહેર માહિતી અધિકારી (**Deemed PIO)** સહ અપીલ અધિકારીને સંયુકત રીતે રૂા.૨૫૦૦૦/- નો દંડ કરવાનો હુકમ કરેલ. ગુજરાત માહિતી આયોગનો આ હુકમ રદ કરવાની દાદ માંગી, જાહેર માહિતી અધિકારીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ, જે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ, દંડનો હુકમ રદ બાતલ કરવામાં આવેલ અને પ્રસ્તુત કેસના ગુણદોષ જોઈ ફ્રેશ ઓર્ડર ઈસ્યુ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટે આયોગને હુકમ કરેલ.

**(૧) માહિતીની વિગત**

- અરજદારનું નામ : શ્રી ડાહ્યાભાઈ નારણદાસ પટેલ
- જાહેર માહિતી અધિકારી : શ્રી પ્રહલાદભાઈ પટેલ
- જાહેર સત્તા મંડળ : વડુ જૂથ કેળવણી મંડળ, વડુ, તા. કડી, જી. મહેસાણા
- માંગેલ માહિતીની વિગત :

અરજદારે તેમની તા.૨૩-૧૨-૨૦૦૫ ની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસે નીચે મુજબની માહિતી માંગી હતી :-

(૧) વર્ષ ૨૦૦૦-૦૧ માં સંસદ સંભ્યની ગ્રાંટમાંથી, બી.સી.એ. કોલેજને કોમ્પ્યુટર ખરીદવા માટે મળેલ રૂા.૧૦.૦૦ લાખની ગ્રાંટનો શો ઉપયોગ કરવામાં આવ્યો ?

(૨) વર્ષ ૨૦૦૦-૦૧ માં સંસદ સભ્યની ગ્રાંટમાંથી રૂા.૧૫.૦૦ લાખની કંપાઉન્ડ વોલ બનાવવા માટે મળેલ ગ્રાંટનો શો ઉપયોગ કરવામાં આવ્યો ?

(૩) વર્ષ ૨૦૦૦-૦૧ માં સંસદ સભ્યની ગ્રાંટમાંથી રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે કોમ્પ્યુટર ખરીદીને બી.સી.એ. કોલેજના વર્ગોમાં ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે કે કેમ ?

(૪) સંસદ સભ્યની ગ્રાંટમાંથી ગર્લ્સ હોસ્ટેલના વર્ગોના બાંધકામ માટે મળેલ ગ્રાંટનો શો ઉપયોગ કરવામાં આવ્યો ?

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

માંગવામાં આવેલ માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલ નથી.

## (૨) <u>અપીલની વિગત</u>

- **અપીલ નંબર: ૭૯/૨૦૦૬ અને ૮૦/૨૦૦૬**

- **અરજદારની રજુઆત :**

''જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ નથી, તેમજ અપીલ અધિકારીએ નિયત સમય-મર્યાદામાં અપીલનો નિકાલ કર્યો નથી. બંને પૈકી એકપણ પ્રતિવાદીએ માંગવામાં આવેલ માહિતી પૂરી પાડેલ ન હોઈ બંને દંડને પાત્ર છે''.

- **રાજય માહિતી આયોગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહિ :-**

અરજદારની બે ફરિયાદો અન્વયે રાજય માહિતી આયોગે, અપીલ અધિકારીને ૧૫ દિવસમાં અપીલનો નિકાલ કરવાની સૂચના આપી. તા.૨૪-૦૮-૨૦૦૬, ૨૯-૦૯-૨૦૦૬, ૨૬-૧૦-૨૦૦૬, ૦૪-૧૧-૨૦૦૬ અને ૨૭-૧૧-૨૦૦૬ ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી કે અપીલ અધિકારી હાજર રહયા નહી. ફરિયાદી હાજર રહયા હતા.

- **ગુજરાત માહિતી આયોગનું નિરીક્ષણ :**

જાહેર માહિતી અધિકારી કે અપીલ અધિકારી બંને પૈકી કોઈએ કાયદાની જોગવાઈઓ મુજબ પોતાની ફરજો બજાવી નથી, એટલું જ નહી, આયોગના હુકમોનું પણ પાલન કરેલ નથી. આયોગ દ્વારા રાખવામાં આવેલ કુલ-૫ (પાંચ), સુનાવણીમાં બંને પૈકી એકપણ પ્રતિવાદી એકપણ સુનાવણીમાં હાજર રહયા નથી. પ્રતિવાદી-૧ એ કોઈપણ પ્રકારના વ્યાજબી કારણો આપ્યા વગર અરજદારને સમય-મર્યાદામાં કે સમય-મર્યાદા બહાર પણ માહિતી આપેલ નથી, જે તેમનો બદઈરાદો દર્શાવે છે. આયોગ તરફથી રાખવામાં આવેલ સુનાવણીઓમાં હાજર ન રહીને બંને પ્રતિવાદીઓએ પોતે ''વ્યાજબી અને ખંતપૂર્વક વર્ત્યા છે''-એવું સાબિત કરવાની તક ગુમાવી દીધી છે જાહેર માહિતી અધિકારીએ આયોગની સૂચના છતાં અરજદારને માહિતી આપેલ નહોતી તે સંજોગોમાં આયોગે અપીલ અધિકારીને સુચના આપેલ કે, ''તમોને અપીલ અધિકારી તરીકે નહી પરંતુ ''Deemed PIO'' (માની લીધેલા જાહેર માહિતી અધિકારી) તરીકે ઘોષિત કરવામાં આવે છે અને ''Deemed PIO''ની હેસીયતથી તમે અરજદારને માહિતી આપો.'' પરંતુ અપીલ અધિકારીએ ''Deemed PIO'' ની હેસિયતથી પણ અરજદારને માહિતી આપેલ નહોતી. સબબ પ્રતિવાદી-ર પોતાની અપીલ અધિકારી તરીકેની જવાબદારીમાંથી છટકી શકે નહી. સબબ, અપીલ અધિકારીને ''માની લીધેલા જાહેર માહિતી અધિકારી'' (Deemed PIO) તરીકે ગણતાં, તેઓ પણ દંડને પાત્ર છે.

- **ગુજરાત માહિતી આયોગનો નિર્ણય તા. ૦૧-૧૨-૨૦૦૬ :**

(૧) જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી બંનેને કુલ રૂા.૨૫,૦૦૦=૦૦ નો દંડ (સરખા ભાગે) કરવામાં આવે છે.

(૨) બંને પ્રતિવાદીઓએ ૩૦ દિવસમાં દંડની રકમ સરકારશ્રીમાં જમા કરાવી તેની સાબિતી

અંગેના કાગળોની નકલ સાથે આયોગને જાણ કરવી.

(૩) જો બંને પ્રતિવાદીઓ દંડની રકમ જમા કરાવવામાં નિષ્ફળ જાય તો કલેકટર, મહેસાણાએ લેન્ડ રેવન્યુ રીકવરી મુજબ, દંડની રકમ વસૂલ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ કિસ્સામાં જિલ્લા આયોજન અધિકારીને, જાહેર માહિતી અધિકારી ગણી, અરજદારે માંગેલ માહિતી તેમને દિન-૧૫ માં પૂરી પાડવાની આથી સૂચના આપવામાં આવે છે.

(૫) કલેકટર, મહેસાણાએ સદરહુ ટ્રસ્ટની કામગીરીની સમીક્ષા કરવી.

(૬) આ હુકમની નકલ જિલ્લા આયોજન અધિકારી અને કલેકટર, મહેસાણાને આપવી.

**(૪) <u>નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી :</u>**

ગુજરાત માહિતી આયોગના તા.૦૧-૧૨-૨૦૦૬ ના હુકમથી નારાજ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પ્રસ્તુત સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૨૭૨૨૫ ઓફ ૨૦૦૬ દાખલ કરી, તેમને કરવામાં આવેલ રૂા.૧૨,૫૦૦/- નો દંડ (કુલ રૂા.૨૫,૦૦૦/- નો દંડ) રદ કરવા દાદ માંગેલ હતી.

જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીના વકીલે જણાવ્યું કે, ‘‘અમારા અસીલોએ આયોગને લેખિત જવાબ આપ્યા બાદ રૂબરૂ સુનાવણી માટે તેમને આયોગ તરફથી જાણ કરવામાં આવી હતી. પરંતુ અમારા અસીલો રૂબરૂ સુનાવણીની તકનો લાભ પૂરી રીતે, સમયસર લઈ શકયા નહોતા. દરમિયાનમાં આયોગે સદર તા.૦૧-૧૨-૨૦૦૬ થી દંડનો હુકમ ઈસ્યુ કરી દીધેલ હતો. આ કેસ પુનઃવિચારણા માટે જો આયોગને પરત મોકલવામાં આવે તો અસીલો આ અપીલની ફી સામેવાળાને ચૂકવવા તૈયાર છે’’.

સામેવાળા (આયોગ) ના વકીલે જણાવ્યું કે, ‘‘બાબત આયોગની પુનઃવિચારણા માટે ફ્રેશ ઓર્ડર ઈસ્યુ કરવા માટે મોકલવામાં આવે તે યોગ્ય અને ન્યાયી રહેશે’’.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, નામદાર હાઈકોર્ટે તા.૦૯-૦૭-૨૦૦૮ થી નીચે મુજબ હુકમ ઈસ્યુ કરેલ.

(૧) વાંધો ઉઠાવેલો હુકમ (Impugned Order) આથી એ શરતે રદ કરવામાં આવે છે કે આ હુકમ મળ્યા થી બે અઠવાડીયામાં વિવાદીઓ આયોગમાં આ અપીલના ખર્ચ પેટે રૂા.૨૫૦૦/- જમા કરાવે.

(૨) આયોગે બન્ને વિવાદીઓને સાંભળીને ફ્રેશ હુકમ કરવાનો રહેશે. વિવાદીઓએ પોતાના જવાબ સાથે આયોગ નકકી કરે તે તારીખે આયોગમાં અચૂક હાજર રહેવું.

(૩) આયોગ દ્વારા ફ્રેશ હુકમ ઈસ્યુ કરવામાં ન આવે ત્યાં સુધી રૂા.૨૫૦૦૦/- ની રકમ ડીપોઝીટ તરીકે રહેશે અને આયોગના હુકમ બાદ તદ્અનુસાર, તે સરભર કરવાની કે રીફંડ કરવાની રહેશે.

**કેસ નંબર-૬૭**

| |
|---|
| **ટેન્ડર/બીડની પ્રક્રિયા સંપૂર્ણ થઈ ગઈ હોય તો પણ જો કોઈ અરજદાર ટેન્ડરને લગતી માહિતી માંગે તો કલમ-8(1)(d) ધ્યાને લઈ સંબંધિત ટેન્ડરર એટલે કે ત્રાહિત વ્યકિતનો (કલમ-૧૧ હેઠળ) અભિપ્રાય મેળવવો જરૂરી છે.** |

| |
|---|
| **દિલ્હી હાઈકોર્ટની ડીવીઝન બેંચના મા. ન્યાયાધીશશ્રી એ. કે. સિક્રી અને મા. ન્યાયાધીશ શ્રી રાજીવ સહાયનો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 8(1)(d), 11 & 22**<br>**LPA No. : 900 of 2010**<br>**ભારત સંચાર નિગમ લિમીટેડ વિરુધ્ધ ચંદ્રશેખર**<br>**ચુકાદાની તારીખ ૨૩-૦૩-૨૦૧૨**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૨** |

- **કેસની વિગત :**

  - પ્રસ્તુત અપીલ સીંગલ જજની બેંચના ચુકાદા વિરુધ્ધ ડીવીઝન બેંચમાં કરવામાં આવેલ છે.

  - આ કેસની મુખ્ય વિગતો એવી છે કે અરજદારે ભારત સંચાર નિગમની કચેરી પાસેથી માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજી કરીને 'જીએસએમ ફેઝ-૬' માટેના ટેન્ડર અન્વયે પુરી થયેલ નાણાંકીય બીડની ચકાસણી અંગેના ચોકકસ ટેન્ડરોની માહિતી માંગેલ હતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ તા.૩૦-૦૭-૨૦૦૯ ના પત્રથી અરજદારને કાયદાની કલમ-8(1)(d) નો આધાર આપી માંગેલ માહિતી 'કોમર્સીયલ કોન્ફીડન્સ' પ્રકારની હોઈ આપવાનું નકાર્યુ હતું. જેનાથી નારાજ થઈને અરજદારે પ્રથમ અપીલ કરેલ. પ્રથમ અપીલ અધિકારીએ ટેન્ડર પ્રકિયા પૂર્ણ થઈ હોઈ આપી શકાય તેમ જણાવેલ. પરંતુ તેમણે ટેન્ડરના એગ્રીમેન્ટની માહિતી જાહેર ન કરવાની બાબતની સમયમર્યાદાનો ઉલ્લેખ કરતી એક શરત મુજબ જો માહિતી આપવામા આવે તો ટેન્ડર એગ્રીમેન્ટનો ભંગ થાય અને એ આધારે માહિતી આપવાનું નકારેલ. પ્રથમ અપીલ અધિકારીના હુકમથી નારાજ થઈ અરજદારે કેન્દ્રીય માહિતી આયોગમાં બીજી અપીલ કરી.

- **કેન્દ્રીય માહિતી આયોગના હુકમના મુખ્ય અંશો :**

  - કેન્દ્રીય માહિતી આયોગે નીચેની બાબતો ધ્યાને લઈ માહિતી જાહેર કરવા અંગેનો આદેશ તા. ૧૦-૧૧-૦૯ થી કરેલ.

  - ટેન્ડર ચકાસણીની કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોવાથી કોઈ ટેન્ડરરની વાણિજયીક બાબતોને અસરકર્તા થાય નહી.

  - ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોવાથી જાહેર માધ્યમમાં ઉપલબ્ધ હોવાથી કલમ-8(1)(d) ધ્યાને લઈ ટેન્ડરરના હરીફને કારણે ટેન્ડરરને નુકશાન થવાનો કોઈ ભય હોઈ શકે નહી.

  - અરજદારે માંગેલ માહિતી જાહેર હિતને લગતી હોઈ જાહેર કરવી પડે.

➢ માહિતી જાહેર ન કરવા અંગેની ટેન્ડર એગ્રીમેન્ટની શરત કાયદાના મુખ્ય હેતુ મુજબ પારદર્શિતા અને જવાબદેહીપણું નકકી કરવાના મૂળ તત્ત્વની વિરુધ્ધ અને ગેરકાયદેસર છે. અને આ શરતમાં માહિતી ન જાહેર કરવાની Beyond the confidentiality period અંગેની બાબત એગ્રીમેન્ટમાં મૂકવામા આવેલ છે તે પણ ગેરકાયદેસર છે.

➢ અંતે આયોગે માહિતી જાહેર કરવાનો હુકમ કર્યો.

- **<u>હાઈકોર્ટના કેસની વિગત અને હાઈકોર્ટનો હુકમ</u> :**

➢ કેન્દ્રીય માહિતી આયોગના હુકમ સામે પીટીશનરે દિલ્હી હાઈકોર્ટમાં રીટ પીટીશન કરી. હાઈકોર્ટે નીચે મુજબના નિરીક્ષણો કરી પીટીશન રદ કરી. (આયોગનો હુકમ માન્ય રાખ્યો)

➢ સુપ્રીમ કોર્ટે કે.ઈ.સી. ઈન્ટરનેશનલ લીમીટેડની ટેન્ડર પ્રક્રિયા અંગેની અલગથી કરેલ રીટ કાઢી નાંખી હોવાથી બાબત સબ-જયુડીશ છે તેવી તેમની દલીલ ટકી શકે તેમ નથી.

➢ સફળ થયેલ ટેન્ડરરનું ટેન્ડર ફાઈનલ થઈ ગયેલ હોઈ અને તે અંગેના કરાર થયેલ હોઈ ખાનગીપણાની શરત એટલે કે એગ્રીમેન્ટમાં જણાવેલી માહિતી નહી જાહેર કરવા અંગેની દલીલ પણ હવે ટકતી નથી. અને આ શરતને નકકી થયેલ સમયમર્યાદા કરતાં વધુ લંબાવી પણ શકાય નહી.

➢ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોવાથી વાણિજયક હિતોની બાબત ટકી શકે તેમ નથી.

➢ કાયદાની કલમ-૨૨ ને ધ્યાનને લેતાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈઓ અન્ય કાયદાની જોગવાઈઓથી ઉપરવટ હોઈ એગ્રીમેન્ટમાં સમાવિષ્ટ શરતનો ઉપયોગ માહિતી ન આપવા માટે કરી શકાય નહી અને રીટ રદ કરવામાં આવી.

- **<u>ડીવીઝન બેંચમાં અપીલની વિગત :</u>**

➢ ડીવીઝન બેંચનો મુખ્ય સુર એ હતો કે પીટીશનર એટલે કે ભારત સંચાર નિગમના ચેરમન દ્વારા ફાઈલ કરેલ એફીડેવીટમાં જણાવ્યા મુજબ સદર ટેન્ડર પ્રક્રિયા આખરી થયા પછી પણ અને L1 સાથે નેગોશીએશન થયા પછી પણ કેટલાક આક્ષેપો થવાને કરણે આ ટેન્ડર પ્રક્રિયા સંપૂર્ણ રીતે કેન્સલ કરવામાં આવેલ હોઈ અને L1 ને કોઈ ઓર્ડર આપવામાં આવેલ ન હોઈ હવે માહિતી જાહેર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ કે જો માહિતી જાહેર કરવામાં આવે તો ભવિષ્યમાં બહાર પડનારા ટેન્ડરને અસર પહોંચી શકે અને કિંમતો જાહેર થવાને કારણે ભવિષ્યમાં ટેન્ડરમાં ભાગ લેનારાઓની સંખ્યા ઘટી શકે અને ઊંચી કિંમતના ટેન્ડરો ભરાય જેથી પીટીશનર સંસ્થાને નાણાંકીય નુકશાન થઈ શકે.

➢ જયારે ટેન્ડરર, ટેન્ડર મોકલે છે ત્યારે સીલબંધ કવરમાં મોકલે છે. તેથી સ્વાભાવિક છે કે તેનો ટેન્ડરની વિગતો ગુપ્ત રાખવાનો ઈરાદો છે અને બધા ટેન્ડરર ગુપ્ત રીતે ટેન્ડર સીલબંધ કવરમાં જ મોકલતા હોઈ પ્રક્રિયામાં તંદુરસ્ત હરિફાઈ થાય અને કોઈ પ્રકારની તરફેણ કે ભ્રષ્ટાચાર ને અવકાશ ન રહે અને સૌથી ઓછી કિંમતોવાળા ટેન્ડર માન્ય થાય.

➢ જયારે ટેન્ડરર, ટેન્ડર ભરે છે ત્યારે તેમની પોતાની કેટલીક માહિતી, ધંધાનું ટર્ન ઓવર, તેમની ઉત્પાદન પ્રક્રિયાઓ અને કેટલીક અન્ય તાંત્રિક બાબતોની માહિતી તેમણે આપવાની હોય છે. અને ટેકનીકલ બીડમાં ટેકનોલોજી અને પ્રક્રિયા પધ્ધતિઓ દર્શાવતા હોય છે જે સામાન્ય રીતે જાહેર માધ્યમમાં ઉપલબ્ધ હોતી નથી. તેથી જો આવી માહિતી જાહેર કરવામાં આવે તો કેટલાક સિધ્ધાંતહીન વ્યાપારીઓ, તેનો ભવિષ્યમાં આવનારી ટેન્ડર પ્રક્રિયામાં આવી માહિતી મેળવીને ભાગ લે તેવી શકયતાને નકારી શકાય નહી.

➢ અમેરિકા અને ઈંગ્લેંડના ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશન એકટમાં પણ ટ્રેડ સીક્રેટ અને વાણિજિયક અથવા નાણાંકીય બાબતોને લગતી માહિતીને ખાનગી ગણવામાં આવે છે.

➢ અને તેથી ટેન્ડરને લગતી આવી માહિતી જાહેર કરવા માટે કાયદામાં કલમ-8(1)(d) પ્રમાણે કાયદાએ મુકિત આપેલ છે અને તેથી ખુલ્લી સરકારનો સિધ્ધાંત અને પ્રમાણિકતાને, પ્રોત્સાહન આપવાની સાથે સાથે વ્યકિતની આવી માહિતી જાહેર કરવાથી તેના હરીફથી નુકશાન થવાની બાબત પણ ધ્યાને રાખવી જરૂરી છે.

➢ અને માંગવામાં આવેલ માહિતી ત્રાહિત પક્ષકારને લગતી ખાનગી છે, તેવું જણાય ત્યારે કાયદાની કલમ-૧૧ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરીને માહિતી જાહેર કરવા અથવા ન જાહેર કરવા અંગેનો નિર્ણય લેવો જોઈએ. પ્રસ્તુત કેસમાં કેન્દ્રીય માહિતી આયોગ કે સીંગલ જજ દ્વારા આ બાબતે ધ્યાને લેવાયેલ નથી.→

➢ સદર માહિતી ટેન્ડરર તરફથી પુરી પાડવામાં આવેલ તેને બે વર્ષ કરતાં પણ વધુ સમય વીતી ગયો છે અને ટેડન્ર પ્રક્રિયા રદ થયેલ છે ત્યારે પણ માહિતી ત્રાહિત પક્ષકારની હોવાથી કલમ-૧૧ મુજબ કાર્યવાહી કરવી જોઈએ. કારણ કે તેમા ટ્રેડ સીક્રેટ અને કોમર્સીયલ કોન્ફીડન્સનો સમાવેશ તો હોય જ છે. બીજુ કે જયારે સ્પષ્ટ રીતે માહિતી કલમ-8(1)(d) મુજબ કાયદાએ જાહેર કરવામાંથી મુકિત આપેલ છે ત્યારે કલમ-૨૨ ને લાગુ પાડવાની બાબત ખોટી રીતે મૂલવામાં આવેલ છે અને તેથી કાયદાની કલમ-8(1)(d) ની જોગવાઈઓ જે ધ્યાને લઈ કાયદાની કલમ-૧૧ મુજબ કાર્યવાહી કરીને તે મુજબ ન્યાયીક હુકમ કરી શકાય.

- **નિર્ણય :**

તેથી અપીલ અંશતઃ માન્ય રાખવામાં આવે છે અને બાબત કેન્દ્રીય માહિતી આયોગને પરત કરવામાં આવે છે. જો અરજદારને હજુ પણ માહિતી મેળવવાની ઈચ્છા ધરાવતા હોય તો કેન્દ્રીય માહિતી આયોગે ત્રાહિત પક્ષકારોને કલમ-(૧૧) હેઠળ નોટીસ પાઠવીને તે મુજબની નિયત કાર્યવાહી કરીને પછી અરજદારની વિનંતી અંગે નિર્ણય કરશે.

## કેસ નંબર-૯૮

**જાહેર સેવકે ભોગવેલ રજાઓની વિગતો આપવાનું નકારી શકાય નહી, સિવાય મેડીકલ રિપોર્ટ અને તેમાંની વિગતો.**

**મુંબઈ હાઈકોર્ટની ગોવા બેંચનો ન્યાયાધીશશ્રી સી. એલ. પંગારકરનો ચુકાદો**
**કાશીનાથ જે શેટ્ટી વિ. જાહેર માહિતી અધિકારી અને બીજાઓ**
**લાગુ પડતી કલમ : 8(1)(j)**
**W.P. No. 1 of 2009**
**ચુકાદાની તારીખ ૨૦-૦૧-૨૦૦૯**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૫**

- **કેસની વિગત :**

  - પ્રસ્તુત રીટ પીટીશન કાશીનાથ શેટ્ટી એટલે કે જેની માહિતી માંગવામાં આવી છે તે ત્રાહિત પક્ષકારે કરેલ છે.

  - આ કેસની વિગતો એવી છે કે એક નાગરિકે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને ઈલેકટ્રીસીટી ડીપાર્ટમેન્ટમાં જુનીયર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા અધિકારીએ કેટલી પગારી રજાઓ, કેટલી બિનપગારી રજાઓ, માંદગીની રજાઓ, હકક રજાઓ અને પરચૂરણ રજાઓ ભોગવેલ છે તેની વિગતો અને ખાતાએ મંજુર કરી હોય તે તારીખની વિગતો અને રજાઓની અરજીઓની ઝેરોક્ષ નકલો માંગેલ.

  - જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત પક્ષકાર એટલે કે પીટીશનરને કારણદર્શક નોટીસ આપીને તેમનો અભિપ્રાય માંગ્યો કે શા માટે તમારી રજાઓની માહિતી પુરી ન પાડવી. ત્રાહિત પક્ષકારે તેમના જવાબમાં જણાવ્યું કે અરજદારે માંગેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ મુજબ મારી અંગત માહિતી છે અને મારા અંગત જીવનમાં બિનજરૂરી દખલ કરે તેવી હોઈ કલમ-8(1)(j) હેઠળની હોઈ પુરી પાડવી નહી.

  - ત્રાહિત પક્ષકારના અભિપ્રાય મેળવ્યા પછી જાહેર માહિતી અધિકારીએ અરજદારને કલમ-8(1)(j) હેઠળ ત્રાહિત પક્ષકારની અંગત માહિતી હોઈ માહિતી આપવાનું નકારેલ. આ હુકમથી નારાજ થઈને અરજદારે પ્રથમ અપીલ કરી. પ્રથમ અપીલ અધિકારીએ અપીલ કાઢી નાંખી. તેનાથી નારાજ થતાં અરજદારે રાજય માહિતી આયોગ ગોવાને બીજી અપીલ કરી.

- **રાજય માહિતી આયોગના હુકમના મુખ્ય અંશો :**

  - આયોગે જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીના હુકમો રદ કરી અરજદારને માંગેલ માહિતી પુરી પાડવાનો હુકમ કર્યો કે અરજદારે માંગેલ માહિતી કલમ-8(1)(j) હેઠળ આવતી નથી.

- **<u>હાઈકોર્ટના કેસની વિગત :</u>**

  - પીટીશનરે અપીલ અધિકારીના હુકમની સામે અદાલતમાં રીટ કરી.

  - પીટીશનરની મુખ્ય બે રજુઆત હતી. માંગવામાં આવેલ માહિતી વ્યકિતના અંગત જીવનને લગતી છે અને

  - પીટીશનરના અંગતતાના હકકને (Right to privacy) લાગુ પડતી છે અને માંગવામાં આવેલ માહિતીમાં કોઈ જાહેર હિત સમાયેલું નથી.

- **<u>હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

  - જયારે એક વ્યકિત જાહેર સેવક બને છે ત્યારે તે ચુસ્તપણે જાહેર સેવક બને છે અને જાહેર જનતાના દરેક સભ્યને તેની કામગીરી, પ્રમાણિકતા, અખંડિતા અને ફરજ પ્રત્યે સર્મપણની બાબતો જાણવાનો હક છે.

  - પોતાની ફરજો બજાવવામાં કશું જ અંગત રહેતું નથી.

  - જાહેર સેવક ૨૪ કલાક માટે જાહેર સેવક ગણાય છે.

  - તેથી જયારે જાહેર જનતાનો સભ્ય જાહેર સેવકની રજાઓની વિગત માંગે છે તે ભલે અંગત છે પણ તેમાં કોઈ ખાનગીપણું નથી.

  - આવી માહિતી આપવાથી જાહેર સેવક પોતાની ફરજો બજાવવામાં કેટલા નિષ્ઠાવાન કે નિષ્ઠાના અભાવવાળા છે તે જાહેર જનતાને જાણવાનો હક છે.

  - બીજો પ્રશ્ન એ છે કે અરજીની નકલો પુરી પાડવી કે કેમ? અરજીની નકલો પુરી ન પાડવી કારણ કે તેમાં જો પીટીશનરની અથવા પીટીશનરના કુટુંબને લગતી કોઈ માંદગી/રોગના કારણો ને લગતી હોય તો આવી માહિતી જાહેર કરી શકાય નહી. આવી માહિતી મેળવવાનો અરજદારને હક નથી.

  - મારા મત પ્રમાણે મેડીકલ રેકોર્ડ જે કોઈ પ્રાઈવેટ હોસ્પિટલ અથવા ફેમીલી ફીઝીશયન નિભાવતા હોય છે તે આપી શકાય નહીં. અને તેટલે અંશે વ્યકિતને અંગતતાનો હક છે જેમાં કોઈની બિનજરૂરી દખલ ચલાવી શકાય નહીં, અન્યથા રજાની અરજીઓ મેડીકલ રેકોર્ડ નથી.

  - અને જાહેર સેવક જાહેર ભંડોળમાંથી પગાર મેળવે છે તેથી આવી માહિતી પુરી પાડવી જોઈએ.

- **<u>નિર્ણય :</u>**

તેથી મારા મત પ્રમાણે રાજય માહિતી આયોગે આવી માહિતી જાહેર કરવાનો હુકમ કર્યો છે તેમાં કોઈ ભૂલ કરેલ નથી. તેથી રીટને રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૬૯

**કાયદાની કલમ-8(1)(a) મુજબ રાજયના આર્થિક હિતોનું અર્થઘટન કરવાની બાબત**

**પંજાબ અને હરિયાણા રાજયની ચંદીગઢ હાઈકોર્ટનો મા. ન્યાયાધીશ**
**શ્રી જશબીરસિંઘનો ચુકાદો**
**(સ્ટેટ ઓફ પંજાબ વિ. રાજય માહિતી આયોગ પંજાબ)**
**લાગુ પડતી કલમ : 8(1)(a), 2(f)**
**W.P. No. 7289 of 2009 (O & M)**
**ચુકાદાની તારીખ ૧૪-૦૭-૨૦૦૯**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

- **કેસની વિગત :**

➢ પંજાબ રાજય માહિતી આયોગના હુકમની સામે આ રીટ થયેલ છે.

➢ આ કેસની વિગતો એવી છે કે અરજદારે એટલે કે પ્રતિવિવાદી નં.૨ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને પંજાબ રાજય સરકારના નાણાં વિભાગના જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી માંગેલ. આ માહિતી એવી હતી કે ડીઆરડીએ સ્ટાફનું જીલ્લા પરિષદ/લાઈન ડીપાર્ટમેન્ટમાં મર્જર અંગે થયેલ ફાઈલ નોટીંગ અને તેને લગતાં પત્રવ્યવહારોની નકલો માંગી હતી.

➢ રાજયના જાહેર માહિતી અધિકારીએ કાયદાની કલમ-8(1)(a) આધાર લઈ આવી માહિતી જાહેર કરવાથી રાજયના નાણાંકીય હિતો જોખમાય તેવી શકયતાઓ હોઈ માહિતી આપવાનું નકારવામાં આવેલ.

➢ જાહેર સત્તામંડળના આ હુકમ સામે અરજદારે રાજય માહિતી આયોગમાં અપીલ કરતાં, આયોગે સુનાવણી કરી નીચે મુજબ હુકમ કર્યો.

- **રાજય માહિતી આયોગના હુકમના મુખ્ય અંશો :**

➢ હુકમ તા.૧૦-૨-૦૯ થી આયોગ એવું નોધે છે કે કાયદાની કલમ-8(1)(a) જોતાં, જે માહિતી જાહેર થવાથી ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા, રાષ્ટ્રની સલામતી, વ્યૂહાત્મક, વૈજ્ઞાનિક અથવા આર્થિક હિતો, ને પ્રતિકુળ અસર કરે....... તો તેવી માહિતી આપવાની રહેશે નહી, અને આ કિસ્સામાં માંગવામાં આવેલ માહિતી ડી.આર.ડી.એ સ્ટાફને જીલ્લા પરિષદ/લાઈન ડીપાર્ટમેન્ટમાં મર્જર અંગેની ફાઈલ નોટીંગ અને તેના પત્રવ્યવહારને લગતી છે. જે કોઈ રીતે દેશનું સાર્વભૌમત્વ, અંખડિતતા અથવા રાષ્ટ્રની સલામતી અથવા વ્યૂહાત્મક, વૈજ્ઞાનિક કે આર્થિક હિતોને પ્રતિકુળ અસર કરી શકે તેમ નથી, અને તેથી રાજય સરકારની અપીલ રદ કરવામાં આવે છે.

- **કોર્ટના નિરીક્ષણ અને નિર્ણય :**

➢ રાજય માહિતી આયોગે કરેલા હુકમની સામે થયેલ રીટમાં કોર્ટ મુખ્યત્વે નોંધે છે કે રાજય સરકારે કરેલ વધારાની એફીડેવીટમાં પણ આવી માહિતી પ્રતિવિવાદી નં.૨ એટલે કે અરજદારને આપવાથી

કઈ રીતે રાજયના આર્થિક હિતોને નુકશાન થશે તેવું તેઓ બતાવી શકયા નથી.

- અને માંગવામાં આવેલ માહિતી કચેરી નોટીંગ અને અન્ય દસ્તાવેજોને લગતી છે. જેથી કલમ-2(f) મુજબ માહિતી ગણાય.

- અને તેથી કોર્ટને એવું લાગે છે કે કાયદાની કલમની 8(1)(a) મુજબની જોગવાઈઓ જોતાં, જયાં સુધી રાજયના આર્થિક હિતોને કઈ રીતે નુકશાન થાય છે તે સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી પીટીશનરને માહિતી જાહેર ન કરવાની બાબત મંજૂર કરી શકાય નહી, અને જાહેર સત્તા મંડળ દ્વારા આવો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી.

- **<u>નિર્ણય</u> :**

અપીલ રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૭૦

**જથ્થાબંધ માહિતી માંગીને પોતાનો, જાહેરસત્તામંડળનો અને કોર્ટનો સમય બરબાદ કરવાનો હેતુ યોગ્ય નથી.**

**પંજાબ અને હરિયાણા રાજયની ચંદીગઢ હાઈકોર્ટનો ડીવીઝન બેંચના મા. ન્યાયાધીશ શ્રી હેમંત ગુપ્તા અને મા. ન્યાયાધીશ શ્રી રાજીવનારાયણ રૈનાનો ચુકાદો**

**લાગુ પડતી કલમ : 8(1)(j), 11(1)**

**એસ. કે. મોહિન્દ્ર વિ. મુખ્ય માહિતી કમિશ્નર, દિલ્હી**

**LP No. 841 of 2008**

**ચુકાદાની તારીખ ૦૬-૦૮-૨૦૧૨**

**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

- **કેસની વિગત** :

આ અપીલ સીંગલ જજના તા.૧૫-૦૩-૨૦૧૨ ના ચુકાદાને પડકારતાં કરવામાં આવી છે. આ કેસની મુખ્ય વિગત એ છે કે પીટીશનરે તા.૦૭-૦૩-૨૦૧૧ થી ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના પંજાબ ખાતે ફરજ બજાવતાં જનરલ મેનેજર દ્વારા નોકરીમાં જોડાયા ત્યારથી અત્યાર સુધી તેમણે કરેલી તમામ તકેદારી તપાસો અંગેની યાદી, ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના જાહેર માહિતી અધિકારી પાસે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને માંગેલ હતી. અને આવા તમામ કેસોની ફાઈલોનું નોટીંગ પણ માંગવામાં આવેલ તેના પ્રતિભાવમાં જાહેર માહિતી અધિકારીએ આ માહિતી ત્રાહિત પક્ષકારને લગતી હોઈ આપવાનું નકારવામાં આવેલ. તેમ છતાં અરજદારને વિનંતી કરવામાં આવેલ કે ચોકકસ ફાઈલ/કેસનો નંબર આપના તરફથી જણાવવામાં આવે તો તેના કેટલા પાના થાય છે તે ગણીને એ પ્રમાણે કુલ ફીની રકમ જણાવી શકાય. કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ સુનાવણી દરમિયાન જાહેર સત્તામંડળના અધિકારીઓએ રજુઆત કરેલી કે અરજદારે માંગેલી માહિતી અંદાજે ૩૫૦૦ જેટલા કેસોની છે અને તેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓનો સમાવેશ થાય છે.

- **કેન્દ્રીય માહિતી આયોગનો હુકમ :**

આયોગે જણાવ્યું કે અરજદારે માંગેલ માહિતી જથ્થાબંધ પ્રકારની છે અને તેને કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાઈ શકે એમ છે. અને સાથે સાથે ત્રાહિત વ્યકિતને લગતી માહિતી હોવાથી જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ માન્ય રાખેલ કારણ કે સુનાવણી દરમિયાન અરજદાર તેમણે માંગેલ માહિતીમાં કઈ રીતે જાહેર હિત સમાવિષ્ટ છે તેવું સાબિત કરી શકયા નહોતા.

- **હાઈકોર્ટનું નિરીક્ષણ અને હુકમ :**

આયોગના હુકમની સામે અરજદારે હાઈકોર્ટમાં રીટ કરેલ.

હાઈકોર્ટે સુનાવણી કરીને કેન્દ્રીય માહિતી આયોગના હુકમને માન્ય રાખેલ અને ત્રાહિત પક્ષકારને લગતી જથ્થાબંધ માહિતી હોઈ તેમજ અરજદારે માંગેલી માહિતી તકેદારી તપાસને લગતા કેસોની અને તેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓનો સમાવેશ હોઈ આપી શકાય તેમ ન હોય તેમ જણાવી રીટ કાઢી નાંખેલ. જેની સામે પીટીશનરે ડીવીઝન બેંચ સમક્ષ **LP** કરી.

* **<u>ડીવીઝન બેંચના નિરીક્ષણ અને નિર્ણય :</u>**

ડીવીઝન બેંચે પ્રસ્તુત કેસમાં જે નિરીક્ષણો કર્યા તેમાં જણાવ્યું કે-

➢ અરજદારે માંગેલ માહિતીમાં કોઈ જાહેર હિત જણાતું નથી. ફક્ત ખાનગી હિત માટે પ્રોત્સાહિત થઈને માંગવામાં આવેલ હોય તેમ જણાય છે.

➢ અથવા માંગવામાં આવેલ માહિતી દ્વેષભાવથી માંગીને કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કરવાનો હોય તેમ અમને જણાય છે.

➢ સીંગલ જજે યોગ્ય રીતે નિર્ણય લઈને રીટ રદ કરી છે અને માંગવામાં આવેલ માહિતી કલમ-8(1)(j) હેઠળ અંગત પ્રકારની હોઈ કાયદાએ આપેલ મુક્તિને લગતી છે.

➢ **<u>અમારી સમક્ષ આવેલ અરજદાર અમને અધિકાર વગર પ્રવેશ કરનાર અને હસ્તક્ષેપ કરવાની વૃત્તિવાળો હોય, તેવો જણાય છે અને તે પોતાનો, ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાનો અને બે વખત કોર્ટનો સમય બગાડવાવાળો છે અને ફીશીંગ અને રોવીંગ જેવું ધ્યેય વગરનું દુ:સાહસ કરી કાગળો (કે જે ત્રાહિત પક્ષકારને લગતા અને ખૂબ લાંબા સમયની તેમની ફરજોને લગતા છે) નો હિમપ્રપાત કરવાવાળો હોય તેમ જણાય છે.</u>**

* **<u>નિર્ણય</u> :**

અપીલમાં કોઈ પાત્રતા (લાયકાત) ન જણાતા સીંગલ જજે તેમના ચુકાદામાં આપેલ અભિપ્રાય વિશે કંઈ કરવાનું રહેતું નથી. અને તેથી અપીલ રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૭૧

| |
|---|
| **અરજદાર માહિતી મેળવવા માટે અરજી કરે તે તારીખ થી ૩૦ દિવસ નહિ, પરંતુ અરજદારની અરજી અન્વયેના કોઈ પ્રાથમિક વાંધાનો જે તારીખે નિકાલ આવે તે તારીખ થી શરૂ કરીને ૩૦ દિવસની ગણતરી શરૂ થયેલી ગણાય.** |

| |
|---|
| **પંજાબ અને હરિયાણા રાજયની ડીવીઝન બેન્ચના ન્યાયાધીશ શ્રી એમ. એમ. કુમાર અને ન્યાયાધીશ શ્રીમતી સાબીના નો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 7(1)**<br>**Civil Writ Petition No. 10027 of 2008**<br>**હુકમની તારીખ ૦૮-૦૪-૨૦૦૮**<br>**ઉમેશકુમાર શારદા વિરુધ્ધ પંજાબ માહિતી આયોગ અને અન્યો**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩** |

| | |
|---|---|
| **વિવાદી** | : ઉમેશકુમાર શારદા |
| • પ્રતિવિવાદી નં.૧ | : પંજાબ માહિતી આયોગ |
| • પ્રતિવિવાદી નં.૨ | : ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી |
| • પ્રતિવિવાદી નં.૩ | : ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી |
| • પ્રતિવિવાદી નં.૪ | : ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી |

### (૧) <u>કેસની વિગત</u> :

અરજદાર (વિવાદીએ) પ્રતિવિવાદી નં.૨, ૩ આને ૪ પાસેથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કેટલીક માહિતી માંગેલ હતી. જે સંદર્ભે પ્રતિવિવાદીઓએ અરજદારને જણાવેલ કે, ''અમો માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ''જાહેર સત્તામંડળ'' ની વ્યાખ્યામાં આવતાં ન હોઈ, માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી''.

ઉપરોકત પ્રત્યુતરથી નારાજ અરજદારે પંજાબ માહિતી આયોગ સમક્ષ ફરિયાદ દાખલ કરી દાદ માંગેલ હતી કે રેડક્રોસ સોસાયટી પાસેથી માંગેલ માહિતી મળવી જોઈએ.

### (૨) ફરિયાદની દાદ :

આયોગ સમક્ષની સુનાવણીમાં રેડક્રોસ સોસાયટીએ વાંધો ઉઠાવી જણાવેલ કે, ''અમો માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ''જાહેર સત્તામંડળ'' ની વ્યાખ્યામાં આવતાં ન હોઈ અમારે અરજદારને માહિતી આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી''. પરંતુ આયોગે રેડક્રોસ સોસાયટીનો આ વાંધો અધિકારીની રૂએ નામંજૂર કર્યો (over ruled) અને તા.૨૬-૦૨-૨૦૦૭ ના રોજ હુકમ કર્યો કે, ''રેડક્રોસ સોસાયટી જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવતી હોઈ અરજદાર માંગેલ માહિતી તેમને પ્રતિ પેજ રૂા.૨/- ની ફી વસુલીને આપવી''.

આયોગને અરજદારે જણાવ્યું કે માહિતી ૩૦ દિવસમાં આપવાની હોય છે અને મેં માહિતી માટેની અરજી કર્યાના ૩૦ દિવસો તો કયારનાયે પૂરા થઈ ગયા હોવાથી માહિતી અધિકાર અધિનિયમની

કલમ-૭(૬) મુજબ હવે મને માહિતી વિનામૂલ્યે મળવી જોઈએ. પરંતુ આયોગે અરજદારની આ દલીલ ફગાવી દેતાં નોંધ્યુ કે, ''રેડ ક્રોસ સોસાયટી દ્વારા ઉઠાવવામાં આવેલ વાંધાઓ (કે અમે જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવતા નથી) અંગે અરજદારને નિયત ૩૦ દિવસની સમયમર્યાદામાં જ ઓલરેડી જાણ કરી દેવામાં આવેલ હતી અને અરજદારે ત્યારબાદ રેડક્રોસ સોસાયટીનો સંપર્ક કર્યો નહોતો. ત્યારબાદ, આજે (એટલે કે તા.૨૬-૦૨-૨૦૦૭ ના રોજ) આ કેસની પહેલી સુનાવણી છે કે જેમાં વાંધાઓ અંગે ચર્ચા કરી વાંધા રદ કરતો હુકમ આજે જ પસાર કરવામાં આવેલ છે, તેથી ૩૦ દિવસની સમયમર્યાદા આજથી જ શરૂ થયેલ હોવાથી અરજદારને વિનામૂલ્યે માહિતી આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અરજદારે માંગેલ માહિતી જથ્થાબંધ (voluminous) હોઈ, તેમની વિનંતી અનુસાર ૩૦ ના બદલે ૬૦ દિવસની સમયમર્યાદામાં માહિતી આપવાની રહેશે.

પંજાબ માહિતી આયોગના સદરહુ તા.૨૬-૦૨-૨૦૦૭ ના હુકમને વિવાદી (અરજદાર) દ્વારા નામદાર હાઈકોર્ટમાં આ રીટ પીટીશન દ્વારા પડકારી નામદાર હાઈકોર્ટ પાસે દાદ માંગવામાં આવેલ છે કે માહિતી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે.

## (૨) <u>નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેંચના તારણો અને હુકમ :</u>

બંને પક્ષકારોને સાંભળ્યા બાદ નામદાર હાઈકોર્ટે નોંધ્યુ કે, ''પંજાબ માહિતી આયોગ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલા કારણ સાથેના આદેશ (speaking order, well reasoned order) માં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂર જણાતી નથી. આયોગના નિરીક્ષણો અને હુકમ સાથે આ અદાલત સંપૂર્ણપણે સંમત છે. આયોગના અભિગમમાં આ અદાલતને કોઈ કાયદાકીય શિથિલતા (legal infirmity) જણાતી નથી. અરજદારની અરજીના ભલે ૩૦ કરતાં વધારે દિવસો થઈ ગયા પરંતુ આયોગ સમક્ષ પ્રથમ સુનાવણી તા.૨૬-૦૨-૨૦૦૭ ના રોજ થયેલ હોવાથી અને રેડક્રોસ સોસાયટીનો વાંધો તા.૨૬-૦૨-૨૦૦૭ ના રોજ આયોગે અધિકારીની રૂએ નામંજૂર (overruled) કર્યો હોવાથી કાયદાની કલમ-૭ અન્વયે, ૩૦ દિવસની શરૂઆત તા.૨૬-૦૨-૨૦૦૭ થી શરૂ થાય છે કે જયારે માહિતી આપવાની સૂચનાઓ ઈસ્યુ કરવામાં આવેલ, કારણ કે તે અગાઉનો સમયગાળો ''રેડક્રોસ સોસાયટી જાહેર સત્તામંડળ છે કે કેમ'' તે નકકી કરવામાં પૂરો થઈ ગયો હતો''.

વધુમાં, અરજદારે માંગેલ માહિતી વિશાળ અને જથ્થાબંધ (lengthy and voluminous) હોવાથી રૂા.૨/- પ્રતિપેજ મુજબ નિયત થયેલ ફી ભર્યેથી અરજદારને માહિતી આપવાની રહેશે.

આમ, પ્રસ્તુત રીટપીટીશન તથ્ય રહિત (devoid of merit) હોવાથી રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૭૨

**કારણ સાથેના આદેશ (Reasoned Order) વગર, કેન્દ્રીય માહિતી આયોગ કોઈપણ કેસ બંધ ન કરી શકે.**

**દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી રવિન્દ્ર ભાટ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 19(1)**
**Writ Petition No. 7474 of 2007**
**હુકમની તારીખ ૧૦-૧૦-૨૦૦૭**
**જયકાન્ત ગુપ્તા વિરુધ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને અન્ય**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

**વિવાદી** : જયકાન્ત ગુપ્તા (અરજદાર)
- પ્રતિવિવાદી નં.૧ : કેન્દ્રીય માહિતી આયોગ
- પ્રતિવિવાદી નં.૨ : જાહેર માહિતી અધિકારી
- પ્રતિવિવાદી નં.૩ : અપીલ અધિકારી

### (૧) <u>કેસની વિગત</u> :

અરજદારે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ **NPCC** ના અધિકારી પાસેથી ''બદલીની નીતી'' અંગે માહિતી માંગેલ હતી. પરંતુ માહિતી ન મળતા, અરજદારે અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. અપીલ અધિકારીએ દિન-૩ માં અરજદારને માહિતી પુરી પાડવાનો હુકમ કર્યો.

દરમિયાનમાં અરજદારે કેન્દ્રીય માહિતી આયોગમાં બીજી અપીલ દાખલ કરી. આયોગે પ્રતિવિવાદી નં.૨ અને ૩ ને તેમની લેખિત કોમેન્ટસ સાથે રૂબરૂ હાજર થવા સૂચના આપેલ. આયોગે નોંધેલ કે જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી આપવામાં ગંભીર વિલંબ થયેલ છે. સબબ, આયોગે અપીલ અધિકારીને કારણદર્શક નોટીસ આપી પૂછાવેલ કે, ''અરજદારને વળતર (compensation) શા માટે ન ચૂકવવું?'' જાહેર માહિતી અધિકારીને પણ આયોગે કારણદર્શક નોટીસ આપી ''શા માટે તમને દંડ ન કરવો'' બાબતે ખુલાસો માંગેલ. ત્યારબાદ કેસનું શું થયું? તેની અરજદારને ખબર નથી. કેસનું સ્ટેટસ જાણવા માટે અરજદારે આયોગને સ્મૃતિપત્ર પણ મોકલ્યો હતો. પરંતુ આયોગ તરફથી કોઈ પ્રતિભાવ મળેલ નહિ, આખરે, અરજદારની જાણમાં આવ્યું કે આયોગના અધિક સચિવ અને રજીસ્ટ્રારની દરખાસ્ત અન્વયે આ કેસ બંધ કરી દેવામાં આવ્યો હતો તેથી અરજદારે નામદાર હાઈકોર્ટમાં આ રીટ પીટીશન દાખલ કરી, જેમાં દાદનો મુખ્ય મુદ્દો એ હતો કે, ''બંને અપીલ સત્તામંડળો (અપીલ અધિકારી અને કેન્દ્રીય માહિતી આયોગ) તરફથી તેમને શા માટે પ્રતિભાવ મળેલ નથી ?''

### (૨) <u>નામદાર હાઈકોર્ટના તારણો અને હુકમ :</u>

નામદાર હાઈકોર્ટે નોઘ્યુ કે ''પ્રસ્તુત કિસ્સામાં કેન્દ્રીય માહિતી આયોગે અપનાવેલ કાર્યપધ્ધતિ એટલી કુતુહલપ્રેરક છે કે કોઈ ભાગ્યેજ કંઈ કહી શકે. કારણદર્શક નોટીસ ઈસ્યુ કર્યા બાદ જો આયોગે કદાચ એવો નિર્ણય લીધો હોત, કે હવે કેસ ડ્રોપ કરી, આગળ કોઈ જ કાર્યવાહી કરવી

નથી અને અરજદારને વળતર પણ નથી આપવું કે જાહેર મહિતી અધિકારીને દંડ પણ નથી કરવો તો પણ તે પ્રક્રિયા વિધિસર રીતે (formally) કરવી જોઈતી હતી, પરંતુ માત્ર નોટીંગ કરીને તેના આધારે છેક સાવ જ, આમ ફાઈલ બંધ નહોતી કરવી જોઈતી.

આયોગ એ અર્ધન્યાયીક (quasi-judicial) તંત્ર છે. કાયદાએ સોંપેલ બાબતો અંગે નિર્ણય કરવા માટે તેમને સત્તાઓ પ્રદાન કરવામાં આવેલ છે. પારદર્શી રીતે જો આવી (ફાઈલ બંધ કરવાની) કાર્યવાહી કરવામાં આવી હોત તો તે દ્વારા માહિતી અધિકાર અધિનિયમના હાર્દ અને આયોગની કામગીરીના હેતુ સાથે તે મેળ ખાત.

પ્રસ્તુત સંજોગોમાં, આ અદાલત કેન્દ્રીય માહિતી આયોગે જયાંથી કાર્યવાહી અટકાવી હતી. (એટલે કે કારણદર્શક નોટીસ ઈસ્યુ કર્યા પછીના તબકકેથી) ત્યાંથી શરૂ કરી, કાયદાની કલમ-૨૦(૧) અને ૧૯(૮) (સી) ને ઘ્યાને લઈ, પક્ષકારોને સાંભળીને, કારણ સહિતનો હુકમ (Reasoned Order) ઈસ્યુ કરવાનો આથી હુકમ કરે છે.

ઉપરોકત વિગતે આ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**કેસ નંબર-૭૩**

| **અરજદારને વળતર ચૂકવવા અંગે** |
|---|

| **દિલ્હી હાઈકોર્ટના મા. ન્યાયાધીશ શ્રી એસ. રવિન્દ્ર ભાટ ની ડીવીઝન બેન્ચનો ચુકાદો**<br>**યુનિયન ઓફ ઈન્ડીયા વિરુધ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને બીજાઓ**<br>**લાગુ પડતી કલમ : 19(8)(b)**<br>**Writ Petition No : (C) 6661/2008 Dt. 16-04-2009**<br>**તારીખ : ૧૬-૦૪-૨૦૦૯**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૭** |
|---|

## (૧) <u>કેસની વિગત</u>

અરજદારે તા.૨૭-૦૭-૨૦૦૭ ના રોજ પાસપોર્ટ ઓફિસમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજી કરીને પોતાની પત્નીએ ડીસેમ્બર-૨૦૦૬ માં પાસપોર્ટ કઢાવવા માટે કરેલ અરજી સંદર્ભે કેટલીક માહિતી માંગી અને પાસપોર્ટ કેટલા સમયમાં ઈસ્યુ કરવાનો હોય છે તે અંગેની માહિતી માંગી હતી જેમાં ખાસ કરીને પાસપોર્ટ ઓફિસની વેબસાઈટમાં તેમની અરજીમાં માર્ચ-૨૦૦૭ માં પોલીસ રીપોર્ટ ઓ.કે. બતાવતાં હતો અને છતાં જુલાઈ-૨૦૦૭ માં સ્પેસીમેન સીગ્નેચર રજુ કરવાની બાબતનો ઉલ્લેખ કરેલ. તે વિશેની વિગતો માંગી હતી.

- **<u>જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ</u> :**

તા.૧૩-૦૮-૦૭ ના રોજ કેન્દ્રીય માહિતી અધિકારીએ જણાવ્યું કે વેબસાઈટ ઉપર જે માહિતી મૂકવામાં આવેલી તેમાં તેમની અને તેમની પત્ની તથા દિકરાની પાસપોર્ટ માટેની ફ્રેશ અરજી, જરૂરી દસ્તાવેજો એટેસ્ટેડ કરાવીને અરજી કરવા માટેની માહિતી મૂકવામાં આવી હતી. જે નેશનલ ઈન્ફોર્મેટીકસ દ્વારા અદ્યતન કરાયેલ હતી.

## (૨) <u>અપીલ સત્તાધિકારીનો નિર્ણય/હુકમ :</u>

અરજદારની અપીલ સંદર્ભે પ્રથમ અપીલ અધિકારીએ એવું જણાવીને અપીલ નિકાલ કર્યો કે અપીલ સમય મર્યાદા બાદ કરવામાં આવેલ છે.

## (૩) <u>કેન્દ્રીય માહિતી આયોગનું નિરીક્ષણ :</u>

અરજદારે ૧૨ ડીસેમ્બર ૨૦૦૬ માં પોતાનો અને પોતાની પત્ની તથા પુત્રના પાસપોર્ટ માટે અરજી કરી હતી, સાત મહિના વીતી જવા છતાં તેમને પાસપોર્ટ મળ્યો નથી. માર્ચ-૨૦૦૭ માં અરજદારે વેબસાઈટ ખોલી ત્યારે એવી માહિતી જાણવા મળી કે તેમનો પોલીસ રિપોર્ટ ઓ. કે. છે. અને એપ્રિલ-૨૦૦૭ ના પ્રથમ અઠવાડિયામાં પાસપોર્ટ મોકલી આપવામાં આવશે. અરજદારને સમયમર્યાદામાં પાસપોર્ટ ન મળતાં અરજદારે ફરીથી જુલાઈ-૨૦૦૭ માં વેબસાઈટ ઓપન કરી તો અરજદારને તેમના આશ્ચર્ય સાથે એવું જોવા મળ્યું કે એક કોરા કાગળ ઉપર રાજયપત્રિત અધિકારી દ્વારા એટેસ્ટેડ કરાવીને સહીના બે નમૂના મોકલી આપવા. ત્યારબાદ અરજદારે તા.૨૭-૦૭-૦૭ થી આ કાયદા હેઠળ અરજી કરીને માહિતી માંગી અને જાહેર માહિતી

અધિકારીએ તા.૧૩-૦૮-૨૦૦૭ થી જવાબ આપ્યો કે દસ્તાવેજો અધૂરા હતા તેથી અરજદારે ફરીથી અરજી કરવાની હતી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજદારના સહીના નમૂના શા માટે કોરા કાગળ ઉપર માંગ્યા હતા તેનો કોઈ ખુલાસો કર્યો નહોતો !

આ બાબતે આયોગ એ બાબત સમજી શકતું નથી કે એકવાર વેબસાઈટ ઉપર તમારો પાસપોર્ટ એપ્રિલ-૨૦૦૭ માં મોકલી આપવામાં આવશે એવું જણાવ્યા પછી ફરીથી ફ્રેશ (નવી) અરજી કરવી એવું શા માટે જણાવવામાં આવ્યું? છતાં જો અરજદારની અરજીમાં જો કોઈ અધૂરાશ હતી તો અરજદારને પાસપોર્ટ મોકલી આપવાનું કમીટમેન્ટ કરતાં પહેલાં ઘણું વહેલું જણાવી શકયા હોત. વળી કોરા કાગળમાં અરજદારની સહીના નમૂના મોકલી આપવાની બાબત પણ સંપૂર્ણ રીતે સ્વીકારી શકાય તેમ નથી. સરકારી ઓફિસ આમ કોરા પાનામાં સહી માંગે તે બાબત આયોગને સમજાતી નથી !

## (૪) કેન્દ્રીય માહિતી આયોગનો નિર્ણય :

અરજદાર પાસપોર્ટ અરજી અંગેની જરૂરી બાબતોની પૂર્તતા કરે તેના અઠવાડીયામાં પાસપોર્ટ ઈસ્યુ કરવો .

જાહેર માહિતી અધિકારી અને વિભાગીય પાસપોર્ટ અધિકારીએ વેબસાઈટમાં આ એકજ પ્રકારના કેસમાં બે જાતની જુદીજુદી માહિતી, મૂકવા અંગે વેબસાઈટની કાર્ય પ્રણાલી અંગે તપાસ કરવી અને ૧૩-૦૬-૨૦૦૮ સુધીમાં આયોગને રિપોર્ટ સુપ્રત કરવો. અરજદારને થયેલ માનસિક ત્રાસ બદલ અને આ રીતે દોઢ વર્ષ સુધી પોતાને કોઈ પણ દોષ વગર હેરાન થવું પડયું. માટે ૫૦૦૦/- રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ કરે છે અને આ ચુકવણું જવાબદાર ડીપાર્ટમેન્ટ કરે અથવા વેબસાઈટ ઉપર કોરાકાગળમાં સહી માંગનાર જે વ્યકિતની જવાબદારી નકકી થાય તે વ્યકિત પાસેથી પૂરેપૂરી રકમની વસુલાત કરવામાં આવે !!

## (૫) <u>દિલ્હી હાઈકોર્ટમાં થયેલ અપીલની વિગત :</u>

**આયોગના હુકમની સામે હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી.**

- **અરજદારની રજુઆત :**

આ કિસ્સામાં અરજદાર તરીકે ભારત સરકાર એટલે કે (પાસપોર્ટ ઓફિસના પ્રતિનિધિએ રજુઆત કરી કે પાસપોર્ટ માટે અરજી કરનાર નાગરિકને જરૂરી પૂર્તતાઓ થતાં પાસપોર્ટ ઈસ્યુ કરી દેવામાં આવેલ છે, અને સમય મર્યાદામાં માહિતી આપી દીધેલ હોવાથી કેન્દ્રીય માહિતી આયોગે વળતરની ચૂકવણી કરવાનો આદેશ કરવામાં ભૂલ કરી છે અને એવી પણ રજુઆત કરી કે કાયદાની કલમ-19(8)(b) મુજબ વળતર ચૂકવવા અંગેની બાબત આયોગના કાર્યક્ષેત્ર હેઠળ છે. પરંતુ માહિતી નિયત થયેલ સમયમાં આપવામાં ન આવી હોય અથવા કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત ન હોય તેવી બાબત જો જોવા મળી ન હોય તો આયોગે સેકશન 19 હેઠળ વળતર કે સેકશન-20 હેઠળ દંડ કરવો જોઈતો નહોતો.

## (૬) <u>હાઈકોર્ટનું નિરીક્ષણ :</u>

હાઈકોર્ટને નીચેની બાબતે વિવાદ નથી કે, પાસપોર્ટ માટેની અરજીઓ ડીસેમ્બર ૨૦૦૬ માં કરવામાં આવેલ છે. જુલાઈ-૨૦૦૭ માં અરજદારે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જુલાઈ-૦૭ માં અરજી કરી ત્યાં સુધી પાસપોર્ટ ઈસ્યુ કરવામાાં આવેલ નહોતો. માર્ચ-૦૭ અને જુલાઈ-૦૭ માં પાસપોર્ટ અંગેની માહિતી જે વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી તેમાં વિરોધાભાસ હતો. અરજદારે માહિતી અધિકાર હેઠળ અરજી કરીને માહિતી માંગી ત્યારે પાસપોર્ટ અધિકારીએ જણાવ્યું કે તેમની અરજીમાં કેટલીક ભૂલો હતી. કેન્દ્રીય માહિતી ઓયોગ સમક્ષ પણ પાસપોર્ટ અધિકારીઓએ ખુલાસો કર્યો નહોતો કે શા માટે અરજદારે પાસપોર્ટ માટે ૮ મહિના પછી ફ્રેશ અરજી કરવી પડશે.

હાઈકોર્ટે એ નોંધ્યું છે કે કેન્દ્રીય માહિતી આયોગ 19(8)(b) હેઠળ વળતર ચૂકવવા આદેશ કરવાનું કાર્યક્ષેત્ર ધરાવે છે અને સંસ્થાએ સમયમર્યાદામાં અરજદારને યોગ્ય રીતે જાણ કરવામાં કે પ્રતિભાવ નહી આપવામાં આચરેલ ગુનાની જવાબદારી સંદર્ભે પણ સમજવું જરૂરી છે. અને એ એટલા માટે જરૂરી બને છે કે જવાબદાર વ્યકિત ઉપર યોગ્ય કારણ વગર માહિતી નહીં આપવા અથવા મોડી આપવા દંડ કરવામાં આવેલ છે અને તેટલા પૂરતું પીટીશનરની કેન્દ્રીય માહિતી આયોગના વળતર ચૂકવવા બાબતના કાર્યક્ષેત્ર બનતું નથી તેવી ફરિયાદ વ્યાજબી ઠરે છે.

એક નાગરિક પાસપોર્ટ માટે અરજી કરે અને નવ માસ કરતાં પણ વધુ સમય સુધી રાહ જોવી પડે અને પછી પણ અરજીમાં રહેલી ઉણપો પૂર્ણ કરવા જણાવવામાં આવે. છેવટે અરજદારે માહિતી અધિકાર અધિનિયમનો સહારો લેવો પડે છે. આ સંજોગોમાં કેન્દ્રીય માહિતી આયોગ ૫૦૦૦ રૂપિયા જેટલું મર્યાદિત વળતર ચૂકવવાનું યોગ્ય ગણે છે. જેની સામે સરકારે ફકત માહિતી અધિકાર હેઠળ જ નહીં, પરંતુ પાસપોર્ટ ઈસ્યુ કરનાર એક અધિકૃત તંત્ર તરીકે તેઓની ફરજના ભાગરૂપે જવાબદારી બને છે કે તેમણે અરજી સંદર્ભે યોગ્ય તે માહિતી જાહેર કરવી જોઈએ. એની સામે ફકત આટલી નાની રકમના વળતરના ચૂકવણા માટે પ્રશ્ન ઉપસ્થિત કરવાનું પસંદ કર્યુ છે.

આ રીટ પીટીશન ફાઈલ કરીને ભારત સરકારે તેની પાસપોર્ટ કાયદા હેઠળની ફરજ બાબતની અસંવેદનશીલતા જ નહીં, પરંતુ પાસપોર્ટ મેળવવાની અરજી કરનારને સંપૂર્ણ રીતે અંધારામાં રાખીને તેની માનસિક યાતનામાં પણ ગંભીર રીતે વધારો કરેલ છે અને અગાઉની અરજી બાબતે શું થયું તે જણાવ્યા વગર ફ્રેશ અરજી કરવાનું જણાવીને અયોગ્ય રીતે વર્ત્યા છે. કેન્દ્રીય માહિતી આયોગના હુકમમાં જુની અરજી ધ્યાને લઈને પાસપોર્ટ ઈસ્યુ કરવાનું જણાવેલ છે તેજ બતાવે છે કે ફ્રેશ એટલે કે નવી અરજી કરવાનું જણાવવાની બાબત વ્યાજબી ઠરતી નથી. તેથી કોર્ટ આ પીટીશન દાખલ કરીને આયોગનો રૂપિયા ૫૦૦૦/- વળતર ચૂકવવાનો હુકમ રદ ગણીને ભારત સરકારને આદેશ કરે છે કે અરજદારને (એટલે કે પાસપોર્ટ માટે અરજી કરનારને) પાંચ અઠવાડિયાની સમયમર્યાદામાં રૂપિયા ૫૫,૦૦૦/- નું વળતર ચુકવવામાં આવે. ઉપર મુજબના હુકમ મુજબ પીટીશનનો નિકાલ કરવામાં આવે છે.

**કેસ નંબર-૭૪**

**કર્મચારીની નિમણૂંક, બદલી અને બઢતીને લગતી માહિતી ''અંગત માહિતી'' ન હોઈ, તે આપવાની ના પાડી શકાય નહિ.**

**કેરાલા હાઈકોર્ટની કોચી બેન્ચના ન્યાયધીશ એચ. એલ. દત્તુ અને ટી. શંકરન ની ડીવીઝન બેંચનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1)(j)**
**Writ Application No. 2100 of 2007, ચુકાદાની તારીખ : ૨૦-૦૯-૨૦૦૭**
**કેનેરા બેંક વિરુધ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને અન્યો**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

**વિવાદી** : જાહેર માહિતી અધિકારી

- પ્રતિવિવાદી નં.૧ : કેન્દ્રીય માહિતી આયોગ
- પ્રતિવિવાદી નં.૨ : અરજદાર (બેંકના કર્મચારી)

**(૧) <u>કેસની વિગત :</u>**

અરજદાર (પ્રતિવિવાદી નં.૨) એ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજી કરી જાહેર માહિતી અધિકારી પાસેથી, કેનેરા બેંકના કારકૂન વર્ગના કર્મચારીઓની નિમણૂંક, બદલી, પ્રમોશન..... વગેરે સબંધી માહિતી માંગેલ હતી.

જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ કે, ''તમોએ માંગેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(e) અને 8(1)(j) મુજબ ''જાહેર કરવામાંથી મુકિત'' (exempted) કેટેગરીમાં આવતી હોઈ, આ માહિતી આપવાની રહેતી નથી''.

જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ અરજદારે અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ, પરંતુ અપીલ અધિકારીએ જાહેર માહિતી અધિકારીના ''માહિતી ન આપવાના નિર્ણય'' ને સમર્થન આપી, અરજદારની પ્રથમ અપીલ નામંજૂર કરી હતી.

અપીલ અધિકારીના નિર્ણયથી નારાજ અરજદારે કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરી હતી. આયોગે અપીલ અધિકારીનો નિર્ણય નામંજુર કરી, અરજદારને માહિતી આપવાનો બેંકને હુકમ કર્યો હતો.

કેન્દ્રીય માહિતી આયોગના હુકમ સામે બેંકે નામદાર હાઈકોર્ટ સમક્ષ આ રીટ પીટીશન દાખલ કરી આયોગનો હુકમ રદબાતલ કરવા દાદ માંગેલ છે

**(૨) <u>નામદાર હાઈકોર્ટના તારણો અને હુકમ :</u>**

નામદાર હાઈકોર્ટે બંને પક્ષકારોને સાંભળ્યા અને માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨, ૩, ૪ અને ૮ ને સંયુકત રીતે વંચાણે લઈ, નોંધ્યુ કે, ''કલમ-૪'' ની જોગવાઈઓના કારણે કલમ-૩ ની જોગવાઈ બિલકુલ મર્યાદિત થતી નથી. મતલબ કે, જયારે નાગરિક દ્વારા માહિતી માંગવામાં

આવે ત્યારે નાગરિકોને માહિતી આપવા ઉપરાંત, જાહેર સત્તામંડળોએ અન્ય પણ કેટલીક ફરજો બજાવવાની હોય છે. કાયદામાં ઠરાવ્યાનુસાર આ ફરજો, નાગરિકાને માહિતી આપવા ઉપરાંત, ફરજીયાત પણે બજાવવાની હોય છે. અલબત્ત, કાયદામાં ઠરાવ્યાનુસાર ''જાહેર કરવામાંથી મુક્તિ'' (exempted) કેટેગરીની માહિતીને બાદ કરતા, આ ફરજીયાત ફરજો બજાવવાની હોય છે.

કર્મચારીઓની બદલી અને બઢતીને લગતી માહિતી કાયદાની કલમ-8(1)(e) મુજબ, ''વિશ્ર્વસનીય સંબંધોને આધીન'' માહિતીની વ્યાખ્યામાં આવતી નથી. ઊલટાનું, બદલી અને બઢતીની વિગતો જાણ્યા વગર કોઈ કર્મચારી પોતાના કે અન્ય કર્મચારીઓના હકકો વિશે કદાચ અજાણ પણ રહે તેમ બની શકે. કાયદાના આમુખમાં ઘોષિત કર્યા મુજબ લોકશાહીની અતિઆવશ્યક કામગીરી માટે નાગરિકોને માહિતગાર રાખવા અને માહિતીની પારદર્શિતા જળવાય તે જરૂરી છે. ભ્રષ્ટ્રાચાર નિયંત્રણમાં રહ અને બેંક અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે.

અરજદારે માંગેલ બેંકના કર્મચારીઓની નિમણૂંક, બદલી અને બઢતીને લગતી માહિતી, કાયદાની કલમ-8(1)(j) મુજબ ''અંગત માહિતી'' કહી શકાય નહિ. જો આ માહિતીને ''અંગત માહિતી'' ગણવામાં આવે તો તે કાયદાના મૂળ હેતુનું એન્કાઉન્ટર (encounter) કરશે. એટલું જ નહિ, પણ જો આ માહિતીને ''અંગત માહિતી'' ગણવામાં આવે તો કોઈપણ વ્યકિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (ખાસ કરીને ભ્રષ્ટ્રાચાર અથવા ગેરવર્તણૂંક) સંબંધી માહિતી કોઈને મળી શકે નહિ. માહિતી અધિકારનો કાયદો આ સિધ્ધિ હાંસલ કરવા માટે કાળજીપૂર્વક ઘડવામાં નથી આવ્યો.

વધુમાં, કાયદાની કલમ-8(1)(j) માં જ જોગવાઈ કરવામાં આવેલ છે કે, ''પરંતુ સંસદ અથવા રાજય વિધાનમંડળને જે માહિતી આપવાનો ઈન્કાર કરી શકાય નહી તેવી કોઈ માહિતી માટે કોઈ વ્યકિતને ઈન્કાર કરવો જોઈશે નહિ''. સબબ, પ્રસ્તુત કેસમાં, અરજદારે માંગેલ માહિતી (નિમણૂંક, બદલી, બઢતી) નકારવાની કલ્પના પણ કરવાની રહેતી નથી.

ઉપરોકત વિગતે જોતાં, રીટ પીટીશન રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૭૫

**જાહેર સત્તામંડળ 'કાનૂની વ્યકિત' ની વ્યાખ્યામાં આવતું હોય તો પણ જાહેર સત્તામંડળ પાસે ઉપલબ્ધ માહિતી જાહેર હિતને લગતી હોય તો પારદર્શિતાના હેતુસર માહિતી જાહેર કરવી જોઈએ અને તેથી 8(1)(j) લાગુ પડી શકે નહી.**

**દિલ્હી હાઈકોર્ટનો મા. ન્યાયાધીશ શ્રી વીપીન સાંઘીનો ચુકાદો**
**W. P. (C) No. 5677 of 2011**
**જામીયામીલીયા ઈસ્લામીયા વિ. ઈકરામુદ્દીન**
**લાગુ પડતી કલમ : 8(1)(j), 2(h), 2(j)**
**ચુકાદાની તારીખ : ૨૨-૧૧-૧૧**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૮**

- **કેસની વિગત :**

આ રીટ કેન્દ્રીય જાહેર માહિતી આયોગના તા.૨૧-૦૬-૧૧ ના હુકમની સામે પડકારવામાં આવી છે. પ્રસ્તુત કેસની વિગત એવી છે કે પ્રતિવિવાદી એટલે કે અરજદારે કેટલીક માહિતી જામીયામીલીયા જાહેરસત્તામંડળ પાસે માંગેલી. જામીયામીલીયા ઈસ્લામીયા યુનિવર્સીટી એક બંધારણીય સંસ્થા છે. જે જામીયામીલીયા ઈસ્લામીયા એકટ ૧૯૮૮ દ્વારા નિયંત્રિત થાય છે. અરજદારે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને જામીયામીલીયાનો ગફર મંઝીલ લેન્ડ બાબતે અબ્દુલ સત્તાર સાથેના એક એગ્રીમેન્ટની નકલો માંગેલ હતી. જેને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮-૦૩-૧૦ ના પ્રત્યુતરથી નકારી કાઢેલ હતી અને એવું જણાવેલ કે માંગવામાં આવેલ માહિતી કલમ-8(1)(j) હેઠળ આવે છે અને તે જાહેરહિત કે જાહેર પ્રવૃત્તિઓ સાથે કોઈ સંબંધ ધરાવતી નથી. ત્યારબાદ અરજદારે કરેલ પ્રથમ અપીલના અનુસંધાને પ્રથમ અપીલ અધિકારીએ પણ જાહેર માહિતી અધિકારીના જવાબને માન્ય રાખી અપીલ કાઢી નાંખી હતી. અને આ હુકમ સામે અરજદારે કેન્દ્રીય માહિતી આયોગમાં અપીલ કરતા ઉપર જણાવેલ મુદા માટે અપીલ માન્ય રાખેલી.

- **કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ સુનાવણીની વિગતો :**

આયોગ સમક્ષ પીટીશનરે એવી રજુઆત કરી જો આવી માહિતી જાહેર કરવામાં આવે તો આ માહિતીનો ખોટા હાથમાં જવાને કારણે દુરુપયોગ થઈ શકે છે. વળી અરજદારે માંગેલ માહિતી જાહેર સત્તામંડળની અંગત માહિતી ગણાય અને કલમ-8(1)(j) મુજબ અરજદારે માંગેલ માહિતી કોઈ જાહેર પ્રવત્તિઓ કે જાહેર હિતને લાગુ પડતી નથી અને જો આપવામાં આવે તો સંસ્થાની અંગતતા ઉપર તરાપ મારનારી છે. સામે પક્ષે અરજદારે એવી રજુઆત કરી કે પીટીશનર એક યુનિવર્સીટી છે અને તેને માંગવામાં આવેલ માહિતી પકડી રાખવાનો કોઈ હક નથી.

કેન્દ્રીય માહિતી આયોગે આ અંગે હુકમ કર્યો છે, કાયદાની કલમ 8(1)(j) માં જે જોગવાઈ કરવામાં આવેલ છે તેમાં 'Personal' શબ્દ વાપરવામાં આવ્યો છે જે તેની ભાષા જોતાં ખરેખર એક વ્યકિતને લાગુ પડે છે કોઈ સંસ્થા, સંગઠન કે કોર્પોરેટને નહી, તેથી કાયદાની 8(1)(j) અત્રે લાગુ પાડી શકાય નહી અને જયારે રાજય નાગરિકો પાસેથી કોઈ માહિતી મેળવે છે. જે જાહેર પ્રવૃત્તિઓને લગતી હોય તો તેને અંગતતામાં દખલ થતી હોવાનું ગણી શકાય નહી. અને અપીલ માન્ય રાખી અને પીટીશનરની એટલે કે બચાવ પક્ષની દલીલો નકારવામાં આવી.

- **<u>હાઈકોર્ટમાં કેસની વિગતો :</u>**

આયોગના હુકમ સામે રીટ કરી.

- **<u>પીટીશનરના એડવોકેટની રજુઆત :</u>**

તેમની મુખ્ય રજુઆત એ હતી કે પીટીશનર એક વૈદ્યાનિક સંસ્થા છે અને કાયદાની દ્રષ્ટ્રિએ 'કાનૂની વ્યકિત' છે અને અહીં તેમણે ''Black'' ની કાયદાની ડીક્ષનરીમાં આપેલ વ્યાખ્યાનો ઉલ્લેખ કરી જણાવ્યું કે જેને દ્વારા માન્યતા આપવામાં આવી હોય તો તેવી સંસ્થા કે જેને મનુષ્યો જેવી ફરજો અને અધિકારો પ્રાપ્ય હોય તે કાનૂની વ્યકિત ગણાય.

તેમણે એમ પણ જણાવ્યું કે બંધારણના આર્ટીકલ-૧૪ મુજબ કોઈ વ્યકિતને કાયદાના સમાન રક્ષણ અને કાયદા સમક્ષ સમાનતા માટે નકારી શકાશે નહી અને આ અધિકાર ફકત વ્યકિતઓને જ નહી પરંતુ કાનૂની વ્યકિતઓને પણ ઉપલબ્ધ છે.

તેમણે જનરલ કલોઝીસ એકટની કલમ-૩(૪૨) નો ઉલ્લેખ કરી રજુઆત કરી કે વ્યકિત (Person) ની વ્યાખ્યા માં ''કોઈ કંપની અથવા એસોસીએશન અથવા વ્યકિતઓનું જુથ/સંસ્થા જે ખરેખર કાયદેસર સ્થાપિત હોય કે ન હોય'' નો સમાવેશ થાય છે. અને તેથી અરજદારે માંગેલ માહિતી કલમ-8(1)(j) મુજબ વ્યકિત એટલે કાનૂની વ્યકિતની ગણી શકાય. અને તેમણે એવી દલીલ કરી કે કલમ-8 અન્વયે કાયદામાં વપરાયેલા શબ્દો ''Not withstanding anything in act'' લખ્યું છે તેથી કલમ-8(1), કાયદાની કલમ-3 નો ઉપરવટ અસર ધરાવે છે.

તેમણે એવી પણ રજુઆત કરી કે કેન્દ્રીય માહિતી આયોગે માહિતી જાહેર કરવા જે હુકમ કરેલ છે તેવી માહિતીને કારણે ગંભીર પરિણામો આવી શકે છે, અને ખોટા હાથમાં જવાથી માહિતીનો દુરુપયોગ પણ થઈ શકે.

- **<u>અરજદારના એડવોકેટની રજુઆત :</u>**

તેમણે જણાવ્યું કે પીટીશનર કાયદાની કલમ-2(h) મુજબ જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવે છે. અને અરજદારે માંગેલી માહિતી (એગ્રીમેન્ટ) મેળવવાનો દરેક નાગરિકોને અધિકાર છે.

અને અરજદારે માંગેલ માહિતી પુરી પાડવા માટેના તમામ અધિકારીઓ (જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારી) જો આ કાયદા હેઠળ જાહેર હિતમાં માહિતી આવતી હોય તો આવી માહિતી અંગત માહિતી હોય તો પણ જાહેર કરવાના હુકમો કરી શકે.

વધુમાં તેમણે આ કાયદાના આમુખનું શબ્દશઃ વર્ણન કરીને કાયદાના મુખ્ય હેતુઓ અને ધ્યેયોનું વર્ણન સમજાવીને જાહેર સત્તામંડળ પાસે પડેલી માહિતી પારદર્શિતાના હેતુને ધ્યાને લઈ નાગરિકોને માહિતગાર કરવા માટે માહિતી આપવી જોઈએ તેમ જણાવ્યુ. જો કે આ કાનૂની વ્યકિતની વ્યાખ્યા અને બંધારણના અનુચ્છેદ-૧૪ અને જનરલ કલોઝીસ એકટની-૩(૪૨) ની વ્યાખ્યા અને જોગવાઈઓ અંગે તેમને કોઈ શંકા નથી.

- **<u>કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

- મારા અભિપ્રાય મુજબ અરજદારે માંગેલ જાહેરસત્તામંડળની માહિતી કલમ-8(1)(j) ને લાગુ પડતી નથી.

- કોઈ જાહેર સત્તામંડળ એવું ન કહી શકે કે તેમની પાસે ઉપલબ્ધ માહિતી વ્યકિતગત પ્રકારની છે. જાહેર સત્તામંડળને લાગુ પડતી માહિતીમાં કશું જ વ્યકિતગત નથી.

- કાયદાએ કરેલ આ જોગવાઈમાં જયાં individual શબ્દ વાપર્યો છે તે person એટલે કે વ્યકિત એમ સમજવાનું રહેશે એવો ઈરાદો કાયદાએ વ્યકત કર્યો છે.

- કાયદાની કલમ-2(h) ની વ્યાખ્યા જોઈએ તો એમાં પણ તમામ જાહેર સત્તામંડળોમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ અને પ્રસંગોએ કાયદાના હેતુઓ મુજબ પારદર્શિતા જાળવી શકાય એટલી જાળવવાનો નિર્ધાર વ્યકત થયો છે.

- એથી જો પીટીશનરે કરલ રજુઆત એટલે કે જાહેર સત્તામંડળ 'કાનૂની' વ્યકિત' છે એ સ્વીકારી લેવામાં આવે તો કાયદાના મૂળ હેતુસંપૂર્ણ રીતે નાશ થઈ જાય. કારણ કે પછી તો દરેક જાહેર સત્તામંડળ પોતે કાનૂની વ્યકિત છે એમ માની પર્સનલ ઈન્ફોર્મેશન આપવાની ના પાડે કે તેમની પ્રવૃત્તિઓ પણ જાહેર પ્રવૃત્તિઓ કે જાહેર હિતની નથી.

- અને ધારો કે, વૈકલ્પિક રીતે પીટીશનરની દલીલ સ્વીકારી લેવામાં આવે તો પણ અરજદારે માંગેલ માહિતી (એગ્રીમેન્ટ) એ એક યુનિવર્સિટી અને અરજદાર વચ્ચેનો એગ્રીમેન્ટ છે અને યુનિવર્સિટી જાહેર સત્તામંડળ છે તેથી જાહેર સત્તામંડળમાં થતા કાર્યોમાં જાહેર નાણા વપરાતા હોઈ આવા એગ્રીમેન્ટમાં જાહેર હિત સમાયેલું છે. આ પ્રકારના એગ્રીમેન્ટમાં કેવી શરતોનો સમાવેશ છે એ જાણવા માંગે એ માટે દરેક નાગરિક યોગ્યતા ધરાવે છે તેથી પીટીશનર આવી માહિતીને છુપાવીને રાખી શકે નહી.

**<u>નિર્ણય</u> :**

ઉપરના સંજોગોમાં આ પીટીશન લાયક ઠરતી નથી અને તેથી રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૭૬

**જાહેર સત્તામંડળમાં ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીઓની વાર્ષિક આવકની માહિતી પ્રોએક્ટીવ ડીસ્કલોઝર કક્ષામા આવતી હોઈ, આ માહિતી જાહેર કરતા પહેલા ત્રાહિત પક્ષકારને પૂછવાની જરૂર નથી.**

**નામદાર ચેન્નાઈ હાઈકોર્ટ ના ન્યાયાધીશ શ્રી પ્રભા શ્રીદેવનનો ચુકાદો**
**LPA No. 47897/2006**
**લાગુ પડતી કલમ : 4(1)(b)**
**આર. અંબાઝીગન વિરુધ્ધ રાજય માહિતી આયોગ અને અન્યો**
**ચુકાદાની તારીખ ૧૭-૦૪-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૫**

**વિવાદી** : આર. અંબાઝીગન

- પ્રતિવિવાદી નં.૧ : રાજય માહિતી આયોગ
- પ્રતિવિવાદી નં.ર : અપીલ અધિકારી
- પ્રતિવિવાદી નં.૩ : જાહેર માહિતી અધિકારી
- પ્રતિવિવાદી નં.૪ : અરજદાર

### (૧) કેસની વિગત :

અરજદારે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ અરજી કરીને જાહેર માહિતી અધિકારી પાસેથી તામિલનાડુ, ન્યુઝપ્રિન્ટ એન્ડ પેપર્સ લીમીટેડ (**TNPL**) માં અગાઉ ફરજ બજાવતા, પરંતુ અરજદારની અરજી સમયે નિવૃત્ત શ્રી આર.અંબાઝીગન (ત્રાહિત પક્ષકાર) ના વાર્ષિક ગ્રોસ પગારની માહિતી માંગેલ હતી. જાહેર માહિતી અધિકારીએ સદર માહિતી આપવાનો ઈન્કાર કરી અરજદારને જણાવેલ કે, ‘‘તમોએ માંગેલ માહિતી કાયદાની કલમ-8(1)(j) મુજબ, ‘‘અંગત માહિતી’’ ની વ્યાખ્યામાં આવતી હોઈ, તેમજ આ માહિતી કાયદાની કલમ-૧૧ મુજબ ત્રાહિત પક્ષકાર (વિવાદી) સંબંધી હોવાથી તેમના ઓથોરાઈઝેશન વગર આપી શકાય નહી’’.

જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી અરજદારે અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. અપીલ અધિકારીએ પણ જાહેર માહિતી અધિકારીના નિર્ણયને સમર્થન કરતો નિર્ણય આપતાં, પુનઃ નારાજ અરજદારે રાજય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ.

રાજય માહિતી આયોગે અરજદારની અપીલનો નિકાલ કરી જણાવેલ કે ‘‘તમામ સરકારી જાહેર ક્ષેત્રના સાહસો માહિતી અધિકાર અધિનિયમના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. અરજદારોએ માંગેલ ચોકકસ માહિતી તેમને તાત્કાલિક ધોરણે મળવી જ જોઈએ’’.

રાજય માહિતી આયોગના સદરહુ નિર્ણયની સામે પ્રસ્તુત કેસના વિવાદી (ત્રાહિત પક્ષકાર)ની નારાજગી એ બાબતે હતી કે, ‘‘માંગવામાં આવેલ માહિતી મને સબંધિત હોવા છતાં, મને ચર્ચામાં બોલાવ્યા વગર કે મારી વાત ધ્યાને લીધા વગર આયોગે ઉપરોકત હુકમ ઈસ્યુ કર્યો છે’’.

સબબ, રાજય માહિતી આયોગના ઉપરોકત હુકમ (વાંધો ઉઠાવેલ હુકમ=impugned order) રદ બાતલ કરવાની દાદ મેળવવા માટે વિવાદી (ત્રાહિત પક્ષકાર) એ નામદાર હાઈકોર્ટ સમક્ષ આ રીટ પીટીશન દાખલ કરેલ છે.

**(૨) <u>નામદાર હાઈકોર્ટના તારણો અને હુકમ :</u>**

બંને પક્ષકારોને સાંભળ્યા બાદ તેમજ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓને ધ્યાને લીધા બાદ, નામદાર હાઈકોર્ટ નોંધ્યુ કે, ''તામિલનાડુ ન્યુઝપ્રીન્ટ એન્ડ પેપર્સ લીમીટેડ (**TNPL**) માં વિવાદી (ત્રાહિત પક્ષકાર) અગાઉ ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરતા હતા. સબબ, કાયદાની કલમ-4(1)(b)(10) મુજબ, જાહેર સત્તામંડળના દરેક કર્મચારી/ અધિકારીને દર માસે મળતા મહેનતાણાની રકમ, જાહેર સત્તામંડળે, પ્રોએકટીવ ડીસ્કલોઝર (સામે ચાલીને ફરજીયાતપણે જાહેર) કરવાની હોય છે, એટલું જ નહી, પરંતુ આ માહિતી ઈન્ટરનેટ સહિતના સંદેશાવ્યવહારના જુદાજુદા સાધનો મારફતે, નિયમિત, સમયાંતરે, આપમેળે, વધુમાં વધુ માહિતી પૂરી પાડવા માટે પગલાં લેવાનાં સતત પ્રયાસ કરવો જોઈશે, જેથી લોકોને માહિતી મેળવવા માટે આ અધિનિયમના ઉપયોગની ઓછામાં ઓછી જરૂર પડે. એ બાબત સ્પષ્ટ છે કે TNPL એ આવી વિગતો જાહેર કરેલ નથી. હકીકતમાં, જો TNPL એ કાયદાની કલમ-4(1)(b) મુજબની માહિતી આપોઆપ જાહેર કરી હોત તો રસ ધરાવતી કોઈપણ વ્યકિત ઈન્ટરનેટ ઉપરથી તુર્તજ આ માહિતી મેળવી શકે.

માહિતી અધિકાર અધિનિયમનો હેતુ પણ એ જ છે કે જાહેર સત્તામંડળનો કબજામાં કે તેમના નિયંત્રણ હેઠળ રહેલ માહિતી અરજદારોને ઉપલબ્ધ કરાવવામાં આવે.

સબબ, આ હુકમ મળ્યા તારીખથી ૧૫ દિવસની અંદર અરજદારને તેમણે માંગેલ માહિતી પૂરી પાડવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત વિગતો મુજબ, અપીલ રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૭૭

**અરજદારે માંગેલ માહિતી જો કચેરીના રેકર્ડ ઉપર અસ્તિત્વ જ ધરાવતી ન હોય તો તે આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.**

**દિલ્હી હાઈકોર્ટ ની ડીવીઝન બેન્ચના ન્યાયાધીશ શ્રી મુકુન્દકમ શર્મા અને ન્યાયાધીશ શ્રી અરૂણા શર્માનો ચુકાદો**
**LPA No. 14/2008, તારીખ ૧૧-૦૧-૨૦૦૯**
**લાગુ પડતી કલમ : 2(f)**
**મનોહર સીંગ વિરુધ્ધ નેશનલ થર્મલ પાવર સ્ટેશન અને અન્ય**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૫**

- **વિવાદી** : મનોહર સીંગ
- પ્રતિવિવાદી નં.૧ : કેન્દ્રીય માહિતી આયોગ

## (૧) <u>કેસની વિગત :</u>

અરજદારે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ તા.૨૪-૦૭-૨૦૦૬ની અરજીથી જાહેર માહિતી અધિકારી પાસેથી, નેશનલ થર્મલ પાવર સ્ટેશનમાં સુપરવાઈઝર્સની નિમણૂંક સંબંધી ફાઈલની નોંધ, નિર્ણય લેવાની પ્રક્રિયા, પરિપત્ર વગેરેની માહિતી માંગેલ હતી.

જાહેર માહિતી અધિકારીએ તા.૨૧-૦૮-૨૦૦૬ ના પત્રથી અરજદારને જણાવેલ કે, ‘‘નિર્ણય લેવાની પ્રક્રિયા સંબંધી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.’’

જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ અરજદારે તા.૨૧-૦૮-૨૦૦૬ ના પત્રથી અપીલ અધિકારી સક્ષમ પ્રથમ અપીલ દાખલ કરેલ હતી. અપીલ અધિકારીએ અરજદારની અરજી તા.૧૮-૦૯-૨૦૦૬ ના પત્રથી નામંજૂર કરી અરજદારને જણાવ્યું કે, ‘‘જાહેર માહિતી અધિકારીએ જે જવાબ આપેલ છે તેની સામે અમો સંમત છીએ’’.

અપીલ અધિકારીના નિર્ણયથી નારાજ અરજદારે તા.૨૬-૧૨-૨૦૦૬ થી કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ હતી, જે અન્વયે આયોગે તા.૧૧-૦૧-૨૦૦૭ ના પત્રથી જાહેર માહિતી અધિકારીની કોમેન્ટસ મંગાવેલ હતી, જે આયોગને તા.૨૦-૦૨-૨૦૦૭ ના રોજ મળેલ હતી. અરજદારે તેમનો પ્રત્યુતર (Rejoinder) તા.૨૭-૦૨-૨૦૦૭ ના રોજ આયોગને સુપ્રત કરેલ હતો.

અરજદારનાં જવાબ, જાહેર માહિતી અધિકારીની કોમેન્ટસ અને અપીલ અધિકારીનો નિર્ણય આયોગે ધ્યાને લીધા. જાહેર માહિતી અધિકારીએ સ્પષ્ટ રીતે જણાવેલ છે કે અરજદારે માંગેલ નિર્ણય લેવાની પ્રક્રિયા અંગેની માહિતી ઉપલબ્ધ નથી. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજદાર ફકત એ માહિતી જ માંગી શકે કે જે જાહેર સત્તામંડળ પાસે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ હોય. જયારે માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે તે માહિતી તૈયાર (produce) કરવી જાહેર માહિતી અધિકારી માટે શકય નથી, સબબ, અરજદારની અપીલ નિકાલ અંગે જાહેર માહિતી અધિકારીના અને અપીલ અધિકારના વલણ (stand) સાથે આયોગ સંમત છે.

વળી, જાહેર માહિતી અધિકારીના જણાવ્યાનુસાર, ‘‘અરજદારને સંબંધિત ફાઈલનું ઈન્સ્પેકશન પણ કરવા દેવામાં આવેલ હતું અને અરજદારને ફાઈલ બતાવીને જણાવવામાં આવેલ કે માંગેલ માહિતી (નિર્ણય લેવાની પ્રક્રિયા અંગેની માહિતી) ફાઈલમાં નથી. અરજદાર જાણે જ છે કે સંબંધિત ફાઈલમાં પોતે માંગેલ માહિતી ઉપલબ્ધ નથી.

આમ, અરજદારને જાણકારી હોવા છતાં તેમજ તેમને ફાઈલ ઈન્સ્પેકશન આપ્યા છતાં, તેઓ આર.ટી.આઈ. હેઠળ એક પછી એક અરજીઓ કર્યા કરે છે અને એન.ટી.પી.સી.ના અધિકારીઓની વિરુધ્ધમાં પાયાવગરના આક્ષેપો કર્યા કરે છે.

ઉપરોકત વિગતો અને હકીકતો હોવા છતાં, આયોગે જાહેર માહિતી અધિકારીને તા.૧૨-૦૩-૨૦૦૭ થી હુકમ કરેલ હતો કે, ‘‘હજુ પણ એક પ્રયત્ન કરી, અરજદારે માંગેલ માહિતી, નોટીંગ કે નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે કચેરીનું રેકર્ડ શોધી તે ઉપલબ્ધ છે કે કેમ? તે ચકાસી જે જાણકારી મળે (પરિણામ મળે) તેની જાણ અરજદારને કરવી.

આયોગના હુકમ બાદ, જાહેર માહિતી અધિકારીએ રેકર્ડની શોધખોળ કરેલ કે કેમ ? માંગેલ રેકર્ડ મળેલ કે કેમ? તે અંગેની કોઈજ જાણ અરજદારને કરવામાં ન આવતાં, અરજદારે નામદાર હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરેલ હતી.

## (૨) <u>નામદાર હાઈકોર્ટના સીંગલ જજનો હુકમ :</u>

પક્ષકારોને સાંભળ્યા બાદ રીટ પીટીશન અન્વયે નામદાર હાઈકોર્ટના સીંગલ જજે, કેન્દ્રીય માહિતી આયોગનો તા.૧૨-૦૩-૨૦૦૭ નો નિર્ણય યથાવત રાખી હુકમ કર્યો કે ‘‘જયારે દસ્તાવેજ (document) ઉપલબ્ધ જ ન હોય ત્યારે તે આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. સબબ, ઉપલબ્ધ ન હોય તેવી કોઈ માહિતી અરજદારને આપવાનો હુકમ ઈસ્યુ કરી શકાય નહિ’’.

આમ, નામદાર હાઈકોર્ટના સીંગલ જજ દ્વારા અરજદારની રીટ પીટીશન રદ કરવામાં આવેલ હતી, જેની સામે અરજદારે નામદાર હાઈકોર્ટની આ ડીવીઝન બેંચ સમક્ષ એલ.પી.એ. દાખલ કરેલ છે.

## (૩) <u>નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના તારણો અને હુકમ :</u>

બંને પક્ષકારોને સાંભળ્યા બાદ ડીવીઝન બેન્ચે નોંધ્યુ કે, ‘‘નામદાર સીંગલ જજે જે ચુકાદો આપ્યો છે તેમાં કાઈ ક્ષતિ નથી. કેન્દ્રીય માહિતી આયોગે પણ કયારનુંયે (already) જણાવેલ છે કે અરજદારે માંગેલ માહિતી પુનઃ શોધખોળ કરતાં જો મળે તો તેની નકલ અરજદારને આપી શકાય અને આપવી જોઈએ. વળી, આયોગના હુકમમાં એ પણ ઉલ્લેખ હતો કે પુનઃ શોધખોળ બાદ પણ જો રેકર્ડ ન મળે તો પછી અરજદારને આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થશે નહિ અને તેથી જ, જે રેકર્ડ અસ્તિત્વ જ ધરાવતો નથી તે અરજદારને આપવાની સૂચનાઓ પણ આપવાની રહેતી નથી, સબબ, અરજદારની એલ.પી.એ. રદ કરવામાં આવે છે’’.

**કેસ નંબર-૭૮**

| |
|---|
| **યુપીએસસી દ્વારા સીવીલ સર્વિસ પરીક્ષામાં ત્રિસ્તરીય પધ્ધતિ મુજબ ઉમેદવારોને પસંદ કરવામાં આવે છે. તેમાં પ્રિલીમનરી પરીક્ષાના માર્કસ જાહેર કરી શકાય. કટ ઓફ માર્કસ (સંયુકત રીતે જનરલ સ્ટડીઝ એન્ડ સ્કેલ વૈકિલ્પક પેપરના માર્ક) જાહેર ન કરી શકાય, યુપીએસસીએ જવાબના નમૂના જાહેર કરવાના રહેશે).** |

| |
|---|
| **દિલ્હી હાઈકોર્ટનો મા. મુખ્ય ન્યાયાધીશ તથા ન્યાયાધીશ એસ. મુરલીધરનો ડીવીઝન બેંચનો ચુકાદો** |
| **(યુ.પી.એસ.સી. વિ. શિવશંભુ અને બીજાઓ)** |
| **લાગુ પડતી કલમ : 8(1)(d), 8(2)** |
| **LPA No. 313 of 2007** |
| **અને CM અપીલ નં. ૬૪૬૮/૨૦૦૭** |
| **હુકમની તારીખ ૦૩-૦૯-૨૦૦૭** |
| **ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૨** |

**(૧) <u>કેસની વિગત :</u>**

આ રીટ યુ.પી.એસ.સી. દિલ્હી દ્વારા કેન્દ્રીય માહિતી આયોગે કરેલ તા.૧૩-૧૧-૦૬ ના હુકમને પડકારવા કરેલ.

**<u>અરજદારે માંગેલ માહિતી :-</u>**

પ્રસ્તુત કેસના પ્રતિવિવાદી એટલે કે અરજદારોએ ૨૦૦૬ માં યુપીએસસી દ્વારા લેવાતી સીવીલ સર્વિસ પરીક્ષાઓ આપેલ હતી. સીવીલ સર્વિસ પરીક્ષાઓમાં ૧૯૭૪-૭૭ કોઠારી કમીટી અને ત્યારબાદ ૧૯૮૮-૯૮ માં સતીષચંદ્ર કમીટીએ યોગ્ય સ્ટેટીસ્ટીક ફોર્મ્યુલાઓ ના ઉપયોગ કરીને ''સ્કેલીંગ ઓફ માર્કસ'' પધ્ધતિ ત્યારપછી લાગુ પાડવામાં આવેલ હતી. તેના સંદર્ભે અરજદારે ઓગષ્ટ-૨૦૦૬ માં,

(૧) કટ ઓફ માર્કસની યાદી (ઓપ્શનલ અને જનરલ સ્ટડીઝ)

(૨) દરેક જુદાજુદા વિષય અને જુદીજુદી કેટેગરીના ઉમેદવારો માટેના જુદાજુદા કટ ઓફ માર્કસની લાગુ પડતા દસ્તાવેજોની નકલો.

(૩) પ્રીલીમનરી પરીક્ષામાં ઉમેદવારોને મળેલા માર્ક

(૪) આદર્શ જવાબો દરેક વિષય માટે

(૫) ફરી પરીક્ષા લેવા માટેના કારણો

**<u>જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :</u>**

યુપીએસસીના જાહેર માહિતી અધિકારીએ તેમ જણાવી મહિતી આપવાનું નકકારેલ છે, અરજદારે માંગેલ માહિતી કાયદાની કલમ-8(1)(d) મુજબ યુપીએસસીની ઈન્ટેલકચ્યુઅલ પ્રોપર્ટીને લગતી નિર્ણાયક માહિતી

છે અને કલમ-8(2) મુજબ આ માહિતી રક્ષિત હિતોને નુકશાનકારક બની શકે છે. આવી માહિતી જાહેર કરવામાં કોઈ જાહેર હિત સમાયેલું નથી અને તેથી માંગવામાં આવેલ દસ્તાવેજો ખાનગી પ્રકારના હોઈ આપી શકાય નહી. વધુમાં તેમણે એમ પણ જણાવેલ કે પ્રિલીમનરી પરીક્ષા સ્ક્રીનીંગ ટેસ્ટ હોઈ તે પરીક્ષામાં સફળ થયેલ કે નિષ્ફળ થયેલ ઉમેદવારોના માર્કસ જાહેર કરી શકાશે નહી તેવી એક યાદીના ઉલ્લેખ કરીને જણાવેલ.

**<u>પ્રથમ અપીલની વિગત :</u>**

જાહેર માહિતી અધિકારીના હુકમથી અસંતુષ્ટ થતાં તેમણે તા.૨૦-૧૦-૦૬ થી પ્રથમ અપીલ કરી. અપીલ અધિકારીએ સુનાવણીમાં જણાવ્યું કે વર્ષો પછી આ પ્રકારની પધ્ધતિ નકકી કરવા માટેની ડિઝાઈન તૈયાર કરવામાં આવેલ છે. તેમાં વિષય નિષ્ણાંતો અને અન્ય નિષ્ણાંત કન્સલટન્ટોની સહાયથી પધ્ધતિ નકકી કરીને અમલમાં મૂકેલ છે અને આવી માહિતીઓ આપવાથી પરીક્ષાની ખાનગી પધ્ધતિને ગંભીર રીતે નુકશાન કરી શકે. તેથી સલામતી અને ખાનગીપણું ધ્યાને લેતાં આવી માહિતી જાહેર કરી શકાય નહી અને અપીલ કાઢી નાંખી.

વધુમાં પ્રથમ અપીલ અધિકારીએ હુકમમાં એમ પણ નોંધ્યુ છે કે, સુપ્રીમ કોર્ટની સીવીલ અપીલનં. ૮૬૦૯ ઓફ ૨૦૦૩ માં સુપ્રીમ કોર્ટે આપેલ આદેશ મુજબ સ્કેલીંગ પધ્ધતિ અપનાવી પરીક્ષા લેવામાં આવે છે. તેમાં કશું ગેરકાયદેસર કે અન્યાયી નથી અને આ પધ્ધતિ ઉત્તરપ્રદેશ પબ્લીક સર્વિસ કમિશનમાં પણ અપનાવવામાં આવેલ.

**<u>બીજી અપીલની વિગત :</u>**

અપીલ અધિકારીના હુકમથી નારાજ થતાં, અરજદારે કેન્દ્રીય માહિતી આયોગમાં બીજી અપીલ કરી આયોગે માહિતી અધિકાર અધિનિયમની (૨૦૦૫) ની જોગવાઈ/કલમોની ચર્ચા કરીને જણાવ્યું કે યુપીએસસીના પ્રશ્નપત્રો તૈયાર કરીને વિષય નિષ્ણાંતોએ તેમને રજુ કર્યા હોય તે ''મૂળ સાહિત્યિક કામ'' એટલે કે કોપીરાઈટ કહી શકાય. તેથી 8(1)(d) હેઠળ તે માહિતી જાહેર કરી શકાય નહી, તેમ છતાં જો જાહેર હિત જળવાતું હોય તો આજ કલમ હેઠળ માહિતી જાહેર કરી શકાય અને આયોગે હુકમ કર્યો કે :-

(૧) આ હુકમની તારીખથી બે અઠવાડીયામાં પ્રીલીમનરી પરીક્ષા ૨૦૦૬ ના માર્કસ જાહેર કરશે.

(૨) અને જનરલ સ્ટડીઝ સહિત અન્ય વૈલ્કિપક વિષયોના નકકી કરેલ કટ ઓફ માર્કસ જાહેર કરશે અને તેમ ન હોય તો વિષયવાર પસંદ થયેલ ઉમેદવારોના માર્કસ જાહેર કરશે.

(૩) અને યુપીએસસીને સદર કેસ તપાસ્યા પછી 8(1)(d) હેઠળ જો સ્કેલીંગ પધ્ધતિ જાહેર કરવાથી જાહેર હિત સમાવિષ્ટ હોય તો તમામને એક માસની અંદર જાહેર કરવાની રહેશે અને આદર્શ જવાબો જાહેર જનતાને સમયે સમયે જોઈ શકે તેવી રીતે જાહેર કરવાનો રહેશે અને કાયદાની કલમ-૮ મુજબની જોગવાઈઓ ધ્યાનમાં લેવાની રહેશે.

- **<u>સીગલ બેંચના ચુકાદાની વિગતો :-</u>**

કેન્દ્રીય માહિતી આયોગના હુકમની સામે આ રીટ કરવામાં આવી.

કેસની સુનાવણી દરમિયાન યુપીએસસીએ તેમના એડવોકેટ મારફતે એવી રજુઆત કરી કે, ઓપ્શનલ વિષયોના કુલ-૨૩ વિષયોના લીસ્ટમાં એક વિષય ઉમેદવારે પસંદ કરવાનો હોય છે. અને તેથી પરીક્ષા આપનાર તમામ ઉમેદવારો પોતે પસંદ કરેલા વિષયમાં પરીક્ષા આપતા હોય છે. તે સંદર્ભે ઉમેદવારોએ મેળવેલ માર્કસને જુદાજુદા વિષયોની સાથે સરખામણી કરવા માટે એક વૈજ્ઞાનિક પધ્ધતિ સ્કેલીંગ ઓફ માર્કસ અમલમાં છે. તેથી જો કટ ઓફ માર્કસ અને આદર્શ જવાબોની સાથે જાહેર કરવામાં આવે તો કેટલાંક સિધ્ધાંતહીન ઉમેદવારોને એની જાણ થઈ જાય કે જે કાળજીપૂર્વક અને સલામત રીતે રાખવામાં આવે છે અને ઉમેદવારોની પસંદગીની બાબતે ઘોર ખોદાઈ જાય અને કટ ઓફ માર્કસ અને સ્કેલીંગ પધ્ધતિ જાહેર થવાને કારણે આવી પરીક્ષાઓ માટે કોચીંગ ચલાવતી સંસ્થાઓ વાસ્તવિક રીતે પુરતું જ્ઞાન આપીને તૈયાર કરવાને બદલે અટકળોને આધીન અપૂરતા જ્ઞાન વાળા તૈયાર કરશે. જો કે આ ફોર્મ્યુલા યુપીએસસીએ કોર્ટને ખાનગી કવરમાં આપેલી છે.

આ બાબતે પ્રતિવિવાદી એટલે કે અરજદારના એડવોકેટે રજુઆત કરી કે યુપીએસસીએ અગાઉ ૨૦૦૨ માં (યુનિયન પબ્લીક સર્વિસ કમિશન વિ. સતીષચંદ્ર દીક્ષીતાના કેસમાં સુપ્રીમ કોર્ટમાં સ્કેલીગ પધ્ધતિ જાહેર કરેલ છે. અને તે એફીડેવીટમાં જણાવ્યા મુજબ યુપીએસસી જે સ્કેલીગ પધ્ધતિ અપનાવે છે તે **''નોર્મલાઈઝડ ઈકવી પર્સનટાઈલ મેથડ''** છે.

- **<u>સીંગલ જજનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

બન્ને પક્ષકારોના નિવેદનો સાંભળી તેમણે જણાવ્યું કે યુપીએસસીની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે આ પધ્ધતિ જાહેર કરવાથી ડમી ઉમેદવારો કેટલાક ચોકકસ વિષયોમાં પસંદ કરીને મેરીટોરીયસ (લાયક) ઉમેદવારોને બીજા વિષયમાં તેમને લાયક ઠરવામાંથી વંચિત કરશે. એ બાબતે સીંગલ જજે એમ પણ કહયું કે સ્કેલીંગ પધ્ધતિમાં નોર્મલ ડિસ્ટ્રીબ્યુશન કર્યુ છે તે ડમી ઉમેદવારોની skewedness થી સચવાઈ જશે.

વધુમાં તેમણે ઉમેર્યુ કે સ્કેલીંગ પધ્ધતિ પ્રમાણે કટ ઓફ માર્કસ જાહેર કરવાથી કોચીંગ સંસ્થાઓ તેનો લાભ લેશે. જે માની શકાય તેમ નથી. કારણ કે આ પધ્ધતિ મુજબ જે તે વર્ષના ઉમેદવારોએ મેળવેલ માર્કસ ઉપર આધારીત છે. દરેક વર્ષની પરીક્ષા એકબીજા વર્ષથી સ્વતંત્ર પરીક્ષા પ્રક્રિયા છે એટલે કે એક વર્ષના આંકડાને બીજા વર્ષના આંકડા સાથે કોઈ અસર ઉભી થતી નથી.

દરેક વર્ષે ઉમેદવારો જુદા હશે. પ્રશ્નપેપર જુદા હશે વૈકલ્પિક વિષયો પસંદ કરવાવાળા ઉમેદવારો પણ જુદા હશે. તેથી કટ ઓફ માર્કસ પરીક્ષા પહેલાં જાહેર કરવા જોઈશે નહી.

અને એમ કહી કેન્દ્રીય માહિતી આયોગના હુકમમાં નીચે મુજબનો થોડો ફેરફાર કરી બાકીનો ભાગ માન્ય રાખ્યો.

૧) જનરલ સ્ટડીઝ અને સ્કેલ્ડ વૈકલ્પિક પ્રશ્નપેપરના કટ ઓફ માર્કસ જાહેર કરવાની જરૂર નથી.
૨) યુપીએસસીએ આદર્શ નમૂનાના જવાબો જાહેર કરવા જોઈએ.

- **<u>ડીવીઝન બેંચના ચુકાદામાં કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

બંને પક્ષકારોના એડવોકેટોને સાંભળ્યા.
યુપીએસસીએ, પ્રીલીમનરી પરીક્ષાની સ્કીમ, સ્કેલીગ પધ્ધતિ અને નમૂનાના જવાબો અંગેના ત્રણ સીલબંધ કવર કોર્ટ સમક્ષ રજુ કર્યા.

કોર્ટ નોધેં છે કે યુપીએસસસીએ રજુ કરેલી વિગતો કોઈ રહસ્યવાળી નથી. અથવા આ માહિતી જાહેર હિતમાં નથી તેવું કંઈ સ્પષ્ટ થતું નથી. બીજું સીંગલ જજના ચુકાદામાં જણાવ્યા પ્રમાણે આ બાબત અન્ય એક સુપ્રીમકોર્ટના કેસમાં રજૂ કરવામાં આવેલ છે તેથી જાહેર માધ્યમમાં ઉપલબ્ધ છે. અને અમે સમજવામાં નિષ્ફળ નીવડયા છીએ કે આ પધ્ધતિ અને માંગેલ વિગતો જાહેર કરવાથી ભવિષ્યમાં આયોજિત પ્રિલીમનરી પરીક્ષાના પરિણામોની સાથે ચેડાં થશે.

જયારે આખા દેશમાંથી દર વર્ષે ચાર લાખ ઉમેદવારો પરીક્ષા આપતા હોય ત્યારે આ માહિતી જાહેર કરવાથી કોચીંગ ઈન્સ્ટીટયુટ ડમી ઉમેદવારો ઉભા કરશે અને ભવિષ્યની પરીક્ષા વિશે ચોકકસ અનુમાન કરીને મોટાપાયે યુપીએસસીની પરીક્ષા કાર્યવાહી ખોરવી નાંખશે તેવી કલ્પના ખરેખર અશકય છે. કદાચ આવું કરવા માટે કોચીંગ સંસ્થાઓએ સમગ્ર દેશમાં મોટા પાયે ઓપરેશન હાથ ધરવું પડે.

વધુમાં કોર્ટ એવું નોંધે છે કે આવી અરજદારે માંગેલ માહિતી જાહેર કરવાથી ત્રિસસ્તીરીય પરીક્ષા પધ્ધતિમાં અવળી અસર પડશે અને લાયક ઉમેદવારો પસંદ નહી થઈ શકે આવી યુપીએસસીની દલીલ સમજવા આ કોર્ટ સક્ષમ નથી. તેથી યુપીએસસીની રજુઆત યોગ્ય રીતે થઈ નથી.

<u>**નિર્ણય :**</u>

- તેથી સિંગલ જજે કરેલ તા.૧૭-૦૪-૨૦૦૭ નો હુકમ અમે માન્ય રાખીએ છીએ.
- અગાઉ આપવામાં આવેલ મનાઈ હુકમ અને આ રીટ આથી રદ કરવામાં આવે છે.

**કેસ નંબર-૭૯**

| |
|---|
| **સરકારી નોકરી કરતી પત્નીનું સર્વીસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાણાંકીય વ્યવહારો...... વગેરે માહિતી પત્નીની અંગત માહિતી હોઈ છુટા છેડા કિસ્સાના સંદર્ભે જરૂરી હોવાનું કારણ જણાવી પતિ પણ જો આ માહિતી માંગે અને પત્ની એટલે કે ત્રાહિત પક્ષકાર ના પાડે તો તે આપી શકાય નહિ.** |

| |
|---|
| **દિલ્હી હાઈકોર્ટનો મા. ન્યાયાધીશ રવિન્દ્ર ભાટનો ચુકાદો**<br>**લાગુ પડતી કલમ : 8(1)(j)**<br>**વિજય પ્રકાશ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ**<br>**Writ Petition No. 803 of 2009**<br>**હુકમની તારીખ ૦૧-૦૭-૨૦૦૯**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૬** |

**(૧) કેસની વિગત :**

કેન્દ્રીય માહિતી આયોગના તા.૧૭-૧૨-૨૦૦૮ ના હુકમને પડકારતી રીટ છે.

પ્રસ્તુત કેસમાં હકીકત એવી છે કે પીટીશનર એટલે કે અરજદાર ઈન્ડીયન એરફોર્સના રાજીનામુ આપી છૂટા થયેલા અધિકારી છે તેમના પત્ની ડીફેન્સ રીસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગનાઈઝેશનમાં હાજર થઈને તા.૩૧-૦૩-૨૦૦૫ થી એરફોર્સ સીલેકશન બોર્ડ વારણમાં તેમને નિમણૂંક આપવામાં આવેલ. સમય જતાં બન્ને વચ્ચે લગ્નસંબંધોમાં પ્રશ્ન ઉપસ્થિત થતાં તેમના પત્નીએ છૂટાછેડા મેળવવા સંબંધિત ન્યાયાલયમાં અરજી કરેલ. અરજદાર એટલે કે પીટીશનરે ASFB માં જાહેર માહિતી અધિકારીને આ કાયદા હેઠળ અરજી કરીને તેણીના સર્વિસ રેકર્ડ એટલે કે તમામ રજાની અરજીઓ, નોમીનેશનની પ્રમાણીત નકલો, નાણાંકીય બાબતો અંગેના કચેરીના દસ્તાવેજો, ઈન્વેસ્ટમેન્ટ કર્યા અંગેનો રેકોર્ડ વિગેરે માહિતીઓ માંગેલ.

જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૨૫-૦૪-૨૦૦૭ ના પ્રત્યુત્તરથી એવું જણાવેલ કે તેમણે માંગેલ માહિતી વ્યકિતની અંગત માહિતી છે અને કલમ-8(1)(j) મુજબની વિગતવાર સમજણ આપીને જણાવેલ કે માંગેલ માહિતીમાં કોઈ જાહેર હિત સમાવિષ્ટ નથી અને તે મુજબ માહિતી આપવાનું નકારેલું. તેના જવાબથી નારાજ થતાં તેમણે પ્રથમ અપીલ અધિકારીને અપીલ કરેલ. આ અપીલ પણ તા.૨૫-૦૧-૨૦૦૮ ના હુકમથી રદ કરીને જાહેર માહિતી અધિકારીનો જવાબ માન્ય રાખવામાં આવેલ. અપીલ અધિકારીના હુકમથી પણ નારાજ થતાં તેમણે કેન્દ્રીય માહિતી આયોગને બીજી અપીલ કરી.

**કેન્દ્રીય માહિતી આયોગના હુકમની વિગત :**

કેન્દ્રીય માહિતી આયોગે પણ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીના હુકમોને માન્ય રાખીને અરજદારની બીજી અપીલ કાઢી નાંખી.

કેન્દ્રીય માહિતી આયોગ નોધે છે કે ''અરજદાર એટલે કે પીટીશનરને તેમણે માંગેલ માહિતી સક્ષમ અદાલતમાં તેમની છૂટાછેડાની ચાલતી અપીલ કેસમાં રજુ કરવા જરૂરી છે. તેવું પીટીશનરે સુનાવણીમાં જણાવેલ હતું. સુનાવણી દરમ્યાન પીટીશનરના પત્ની એટલે કે પ્રતિવિવાદીની રજુઆત પણ સાંભળવામાં આવેલી. તેમાં પ્રતિવિવાદીએ એવી રજુઆત કરેલ કે અરજદારે માંગેલ તમામ માહિતી તેમની અંગત પ્રકારની છે જેથી આપી શકાય નહી. અહીં પ્રતિવિવાદી તેમના પત્ની છે એ બાબતનું મહત્ત્વ નથી.પણ

કાયદાની દ્રષ્ટિએ તે ત્રાહિત વ્યકિત છે અને માંગેલ માહિતીમાં કોઈ જાહેર હિત જણાતું નથી. અને વધુમાં માંગેલ માહિતીમાં કોઈ જાહેર હિત જણાતું નથી. તેથી અગાઉના બંને અધિકારીઓએ તેમના હુકમમાં કલમ-8(1)(j) મુજબ માહિતી આપવાનું નકાર્યું છે તે યોગ્ય છે અને આથી અપીલ રદ કરવામાં આવે છે''.

**<u>હાઈકોર્ટમાં સુનાવણીની વિગત :</u>**

પીટીશનરે પોતાના કેસની રજુઆત પોતે કરી અને તેમણે જણાવ્યું કે, જાહેર સત્તામંડળે જે રીતે જવાબ આપ્યો છે તે ફકત સાંકડો અને તાંત્રિક છે. કાયદાની કલમ-2(j) મુજબ જે રેકર્ડ કચેરીમાં ઉપલબ્ધ છે તે દરેક નાગરિકને માંગવાનો અધિકાર છે. કાયદાની જોગવાઈઓને વિશાળ હિતમાં જોવી જોઈએ, નહીં કે અપવાદો પ્રમાણે તેવું તેમણે ભારપૂર્વક રજુ કર્યું. પીટીશનરે અહીં સુરુપસિંહ હરિયા નાયક વિ. મહારાષ્ટ્ર રાજય-૨૦૦૭ ના મુંબઈ હાઈકોર્ટના ચુકાદાનો આધાર ટાંકી અરજદારે માંગેલ માહિતી કયા કારણે જોઈએ છે તે ધ્યાને લીધા સિવાય જાહેર કરવી જોઈએ એવી દલીલ કરી. અને એજ ચુકાદાની અન્ય વિગતના આધારે રજુઆત કરી કે આ માહિતીનો દુરુપયોગ થશે એવી પરિણામાત્મક અસર જોવી જોઈએ નહી. તેમણે વધુમાં એમ પણ દલીલ કરી કે પ્રસ્તુત કિસ્સામાં જેની માહિતી પોતે માંગેલ છે તે ત્રાહિત વ્યકિતની નહીં પણ અરજદારની એટલે કે પોતાની પત્નીને લગતી છે. તેમછતાં તેઓના સંબંધો ધ્યાને લઈ, 8(1)(j) નો આધાર લીધો છે જે વ્યાજબી નથી. તેમણે એમ પણ દલીલ કરી કે પ્રતિવાદી એટલ કે તેમના પત્ની જાહેર નોકર છે. અને તેથી તેમણે સાચી માહિતી જાહેર કરવી જોઈએ. તેમણે છૂટાછેડાના કેસમાં અન્ય કોર્ટમાં રજુ કરેલ માહિતી ખોટી છે.

**<u>ઈન્ડીઅન એરફોર્સના એડવોકેટે દલીલ કરી કે :</u>**

''પબ્લીક ઈન્ટરેસ્ટ'' અટેલે કે જાહેર હિતની વ્યાખ્યા બ્લેકની કાયદાની ડિક્ષનરી-છઠ્ઠી આવૃત્તિમાં પાના નં.૧૨૨૯ ઉપર આપેલ છે તેનો આધાર લઈ તેમણે જણાવ્યું કે પીટીશનરે માંગેલ માહિતી તેમના લગ્નવિષયક ચાલતી અપીલના સંદર્ભે છે અને માંગવામાં આવેલ તમામ માહિતી ખરેખર કોઈ જાહેર હિતને લગતી નથી. તેથી આપી શકાય નહી. વધુમાં તેમણે તેમનો પક્ષ સ્પષ્ટ રજુ કરવા કાયદાની કલમ-2(f) મુજબની માહિતીની વ્યાખ્યા અને કલમ-8(1)(j) અને ત્રાહિત વ્યકિતને લગતી કાયદાની જોગવાઈઓની શબ્દશઃ રજુઆત કરેલ.

**<u>કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

- જજ નોંધે છે કે અરજદારે રજુ કરેલ મહારાષ્ટ્ર કોર્ટના ચુકાદાના તારણો જોતાં, તેની વિગતો ખરેખર વ્યકિતના મેડીકલ રેકર્ડને લગતા હતા અને તેથી કાયદાની કલમ-8(1)(j) મુજબ નકારવામાં આવેલ. તે કિસ્સામાં કોર્ટે એવું પણ નોંધેલ કે ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલના નિયમે પ્રમાણે પણ કોઈ વ્યકિતનો મેડીકલ રેકર્ડ ખાનગી રેકોર્ડ છે અને તે આપી શકાય નહી.

- કોર્ટ એવું નોધે છે કે જાહેરસત્તામંડળમાં બે વર્ગના રેકર્ડ હોય છે. જેમાં એક વર્ગનો રેકોર્ડ કાયદાની કલમ-૮માં જણાવ્યા મુજબના જાહેર હિતને નુકશાન કરતાં હોય, સલામતીને લગતી બાબત હોય તો માહિતી આપવામાં મુકિત આપવામાં આવેલ છે તેવો અને બીજા વર્ગનો રેકૅર્ડ એવો છે કે જે જાહેર સત્તામંડળમાં ઉપલબ્ધ વ્યકિતના અંગત રેકર્ડને લગતો છે. જે ''રાઈટ ટુ પ્રાયવસી'' ના આધારે ખાનગી ગણી માહિતી આપવાનું નકારવામાં આવે છે.

- માહિતી મેળવવાનો અધિકાર અને રાઈટ ટુ પ્રાયવસીએ બન્ને નિયંત્રણ તબકકે ઉપલબ્ધ થાય છે.

➢ માનવ અધિકારોની ઘોષણાના આર્ટીકલ-૧૯ અને આર્ટીકલ-૧૨ ને સમજાવીને કોર્ટ નોધે છે કે બંને અનુક્રમે માહિતી મેળવવાનો અને રાઈટ ટુ પ્રાયવસી એટલે કે અંગતતાનો હક છે.

➢ એજ રીતે કાયદામાં કલમ-૨૪ (ભષ્ટ્રાચાર અને માનવઅધિકારના ઉલ્લંઘન સિવાય) મુજબ સલામતી સંગઠનોની અનુસચિ-૨ માં માહિતી નકારવાની જોગવાઈઓ થયેલ છે. બંધારણે આપેલ રાઈટ ટુ પ્રાયવસી મૂળભૂત અધિકાર છે તેવું સુપ્રીમ કોર્ટે પણ નોંઘ્યુ છે.

➢ રાઈટ ટુ પ્રાયવસી અંગેના તારણો જુદાજુદા કોર્ટ કેસના અત્રે નોંધાય છે જેમાં
   - Olmstead V. United States, 2717 us 438 (1928), (….right to be let alone…..)
   - ખારકસિંઘ વિ. સ્ટેટ ઓફ યુ.પી. (૧૯૬૪),
   - ગોવિંદ વિ. સ્ટેટ ઓફ એમ.પી. (૧૯૭૫)
   - રાજગોપાલ વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ (૧૯૯૪)
   - ડિસ્ટ્રીકટ રજીસ્ટ્રાર એન્ડ કલેકટર વિ. કેનેરા બેંક (૨૦૦૫) વિગેરે ચુકાદાઓનો સમાવેશ થાય છે.

સુપ્રીમ કોર્ટનો એક ચુકાદો (ઓ.કે. ઘોષ વિ. એકસ જોસેફ AIR 1963 SC 812) નું એક ખૂબ અગત્યનું તારણ તેમણે અહીં જણાવ્યું છે કે, **<u>''…… વ્યકિત જાહેર સેવક હોવાને કારણે તેમના મૂળભૂત અધિકારોની નાબૂદી થતી નથી…….''</u>**

તેથી જો જાહેર હિત સમાવિષ્ટ ન હોય તો કલમ-8(1)(j) લાગુ પડી શકે. એટલે કે વ્યકિતના અંગત હકો જાળવીને માહિતી આપવા માટેની પારદર્શિતા અસરકારક રીતે થવી જોઈએ.

તેથી જાહેર સેવકની અંગત વિગતો જે તેની ઓળખ બતાવે છે એટલે કે એની જન્મ તારીખ….. આઈડેન્ટીફીકેશન નંબર,બીજી અંગત વિગતો જે જાહેર સંસ્થાને આપી હોય, વિગેરે આ બધી બાબતો જાહેર કરતા પહેલાં ત્રણ બાબતોને અભ્યાસ કરવો જોઈએ.

(૧) કચેરીના પોતાના હોદ્દા સાથે સંબંધિત ન હોય તેવી અંગત બાબત છે કે કેમ ?

(૨) માંગેલી અંગત માહિતી કોઈ ફરજ અને કાર્યો બજાવવાના ભાગરૂપેની જ્ઞાન પૂરું પાડવા બાબતની છે ?

(૩) વહીવટમાં પારદર્શિતાને જવાબદારીપણું નકકી કરવા બાબતની અંગત માહિતી છે ?

**<u>કોર્ટનો નિર્ણય :</u>**

પીટીશનરે માંગેલ માહિતી જાહેર સેવકની લગતી છે અને જાહેર સેવક તેની પત્ની છે અને પ્રતિવિવાદીના છૂટાછેડા અંગેના કેસની વિગતો માટે જોઈએ છે. તેવી વિગતો જોતા કેન્દ્રીય માહિતી આયોગનો હુકમ અને એરફોર્સ પાસે પડેલી માહિતીમાં કોઈ જાહેર હિત ન હોઈ અને પીટીશનરે આ બાબતમાં જાહેર હિત હોવાનું સાબિત કરી શકયા નથી તે જોતાં, સદર રીટ ફકત ખાનગી બાબતને લગતી સાદી રીટ છે. ઉપરની વિગતે સદર રીટ નિષ્ફળ છે અને રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૮૦

**અરજદારે માંગેલ માહિતી વિશાળ (Voluminous) હોય અને માહિતી ન આપવામાં જાહેર માહિતી અધિકારીની કોઈ બદદાનત (malafide) ન હોય અને માંગેલ માહિતી સમયમર્યાદામાં આપવાનું શકય ન હોય તે કિસ્સામાં કરવામાં આવેલ દંડ, ''કાયદો અશકય કાર્ય કરવાનું કહેતા નથી'' એ સિધ્ધાંત મુજબ, નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે રદ કર્યો.**

**બોમ્બે હાઈકોર્ટની નાગપુર ડીવીઝન બેન્ચના ન્યાયાધીશ શ્રીમતી વાસંતી એ. નાયક અને ન્યાયાધીશશ્રી એ. બી. ચૌધરી નો ચુકાદો**

**લાગુ પડતી કલમ : 2(f), 7(1), 20(1)**

**Civil Writ Petition No. 276 of 2012**

**હુકમની તારીખ ૩૦-૦૭-૨૦૧૨**

**રાજય માહિતી આયોગ, અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ**

**તુષાર ધનંજય માંડલેકર**

**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૧**

- વિવાદી નં.૧ : રાજય માહિતી આયોગ, નાગપુર બેંચ, નાગપુર
- વિવાદી નં.૨ : અપીલ અધિકારી
- વિવાદી નં.૩ : જાહેર માહિતી અધિકારી
- પ્રતિવિવાદી : તુષાર ધનંજય માંડલેકર (અરજદાર)

(૧) **કેસની વિગત :**

પ્રતિવિવાદીએ (અરજદારે) માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ તા.૨૪-૦૭-૨૦૦૯ ની અરજીથી જાહેર માહિતી અધિકારી (વિવાદી નં.૩) પાસેથી તા.૦૧-૦૧-૨૦૦૧ થી તા.૨૪-૦૭-૨૦૦૯ ના સમયગાળાની ૧૧ મુદ્દાની માહિતી માંગેલ હતી, જેનો ટૂંકસાર નીચે મુજબ છે :

(૧) પરિવહન સચિવે પરિવહન કમિશનરને ઈમ્પોર્ટેડ વાહનો સંદર્ભે વાહન વેરો ન ભરનાર નાગરિકો સંદર્ભે પત્ર લખેલ તે અને પત્રવ્યવહારોને લગતા તમામ સાધનિક કાગળોની નકલો.

(૨) આ સબંધે મંત્રીશ્રીઓ, એન.જી.ઓ., એમ.એલ.એ., એમ.એલ.સી., વ્યકિતઓ દ્વારા આપની કચેરીને કરવામાં આવેલ ફરિયાદો/સૂચનાઓની નકલો.

(૩) પરિવહન કમિશનરે ઉપરોકત વિગતે મોકલેલ પ્રાથમિક અહેવાલની નકલ.

(૪) ડી.આર.આઈ. અધિકારીઓએ આપની કચેરીને લખેલ તમામ પત્રો/પત્રવ્યવહારની નકલો.

(૫) મોટર વ્હીકલ ઈન્સ્પેકટરો/અધિકારીઓને ઈસ્યુ કરવામાં આવેલ કારણદર્શક નોટીસની નકલો.

(૬) મુદ્દા નં.૫ અન્વયે મળેલ જવાબની નકલો.

(૭) આપની કચેરી દ્વારા સી.બી.આઈ. ને ઈન્કવાયરી સોંપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે તે વાત સાચી છે? જો હા, તો આ અંગેના તમામ પત્રો, ફાઈલો, રેકર્ડ વિગરેની નકલો.

(૮) ઈમ્પોર્ટેડ વાહનોના ગેરકાયદેસર રજીસ્ટ્રેશનને કારણે કસ્ટમસ, ઓકટ્રોય, એકસાઈઝ ડયુટી, રોડ ટેક્ષ વિગેરે બાબતે સરકારને અંદાજીત કેટલું નાણાંકીય નુકશાન સહન કરવું પડયુ ?

(૯) વાહનોના રજીસ્ટ્રેશન અંગેના નિયમો અને પ્રક્રિયાની નકલો તેમજ તેની સાથે બિડાણમાં રાખવાના સાધનિક કાગળોની યાદીની નકલો.

(૧૦) આ બાબતે આપના વિભાગે પોલીસમાં નોંધાવેલ ફરિયાદોની નકલો

(૧૧) વેચાણ વેરા ભંગ કરનાર વાહનોની યાદી અને વાહન નંબરો

અરજદારની તા.૨૪-૦૭-૨૦૦૯ ની અરજી અન્વયેની માહિતી તેમને મોડામાં મોડી તા. ૨૩-૦૮-૨૦૦૯ સુધીમાં આપવાની થતી હતી. અરજદારે માંગેલ માહિતી આશરે ૩૪૧૯ પાનાની થતી હતી, સબબ, જાહેર માહિતી અધિકારીએ તેમના તા.૨૦-૦૮-૨૦૦૯ ના પત્રથી અરજદારને, તેમણે માંગેલ માહિતી પેટે રૂા.૩૩૧૦/- ચૂકવવા માટેનો પત્ર તા.૨૪-૦૮-૨૦૦૯ ના રોજ ટપાલમાં રવાના કરેલ હતો. અરજદારને ૩૦ દિવસમાં માહિતી ન મળતાં તેમણે અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ હતી. જે અન્વયે અપીલ અધિકારીએ, અરજદારે માંગેલ માહિતી તેમને વિનામૂલ્યે આપવાનો હુકમ કરેલ હતો. અપીલ અધિકારના હુકમ બાદ પણ અરજદારને માહિતી ન મળતાં તેમણે આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ. પરંતુ આયોગે અરજદારની અપીલ રદ કરી.

**સબબ, અરજદારે નામદાર હાઈકોર્ટમાં રીટ પીટીશન નં.૩૮૧૦/૨૦૧૦ દાખલ કરીને બે બાબતે અદાલતની દાદ માંગેલ :-**

૧) રાજય માહિતી આયોગનો હુકમ રદ કરી, માંગેલ માહિતી આપવામાં આવે.

૨) જાહેર માહિતી અધિકારીને રૂા.૨૫,૦૦૦/- નો દંડ કરવામાં આવે.

## (૨) <u>નામદાર હાઈકોર્ટના સિંગલ જજનો નિર્ણય :</u>

નામદાર હાઈર્કોના સીંગલ જજ દ્વારા અરજદારની રીટ પીટીશન અંશતઃ ગ્રાહય રાખવામાં આવી, જેમાં અરજદારે માંગેલ માહિતી તેમને દિન-૧૦ માં વિનામૂલ્યે પૂરી પાડવા માટે જાહેર માહિતિ અધિકારીને હુકમ કરવામાં આવ્યો તેમજ રૂા.૨૦૦૦/- નો દંડ કરવાનો પણ હુકમ કરવામાં આવ્યો.

નામદાર હાઈકોર્ટના સીગલ જજના ઉપરોકત હુકમ અન્વયે જાહેર માહિતી અધિકારીએ અરજદારને વિના મૂલ્યે માહિતી પૂરી પાડેલ હતી. પરંતુ રૂા.૨૦૦૦/- ના દંડની સામે દાદ માંગવા સારૂ વિવાદીઓએ (એટલે કે આયોગ, અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ) નામદાર હાઈકોર્ટને કોર્ટની ડીવીઝન બેંચ સમક્ષ પ્રસ્તુત એલ.પી.એ. દાખલ કરેલ છે.

(૩) **<u>નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહિ</u>** :

વિવાદીઓના વકીલે જણાવ્યું કે, ''અરજદારે માંગેલ માહિતી ૩૪૧૯ પાનાની હતી, જે ૩૦ દિવસમાં પૂરી પાડવી માનવીય રીતે અશકય હતું (humanly impossible). વિવાદીઓએ બદદાનતથી વિલંબ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ ૩૦ દિવસમાં માહિતી આપવી જરૂરી છે પરંતુ કાયદો કોઈપણ વ્યકિતને એવું કરવાની ફરજ ન પાડી શકે કે જે અશકય હોય. અરજદારને ૩૦ દિવસમાં ૩૪૧૯ પાનાની માહિતી એકત્રિત કરી અરજદારોને પૂરી પાવાનું અશકય હતું અને એટલા માટે જ નામદાર સીગલ જજે જાહેર માહિતી અધિકારીને રૂા.૨૦૦૦/- નો દંડ કરવો જોઈતો નહોતો''.

પ્રતિવિવાદી તરફથી અરજદારે સ્વયં નામદાર હાઈકોર્ટમાં ઉપસ્થિત રહી જણાવ્યું કે, ''માહિતી અધિકાર કાયદાની કલમ-૭ મુજબ જાહેર માહિતી અધિકારીએ ૩૦ દિવસમાં માહિતી પૂરી પાડવાની હોય છે. અન્યથા કલમ-૨૦ મુજબ તે દંડને પાત્ર ઠરે. જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપવાને કારણે જ નામદાર સીગલ જજે તેમને રૂા.૨૦૦૦/- નો દંડ કર્યો છે જે બાબત ખાસ ઘ્યાને લેવા વિનંતી છે''.

પક્ષકારોને સાંભળ્યા બાદ, ડીવીઝન બેન્ચને જણાય છે કે, ''અરજદારે પ્રામાણિક હેતુ (Bonafide intention) થી અરજી કરેલ હોવાનું જણાતું નથી તેમજ માહિતી માંગવામાં, માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓનો દુરૂપયોગ (misuse) કર્યાનું જણાય છે. અરજદારે માંગેલ તા.૦૧-૦૧-૨૦૦૧ થી તા.૨૪-૦૭-૨૦૦૯ સુધીના સમયગાળા માટેની ૧૧ મુદ્દાઓની માહિતી જોતાં એવું જણાઈ આવે છે કે અરજદારે કોઈ ચોકકસ બાબતે માહિતી માંગવાને બદલે વિશાળ જથ્થામાં (Scores of matters) સામાન્ય માહિતી માંગી છે.

અરજદારની અરજી અસ્પષ્ટ (vague) છે અને તેમાં એ સ્પષ્ટ થતું નથી કે અરજદારને ખરેખર કઈ માહિતી જોઈએ છે. જાહેર માહિતી અધિકારી માટે ૩૦ દિવસમાં આટલી વિશાળ, ૩૪૧૯ પાનાની માહિતી આપવી. શબ્દશઃ (literally) અશકય હતું.

નામદાર ડીવીઝન બેચે અરજદારને સુનાવણી દરમ્યાન પૂછયુ કે, ''નામદાર સીંગલ જજના હુકમ બાદ તમને જે માહિતી મળી તે માહિતીનું તમે શું કર્યુ ?'' તો અરજદારે નામદાર ડીવીઝન બેન્ચને જવાબ આપ્યો કે ''માહિતી મોડી મળેલ હોવાથી કાંઈ કરવામાં આવ્યું નથી.''

ખરેખર આશ્ચર્યની વાત છે કે સત્તાતંત્રો પાસેથી હજારો પાનાઓમાં માહિતી માંગ્યા બાદ એકપણ કાગળનો કોઈજ ઉપયોગ કરવામાં આવ્યો નથી. આ ડીવીઝન બેન્ચે એવો સ્પષ્ટ મત ધરાવે છે કે અરજી બદદાનતથી (malafide intention) અને કાયદાની કાર્યવાહીના દુરૂપયોગ કરવાના હેતુસર કરવામાં આવેલ છે.

સબબ, જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ રૂા.૨૦૦૦/- નો દંડ ડીવીઝન બેન્ચને વ્યાજબી જણાતો નથી. આ કેસની હકીકતોને ***lex non cogit ad impossibilia*** નો સિઘ્ધાંત સ્પષ્ટ રીતે લાગુ પડે છે. ***(lex non cogit ad impossibilia*** = કાયદો અશકય કાર્ય કરવાનું કહેતો નથી.) કાયદો કોઈ વ્યકિતને એવું કરવાની ફરજ પાડતો નથી કે જે અશકય હોય.

આ કેસની હકીકતો જોતાં, ડીવીઝન બેન્ચને જણાય છે કે અરજદારે માંગેલી હજારો પાનાની માહિતી તેમને ૩૦ દિવસમાં આપવાનું જાહેર માહિતી અધિકારી માટે શકય નહોતું કારણ કે અરજદારે માહિતી

માટેની અરજી કરી ત્યારે આટલા બધા પાના તત્કાળ ઉપલબ્ધ નહોતા. જાહેર માહિતી અધિકારીએ આટલા પાના શોધીને, એકત્રત કરીને અરજદારને માહિતી આપવાની થતી હતી.

પ્રસ્તુત ચુકાદામાં જણાવવામાં આવેલ અને માંગવામાં આવેલ માહિતી એટલી બધી થોકબંધ (voluminous) હતી કે તે કેટલાક દિવસોમાં શોધી શકાય તેમ નહોતી. અડધો ડઝન અધિકારીઓ ૧૫ દિવસ સુધી ખૂબ પ્રયત્નો કરે તો પણ માંગેલ માહિતી સમયમર્યાદામાં આપવી શક્ય નહોતી. આથી, જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ રૂા.૨૦૦૦/- નો દંડ યોગ્ય નથી. રીટ પીટીશન અન્વયે નામદાર સીંગલ જજના આદેશ મુજબ, અરજદારોને માહિતી વિનામૂલ્યે ક્યારનીયે (already) આપી દેવામાં આવેલ હોઈ, હવે તેમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ નથી. આ ડીવીઝન બેન્ચ, જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલા રૂા.૨૦૦૦/- ના દંડનો હુકમ આથી રદ બાતલ કરે છે, અને વિવાદીઓની અરજી ગ્રાહ્ય રાખવામાં આવે છે.

## કેસ નંબર-૮૧

**માહિતી આયોગની મુનસફી (Descretion) મુજબ, ફરિયાદી, જાહેર માહિતી અધિકારી સામેની દંડનીય કાર્યવાહી (Penalty Proceeding) માં હાજર રહી શકે પરંતુ અધિકારની રૂએ તે હાજર રહેવા દાવો ન કરી શકે.**

**દિલ્હી હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના એકટીંગ ચીફ જસ્ટીસશ્રી અને ન્યાયાધીશ રાજીવ સહાય એન્ડલો નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 18, 19, 20**
**Writ Petition No. 764 of 2011**
**હુકમની તારીખ ૦૯-૦૧-૨૦૧૨**
**અંકુર મુતરેજા વિરુધ્ધ દિલ્હી યુનિવર્સિટી**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૯**

| | |
|---|---|
| **વિવાદી** | : અંકુર મુતરેજા |
| ● પ્રતિવિવાદી | : દિલ્હી યુનિવર્સિટી |

### (૧) કેસની વિગત :

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ વિવાદીએ પ્રતિવિવાદી સત્તાતંત્રના જાહેર માહિતી અધિકારી પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી. મળેલ જવાબ/માહિતીથી સંતોષ ન થતાં, વિવાદીએ અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરેલ, અને ત્યારબાદ કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ. કેન્દ્રીય માહિતી આયોગે તા.૧૫-૦૧-૨૦૧૧ થી જાહેર માહિતી અધિકારીને હુકમ કરેલ કે વિવાદીએ માંગેલ માહિતી તેમને આપવી. સાથે સાથે, જાહેર માહિતી અધિકારીને કારણદર્શક નોટીસ પણ આપવામાં આવેલ કે, ''વિવાદીને બદનાતપૂર્વક ખોટી માહિતી આપવા બદલ તમને દંડ શા માટે ન કરવો?'' અને આમ, વિવાદીની અપીલનો નિકાલ કરવામાં આવેલ.

કેન્દ્રીય માહિતી આયોગની સૂચનાનુસાર, વિવાદીને માહિતી પૂરી પાડવામાં આવેલ હતી અને વિવાદીને મળેલ માહિતી પ્રત્યે કોઈ ફરિયાદ પણ નહોતી. તેમ છતાં વિવાદીએ નામદાર દિલ્હી હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી દાદ માંગેલ કે, ''કેન્દ્રીય માહિતી આયોગ તેમના તા.૧૫-૦૧-૨૦૧૧ ના હુકમથી અપીલનો નિકાલ કરી શકે નહિ. કારણ કે મારી અપીલના કિસ્સામાં જ જાહેર માહિતી અધિકારીને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. અપીલનો નિકાલ કરી દેવાને કારણે મને અપીલ સુનાવણીમાં (કાર્યવાહીમાં) હાજર રહેવાની તક ન મળવાને કારણે આયોગ દ્વારા હાથ ધરવામાં આવેલ દંડની કાર્યવાહી (penalty proceeding) માં મને સાંભળવાની તક આપવામાં આવેલ નથી. તેથી આયોગનો અપીલના નિકાલ અંગેનો તા.૧૫-૦૧-૨૦૧૧ નો હુકમ રદ કરવો જોઈએ અને આયોગને સૂચના આપવામાં આવે કે મને મારો જવાબ ફાઈલ કરવા માટે રીજોઈન્ડર ફાઈલ કરવાની તક આપવામાં આવે અને દંડની રકમ મને ચૂકવવામાં આવે''.

### (૨) <u>નામદાર દિલ્હી હાઈકોર્ટના ન્યાયધીશ (single judge) નો હુકમ :</u>

નામદાર ન્યાયાધીશે (single judge) વિવાદીની રીટ પીટીશન કાઢી નાંખતા જણાવેલ કે ''માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૦(૧) હેઠળ દંડ કરવાની કાર્યવાહીએ આયોગની મુનસફી

ઉપર આધરીત છે, અને આખરે જો દંડ કરવામાં આવે તો પણ દંડની રકમ વિવાદીને (અરજદારને) ચૂકવવાની કોઈ જોગવાઈ કાયદામાં નથી.

આમ, વિવાદીની રીટ પીટીશન કાઢી નાંખવામાં આવતાં, વિવાદીએ નામદાર દિલ્હી હાઈકોર્ટની ડીવીઝન બેંચ (ખંડપીઠ) સમક્ષ પ્રસ્તુત **L.P.A**. દાખલ કરી, દંડની કાર્યવાહીમાં પોતાને હાજર રાખવા દેવા માટે તેમજ દંડની રકમ પોતાને ચૂકવવામાં આવે તે સારૂ દાદ માંગેલ છે.

## (૩) <u>નામદાર દિલ્હી હાઈકોર્ટની ડીવીઝન (ખંડપીઠ)ના તારણો અને હુકમ :</u>

વિવાદીની દલીલ છે કે, ''કાયદાની કલમ-19(8)(c) અને કલમ-૨૦(૧) ને સાથે વાંચતા એ હકીકત તદ્દન સ્પષ્ટ થાય છે કે જેની વિનંતીથી દંડની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે તે ફરિયાદીની પણ દંડની કાર્યવાહીમાં ભૂમિકા હોઈ, તે ફરિયાદની ગેરહાજરીમા દંડની કાર્યવાહી ચલાવી શકાય નહી''.

નામદાર હાઈકોર્ટે વિવાદી પાસેથી જાણવા માંગ્યુ કે, ''જાહેર માહિતી અધિકારીને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ તેનું શું થયું?'' વિવાદીએ જણાવ્યું કે ''મને કાર્યવાાહીમાં ભાગ લેવાની તક મળી ન હોવાથી મને ખબર નથી.'' પ્રતિવિવાદીના વકીલે જણાવ્યું કે, ''કારણદર્શક નોટીસ અંગે જાહેર માહિતી અધિકારીનો જવાબ કેન્દ્રીય માહિતી આયોગને સંતોષકારક લાગતાં, આયોગે કારણદર્શક નોટીસ પડતી મૂકેલ છે''.

કાયદાની કલમ-૨૦(૧) માં ''અપીલ અંગેનો નિર્ણય કરતી વખતે'' આયોગે ''અભિપ્રાય'' બાંધવાનો છે. અભિપ્રાય બાંધ્યા પછી અને દંડ કરતાં પહેલાં આયોગે જાહેર માહિતી અધિકારીને કારણદર્શક નોટીસ અન્વયે સાંભળવાના હોય છે. દંડનો નિર્ણય અપીલ બાદ કરવાનો હોય છે. કલમ-19(8)(c) અંગેનું વિવાદીનો ખ્યાલ ખોટો છે. અપીલનો નિકાલ કરવાની કાર્યવાહી અને દંડ કરવાની કાર્યવાહી એકસાથે જ કરવી જોઈએ તેવું અર્થઘટન થઈ શકે નહી.

દંડની કાર્યવાહી માં જાહેર માહિતી અધિકારીએ આયોગની સૂચનાનું યોગ્ય પાલન કર્યુ કે છે કેમ? તે બાબત સાથે આયોગને સંબંધ છે. દંડની કાર્યવાહીમાં આયોગે ફરિયાદી કે વિવાદીને સાંભળવા તેવી કોઈ જોગવાઈ કાયદામાં કરવામાં આવેલ નથી. ફરિયાદી કે વિવાદી દંડની કાર્યવાહીમાં હાજર ન રહી શકે તેવું નથી પરંતુ ફરિયાદી દંડની કાર્યવાહીમાં હાજર રહેવા માટે પોતાને અધિકાર હોવાનો દાવો કરી શકે નહી કારણ કે દંડની કાર્યવાહીએ આયોગ અને જાહેર માહિતી અધિકાર વચ્ચેની બાબત છે.

વધુમાં, માહિતી અધિકાર અધિનિયમમાં દંડની રકમ કે તેના કોઈ ભાગની ચૂકવણી ફરિયાદીને કરવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. વિવાદીને વળતર (compesation) ચૂકવવાની જોગવાઈ કાયદામાં કરવામાં આવેલ છે. પરંતુ વળતરની રકમની ચૂકવણી દંડની રકમમાંથી ચૂકવવાની કોઈ જોગવાઈ કાયદામાં કરવામાં આવી નથી.

દંડની કાર્યવાહી (penalty proceeding) એ અદાલતની અવમાનનાની કાર્યવાહી (contempt proceeding) સમાન જ છે, કે જેમાં પણ જોગવાઈ કરવામાં આવેલ છે કે ખબરી (informer) દ્વારા નામદાર ન્યાયાલયના ધ્યાન ઉપર કોઈ બાબત મૂકવામાં આવે ત્યારબાદ અવમાનનાની કાર્યવાહી એ ન્યાયાલય અને અવમાનના કરનાર વચ્ચેની કાર્યવાહી બની રહે છે.

અદાલતના અવમાનની કાર્યવાહીમાં ખબરી ફરિયાદ કે વિવાદી બનતો નથી. ન્યાયાલય સમક્ષ હકીકતો રજૂ કર્યા બાદ તેની ફરજ પૂરી થાય છે, જો કે યોગ્ય કેસમાં ન્યાયાલય ખબરીની મદદ લઈ શકે. આજ સિધ્ધાંત સીવીલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ ના Rule-2(a) હેઠળ દંડની કાર્યવાહીમાં પણ લાગુ પડે છે.

માહિતી અધિકાર અધિનિયમની કલમ-૧૮ માં ફરિયાદીની ફરિયાદ સ્વીકારવાની અને તે અન્વયે જાહેર માહિતી અધિકારી સામે તપાસ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ કાયદાની કલમ-૨૦ હેઠળની દંડનીય કાર્યવાહીમાં વિવાદીને ભાગ લેવા દેવાની જોગવાઈ કરવામાં આવેલ નથી.

સબબ, કેન્દ્રીય માહિતી આયોગ દ્વારા અપનાવવામાં આવેલ કાર્યવાહીમાં આ ડીવીઝન બેન્ચને કોઈ ક્ષતિ જણાતી નથી. અત્રે એ નોંધવામાં આવેલ છે કે વિવાદીએ પ્રસ્તુત કેસની બાબત કેન્દ્રીય માહિતી આયોગને ન કરતાં, સીધી ન્યાયાલયમાં જ પીટીશન દાખલ કરી છે.

વિવાદીની અપીલમાં આ ડીવીઝન બેન્ચને કોઈ તથ્યો જણાતા ન હોવાથી અપીલ રદ કરવામાં આવે છે.

**કેસ નંબર-૮૨**

**નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે, આયોગે કરેલી દંડની રકમમાં ઘટાડો કર્યો**

**નામદાર કેરાલા હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના ન્યાયાધીશ શ્રી સી. એન. રામચદ્રન નાયર અને ન્યાયાધીશ શ્રી પી. એસ. ગોપીનાથન નો ચુકાદો**

**લાગુ પડતી કલમ : 20(1)**

**Writ Petition No. 1553 of 2008**

**હુકમની તારીખ ૧૧-૦૬-૨૦૧૨**

**જાનીલકુમાર તહેસીલદાર વિરુધ્ધ રાજ્ય માહિતી આયોગ અને અન્યો**

**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

**વિવાદી** : જાનીલકુમાર તહેસીલદાર (મદદનીશ જાહેર માહિતી અધિકારી)

- પ્રતિવિવાદી નં.૧ : રાજ્ય માહિતી આયોગ
- પ્રતિવિવાદી નં.૨ : અરજદાર
- પ્રતિવિવાદી નં.૩ : જાહેર માહિતી અધિકારી

## (૧) કેસની વિગત :

અરજદાર (પ્રતિવિવાદી નં.૨) એ માહિતી અધિકાર અધિનયમ-૨૦૦૫ હેઠળની અરજી અન્વયે મદદનીશ જાહેરમાહિતી અધિકારી (વિવાદી) પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી. પરંતુ અરજદારના જણાવ્યા અનુસાર, સદરહુ અરજી કેટલીક હાસ્યાપદ રિમાર્કસ સાથે પરત કરવામાં આવેલ હતી. પરિણામે, અરજદારને માહિતી મળેલ નહિ.

સબબ, અરજદારે રાજ્ય માહિતી આયોગ (પ્રતિવિવાદી નં.૧) સમક્ષ ફરિયાદ દાખલ કરેલ. કારણદર્શક નોટીસનો જવાબ મળ્યા બાદ અને યોગ્ય તપાસ કર્યા બાદ આયોગનું એવું તારણ હતું કે કોઈપણ પ્રકારના યોગ્ય કારણોવગર વિવાદીએ અરજદારને માહિતી આપેલ નહોતી. જો કે અરજદારને ત્યારબાદ માહિતી તો આપવામાં આવી પરંતુ તેમાં ૭ માસનો વિલંબ થયેલ હતો. સબબ, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૦(૧) મુજબ, આખરે આયોગ દ્વારા વિવાદીને રૂા.૧૦,૦૦૦/- નો દંડ કરવામાં આવેલ હતો.

## (૨) <u>નામદાર કેરાલા હાઈકોર્ટના ન્યાયાધીશ (Single Judge) નો ચુકાદો</u> :

આયોગના નિર્ણયથી નારાજ વિવાદીએ નામદાર કેરાલા હાઈકોર્ટમાં રીટ પીટીશન (સી) નં. ૧૦૮૧૭/૨૦૦૮ દાખલ કરેલ, જેનો ચુકાદો તા.૦૮-૦૪-૨૦૦૮ થી આવેલ જેમાં નામદાર હાઈકોર્ટે આયોગના ચુકાદાને માન્ય રાખી, રૂા.૧૦,૦૦૦/- નો દંડ યથાવત રાખી, આયોગના ચુકાદામાં કોઈ હસ્તક્ષેપ ન કરવાનો નિર્ણય કરેલ.

ઉપરોકત રીટ પીટીશનથી નારાજ વિવાદીએ નામદાર કેરાલા હાઈકોર્ટની ડીવીઝન બેન્ચ સમક્ષ આ અરજી દાખલ કરેલ છે.

## (૩) નામદાર કેરાલા હાઈકોર્ટની ડીવીઝન બેંચના તારણો અને હુકમ :

પક્ષકારોને સાંભળ્યા બાદ અને પડકારવામાં આવેલ જજમેન્ટના રેકર્ડની ચકાસણી કર્યા બાદ આ ડીવીઝન બેંચને જણાય છે કે વિવાદી દ્વારા યોગ્ય કારણો વગર અરજદારને સમયમર્યાદામાં માહિતી આપવામાં આવેલ નથી અને વિવાદી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં ૭ માસનો વિલંબ થયેલ છે.

આયોગ અને નામદાર સીંગલ જજ, અરજદારને માહિતી ન આપવાના સંજોગોને ધ્યાને લઈને તેઓ યોગ્ય તારણ ઉપર જ પહોચ્યા છે કે અરજદારને માહિતી આપવામાં વિવાદી દ્વારા જાણી જોઈને કસૂર કરવામાં આવેલ છે. આ તારણો હકીકત આધારીત છે. સબબ, નામદાર સીંગલ જજે જે હુકમ ઈસ્યુ કર્યા છે તેમાં કોઈ ક્ષતિ સુધારણા કરવાની રહેતી નથી.

માહિતી પૂરી પાડવામાં નિષ્ફળતા બદલ સીંગલ જજે વિવાદીને દંડ કરવા અંગેના આયોગના નિર્ણયમાં હસ્તક્ષેપ નહિ કરીને યોગ્ય જ કર્યુ છે તેમ છતાં, વિવાદી ઉચ્ચ પગાર મેળવતા અધિકારી નથી તે બાબત ધ્યાને લેતાં, તેમજ તેમની કક્ષાએથી આવી ક્ષતિ પ્રથમવાર જ થયેલ હોઈ, આ ડીવીઝન બેન્ચ, ન્યાયના હિતમાં વિવાદીનો દંડ ઘટાડીનો રૂા.૫૦૦૦/- કરવાનું ઉચિત માને છે. સબબ, દંડ કરવાનો હુકમ યથાવત રાખીને પરંતુ દંડની રકમ ઘટાડી રૂા.૫૦૦૦/- ની કરી આ અપીલ રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૮૩

**કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ અસરગ્રસ્ત પક્ષને સાંભળ્યા વગર તેમને સંબંધિત નિર્ણય લઈ શકાય નહી.**

**દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી જે. રવિન્દ્ર ભાટ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 8(1) (h), 22**
**Writ Petition No. 6094 of 2007**
**હુકમની તારીખ ૦૮-૦૪-૨૦૦૭**
**જે. પી. મોર્ગન ઈન્ડીયા પ્રા.લી. વિરુધ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને અન્યો**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

**વિવાદી** : જે. પી. મોર્ગન ઈન્ડીયા પ્રા.લી (ત્રાહિત પક્ષકાર)

- પ્રતિવિવાદી નં.૧ : કેન્દ્રીય માહિતી આયોગ
- પ્રતિવિવાદી નં.૨ : અપીલ અધિકારી
- પ્રતિવિવાદી નં.૩ : જાહેર માહિતી અધિકારી
- પ્રતિવિવાદી નં.૪ : જાહેર માહિતી અધિકારી
- પ્રતિવિવાદી નં.૫ : મિલાપ ચોરારીયા (અરજદાર)

### (૧) કેસની વિગત :

અરજદારે માહિતી અધિનિયમ, ૨૦૦૫ હેઠળ નાગરિક ઉડયન મંત્રાલયના જાહેર માહિતી અધિકારી પાસેથી જે. પી. મોર્ગન ઈન્ડીયા પ્રા.લી. સંબંધિત માહિતી (રિપોર્ટ) માંગેલ હતી, જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ કે માંગવામાં આવેલ માહિતી (રિપોર્ટ) અંગે હાલમાં સી.બી.આઈ. ની તપાસ ચાલી રહી હોવાથી, અરજદારે માંગેલ માહિતી આપવાથી કાયદાની કલમ-૮(૧)(એચ) મુજબ તપાસની પ્રક્રિયામાં અસર પડે તેમ હોઈ માહિતી ન આપવાનો નિર્ણય કરવામાં આવેલ અને તદ્નુસાર જાહેર માહિતી અધિકારીએ અરજદારને જાણ કરેલ હતી.

ત્યારબાદ, અરજદારે અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. અપીલ અધિકારીએ જાહેર માહિતી અધિકારીના નિર્ણયને સમર્થન આપી અરજદારની અરજી નામંજૂર કરેલ હતી.

### (૨) <u>બીજી અપીલની વિગત</u> :

આખરે, અરજદારે કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ હતી. કેન્દ્રીય માહિતી આયોગે પણ નોંધ્યુ હતું કે અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતી (રિપોર્ટ) અંગે હાલમાં સી.બી.આઈ. માં તપાસ ચાલી રહી છે. તેમ છતાં, આયોગે તા.૦૧-૦૭-૨૦૦૬ અને તા.૦૧-૦૯-૨૦૦૬ ના રોજ સી.બી.આઈ. ના અધિકારીઓને સુનાવણીમાં બોલાવી તપાસ કયારે પૂર્ણ થશે તેની પૃચ્છા કરતાં, સી.બી.આઈ. તરફથી જાણવા મળેલ કે તપાસ પૂર્ણ થતાં હજુ છ માસનો સમય લાગશે.

૭ માસનો સમય પૂર્ણ થયાં બાદ, વધુ ૫ માસનો સમય પસાર થવાં છતાં પણ સી.બી.આઈ. તરફથી તપાસ પૂર્ણ ન થવાથી કાયદાની કલમ-૨૨ મુજબ, માહિતી અધિકાર અધિનિયમની પ્રસ્થાપિત પ્રર્વતમાન સર્વોપરિતાને ઘ્યાને લઈ, હવે રીપોર્ટની માહિતી અરજદારને પૂરી પાડવા માટે તેમના તા.૩૧-૦૭-૨૦૦૭ થી નાગરિક ઉડયન મંત્રાલયને સૂચના આપેલ હતી. સદરહુ સુચનાની જાણ વિવાદીને પણ કરવામાં આવેલ હતી (કે જેમના રીપોર્ટની માંગણી અરજદારે કરેલ હતી). ‘‘જયારે માંગવામાં આવેલ માહિતી ત્રાહિત પક્ષકારને લગતી હોય ત્યારે ત્રાહિત પક્ષકારને એટલે કે પ્રસ્તુત કેસમાં મને પૂછયા વગર અન્યને મારી માહિતી આપી શકાય નહિ’’- એવી દલીલ સાથે કેન્દ્રીય માહિતી આયોગના નિર્ણય સામે દાદ મેળવવા માટે વિવાદીએ (ત્રાહિત પક્ષકારની હેસિયતથી) નામદાર હાઈકોર્ટમાં આ રીટ પીટીશન દાખલ કરેલ છે.

(૩) **<u>નામદાર હાઈકોર્ટના તારણો અને હુકમ :</u>**

નામદાર હાઈકોર્ટે પક્ષકારોને સાંભળ્યા બાદ નોંઘ્યુ કે, ‘‘કેન્દ્રીય માહિતી આયોગે વિવાદી અને અરજદારને સાંભળવાની તક આપવી જોઈતી હતી. આથી, સમગ્ર કેસ પુનઃ તપાસી, વિવાદી અને અરજદારને સાંભળવાની તક આપ્યા બાદ, યોગ્ય હુકમો કરવા કેન્દ્રીય માહિતી આયોગને હુકમ કરવામાં આવે છે. કેન્દ્રીય માહિતી આયોગે જેટલું શકય બને તેટલું જલ્દી પરંતુ વધુમાં વધુ ૩ મહિનામાં સુનાવણીનો હુકમ ઈશ્યુ કરવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે’’.

વિવાદીની અરજી ગ્રાહય રાખવામાં આવે છે.

## કેસ નંબર-૮૪

**નાશ કરી દેવામાં આવેલ રેકર્ડની માહિતી આપી શકાય નહી પરંતુ રેકર્ડ નો જે હુકમથી નાશ કરવામાં આવ્યો હોય તે હુકમની નકલ અરજદારને આપવી.**

**દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી જે. રવિન્દ્ર ભાટ નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2(f),**
**Writ Petition No. 6637 of 2007 , તારીખ ૩૦-૦૧-૨૦૦૭**
**શ્રીમતી સાધના વિરુધ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને અન્યો**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૪**

**વિવાદી** : શ્રીમતી સાધના (અરજદાર)

- પ્રતિવિવાદી નં.૧ : કેન્દ્રીય માહિતી આયોગ
- પ્રતિવિવાદી નં.૨ : અપીલ અધિકારી
- પ્રતિવિવાદી નં.૩ : જાહેર માહિતી અધિકારી

(૧) **કેસની વિગત :**

અરજદાર (વિવાદી) એ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળની તા.૧૩-૦૭-૨૦૦૬ ની અરજી જાહેર માહિતી અધિકારીને કરેલ હતી, જેમાં તેણીએ માહિતી માંગેલ કે, ''મેં વસંતકુંજ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૧ માં ફરિયાદ કરેલ હતી. તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ? ફરિયાદની તપાસની છેલ્લી પરિસ્થિતિ શું છે?''

જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૨૨-૦૮-૨૦૦૬ થી જવાબ આપેલ કે ''આપે જે માહિતી માંગેલ હતી તે માહિતી અંગેનું રેકર્ડ તા.૧૭-૦૯-૨૦૦૪ ના કાર્યાલય આદેશ અન્વયે રેકર્ડ વર્ગીકરણ પ્રક્રિયાના ભાગરૂપે નાશ થઈ ગયેલ હોઈ, આપે માંગેલ માહિતી કચેરીના રેકર્ડ ઉપર અસ્તિત્વ ધરાવતી ન હોઈ આપી શકાય તેમ નથી''.

જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ અરજદારે અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ કરેલ હતી. અપીલ અધિકારીએ પક્ષકારોને સાંભળ્યા બાદ, જાહેર માહિતી અધિકારીના નિર્ણયને યોગ્ય ઠરાવેલ હતો અને રેકર્ડનો જે હુકમની નાશ કરવામાં આવ્યો હોય તે હુકમની નકલ અરજદારને પુરી પાડવાની સુચના સાથે અપીલ અધિકારીએ તા.૦૫-૧૦-૨૦૦૬ ના હુકમથી અરજદારની પ્રથમ અપીલ નામંજુર કરેલ હતી.

અપીલ અધિકારીના હુકમથી નારાજ અરજદારે આખરે કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ. આયોગે તા.૧૧-૧૨-૨૦૦૬ ના રોજ પક્ષકારોને સાંભળ્યા બાદ, અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારીના જવાબને યથાયોગ્ય ઠરાવ્યો હતો અને અરજદારની અપીલ તા.૨૮-૧૨-૨૦૦૬ ના આદેશથી રદ કરી હતી.

કેન્દ્રીય માહિતી આયોગના હુકમથી નારાજ વિવાદીએ નામદાર દિલ્હી હાઈકોર્ટમાં પ્રસ્તુત રીટ પીટીશન દાખલ કરી દાદ માંગેલ.

## (૨) <u>નામદાર દિલ્હી હાઈકોર્ટના તારણો અને નિર્ણય :</u>

વિવાદીએ નામદાર હાઈકોર્ટને જણાવ્યું કે, ''મારી મુખ્ય ફરિયાદએ છે કે કચેરીમાં રેકર્ડના નાશની તારીખ બાબતે તફાવત છે. સબબ, જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૨૦(૧) મુજબ દંડ કરવા વિનંતી છે.

નામદાર હાઈકોર્ટે પક્ષકારોને સાંભળ્યા બાદ નોંધ્યુ કે, ''કચેરી દ્વારા રેકર્ડનો ખરેખર કયારે નાશ કરવામાં આવ્યો હતો તે બાબતે ફરક (**variation**) કે વિસંવાદ (**inconsistency**) હોઈ શકે પરંતુ તેના કારણે અપીલ અધિકારીના પક્ષે કે જાહેર માહિતી અધિકારીના પક્ષે પ્રામાણીકતાનો અભાવ હતો તેમ જણાતું નથી. રેકર્ડનો નાશ થયેલ છે'' એ હકીકત નકારી શકાય તેમ નથી.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં વિવાદીની અરજી રદ કરવામાં આવે છે.

**કેસ નંબર-૮૫**

| |
|---|
| **અનુમાનના આધારે અધિકારી/કર્મચારી PIO હશે એમ માનીને દંડ કરવાની બાબત કાયદાની જોગવાઈથી અસંગત છે.** |

| |
|---|
| **બોમ્બે હાઈકોર્ટનો ગોવા બેંચના મા. ન્યાયાધીશ શ્રી એ. એચ. જોષીનો ચુકાદો** |
| **એ. એ. પારુલેકર વિ. ગોવા રાજય માહિતી આયોગ** |
| **લાગુ પડતી કલમ : 5 & 20(1)** |
| **W.P. No. 205/2007** |
| **ચુકાદાની તારીખ : ૧૭-૦૯-૨૦૦૯** |
| **ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૫** |

**કેસની વિગતો :**

- પ્રસ્તુત રીટ શ્રી એ. એ. પારુલેકરે તેમને ગોવા માહિતી આયોગે કરેલ દંડ (રૂ.૫૦૦૦/-) ના હુકમ સામે કરી છે.

- આ કેસની વિગતો એવી છે કે પ્રતિવિવાદી એટલે કે માહિતી માંગનાર અરજદારે તે જયાં રહેતા હતા તે જ તાલુકાની એક કચેરી (રોડ વીંગ ઓફ પીડબલ્યુ ડી) ને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરેલ હતી. અરજદારે માંગેલ માહિતી સંગુએમ તાલુકામાં બનાવવામાં આવેલ રોડને લગતી હતી. પરંતુ પ્રસ્તુત કચેરીના અધિકારી એટલે કે પીટીશનર APIO નહોતા (કે PIO પણ નહોતા ?) તેથી આ અધિકારીએ માહિતી તેમના ઉપરી→ અધિકારીને મોકલી આપેલ જે ખરેખર APIO (કે PIO હતા ?)

- અરજદારે તા.૩૧-૦૮-૨૦૦૮ થી અરજી કરેલ અને અરજદારે કરેલ અરજી પીટીશનરની ફરજની કામગીરીના કાર્યક્ષેત્ર હેઠળની ઓફિસમાં કરેલ હતી. પરંતુ સંભવિત જાહેર માહિતી અધિકારીએ એટલે કે પીટીશનરે માહિતી પૂરી ન પાડતાં અરજદારે પ્રથમ અપીલ કરી હતી. અને પ્રથમ અપીલ અધિકારીએ માહિતી પુરી પાડવા પીટીશનરને આદેશ કર્યો હતો. છતાં માહિતી ન મળતાં અરજદારે રાજય માહિતી આયોગમાં બીજી અપીલ કરેલ. બીજી અપીલ સુધી પણ અરજદારને માહિતી મળેલ ન હોવાનું જણાતા આયોગે કારણદર્શક નોટીસ ઈસ્યુ કરેલ. તેનો જવાબ પણ પીટીશનરે આપેલ અને તેમણે તેમાં વિગતવાર ખુલાસો કરેલ કે કયાં કારણોસર માહિતી આપવામાં આવેલ નથી. તેમ છતાં આયોગે પીટીશનરને કસૂરવાર ગણી માહિતી આપવામાં ૬૭ દિવસનું મોડું થયું હોવાથી રૂપિયા ૫૦૦૦/- નો દંડનો હુકમ કરેલ.

- આયોગમાં અપીલની સુનાવણી દરમિયાન પીટીશનરની મુખ્ય રજુઆત એ હતી કે અરજદારની અરજી પોતાને મોકલવામાં આવી નહોતી અને તેઓ આ અરજી બાબતે અજાણ હતા અને તેથી તેમના ઉપર સમય મર્યાદામાં માહિતી ન આપવાનો આક્ષેપ કરી શકાય નહી.

**હાઈકોર્ટનો નિર્ણય :**

- ઉપર મુજબના નિરીક્ષણો રજુ થયા છે તે જોતાં તેવું સ્પષ્ટ રીતે જણાય છે કે અરજી પીટીશનર સુધી પહોંચી નથી.

- છતાં અરજદારની રજુઆતથી એટલું સ્પષ્ટ થાય છે કે માહિતીની અરજી અને માહિતી પૂરી પાડવાનો હુકમ પીટીશનરને ધ્યાને મૂકવામાં આવેલ હતો.

- જયાં સુધી રેકર્ડ જોતાં પ્રસ્થાપિત ન થાય ત્યાં સુધી યોગ્ય ફોરમમાં પોતાની રજુઆત કરવાની તક પુરી પાડયાનું અને સાંભળીને સંતોષ ન થાય ત્યાં સુધી જાહેર માહિતી અધિકારીને દંડ કરી શકાય નહી.

- પ્રસ્તુત કેસમાં પીટીશનરને માહિતી મોડી આપવા બદલ દંડનો હુકમ કરવામાં આવેલ છે તે ફકત એવા પૂર્વાનુમાનથી કે ''તેમને ખબર હોવી જોઈતી હતી'' (Supposed to have known) એવું વિચારીને દંડ કરવામાં આવ્યો છે.

- કાયદામાં આવી કોઈ કાલ્પનિક જોગવાઈઓ કરવામાં આવી નથી.

- તેમજ પ્રતિવિવાદીઓનો બચાવ ખોટો છે એવું સ્પષ્ટ થાય છે.

- આ સંજોગોમાં આયોગે કરેલ દંડનો હુકમ અન્યાયી છે અને કાયદાની જોગવાઈઓથી અસંગત હોઈ રદ થવાને લાયક છે.

**નિર્ણય :**

આયોગનો હુકમ રદ કરવામાં આવે છે.

### કેસ નંબર-૮૬

**માહિતીની વ્યાખ્યામાં ''શા માટે?'' એવા પ્રકારના પ્રશ્નોના જવાબો આપવા અને તેની યથાર્થતા કે દલીલો (કારણો) સમજાવવાની બાબતનો સમાવેશ થતો નથી.**

**મુંબઈ હાઈકોર્ટની ગોવા બેંચનો મા.ન્યાયાધીશ શ્રી એસ. એ. બોબડે નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 2 (f)**
**ડૉ. સેલ્સા પિંટો (જાહેર માહિતી અધિકારી) વિરુધ્ધ ગોવા રાજય માહિતી આયોગ**
**W.P. No. 419 / 2007**
**હુકમની તારીખ : ૦૩-૦૪-૨૦૦૮**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

- **કેસની વિગત :**

➢ આ કેસમાં રાજય માહિતી આયોગ, ગોવાના તા.૨૭-૦૭-૦૭ ના હુકમને પીટીશનરે (જાહેર માહિતી અધિકારીએ) પડકારીને રીટ કરેલ છે.

➢ આ કેસની વિગતો મુજબ પ્રતિવિવાદી નં.ર એટલે કે અરજદાર શ્રી મિલન નાટેકરે મુખ્યત્વે પાંચ મુદ્દાની માહિતી માંગેલ તેમાં અરજદારે પૂછેલ તમામ મુદ્દાઓના જવાબમાં શરૂઆતમાં જાહેર માહિતી અધિકારીએ **''એન.એ.''** લખીને જવાબ આપેલ. ત્યાર પછી અરજદાર દ્વારા આ અંગેની સ્પષ્ટતા માંગવામાં આવેલ અને તેના જવાબમાં જાહેર માહિતી અધિકારીએ **એન.એ.** એટલે કે **''નોટ એપ્લીકેબલ''** એવી સ્પષ્ટતા કરેલ. અને મુદ્દા નં.ર અને ૩ ની સામે અરજદારે પ્રશ્નો પૂછેલા એટલે કે ''શા માટે કયુરેટરની જગ્યા પ્રમોશનથી ભરવામાં આવેલ નથી? અને ગોવા પબ્લીક સર્વિસ કમીશન મારફતે સીધી ભરતીથી ભરવામાં આવેલ છે? એજ રીતે મુદ્દા નં. ૩ માં શા માટે એન્જીનીયરીંગ કોલેજના લાયબ્રેરીઅનને કયુરેટરની જગ્યા માટે પ્રમોશન માટે ધ્યાને લીધા નથી?'' આવા પ્રશ્નોના જવાબ સામે જાહેર માહિતી અધિકારીએ ''I don't know" એવી માહિતી આપેલ.

- **<u>આ બાબતે અરજદારે આયોગમાં રજુઆત કરી</u> :**

ગોવા રાજય માહિતી આયોગે, તા.૨૭-૦૭-૨૦૦૭ ના હુકમથી પીટીશનર એટલે કે જાહેર માહિતી અધિકારીને, અરજદારે માંગેલ માહિતી અધૂરી, ગેરમાર્ગે દોરનારી અને ખોટી માહિતી પુરી પાડવા અંગે દોષિત જાહેર કરી રૂપિયા ૫૦૦૦/- ને દંડ જાહેર કરેલ અને તેનું ચુકવણું તેમના ઓગસ્ટ-૦૭ ના પગારમાંથી વસૂલ કરવા આદેશ કરેલ.

- **<u>હાઈકોર્ટમાં થયેલ રીટની વિગતો :</u>**

આયોગના હુકમથી નારાજ થઈ પીટીશનરે હાઈકોર્ટમાં રીટ કરી. જાહેર માહિતી અધિકારી એટલે કે પીટીશનરના એડવોકેટ મી. લોબો એ રજુઆત કરી કે, ગોવા માહિતી આયોગે પીટીશનરને એટલે કે જાહેર માહિતી અધિકારીને ખોટી રીતે દોષિત જાહેર કર્યા છે અને રજુઆત કરી કે જાહેર માહિતી અધિકારીએ અધુરી અને ગેરમાર્ગે દોરનારી માહિતી પુરી પાડી છે તેવી બાબત ખોટી છે.

• **કોર્ટનું નિરીક્ષણ :**

➢ કોર્ટે નોધે છે કે માહિતી ખોટી આપી છે તેવું ત્યારે જ કહેવાય, જો માહિતી જાહેર માહિતી અધિકારીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હતી છતાં આપી ન હોય અને ''ઉપલબ્ધ નથી'' એવું કહયુ હોય તેવા જવાબને પક્ષકાર દ્વારા ''ઉપલબ્ધ છે'' એવું સાબિત કરવામાં આવ્યું હોય. તેથી આયોગે કરેલ નિરીક્ષણ અને હુકમ માન્ય રાખી શકાય તેવો નથી.

➢ બે પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારીએ I don't know એવો જવાબ આપ્યો છે તેમાં કશું ખોટું જણાતું નથી. કારણ કે **''જાહેર માહિતી અધિકારી માહિતીનું ઉત્પાદન કરી શકે નહિ''.**

➢ આયોગના હુકમના મુદ્દા નં.૧૪ માં પીટીશનરે સાચી માહિતી પુરી પાડી નથી એ બાબતે આયોગે જણાવેલ કે શરૂઆતમાં અરજદારે એવો જવાબ આપેલો કે Not avaible અને પછીથી એવો જવાબ આપેલો કે I don't know એટલે કે પીટીશનરે પોતે જાણતા નથી તેવી સ્પષ્ટતા કરી છે. એટલે કે પીટીશનરે સુધારીને જવાબ આપીને એવું સમજાવેલ છે કે Not Available એટલે કે she doesn't know તેથી પીટીશનરે માહિતી અધૂરી અથવા ખોટી આપી છે તેવું ન કહી શકાય.

➢ શરૂઆતથી જ આયોગે એવું ધ્યાને લેવાની જરૂર હતી કે કાયદો નાગરિકને માહિતીનો અધિકાર આપે છે અને માહિતી અધિકારની કાયદાની કલમ-2(f) માં જણાવ્યા પ્રમાણે વ્યાખ્યા મુજબની વિગતો જોતાં, આ વ્યાખ્યામાં શા માટે ? એવા પ્રશ્નોના જવાબો નો સમાવેશ થઈ શકે નહી. ''શા માટે'' નો મતલબ એવો થઈ શકે કે ચોકકસ બાબત માટે અરજદાર, તેના કારણો અથવા વ્યાજબી પણું પૂછે છે.

➢ જાહેર માહિતી અધિકારી પાસેથી એવી અપેક્ષા રાખી શકાય નહી કે, શા માટે ચોકકસ બાબત કરવામાં આવી હતી અથવા કરવામાં આવી નહોતી અને અરજદાર (નાગરિક) લેખિતમાં માહિતી માંગે છે એટલે તેના વ્યાજબીપણાના કારણો આપે.

➢ વ્યાજબીપણું નકકી કરવાની બાબત ન્યાય કરનાર સત્તામંડળના કાર્યક્ષેત્ર હેઠળની છે અને તેને યોગ્ય રીતે માહિતી તરીકે વર્ગીકૃત કરી શકાય નહી.

• **કોર્ટનો નિર્ણય :**

ઉપરની વિગતો અને ઉપલબ્ધ રેકર્ડ જોતાં, આયોગે કરેલો હુકમ કાયદાની ગંભીર ભૂલવાળો છે અને પક્ષકારના માહિતીના અધિકાર સામે પૂર્વગ્રહવાળો છે તેથી વિવાદી હુકમ રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૮૭

**અરજદારને માહિતી આપવામાં વિલંબ થયો હોય પરંતુ વિલંબના કારણો જો આયોગને વ્યાજબી અને ગ્રાહય રાખવા પાત્ર જણાય તો જાહેર માહિતી અધિકારીને દંડ થઈ શકે નહીં.**

**પંજાબ અને હરિયાણાના ન્યાયાધીશ શ્રી કે. કન્નન નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 7(1), 20(1)**
**Civil Writ Petition No. 6504 / 2009**
**હુકમની તારીખ ૦૪-૦૩-૨૦૧૦**
**(પંજાબ અને અન્યો વિરુઘ્ધ રાજય માહિતી આયોગ હરિયાણા અને અન્યો)**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

**વિવાદી** : પંજાબ રાજય

- પ્રતિવિવાદી નં.૧ : રાજય માહિતી આયોગ, હરિયાણા
- પ્રતિવિવાદી નં.ર : અરજદાર

### (૧) કેસની વિગત :

અરજદાર (પ્રતિવિવાદી નં.ર) એ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ અરજી કરીને જાહેર માહિતી અધિકારી પાસેથી નીચે મુજબની માહિતી માંગેલ હતી :-

૧) જે ડૉકટરોએ હાયર પે સ્કેલ મેળવ્યો હોય તે ડૉકટરોનાં નામ.

૨) તમામ ડૉકટરોની નિમણૂંકના હુકમો.

૩) દરેક ડૉકટરના કિસ્સામાં પે સ્કેલમાં વધારો કઈ તારીખથી મળ્યો ? તે તારીખ.

જાહેર માહિતી અધિકારીએ પ્રતિવિવાદી નં.ર ને ઉપરોકત માહિતી નિયત સમયમર્યાદામાં આપેલ ન હોવાથી, પ્રતિવિવાદી નં.ર એ પંજાબ માહિતી આયોગમાં બીજી અપીલ દાખલ કરેલ હતી, જે સંદર્ભે આયોગે જાહેર માહિતી અધિકારીને, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૦(૧) મુજબ દંડ કરવાનો હુકમ ઈસ્યુ કર્યો હતો. દંડ કરવાનો હુકમ થયા બાદ પ્રતિવિવાદી નં.ર ને સમગ્ર માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

પ્રસ્તુત રીટ પીટીશન દ્વારા વિવાદી, પ્રતિવિવાદી નં.૧ ના કાયદાની કલમ-ર૦(૧) હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ દંડના હુકમને પડાકારે છે.

### (૨) <u>પ્રતિવિવાદી નં. ૧ એ કરેલ કાર્યવાહી :</u>

પ્રતિવિવાદી નં.૧ (રાજય માહિતી આયોગ) દ્વારા રાખવામાં આવેલ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારીએ વિલંબના કારણોમાં જણાવેલ કે, ‘‘અરજદારે માંગેલ માહિતીમાં ૨૫૦૦ ડૉકટરોના સેવાવિષયક રેકર્ડ જોવાના હતા અને સમગ્ર આંકડાઓ (રેકર્ડ) અરજદારને આપતાં પહેલાં એકત્રિત કરવાના થતા હતા. જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારને માહિતી આપવામાં

થયેલ વિલંબ અસામાન્ય (બેહદ) નહોતો કે આવો વિલંબ દુરાગ્રહપૂર્ણ ગેરવર્તન (contumacious misconduct) ના કારણે થયેલ નહોતો''.

જાહેર માહિતી અધિકારીની ઉપરોક્ત રજૂઆત અન્વયે અરદજાર (પ્રતિવિવાદી નં.૨) એ આયોગને જણાવ્યું કે ''સુપ્રીન્ટેન્ડન્ટશ્રીએ પણ જાહેર માહિતી અધિકારીને પત્ર લખીને ફરિયાદના રૂપમાં જણાવેલ હતું કે જાહેર માહિતી અધિકારી દ્વારા બિનજરૂરી વિલંબ કરવામાં આવેલ છે. અરજદારે માંગેલ માહિતી હવે વિના વિલંબે તેમને પૂરી પાડો. સુપ્રીન્ટેન્ડન્ટશ્રીના આ પત્ર ઉપરથી પણ જણાશે કે વિલંબ થયેલ છે''.

## (૩) <u>નામદાર હાઈકોર્ટના તારણો અને હુકમ</u> :

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૦ માં દંડની જોગવાઈ એટલા માટે રાખવામાં આવી છે કે જેથી જાહેર સત્તામંડળો સંવેદનશીલ બનીને કાયદાની જોગવાઈ મુજબ ઉચિત શીઘ્રતાથી કામ કરે.

પ્રત્યેક વિલંબ બદલ દંડ થવો જોઈએ નહિ. વિલંબ ભલે થયો હોય પરંતુ વિલંબના કારણો (સ્પષ્ટીકરણ) જો જણાવવામાં આવ્યા હોય તો પછી પ્રશ્ન માત્ર એટલો જ રહે કે વિલંબના કારણો સ્વીકારવાપાત્ર (ગ્રાહય રાખવા પાત્ર) છે કે કેમ?

વિના વિલંબે માહિતી આપવાની અતિઆવશ્યકતા અને સમયની પાબંદી અંગે ઉચ્ચ અધિકારીઓ સુપેરે જાણતા હોવા છતાં, કોઈ કિસ્સામાં ૧ વર્ષ જેટલો વિલંબ થયો હોય પરંતુ આ વિલંબ જો ઉચ્ચ અધિકારીઓ દ્વારા જાહેર માહિતી અધિકારીને ઘોંચપરોણી (proding) કરવાને કારણે થયો હોય તો આવો વિલંબ ગ્રાહયરાખવાપાત્ર ગણાવો જોઈએ.

પ્રસ્તુત કિસ્સામાં અરજદારે જે માહિતી માંગેલ હતી તે તેમને મળી ગયેલ છે અને માહિતી પૂરી પાડવામાં જે વિલંબ થયો છે તે ઉપર સમજાવ્યા મુજબના કારણોસર થયેલ છે, જેને આ અદાલત વ્યાજબી ગણીને સ્વીકારે છે.

આ રીટ પીટીશન ગ્રાહયરાખવામાં આવે છે અને જેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યા છે તે હુકમ (impugned order) આથી રદ કરવામાં આવે છે.

**કેસ નંબર-૮૮**

**માહિતી મેળવવા માટે અરજદારે અરજી કરેલ હોય તે સમયે કચેરીનું રેકર્ડ કાયદાની કોર્ટમાં પડેલું હોવાથી તે સમયે ન આપી શકાયુ હોય પરંતુ નિયત સમય-મર્યાદા બાદ આપવામાં આવે તો તેને બદદાનત (malafide) કહી શકાય નહિ.**

**પંજાબ અને હરિયાણાના ન્યાયાધીશ શ્રી જસબીર સીંગનો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 20(1)**
**Civil Writ Petition No. 13686/2009**
**હુકમની તારીખ ૧૪-૦૯-૨૦૦૯**
**(ઓમપ્રકાશ સિંગલા વિરુધ્ધ રાજય માહિતી આયોગ હરિયાણા અને અન્યો)**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

**વિવાદી** : ઓમપ્રકાશ સિંગલા

- પ્રતિવિવાદી નં.૧ : રાજય માહિતી આયોગ, હરિયાણા
- પ્રતિવિવાદી નં.૨ : અપીલ અધિકારી
- પ્રતિવિવાદી નં.૩ : જાહેર માહિતી અધિકારી

(૧) **કેસની વિગત :**

વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ તા.૦૩-૧૦-૨૦૦૮ ની અરજીથી પ્રતિવાદી નં.૩ પાસેથી કેટલીક માહિતી માંગેલ હતી. જે પૈકી ઉપલબ્ધ માહિતી વિવાદી ને આપવામાં આવેલ હતી. મળેલ માહિતીથી અસંતુષ્ટ થતાં, વિવાદીએ પ્રતિવિવાદી નં.૨ સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલી હતી. પ્રતિવિવાદી નં.૨ એ નિયત સમયમર્યાદામાં પ્રથમ અપીલનો નિકાલ ન કરતાં, વિવાદીએ પ્રતિવિવાદી નં.૧ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ હતી. મૂળતઃ પોતાને સંપૂર્ણ માહિતી મળે તે માટે વિવાદીએ નામદાર કોર્ટ સમક્ષ આ અરજી દાખલ કરેલ છે.

(૨) **<u>પ્રતિવાદી નં. ૧ એ કરેલ કાર્યવાહી :</u>**

પ્રતિવિવાદી નં.૧ એ વિવાદીની ફરિયાદ અંગે તપાસ કરી અને ત્યારબાદ તેઓ એવા ચોકકસ તારણ ઉપર આવ્યા કે માહિતી આપવામાં થયેલ વિલંબ ઈરાદાપૂર્વકનો નહોતો અને જે વિલંબ થયો તે જાહેર માહિતી અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર થયેલ હતો, જે ધ્યાને લઈ નીચે જણાવેલ નિરીક્ષણો મુજબ, પ્રતિવિવાદી નં.૧ એ વિવાદીની અરજી રદ કરેલ હતી :

*આ કેસનું રેકર્ડ કાળજીપૂર્વક તપાસ્યા બાદ તેમજ બને પક્ષકારોને સાંભળ્યા બાદ આ આયોગનો અભિપ્રાય છે કે, વિવાદીએ માંગેલ માહિતી અંગેનું અસલ રેકર્ડ નામદાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં CWP No. 5214/97, હજારારામ વિરુધ્ધ રાજયનાં કેસમાં, તા.૧૨-૦૫-૧૯૯૭ ના પત્ર નં.૨૦૧૨૭ થી કોર્ટમાં પડેલું હોઈ, વિવાદીએ માંગેલ માહિતી પ્રતિવિવાદી જાહેર સત્તામંડળ તરફથી પૂરી પાડી શકાઈ નથી, અને તેથી તેમાં તેમનો કોઈ બદદાનતનો ઈરાદો નથી. આ કેસમાં પ્રથમ અપીલ અધિકારી પણ વિવાદીની અપીલ અંગે*

*નિયત સમયમર્યાદામાં નિર્ણય કરવામાં નિષ્ફળ ગયા છે. માહિતી ૨૫ દિવસ મોડી પૂરી પાડયા બદલ આયોગના અભિપ્રાય મુજબ, જાહેર માહિતી અધિકારી અંગત રીતે જવાબદાર નથી કારણ કે વિવાદીએ માંગેલ માહિતી તેમની પાસે ઉપલબ્ધ નહોતી. સબબ, નીચે જણાવેલ સૂચનાઓ મુજબ, વિવાદીની અપીલનો નિકાલ કરવામાં આવે છે.*

*(૧) પ્રતિવિવાદી જાહેર સત્તામંડળને સૂચના આપવામાં આવે છે કે વિવાદીએ માંગેલ રેકર્ડ નામદાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાંથી મેળવવા સંનિષ્ઠ પ્રયત્નો કરવા અને જયારે પણ રેકર્ડ મળે ત્યારે વિવાદીને માહિતી વિના મૂલ્યે પૂરી પાડવી. માહિતી મળ્યા બાદ પણ જો વિવાદીને અસંતોષ રહે તો તેઓ પ્રથમ અપીલ અધિકારીને અપીલ કરી શકશે. પ્રતિવિવાદી નં.3 (જાહેર માહિતી અધિકારી) ને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની અરજીની પ્રક્રિયામાં ભવિષ્યમાં વધુ કાળજી રાખવા સુચના આપવામાં આવે છે.*

*(૨) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઈઓ મુજબ, પ્રથમ અપીલ અધિકારીએ ચુસ્તપણે પોતાની ફરજો બજાવવી અને તેમને મળેલ અપીલો અંગે નિયત સમયમર્યાદામાં, સ્પીકીંગ ઓર્ડર પાસ કરીને પક્ષકારોને રૂબરૂ સાંભળવાની પૂરતી તકો આપીને અપીલનો નિકાલ કરવો.*

## (૩) <u>નામદાર હાઈકોર્ટના તારણો અને હુકમ</u> :

આ કોર્ટે એ બાબત નોંધેલ છે કે, ''અસલ રેકર્ડ **CWP 5214 of 1997** ના કેસ સંદર્ભે આ કોર્ટમા જ પડેલું છે, તેથી વિવાદીને માહિતી આપવી શકય નહોતી. પ્રતિવિવાદી જાહેર સત્તામંડળે આ કોર્ટમાંથી સંબંધિત રેકર્ડ મેળવીને, માંગવામાં આવેલ માહિતી અરજદારને આપવાની રહેશે. આ કોર્ટને લાગે છે કે પ્રતિવિવાદી નં.૧ એ ઈસ્યુ કરેલા હુકમ સંપૂર્ણપણે વ્યાજબી છે, તેથી આ કોર્ટે પ્રતિવિવાદી નં.૧ એ ઈસ્યુ કરેલા હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો નથી. વિવાદીની અરજી આથી રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૮૯

**માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈઓની યોગ્ય મૂલવણી (સમજણ) ના અભાવે માહિતી આપવામાં થયેલ વિલંબને બદઈરાદો (malafide) ન ગણી શકાય.**

**પંજાબ અને હરિયાણા નામદારની ડીવીઝન બેન્ચના ન્યાયાધીશ શ્રી એમ. એમ. કુમાર અને ન્યાયાધીશ ટી. પી. એસ. માન નો ચુકાદો**
**લાગુ પડતી કલમ : 20(1)**
**Civil Writ Petition No. 3498 of 2007**
**હુકમની તારીખ ૧૧-૦૨-૨૦૦૭**
**રાજબાળા વિરુધ્ધ હરિયાણા રાજય અને અન્યો**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩**

**વિવાદી** : રાજબાળા

- પ્રતિવિવાદી નં.૧ : હરિયાણા રાજય
- પ્રતિવિવાદી નં.૨ : રાજય માહિતી આયોગ, હરિયાણા
- પ્રતિવિવાદી નં.૩ : અપીલ અધિકારી
- પ્રતિવિવાદી નં.૪ : જાહેર માહિતી અધિકારી

### (૧) કેસની વિગત :

વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી (પ્રતિવિવાદી નં.૪) પાસે કેટલીક માહિતી માંગેલ હતી, પરંતુ વિવાદીને માહિતી મળેલ નહોતી. ''વિવાદીને માહિતી આપવામાં અપીલ અધિકારી (પ્રતિવિવાદી નં.૩) પણ ઊણા ઊતર્યા હતા''-એવું અરજદારનું માનવું છે. સબબ, વિવાદીએ રાજય માહિતી આયોગ (પ્રતિવિવાદી નં.૧) સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ હતી. પરંતુ પ્રતિવિવાદી નં.૨ દ્વારા, પ્રતિવિવાદી નં.૪ને કાયદાની કલમ-૨૦(૧) અનુસાર દંડ ન કરવાનો નિર્ણય (તા.૦૪-૦૧-૨૦૦૭) લેવામાં આવેલ હતો.

વિવાદી એ બાબતે દાદ મેળવવા માંગતા હતા કે, ''જયારે માહિતી પૂરી પાડવામાં વિલંબ કરવામાં આવેલ છે ત્યારે દંડ ફટકારવો જ જોઈએ''. વિવાદીની પ્રસ્તુત અરજી, પ્રતિવાદી નં.૧ ના સદર તા.૦૪-૦૧-૨૦૦૭ ના નિર્ણયની સામે દાદ મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે. તદુપરાંત વિવાદીએ એવી પણ દાદ માંગેલ છે કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઈઓ મુજબ, પ્રતિવિવાદી નં. ૪ જે દંડ ભરે તે દંડની રકમ વિવાદીને ચૂકવવામાં આવે.

### (૨) <u>પ્રતિવિવાદી નં. ૧ એ કરેલ કાર્યવાહી :</u>

રાજય માહિતી આયોગ સમક્ષ વિવાદીની અરજી દાખલ કરવામાં આવેલ તે સમયગાળા દરમિયાન વિવાદીએ માંગેલ માહિતી તેમને પૂરી પાડી દેવામાં આવેલ હતી, જો કે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૦(૧) મુજબ, રાજય માહિતી આયોગે જાહેર માહિતી અધિકારીને કોઈ દંડ કર્યો નહોતો. રાજય માહિતી આયોગના હુકમનો Operative Part

(અમલી ભાગ) આ મુજબ છે :

''પ્રતિવાદીઓ (પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી) અને અપીલ અધિકારીએ આયોગને ખાત્રી આપેલ છે કે અરજદારને માહિતી આપવામાં થયેલ વિલંબ/ક્ષતિ, માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓની યોગ્ય મૂલવણી (સમજણ) ના અભાવે થવા પામેલ છે. આમ કરવામાં પ્રતિવાદીઓનો કોઈ બદઈરાદો (malafide intention) નહોતો, જે બાબત ધ્યાને લેતાં આ અપીલનો નિકાલ કરવામાં આવે છે અને એવી સૂચના આપવામાં આવે છે કે માહિતી અધિકાર અધિનિયમમાં જોગવાઈ કરવામાં આવેલ નિયત સમયમર્યાદાઓ અને પ્રક્રિયાઓનું હવેથી ચુસ્તપણે પાલન કરવું જોઈશે. જાહેર માહિતી અધિકારીએ, ભવિષ્યમાં, માહિતી ન આપવા અંગેના (માહિતી રોકી રાખવા અંગેના) સ્પષ્ટ કારણો વિવાદીને જણાવવા જોઈશે. વિવાદીએ ચુકવેલ અરજી ફી ના રૂા.૫૦/- સિવાયની જો કોઈ ફી વિવાદીએ જમા કરાવી હોય તો તે વિવાદીને પરત કરવાની રહેશે''.

## (૩) નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના તારણો અને હુકમ :

''બંને પક્ષકારોના વકીલોને સાંભળ્યા બાદ અમો એવા મતના છીએ કે જયારે આયોગે એ બાબત સ્વીકારેલ છે કે પ્રતિવિવાદીઓનો કોઈ બદઈરાદો નહોતો અને માહિતી આપવામાં વિલંબ ફકત કાયદાની જોગવાઈઓની યોગ્ય મૂલવણી (સમજણ) ના અભાવે થવા પામેલ છે ત્યારે આ કારણને, કાયદાની કલમ-૨૦(૧) ની દ્વિતિય જોગવાઈના અર્થઘટન મુજબ ''વ્યાજબી કારણ'' ગણવું જોઈતું હતું.

કાયદાની કલમ-૨૦(૧) ની દ્વિતિય જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી વ્યાજબીપણે અને ખંતપૂર્વક વર્ત્યા હતા તે સાબિત કરવાનો બોજો (જવાબદારી) જાહેર માહિતી અધિકારીની છે. ઉપરોકત અભિગમ હવે જયારે સ્વીકારવામાં આવ્યો છે ત્યારે, જેની સામે વાંધો ઉઠાવવામાં આવે છે તે હુકમ (impugned order) માં અમોને કોઈપણ પ્રકારની કાયદાકીય શિથિલતા જણાતી નથી, અને તેથી પ્રતિવિવાદીઓને દંડ કરવાની અમોને કોઈ જરૂર જણાતી નથી, સબબ, આ રીટ પીટીશન નિષ્ફળ જતાં, રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૯૦

**વ્યકિતની આવક અંગેના રિટર્ન/સંપત્તિની ફાઈલો ઈન્કમટેક્ષ કાયદા મુજબ તેમજ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ વ્યકિતની અંગત માહિતી ગણાય.**

**દિલ્હી હાઈકોર્ટના મા. ન્યાયાધીશ શ્રી એસ. મુરલીધરનો ચુકાદો**
**W.P. (C) 2234/2010**
**લાગુ પડતી કલમ : 8(1)(j)**
**મનીષકુમાર વિ. જાહેર માહિતી અધિકારી**
**ચુકાદાની તારીખ : ૦૭-૦૪-૨૦૧૦**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૨**

### (૧) <u>કેસની વિગત</u>

પ્રસ્તુત કેસ કેન્દ્રીય માહિતી આયોગના તા.૦૪-૦૩-૨૦૧૦ ના હુકમ સામેની રીટ છે.

આ કેસની વિગતો એવી છે કે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમાં પવનકુમાર નામની એક વ્યકિત એ ગેરકાયદેસર રીતે ટેક્ષ ચૂકવ્યો છે. (Tax evasion) તેવી ફરિયાદ કરેલ. જેના આધારે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ દ્વારા તપાસ શરૂ કરવામાં આવેલ. તા,૧૨-૦૫-૦૯ ની અરજીથી પીટીશનર દ્વારા જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ આ ફરિયાદની તપાસ બાબતના ટેક્ષ ઈવેઝન પ્રોસીડીંગની વિગતો (TEP) માંગવામાં આવેલ હતી.

જેના જવાબમાં ઈન્કમટેક્ષ ડીર્પાટમેન્ટના સંબંધિત જાહેર માહિતી અધિકારીએ તા.૧૧-૦૬-૦૯ ના પત્રથી અરજદારને જણાવેલ કે, આવક/સંપત્તિ અંગેના રીર્ટન પવનકુમારે જે ફાઈલ કરેલ છે તે ટેક્ષ ચૂકવણું કરનારની અંગત બાબત છે અને તે ઈન્કમટેક્ષ કાયદો ૧૯૬૧ ની કલમ-૧૩૮ મુજબ ખાનગી ગણાય છે. તેમજ આ માહિતી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ પાસે ઉપલબ્ધ હોય છે. તે માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(j) મુજબ વ્યકિતની અંગત માહિતી હોઈ આપવાનું નકારવામાં આવેલ અને સાથે સાથે એવો પણ ઉલ્લેખ કરવામાં આવેલ કે પીટીશનરને તેમની પત્ની સાથે લગ્ન વિષયક બાબત વિવાદો હતા અને શ્રી પવનકુમાર તેમના સસરા છે અને અરજદાર એટલે કે મનીષકુમારે માહિતી માંગેલ હતી. તેમને તેમના લગ્નવિષયક બાબતે વિવાદ માટે જરૂરી હતી. જેથી તેમના વિવાદ અંગે તે માહિતીનો ઉપયોગ કરી શકાય અને તેથી પ્રસ્તુત માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતને લગતી નથી. પરંતુ ખરેખર પીટીશનરના અંગત હિતને લગતી હતી તેવું જણાય છે તેથી માહિતી જાહેર કરી શકાય નહી.

જાહેર માહિતી અધિકારીના હુકમ સામે પ્રથમ અપીલ કરતાં પ્રથમ અપીલ અધિકારીએ પણ જાહેર માહિતી અધિકારીના હુકમને માન્ય ગણેલ. તેથી અપીલ અધિકારીના હુકમથી પણ ન્યાય ન મળતાં તેમણે કેન્દ્રીય માહિતી આયોગમાં બીજી અપીલ કરી.

કેન્દ્રીય માહિતી આયોગે હુકમ કરીને કેન્દ્રીય માહિતી અધિકારીને આદેશ કરી જણાવેલ કે ટેક્ષ ઈવેઝન પ્રોસીડીંગ્સનું જે પરિણામ આવ્યું હોય તે માહિતી અરજદારને ચાર માસમાં પુરી પાડવી અને સ્પષ્ટ કર્યું કે જાહેર માહિતી અધિકારીએ તપાસની વિગતો જાહેર કરવી નહી.

- **<u>કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

પ્રસ્તુત કિસ્સામાં પીટીશનરે પોતે કેસ રજુ કર્યો હતો. કોર્ટે પીટીશનરે સાંભળીને હુકમ કર્યો કે પ્રસ્તુત કેસમાં કેન્દ્રીય માહિતી આયોગે કરેલ હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવાનું જરૂરી જણાતું નથી. પીટીશન રદ કરવામાં આવે છે.

## કેસ નંબર-૯૧

**કોઈ કિસ્સામાં કોર્ટનો ફકત હુકમ જ થયો હોય તો હુકમ માત્રથી જો હુકમમાં માહિતી ન આપવાનો સ્પષ્ટ ઉલ્લેખ ન કર્યો હોય તો કાયદાની કલમ-8(1)(b) નો આધાર લઈ માહિતી આપવાની ના પાડી શકાય નહિ.**

**પંજાબ હરિયાણા રાજયની હાઈકોર્ટના મા. ન્યાયાધીશ શ્રી હેમંત ગુપ્તાનો ચુકાદો**
**C.R. N0. 1051 of 2001**
**પંજાબ પબ્લીક સર્વિસ કમિશન વિ. રાજીવકુમાર ગોયલ**
**લાગુ પડતી કલમ : 8(1)(b), 2(f)**
**ચુકાદાની તારીખ : ૨૯-૦૧-૨૦૦૬**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૬**

### (૧) કેસની વિગત

પ્રસ્તુત રીટ દ્વારા ટ્રાયલ કોર્ટના તા.૨૪-૦૧-૨૦૦૧ ના ચુકાદાને પડકારવા કરવામાં આવેલ છે. જેમાં ફરિયાદીએ પોતે પંજાબ સીવીલ સર્વિસ પરીક્ષામાં લેવામાં આવેલ ઈન્ટરવ્યુમાં પસંદ થયેલ તે અંગેનું પરિણામ જાહેર કરવા માટે દાવો કરેલ હતો. જે ૭-૧૧-૯૪ ના રોજ નકારવામાં આવેલું તેમજ તેને આનુષાંગિક પરિણામાત્મક અસર તરીકે ૭-૧૧-૯૪ ની અસરથી પસંદ કરેલ ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવેલ તેની સીનીયોરીટી આપવા માટે દાવો કરેલ હતો. જેમાં તેમણે લેખિત રજુઆત કરેલ હતી તેની પ્રસ્તુત રીવીઝન પીટીશન સાથે બિડાણ કરેલ હતી.

આ રીટ ફાઈલ કરતા પહેલા તેમણે (ફરિયાદી) રેકોર્ડ રજુ કરવા અરજી કરેલી હતી. તેના જવાબમાં પંજાબ પબ્લિક સર્વિસ કમિશને એવું જણાવેલ કે કમિશનની આંતરિક બાબતો જાહેર હિતમાં જાહેર કરી શકાય નહી. વધુમાં તેમણે કરેલ દીવાની દાવો હજુ નિર્ણીત થયેલ નથી. અને પબ્લીક સર્વિસ કમિશન બંધારણીય સંસ્થા હોઈ બંધારણની ફરજો બંધારણીય બેંચ દ્વારા જ નકકી કરી શકાય. બીજુ કમિશને એમ પણ જણાવ્યું કે પરીક્ષા અંગેનો ઉમેદવારનો રેકોર્ડ આ કોર્ટ સમક્ષ ૧૭૪૯૦/૧૯૯૪ ની રીટ પીટીશન સાથે સુપ્રત કરવામાં આવી દીધેલ છે અને તેથી કમિશન પાસે PCS (Excutive) અને આવી બીજી સેવાઓના ૧૯૯૪ નો રેકોર્ડ ઉપલબ્ધ નથી.

આ રીવીઝન પીટીશન સ્વીકારતા દરમિયાન આ કોર્ટે તા.૨૩-૦૧-૦૪ ના હુકમથી રેકોર્ડ ઈન્સ્પેકશન કરવા માટે અરજી કરવા ફરિયાદીને મંજુરી આપવામાં આવેલ અને ફરિયાદીને ઈન્સ્પેકશન કરવા દેવામાં આવે તેવો હુકમ કરેલ. પરંતુ આ અરજી તા.૩૧-૧-૨૦૦૫ થી રદ કરવામાં આવેલી તેથી ૨૧-૧-૦૪ અને ૩૧-૦૧-૦૫ બંને હુકમો પબ્લીક સર્વિસ કમિશન દ્વારા SLP ૮૩૯૪ અને ૮૩૯૬ ઓફ ૨૦૦૫ માં પડકારવામાં આવેલ જેમાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ઈન્સ્પેકશન કરવા મંજુરી આપેલ તે હુકમની સામે મનાઈ હુકમ ફરમાવેલ હતો. અગાઉ ૩૦-૦૯-૦૫ માં આ રીવીઝન પીટીશન કોર્ટ સમક્ષ મૂકવામાં આવતા પીટીશનરના એડવોકેટે જયાં સુધી એસએલપીનો નિર્ણય ન આવે ત્યાં સુધી સુનાવણી મોકુફ રાખવા રજુઆત કરેલ. પરંતુ કોર્ટે એવું જણાવ્યું કે (૦૪-૦૧-૦૬ ના રોજ) આ કેસ મનાઈ હુકમ આપવા માટે યોગ્ય નહોતો છતાં પીટીશનરના એડવોકેટે માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની જોગવાઈ જોતાં આ કેસના ગુણ-દોષ તપાસવા સમય માંગેલો.

**<u>કોર્ટની સુનાવણીની વિગતો :</u>**

કોર્ટે બન્ને પક્ષકારોના એડવોકેટને સાંભળ્યા અને જણાવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની જોગવાઈઓથી અસંગત છે. માહિતી અધિકાર અધિનિયમ કલમ-૩ અન્વયે નાગરિકોને માહિતી મેળવવાનો અધિકાર આપે છે અને કલમ-૨(એફ) માં જણાવેલ વ્યાખ્યા મુજબની માહિતી જાહેર સત્તા મંડળ પાસેથી માંગવાનો નાગરિકોનો અધિકાર છે. તેથી આગળ જોયું તે દાવામાં ઊભા કરવામાં આવેલ વિવાદોના ગુણદોષમાં પડયા વગર ફરિયાદી માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા માટે લાયકાત ધરાવે છે.

પીટીશનરના એડવોકેટ દ્વારા મુખ્ય બે મુદ્દા અંગે વાંધા અરજી કરવામાં આવેલ છે.

(૧) ફરિયાદીએ સીવીલ કોર્ટમાં અરજી કરી છે અને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ નિયુકત કરેલ માહિતી અધિકારી પાસે કરેલ નથી. તેથી તેવી માહિતી સીવીલ કોર્ટ પાસે માંગી શકાય નહી.

(૨) અને સુપ્રીમ કોર્ટે એસએલપી તા.૧૯-૦૪-૦૫ થી હુકમ કર્યો છે તેથી પબ્લીક સર્વિસ કમિશનને માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(b) મુજબ માહિતી જાહેર કરવામાંથી મુકિત મળે છે.

- **કોર્ટનું નિરીક્ષણ**

  કોર્ટ એમ નોંધે છે કે પીટીશનરના એડવોકેટે કરેલ દલીલ સાથે કોર્ટ સંમત નથી કારણ કે અરજદારે સીવીલ કોર્ટમાં દાવા અરજી કરેલ છે તેથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ફરિયાદીને મળેલ માહિતી મેળવવાનો અધિકાર છીનવાઈ જતો નથી. માહિતી અધિકાર અધિનિયમની કલમ-6 મુજબ અરજદારે માહિતી માટેની વિનંતી અરજીમાં કોઈ કારણ જણાવવાના રહેતા નથી. ફકત મુદ્દો ફીનો છે. જે માહિતી માંગી હોય તે અંગેની નિયત ફી ભરીને માહિતી માંગી શકાય. પણ ફકત **<u>''સીવીલ કોર્ટમાં અરજી કરી છે અને માહિતી અધિકારી સમક્ષ અરજી કરી નથી'' તેવા કારણોસર માહિતી આપવાનું અટકાવી શકાય નહી.</u>**

  કોર્ટ એમ પણ નોંધે છે કે સુપ્રીમ કોર્ટે તા.૧૯-૦૪-૦૫ થી જે હુકમ કર્યો છે તેની શબ્દશઃ વિગતો જોતાં, સુપ્રિમ કોર્ટે ફકત આ હુકમથી ઈન્સ્પેકશનની પરમીશન આપવાની બાબતનો મનાઈ હુકમ આપેલ છે પણ સુપ્રિમ કોર્ટે એવો હુકમ નથી કર્યો કે જેનાથી પબ્લીક સર્વીસ કમિશનને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ માહિતી આપવા માટેનો પ્રતિબંધ મૂકયો હોય. પરિણામે માહિતી અધિકાર અધિનિયમના કલમ-8(1)(b) મુજબ માહિતી નકારવા માટેની મુકિત પ્રસ્તુત હુકમથી પબ્લીક સર્વિસ કમિશનને મળતી નથી. (આમ કરવાથી કન્ટેમ્પ ઓફ કોર્ટ થતો નથી)

- **<u>કોર્ટનો નિર્ણય :</u>**

  ઉપરની વિગતો સંદર્ભે આ રીવીઝન પીટીશનમાં યર્થાથતા જણાતી નથી તેથી રદ કરવામાં આવે છે. માંગેલ માહિતી કાયદાની જોગવાઈ મુજબ પુરી પાડવા પ્રતિવિવાદીને આદેશ કરવામાં આવે છે. ફરિયાદીને ફી અંગેની જરૂરી રકમ ભરવા આ હુકમ મળ્યેથી પ્રતિવિવાદીએ એક માસમાં જણાવવાનું રહેશે.

## <u>કેસ નંબર-૯૨</u>

**જાહેર માહિતી અધિકારીને દંડ કરતાં પહેલાં કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવી જોઈએ. દંડ અંગેનો હુકમ કર્યા પછી કારણદર્શક નોટીસ ઈસ્યૂ કરવી એ કાયદાની જોગવાઈ વિરુધ્ધ છે.**

**દિલ્હી હાઈકોર્ટના મા. ન્યાયાધીશ સંજીવ ખન્નાનો ચુકાદો**
**W.P (C) No. 5204 / 2008**
**ડૉ. (મીસીસ) સરલા રાજપૂત વિરુધ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને બીજાઓ**
**લાગુ પડતી કલમ-20(1)**
**ચુકાદાની તા. ૦૨-૦૭-૨૦૦૯**
**કુલ પાનાની સંખ્યા : ૭**

**<u>કેસની વિગત :</u>**

- પીટીશનર એટલે કે જાહેર માહિતી અધિકારીએ કેન્દ્રીય માહિતી આયોગના તા.૧૫-૧૨-૦૭ ના હુકમને આ રીટથી પડકારેલ છે. જેમાં આયોગે જાહેર માહિતી અધિકારીને રૂા.૨૫૦૦૦/- ના દંડ નો હુકમ કર્યો છે.

- પ્રસ્તુત કેસની વિગતો જોતાં, પ્રતિવિવાદી નં. ૪ એ કેટલીક માહિતી જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને માંગેલ હતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુતરથી અસંતોષ થતાં અરજદારે પ્રથમ અપીલ અને ત્યાર પછી બીજી અપીલ કેન્દ્રીય માહિતી આયોગને કરેલ.

- **<u>રાજય માહિતી આયોગના હુકમની વિગત :</u>**

કેન્દ્રીય માહિતી આયોગે નેશનલ કાઉન્સીલ ફોર એજયુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ (**NCERT**) ની રજુઆતોની વિરુધ્ધમાં નિર્ણય લઈ તા.૧૫-૧૨-૦૭ ના હુકમ કાયદાની કલમ-૨૦(૧) મુજબ પીટીશનરને રૂપિયા ૨૫,૦૦૦/- નો દંડ કરવામાં આવ્યો.

આયોગ તેમના હુકમના મુદ્દા નં.૬ માં લખે છે કે ''જાહેર માહિતી અધિકારી જણાવે છે કે અરજદારે માંગેલ માહિતી તેઓએ આપેલ નથી કારણ કે ઉચ્ચ અધિકારીઓએ આવી માહિતી જાહેર ન કરવા આગ્રહ રાખેલ અને તેઓ એવો આગ્રહ રાખતા હતા કે તેમના ડીપાર્ટમેન્ટ દ્વારા જે નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમાં અરજદારે માંગેલ માહિતી ખાનગી ગણવામાં આવેલ છે''
અને આયોગ એવું નોંધે છે કે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ને અમલમાં આવ્યાના બે વર્ષ સુધીમાં સૌ પ્રથમ અમારી સમક્ષ આવો કેસ આવ્યો છે જેમાં જાહેર સત્તામંડળો દ્વારા એવો અભિગમ લેવાયો હોય કે તેઓ કર્મચારીઓ હોવાને કારણે તેઓ જાહેર થયેલા નિયમો પ્રમાણે વર્તવા બંધાયેલા છે..............'' અને આયોગ આ બાબતે ખૂબજ ગંભીર ગણીને જાહેર માહિતી અધિકારીને રૂા.૨૫૦૦૦/- નો દંડ કાયદાની કલમ-20(1) મુજબ લાદે છે.

- **<u>હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

➢ હાઈકોર્ટે કાયદાની કલમ-20(1) અને 20(2) ની જોગવાઈનું શબ્દશ : વર્ણન કરીને નોંધ્યું છે કે આયોગે તા.૧૫-૧૨-૨૦૦૭ ના હુકમથી દંડ કરેલ છે. પરંતુ કલમ-૨૦(૧) ની જોગવાઈઓમાં જણાવ્યા મુજબ પીટીશનરને સાંભળવાની યોગ્ય તક આપવામાં આવી નહોતી અને દંડ જાહેર કરતાં પહેલા શા માટે દંડ લાદવો ન જોઈએ'' એવી કારણદર્શક નોટીસ પણ ઈશ્યૂ કરવામા આવી નહોતી. કાયદાની કલમ-૨૦(૧) મુજબ જાહેર માહિતી અધિકારીને પોતાની તરફેણમાં રજુઆત કરવા અને તેને વ્યાજબી ઠેરવવા માટે સાંભળવાની યોગ્ય તક આપવી ફરજિયાત છે.

➢ કોર્ટ એમ પણ નોંધે છે કે ''દંડ આપો આપ નથી'' એટલે કે જયારે કેન્દ્રીય માહિતી આયોગ દ્વારા અપીલ સાંભળવાની તક આપવામાં આવી હોય ત્યારે દંડ આપોઆપ અથવા ફરજિયાત બનતો નથી.

➢ પીટીશનરની રજુઆત મુજબ તા.૩૧-૦૧-૨૦૦૭ થી તેમની **NCERT** ની સેવાઓમાંથી વયનિવૃત્ત થયા હતા અને તા.૧૫-૧૨-૨૦૦૭ ના હુકમથી તેમને કરેલ દંડ રૂપિયા ૨૫૦૦૦/- તેમના પગારમાંથી વસૂલ કરવા હુકમ કરેલ. પછી બીજો હુકમ તા.૨૩-૦૬-૦૮ થી થયેલ જેમાં તેમને કરવામાં આવેલ દંડ પેન્શનમાંથી વસૂલ કરવામાં આવે તેવો હતો.

➢ ઉપરના સંજોગો જોતાં, આયોગ દ્વારા કરવામાં ઓવેલો તા.૧૫-૧૨-૨૦૦૭ નો હુકમ સ્પષ્ટ રીતે કાયદાની કલમ-૨૦(૧)નો ભંગ છે અને તેથી પીટીશનરે કરવામાં આવેલો સદર તા.૧૫-૧૨-૨૦૦૭ નો હુકમ ટકી શકે તેમ નથી. જે રદ કરવામાં આવે છે.

➢ આયોગના એડવોકેટે કોર્ટનું ધ્યાન દોર્યુ કે તા.૨૩-૦૬-૦૮ નો હુકમ **NCERT** ના સત્તામંડળની રીવ્યુ માટેની અરજી કર્યા પછી થયો હતો. તા.૧૫-૧૨-૨૦૦૭ નો રૂા.૨૫૦૦૦/- નો દંડ કરવાનો હુકમ થયા પછી તા.૧૫-૦૧-૨૦૦૮ ના પત્રથી કાયદાની કલમ-૨૦(૧) મુજબ કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવામાં આવી હતી !!.

➢ કોર્ટ નોંધે છે કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ માં નિર્ણય લીધા પછી (**Post decision**) કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવાની કોઈ જોગવાઈ નથી. ખરેખર દંડ જાહેર કરતાં પહેલા કારણદર્શક નોટીસ ઈશ્યૂ કરવી જોઈએ અને તે પછી દંડ જાહેર કરતાં પહેલા અંતિમ તારણો રેકર્ડ ઉપર નોંધવા જોઈએ અને પછી દંડનો હુકમ કરવો જોઈએ. જો કે, પીટીશનરની રજુઆત મુજબ પીટીશનરને તા.૧૫-૦૧-૨૦૦૮ ની કારણદર્શક નોટીસ મળવા બાબતે પણ વિવાદ છે અને કોર્ટ એમ પણ નોંધે છે કે તા.૨૩-૦૬-૦૮ નો હુકમ પણ ટકી શકે તેમ નથી. આ હુકમ પણ રદ કરવામાં આવે છે.

- **<u>કોર્ટનો નિર્ણય :</u>**

➢ બાબત કેન્દ્રીય આયોગને પરત કરવામાં આવે છે.
➢ તા.૧૦-૦૮-૦૯ ના રોજ પીટીશનર અથવા તેમના પ્રતિનિધિ કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ હાજર રહેશે.
➢ કોર્ટે આદેશ કરે છે કે અગાઉના તેમના કોઈ હુકમની અસરમાં આવ્યા સિવાય માહિતી અધિકાર નિયમોની કલમ-૨૦(૧) મુજબ આયોગે કેસને ફરીથી તપાસીને પ્રસ્તુત કિસ્સામાં દંડ લાગુ પાડી શકાય કે કેમ ? તે અંગે કાર્યવાહી હાથ ધરવી.
➢ કોર્ટે કેસની પાત્રતા વિશે કોઈ અભિપ્રાય વ્યકત કર્યા નથી.

**કેસ નંબર-૯૩**

| |
|---|
| **ઉત્તરપ્રદેશની રાજય સરકારના એમ્બેસેડર અમિતાભ બચ્ચન અને તે વખતના ઉત્તરપ્રદેશ વિકાસ પરિષદના સભ્ય જાહેર સત્તા મંડળ ન ગણાય.** |

| |
|---|
| **ઉત્તરપ્રદેશ અલાહાબાદ હાઈકોર્ટના મા. ન્યાયાધીશ શ્રી ધાઓન અને મા.ન્યાયાધીશ શ્રી એસ. એસ. ચૌહાણનો ચુકાદો**<br>**બ્રીજભૂષણ દુબે વિ. રાજય માહિતી આયોગ અને બીજાઓ**<br>**W.P No. 8464 (M/B) OF 2007**<br>**લાગુ પડતી કલમ-2(h)**<br>**ચુકાદાની તા. ૨૭-૧૧-૨૦૦૭**<br>**કુલ પાનાની સંખ્યા : ૬** |

**કેસની વિગત :**

- પીટીશનરે ઉત્તરપ્રદેશ રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરના તા.૧૫-૧૦-૨૦૦૭ ના હુકમને સદર રીટથી પડકારેલ.

- મૂળ કેસની વિગત એવી છે કે માર્ચ-૨૦૦૭ માં અરજદાર શ્રી દુબેએ તા.૩૦-૦૩-૦૭ ની અરજીથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ શ્રી અમિતાભ બચ્ચન પાસેથી તેમણે ઈલેક્ટ્રોનિક મીડીયામાં કરેલી એક જાહેરાતના અન્વયે કેટલીક માહિતી માંગી હતી. પરંતુ તેમના તરફથી ૩૦ દિવસમાં માહિતી ન મળતાં અરજદારે રાજય માહિતી આયોગ લખનૌની કચેરીમાં માહિતી અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૧૮ મુજબ ફરિયાદ કરીને માહિતી મેળવવા સારૂ રજુઆત કરેલ. આ ફરિયાદ અન્વયે આયોગે તા.૨૬-૯-૦૭ થી શ્રી અમિતાભ બચ્ચનને માહિતી પુરી પાડવા નોટિસ આપેલી. આ નોટીસના જવાબ રૂપે શ્રી અમિતાભ બચ્ચનની સુચનાથી તેમના એડવોકેટ પ્રદીપકુમારે આયોગને જવાબ મોકલી આપ્યો, અને તે મુજબ આયોગે તા.૧૫-૧૦-૨૦૦૭ થી એવો હુકમ કર્યો કે ત્રાહિત વ્યકિતએ આપેલ વિગતો-રેકોર્ડનો અભ્યાસ કરતાં શ્રી અમિતાભ બચ્ચને કરેલી આક્ષેપિત જાહેરાતને સંદર્ભે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઈઓ લાગુ પડતી નથી.

- **હાઈકોર્ટમાં સુનાવણીની વિગતો :**

  પીટીશનરના એડવોકેટશ્રી ચંદ્રભાનુ પાંડેએ રજુઆત કરી કે આક્ષેપિત જાહેરાત અંગે આયોગે કરેલ હુકમ આધાર વગરનો અને ગેરકાયદેસરનો છે અને આ કોર્ટનો એક ચુકાદો સતીષકુમાર વિ. ઉત્તરપ્રદેશ રાજય (૨૦૦૬) નો આધાર આપી જણાવ્યું કે, પ્રસ્તુત હુકમ આયોગે પ્રસ્થાપિત થયેલ કાયદાના સિધ્ધાંતો મુજબ ઓથોરીટીને જે સત્તાઓ આપવામાં આવેલી છે તે મુજબ જ કાર્યો કરવા જોઈએ. પણ આ કિસ્સામાં આયોગે તે પ્રમાણે ન અનુસરીને તા.૨૬-૦૮-૦૭ નો વિવાદી હુકમ કરેલ છે.

- **હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :**

  - માર્ચ-૨૦૦૭ માં શ્રી અમિતાભ બચ્ચન (એક જાણીતા કલાકાર) અને ઉત્તરપ્રદેશ વિકાસ પરિષદના સભ્ય તથા ઉત્તરપ્રદેશ સરકારના બ્રાન્ડ એમ્બેસેડર એ ઈલેક્ટ્રોનિક ચેનલમાં એક જાહેરાત કરેલી.

તેનો ઉલ્લેખ કરી માહિતી અધિકાર અધિનિયમની ૨૦૦૫ ની કલમ-૬ મુજબ પીટીશનરે માંગેલી માહિતી આપવામાં ન આવતાં આયોગમાં ફરિયાદ થયેલ.

- ફરિયાદના અનુસંધાને આયોગે મોકલેલી નોટીસના જવાબમાં શ્રી અમિતાભ બચ્ચનના એડવોકેટ શ્રી પ્રદિપકુમારે તા.૧૦-૧૦-૦૭ ના રોજ આયોગને જવાબમાં મોકલી આપવામાં આવ્યો હતો. આ જવાબમાં અમિતાભ બચ્ચને તેમના એડવોકેટ મારફતે એવું જણાવેલ કે અમિતાભ બચ્ચન ઉત્તરપ્રદેશ વિકાસ પરિષદના માનદ્ સભ્ય હતા અને ઉત્તરપ્રદેશ રાજય સરકારના બ્રાન્ડ એમ્બેસેડર હતા અને હોદ્દા સાથે સંકળાયેલ કોઈ સુવિધાઓ અથવા નાણાંકીય સહાય શ્રી અમિતાભ બચ્ચને મેળવેલ નહોતી અને પોતાની ઉત્તમ ક્ષમતાઓ મુજબ રાજયની સેવા કરી છે.

- આ પીટીશનને રદ કરવા માટે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની સંબંધિત કલમોનો વિગતવાર શબ્દશઃ ઉલ્લેખ કરીને કોર્ટ કાયદાની કલમ-2(h) મુજબની જાહેર સત્તામંડળની વ્યાખ્યા કલમ-11 મુજબની ત્રાહિત વ્યકિતને લગતી જોગવાઈઓ, કલમ-2(j) મુજબ ઉપલબ્ધ અને નિયંત્રણમાં હોય તેવી માહિતીઓ અરજદારને મેળવવાનો અધિકાર છે એવી છણાવટ કરીને કોર્ટે સ્પષ્ટતા કરી.

- કાયદાની ઉપર જણાવેલી જોગવાઈઓનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ જાહેર સત્તામંડળ પાસેથી માહિતી મેળવી શકાય છે.

- હાઈકોર્ટે એવું નોધે છે કે શ્રી અમિતાભ બચ્ચન ઈલેકટ્રોનિક ચેનલમાં વિવાદી જાહેરાતમાં ફકત એક કલાકર તરીકે વર્ત્યા છે અને તેઓ ઉત્તરપ્રદેશ રાજયનાં બ્રાન્ડ એમ્બેસેડર હોવાને કારણે કોઈપણ રકમ મેળવેલ નથી.

- અને તા.૧૦-૧૦-૦૭ ના જવાબમાં શ્રી અમિતાભ બચ્ચનના એડવોકેટે જણાવ્યા મુજબ શ્રી અમિતાભ બચ્ચને તેમના ઉપર જણાવેલ હોદ્દા સાથે સંકળાયેલ કોઈ સુવિધાઓ મેળવેલ નથી.

- પીટીશનરે પણ તેમની રજુઆતમાં કયાંય એવી કોઈ રજુઆત કરેલ નથી કે અમિતાબ બચ્ચન રાજય સરકાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે નાણાં મળ્યા હતા.

- રાજય માહિતી આયોગ, લખનૌએ પણ વિવાદી હુકમમાં ઠરાવ્યું છે કે શ્રી અમિતાભ બચ્ચન દ્વારા કરવામાં આવેલી આક્ષેપિત જાહેરાત સંદર્ભે માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કોઈ જોગવાઈઓ લાગુ પડતી નથી.

- વધુમાં અમિતાભ બચ્ચનના અડવોકેટ તરફથી રજુ કરવામાં આવેલ જવાબમાં તે સમયે ઉત્તરપ્રદેશ રાજયમાં ચૂંટણી અન્વયે આચાર સંહિતા અમલમાં હતી અને ઉત્તરપ્રદેશનાં ચૂંટણી કમિશનરે પણ તે જાહેરાતનો ટેલિકાસ્ટ કરવા માટે મંજૂરી આપેલ હતી.

- **કોર્ટનો નિર્ણય :**

તેથી તા.૧૫-૧૦-૨૦૦૭ ના રાજય માહિતી આયોગ લખનૌ, ઉત્તરપ્રદેશનો વિવાદી હુકમમાં કોઈ ગેરકાયદેસરતા અથવા અસ્થિરતા નથી. તેથી રીટમાં લાયકાતનો અભાવ હોઈ એ પ્રમાણે એડમીશન તબકકે રદ કરવામાં આવે છે.

**કેસ નંબર-૯૪**

| |
|---|
| **માહિતી જાહેર કરવાથી તેનો દુરુપયોગ થશે એવી દહેશત માત્રથી માહિતી જાહેર ન કરવાનું વ્યાજબી ગણી શકાય નહી.** |

| |
|---|
| **દિલ્હી હાઈકોર્ટના મા. ન્યાયાધીશ શ્રી એસ. મુરલીધરનો ચુકાદો**<br>**યુનિયન ઓફ ઈન્ડીયા વિરુધ્ધ બાલેન્દ્રકુમાર**<br>**લાગુ પડતી કલમ : 8(1)(j), 11(1), 10(1)**<br>**W.P.No. 120/2010 & CM. APPL No. 233/2010**<br>**ચુકાદાની તારીખ ૨૯-૦૯-૨૦૧૦**<br>**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૬** |

## (૧) કેસની વિગત

કેન્દ્રીય માહિતી આયોગના તા.૧૪-૦૯-૨૦૦૯ ના માહિતી પુરી પાડવાના હુકમને આ રીટમાં પડકારવામાં આવેલ.

અરજદાર એટલે કે પ્રતિવિવાદી બાલેન્દ્રકુમારે, મીનીસ્ટ્રી ઓફ એક્ષ્ટર્નલ અફેર્સ દિલ્હીની કચેરીમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજી કરીને તા.૧૬-૦૯-૨૦૦૮ થી કેટલીક માહિતી માંગેલ. જેમાં, સેન્ટ્રલ વીજીલન્સ કમિશનને તા.૧૩-૦૪-૨૦૦૭ ના રોજ કરેલ ફરિયાદ સંદર્ભે સેન્ટ્રલ વીજીલન્સ કમિશનના સેન્ટ્રલ વીજીલન્સ ઓફિસરે સુપ્રત કરેલા એકશન ટેકન રિપોર્ટ (તા.૨૪-૦૭-૦૭) અન્વયે માહિતી માંગવામાં આવેલ. આ માહિતીમાં તમામ ખાતાકીય નોંધો, ડીપાર્ટમેન્ટ અને આક્ષેપિત અધિકારી વચ્ચેના પત્રવ્યવહારોની નકલો અને મૌખિક તપાસ કરવામાં આવેલ તે તમામ નોંધોની નકલો માંગવામાં આવેલ. જે અન્વયે તા.૦૫-૧૦-૨૦૦૮ થી કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી, મીનીસ્ટ્રી ઓફ એક્ષ્ટર્નલ અફેર્સ દ્વારા કલમ-8(1)(j) નો આધાર લઈ અરજદારને માહિતી આપવાનું નકારેલ હતું. તે હુકમની સામે થયેલ પ્રથમ અપીલમાં પણ તા.૧૧-૧૧-૨૦૦૮ ના માહિતી નકારવા અંગેના જાહેર માહિતી અધિકારીના હુકમને માન્ય રાખી પ્રથમ અપીલ અધિકારીએ અપીલ કાઢી નાંખેલ અને પછી અરજદારે આયોગ સમક્ષ બીજી અપીલ કરી.

- **<u>કેન્દ્રીય માહિતી આયોગની અપીલ અંગેની વિગતો :</u>**

અરજદારે કેન્દ્રીય માહિતી આયોગ સમક્ષ રજુઆત કરેલ કે, માર્ચ-૨૦૦૭ માં તુર્કી, અંકારામાં ભારતીય એલચી કચેરીમાં સરકારી નાણાંના દુરુપયોગ થયેલ તે અંગેની ફરયિાદ વિશેના એકશન ટેકન રિપાર્ટ અંગેની માહિતી ભારતીય નાગરિકોને મળવી જોઈએ. જાહેર માહિતી અધિકારીએ સદર આક્ષેપો પાયા વગરના હોઈ અને સ્પષ્ટ રીતે સરકારી નાણાંનું કોઈ નુકશાન થયેલ ન હોઈ આ બાબતે સેન્ટ્રલ વીજીલન્સ કમિશને નિર્ણય લઈ આગળ કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધેલ તેમ રજુઆત કરી.

કેન્દ્રીય માહિતી આયોગને, કેન્દ્રીય જાહર માહિતી અધિકારીએ 8(1)(j) કલમનો, આધાર લઈને માહિતી આપવાની ના પાડેલ તે યોગ્ય જણાયેલ નથી. કારણ કે આ બાબતમાં વ્યકિતગત હિત કરતાં જાહેર હિત વધારે જણાતું હતું. અને તેથી તે મુજબ તા.૧૫-૦૬-૦૯ સુધીમાં અરજદારને માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવેલ.

પરંતુ કેન્દ્રીય માહિતી આયોગના હુકમ પછી મીનીસ્ટ્રી ઓફ એક્ષટર્નલ અફેર્સના માહિતી અધિકારીએ કાયદાની કલમ-૧૧(૧) ની જોગવાઈઓ મુજબ તુર્કીના ભારતીય એલચી કચેરીના સંબંધિત અધિકારીને નોટીસ આપીને પૂછતાં તેમણે વાંધો રજુ કરતાં, કેન્દ્રીય માહિતી આયોગ દ્વારા ૨૮-૦૮-૦૯ ના રોજ તેમને સાંભળવામાં આવ્યા. સુનાવણી દરમિયાન એમ્બેસેડરે એટલે કે અધિકારી કે જેમની વિરુધ્ધ ફરિયાદ હતી, તેમણે તેમના વિરુધ્ધની થયેલી ઈન્વેસ્ટીગેશનની વિગતો જણાવી. સુનાવણી દરમિયાન મીનીસ્ટ્રી ઓફ એફેર્સના પ્રતિનિધિઓએ જણાવ્યું કે ઈન્કવાયરી પૂર્ણ થઈ ગયેલ છે અને કેસ બંધ થઈ ગયેલ છે તેથી જો હવે માહિતી જાહેર કરવામાં આવે તો ઈન્કવાયરી કરનાર સેન્ટ્રલ વીજીલન્સ અને મીનીસ્ટ્રી ઓફ એફેર્સની તપાસમાં આત્મવિશ્વાસનો અભાવ છે એવું દેખાય. આયોગે જણાવ્યું કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ કે અન્ય કોઈ કાયદામાં એવું લખ્યું નથી કે એક વાર કોઈ કેસ બંધ થઈ ગયા પછી માહિતી જાહેર કરી શકાય નહી. દરમિયાનમાં સેન્ટ્રલ વીજીલન્સ ઓફિસર દ્વારા કરવામાં આવેલ ઈન્કવાયરી રિપોર્ટ આયોગ દ્વારા ફરીથી અભ્યાસ કરતાં તેમાં સ્પષ્ટપણે જણાયું કે સદર તપાસ પરથી એવું ફલીત થાય છે કે તુર્કીના ઈન્ડીયન એમ્બેસીના એમ્બેસેડર તેમની ફરજના ભાગરૂપે અને હોદ્દાની રૂએ નાણાકીય વ્યવહારો કરેલ છે. જેમા કયાંય કશું વ્યકિતગત જણાતું નથી અને સંબંધિત અધિકારીને દાગ વગરના જાહેર કરેલ છે. નાણાકીય વ્યવહારો ઓડિટને પાત્ર છે અને જે કાંઈ દસ્તાવેજો છે તે કચેરીમાં ઉપલબ્ધ છે તેમજ આ માહિતી કલમ-8(1)(j) અન્વયે અંગત માહિતી કે માહિતી આપવાની મુકિત મર્યાદામાં આવતી નથી.

મીનીસ્ટ્રી ઓફ એક્ષટર્નલ એફેર્સના અધિકારીઓએ આવી માહિતી જાહેર કરવાથી સમૂહ માધ્યમોમાં તેની ખોટી રજુઆત થાય તો અધિકારીઓ તથા મીનીસ્ટ્રીની ખોટી છાપ ઉભી થાય અને તેમની આબરૂને/પ્રતિષ્ઠાને નુકશાન થાય. તેની સામે કેન્દ્રીય માહિતી આયોગે એવો મત વ્યકત કર્યો કે આ બાબતને માહિતી જાહેર ન કરવાના આધાર તરીકે લઈ ન શકાય કારણ કે માહિતી અંગત પ્રકારની નથી અને સરકારી નાણાંનો દુરુપયોગના આક્ષેપો થયા હોય ત્યારે માહિતી જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે. અને આયોગે તા.૫-૧૦-૨૦૦૯ ના હુકમથી  કાયદાની કલમ-10(1) મુજબ ઈન્કવાયરી રિપોર્ટની કોઈ માહિતીની વિભાજયતા કરવા યોગ્ય લાગતી હોય તો તેટલું વિભાજય કરીને બાકીની માહિતી અરજદારને આપવા આદેશ કરવામાં આવ્યો અને તેમ કર્યાની આયોગને જાણ કરવા આદેશ આપવામાં આવ્યો.

- **<u>હાઈકોર્ટમાં રીટની વિગતો :</u>**

બંને પક્ષકારોના એડવોકેટને સાંભળ્યા. (અભિનવ રાવ-પીટીશનરના અને પ્રશાંતભૂષણ-પ્રતિવિવાદી નં.૧)
- મીનીસ્ટ્રી ઓફ એફેર્સ-ભારત સરકાર તરફથી શ્રી રાવે એવી રજુઆત કરી કે પ્રસ્તુત કેસમાં એલચી કચેરીના એલચીના અધિકારો (કે જેમની સામે આક્ષેપો થયેલ છે) જોતાં આવી માહિતી જાહેર કરવાની બાબતને સરળતાથી લઈ શકાય નહિ. અને આ બાબતે  તેમણે અરવિંદ કેજરીવાલ વિ. કેન્દ્રીય માહિતી આયોગના ૨૦૧૦ **(VI) AD** (દિલ્હી) ના આ જ કોર્ટના ચુકાદાનો આધાર ટાંકેલ હતો.

કોર્ટે આ દલીલ ટકી હાકે તેમ નથી તેવું કહીને જણાવ્યું કે, અરવિંદ કેજરીવાલના કિસ્સામાં અધિકારીઓના એન્યુઅલ કોન્ફીડન્સીયલ રીપોર્ટ આપવાની બાબતે ત્રાહિત પક્ષકારને સાંભળ્યા વગર માહિતી જાહેર કરવાની બાબત હતી. જયારે પ્રસ્તુત કિસ્સામાં એલચી કચેરીના સંબંધિત અધિકારી કે જેમની વિરુધ્ધ આક્ષેપો થયેલા તેમને આયોગે કલમ-૧૧(૧) મુજબની યોગ્ય તે કાર્યવાહી કરીને ત્રાહિત પક્ષકારને નોટીસ આપીને સાંભળવાની તક આપીને સાંભળ્યા પછી હુકમ કર્યો છે. અને માહિતી વ્યકિતના અંગત હિત કરતાં જાહેર હિતમાં પ્રસિધ્ધ કરવી જરૂરી જણાતા આ હુકમ કરેલ છે.

- વધુમાં કોર્ટ એમ પણ નોંધે છે કે અરજદારે માંગેલ માહિતી અધિકારીની (એલચી) ની અંગત માહિતી નથી. પરંતુ તેમની ઓફિસીયલ કેપેસીટીમાં કરેલ બાબતો ને લગતી છે. અને તેવી કામગીરીને અંગત માહિતી ગણી શકાય નહી.

- તેથી કોર્ટને સંતોષ થાય છે કે કેન્દ્રીય માહિતી આયાગે ત્રાહિત પક્ષકારની જોગવાઈઓ અને તેની સામે વ્યકિતની અંગત માહિતી અંગેની જોગવાઈઓ ધ્યાને લઈ સંબંધિત અધિકારીને સાંભળીને હુકમ કર્યો છે. તેમજ મીનીસ્ટ્રી ઓફ એક્ષર્ટનલ એફેર્સના અધિકારીઓને જરૂર જણાય તો કાયદાની કલમ-૧૦(૧) ની વિભાજયતાનો ઉપયોગ કરી માહિતી જાહેર કરવા જણાવેલ છે જે બાબત કોઈ રીતે ભૂલ ભરેલી નથી.
- વધુમાં આવી માહિતી જાહેર કરવાથી તેનો દુરપયોગ થશે એવી દહેશત આયોગ સમક્ષ તેમજ અમારી સમક્ષ પણ વ્યકત કરવામાં આવી છે. તે અંગે કોર્ટ જણાવે છે કે કોઈપણ સત્તામંડળ માહિતી આપવાથી દુરપયોગ થશે તેવી પૂર્વધારણાઓને આધીન કાર્યવાહી કરી શકે નહી અને ફકત આવી દહેશત માહિતી જાહેર ન કરવા માટેનું કારણ વ્યાજબી ગણી શકાય નહી.

**<u>કોર્ટનો નિર્ણય :</u>**

તેથી કોર્ટને આયોગ દ્વારા કરવામાં આવેલ હુકમમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ રીતે ઉચિત જણાતું નથી.

## કેસ નંબર-૯૫

| પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) સંગઠન પણ જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવી શકે. |
|---|

| ચેન્નઈ હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી કે. ચંદ્રુનો ચુકાદો<br>લાગુ પડતી કલમ : 2(h)(d)<br>W.P.No. 9794 of 2008 અને M.P.No. 1 and 2 of 2008<br>ન્યુ તિરુપુર એરીયા ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ અને બીજાઓ<br>રાજય સરકાર તાલિમનાડુ, મુખ્યમાહિતી કમિશ્નર ચેન્નઈ અને બીજાઓ<br>ચુકાદાની તારીખ ૦૬-૦૪-૨૦૧૦<br>ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૩ |
|---|

- **કેસની વિગત**

➢ આ રીટ ચેન્નઈના રાજય માહિતી આયોગના તા.૨૪-૦૩-૨૦૦૮ ના હુકમ ની સામે કરવામાં આવેલ છે. જેમાં રાજય માહિતી આયોગે ન્યુતિરુપુર એરીયા ડેવલપમેન્ટ કોર્પોરેશનને કલમ-2(h)(d) હેઠળ ''જાહેર સત્તામંડળ'' તરીકે ગણી શકાય તેવો હુકમ કરેલ છે તેને પડકારવામાં આવેલ છે. આ હુકમ સંદર્ભે પીટીશનરે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજદારે માંગેલ માહિતી કંપનીને પુરી પાડવા હુકમ કરવામાં આવેલ છે. કોર્ટ સમક્ષ મુખ્ય પ્રશ્ન એ ઉપસ્થિત થયો છે કે પીટીશનર કંપની માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-2(h)(d) હેઠળ જાહેર સત્તામંડળ ગણાય કે કેમ ?

➢ પીટીશનર તથા પ્રતિવિવાદી પક્ષના એડવોકેટને સાંભળવામાં આવ્યા.

**<u>માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજદારે માંગેલ માહિતીની વિગત</u>**

જુદા જુદા બે અરજદારોએ કેટલીક માહિતી માંગેલ તેમાં કંપની દ્વારા નકકી થયેલ ટેરીફ, ઈન્ડસ્ટ્રીયલ સપ્લાય કરવા માટેની કિંમતો, અને પાણીના વિતરણ માટેની કિંમતોમાં તફાવતના કારણો અને બીજી અન્ય વિગતો માંગવામાં આવેલ.

- **<u>કંપનીનો પ્રતિભાવ :</u>**

આવી અરજી મળ્યા પછી કંપનીના સંબંધિત વિભાગ દ્વારા એવું જણાવવામાં આવેલ કે તેમની કંપની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ જાહેર સત્તા મંડળ નથી. જે અન્વયે અરજદારોએ માહિતી આયોગમાં ફરિયાદ કરેલ.

- **<u>ફરિયાદીની સુનાવણીમાં થયેલ રજુઆત :</u>**

- **<u>અરજદારોની રજુઆત :</u>**

➢ તાલિમનાડુ સરકાર દ્વારા પ્રમોટ કરવામાં આવેલ આ કંપની છે. તેમજ તામિલનાડુ સરકારની માલિકીની તામિલનાડુ વોટર ઈન્વેસ્ટમેન્ટ કંપની દ્વારા પણ આ તિરુપુર કોર્પોરેશનને પ્રમોટ કરવામાં આવેલ છે.伎

➢ સદર તિરુપુર કંપની દ્વારા તિરુપુર મ્યુનિસિપાલીટી અને આજુબાજુના વિસ્તારમાં પાણી પુરું પાડવાની કામગીરી કરવામાં આવે છે. જેથી જાહેર હિતમાં માહિતી પુરી પાડવી જોઈએ.

➢ તિરુપુર કંપનીમાં મુખ્ય હિસ્સો તામિલનાડુ સરકારની કંપની તેમજ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની અને અન્ય ઈન્સ્યોરન્સ કંપનીઓનો હિસ્સો છે.

➢ આ કંપની પાણીના સપ્લાયની નિયંત્રણની કામગીરી બજાવે છે તેમજ તામિલનાડુ સરકાર અને અન્ય જાહેર ક્ષેત્રની કંપનીઓ દ્વારા યોગ્ય ભંડોળ મેળવે છે તેથી કલમ-2(h)(d) હેઠળ જાહેર સત્તામંડળ ગણી શકાય.

- **<u>કંપનીની રજુઆત</u>**

➢ તિરુપુર કોર્પોરેશન, કંપની એકટ હેઠળ અસ્તિત્વમાં આવેલ કંપની છે અને તેને પ્રમોટ કરવામાં આવે છે તે તાલિમનાડુ વોટર ઈન્વેસ્ટમેન્ટ કંપની લીમીટેડ પોતે IL & FS ની સબસીડીયરી કંપની છે. કંપનીએ અન્ય શેરહોલ્ડર્સનું કેટલું ઈન્વેસ્ટમેન્ટ છે તેની વિગતો પુરી પાડી. જેમાં તેમના જણાવ્યા પ્રમાણે તામિલનાડુ સરકારના ૧૭% ઈન્વેસ્ટમેન્ટ છે. એટલે કે કંપનીના કુલ શેરભંડોળના ફકત ૫% શેરભંડોળ તામિલનાડુ સરકારનું છે અને બાકીનું ભંડોળ અન્ય ખાનગી પરદેશી કંપનીઓનું હોઈ તામિલનાડુ સરકારનું શેરભંડોળ સંગીન ગણી શકાય નહી એટલે કે Substantially financed ગણી શકાય નહી, અને તેમની કંપની માહિતી અધિકારના દાયરા હેઠળ આવતી નથી.

- **<u>આયોગનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

➢ આયોગે તા.૧૪-૦૩-૨૦૦૮ ના રોજ સુનાવણી કરીને તા.૨૪-૦૩-૦૮ ના રોજ હુકમ કર્યો કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ તિરૂપુર કોર્પોરેશન કલમ-2(h)(d) મુજબ જાહેર સત્તામંડળ ગણાય અને તેથી અરજદારે માંગેલી માહિતી પુરી પાડવી.

- **<u>હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

➢ પીટીશનર કંપનીના એડવોકેટ કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને આર્ટીકલ્સ ઓફ એસોસીએશનની નકલ સાથે કંપની રજીસ્ટ્રેશનની વિગતે ચર્ચા કરી જણાવ્યુ કે સદર કંપની ફકત સંગીન ભંડોળ મેળવતું નથી તેટલું જ નહી પણ કોઈપણ રીતે તે સરકાર દ્વારા નિયંત્રીત કે માલિકી હેઠળનું પણ ન ગણી શકાય.

➢ જો કે કંપનીને બિનસરકારી સંગઠન ગણવામાં આવે તો પણ તે સંગીન ભંડોળ સરકાર તરફથી મેળવતું નથી. તેથી જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં ન આવી ન શકે.

➢ તામિલનાડુ ઈન્વેસ્ટ કંપની તરફથી એડવોકેટે એવી રજુઆત કરી કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના પારદર્શિતા હેતુઓ તેમજ લોકોને માહિતગાર રાખવાના હેતુઓની ચર્ચા કરીને બેંગાલ ઈમ્યુનીટી કંપની લીમીટેડ વિરુઘ્ધ બિહાર રાજયના (૧૯૫૫) ના સુપ્રિમ કોર્ટે જણાવેલ સિઘ્ધાંતોની ચર્ચા કરી જણાવ્યું કે પ્રસ્તુત કિસ્સામાં પણ તે સિઘ્ધાંતો લાગુ પડે છે. માહિતી અધિકાર અધિનિયમમાં સામાન્ય કાયદાનો સિઘ્ધાંત માહિતી મેળવવાના અધિકાર જે અભિવ્યકિતનો મૂળભૂત અધિકાર છે તેનો કાયદો ઘડવાની બાબતમાં સમાવેશ થયેલ છે.

- માહિતી માંગનાર અરજદારો તરફથી તેમના એડવોકેટ દ્વારા એવી રજુઆત કરવામાં આવેલી કે તિરુપુર કંપની નિયત થયેલ વિસ્તારોમાં જન ભાગીદારીના ભાગરૂપે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ તરીકે પાણીનું વિતરણ અને તેના ટેરીફ વસૂલ કરે છે. એટલે કે પાણી પૂરવઠાનું તેમજ ગટર વ્યવસ્થા અને તેના નિયંત્રણ અંગેનું કાર્ય કરે છે તેથી તે જાહેર સત્તામંડળ ના કાર્ય જેવું કાર્ય ગણી શકાય.

- કોર્ટ એવું નોંધે છે કે કાયદામાં માલિકી અને નિયંત્રણ શબ્દો વાપર્યા છે. સીધી અથવા આડકતરી કે સંપૂર્ણ નિયંત્રણ એવો કોઈ ઉલ્લેખ નથી. સીધી અથવા આડકતરી રીતે નાણાં ભંડોળ મળતું હોય તો બે શબ્દો પૂરતા છે. સંગીન ભંડોળ (Substantially financed) ની વ્યાખ્યા પણ કાયદામાં આપી નથી, તેથી માહિતી આપવાની બાબતને ઉદારતાથી અર્થઘટન કરવું જોઈએ.

- કોર્ટ એમ પણ નોંધે છે કે કંપની પાણીના વિતરણનું તેમજ પાણીના શુધ્ધિકરણ અને તંદુરસ્તી જાળવવા અંગેનું જે કાર્ય કરે છે તે બંધારણના અનુચ્છેદ ૨૪૩ મુજબનું મ્યુનિસિપાલીટીઓ દ્વારા કરવામાં આવતા કાર્યો જેવું છે. અને તેથી કંપનીના આ કાર્યો પ્રાઈવેટ કંપનીના ન ગણી શકાય. કારણ કે સરકાર આ કામગીરી મ્યુનીસિપાલીટી પાસે કરાવી શકે તેવું કાર્ય છે. વધુમાં કંપનીને આ કામ સોંપીને તેવું કામ કરવાના એગ્રીમેન્ટ પણ સરકાર અને મ્યુનિસિપાલીટી સાથે કરેલા છે. આવા કરાર કંપનીના મેમોરેન્ડમમાં નિયત જોગવાઈઓ મુજબ જ કરવામાં આવેલા છે. કોર્ટે Substantially financed શબ્દની માહિતી અધિકારના કાયદામાં વ્યાખ્યા આપી નથી તે બાબતનો ઉલ્લેખ કરી ચેન્નઈ કોર્ટના જ અન્ય એક ચુકાદાના આધાર આપી તેમાં કરવામાં આવેલ નિરીક્ષણોનો ઉલ્લેખ કરી **જણાવેલ કે Substantial એટલે કે Real અથવા Actual અથવા Oppose to trivial.** તેમજ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ એક્ટ-૧૯૭૧ ની કલમ-૧૪(૨) અને ૧૪(૩) માં આપેલ વ્યાખ્યાના નિરીક્ષણો ટાંકીને જણાવ્યું કે- ''જેમાં ચૂકવવામાં આવેલ ભંડોળ એક નાણાંકીય વર્ષમાં ૧ કરોડ રૂપિયા કરતાં ઓછું ન હોય'' તેને સંગીન ભંડોળ કહી શકાય. અને તેથી આવું ભંડોળ મેળવતી કંપનીને જાહેર સત્તામંડળ ગણી શકાય.

- તેથી તે સ્પષ્ટ થાય છે કે જયારે ખાનગી સંસ્થાઓ જાહેર સંસ્થા જેવા કાર્યો કરતી હોય તો તેને સામાન્ય કાયદા હેઠળ નહી, પણ બંધારણ હેઠળ પણ મૂલવવા જોઈએ કે તે બંધારણની કલમ-૧૨ મુજબ રાજય ગણી શકાય કે નહી. જો કે સંસ્થાનું સ્વરૂપ બહુ સુસંગત નથી પણ સંસ્થા ઉપર લાદવામાં આવેલી ફરજોનો પ્રકાર સુસંગત છે. તેથી ખરેખર સંસ્થા દ્વારા કામગીરી કરવામાં આવતી હોય તે ''Public duty" -જાહેર ફરજો ધ્યાને લઈને તે પ્રમાણે ભાર મૂકવો જોઈએ. આ કિસ્સામાં કંપની રાજયની વ્યાખ્યામાં આવતી નથી.

- **<u>હાઈકોર્ટનો નિર્ણય :</u>**

ઉપરના તમામ સંજોગોમાં રાજય માહિતી આયોગે કરેલ હુકમમાં કોઈ ગેરકાયદેસરતા કે અસ્થિરતા નથી. તેથી પીટીશન રદ કરવામાં આવે છે.

**કેસ નંબર-૯૬**

| |
|---|
| **ન્યાયાધીશ તેમના નિર્ણય અથવા હુકમ મારફતે બોલે છે. આવો હુકમ કેમ કર્યો ? તેવું તેમને પુછી શકાય નહીં.** |

| |
|---|
| **નામદાર સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ શ્રી કે. જી. બાલાક્રિષ્ણન અને ન્યાયાધીશશ્રી ડૉ. બી. એસ. ચૌહાણ નો ચુકાદો** |
| **લાગુ પડતી કલમઃ 2(f)** |
| **SLP નં. ૩૪૮૬૮ ઓફ ૨૦૦૯,** |
| **હુકમની તારીખ ૦૪-૦૧-૨૦૧૦** |
| **( શ્રી ખાનાપરમ ગાંડૈયા વિરુધ્ધ વહીવટી અધિકારી અને બીજાઓ)** |
| **ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૭** |

**(૧) માહિતીની વિગત**

- **અરજદારનું નામ** : શ્રી ખાનાપરમ ગાંડૈયા
- **જાહેર માહિતી અધિકારી** : વહીવટી અધિકારી
- **જાહેર સત્તા મંડળ** : એડીશનલ જજ, રંગારેડી ડિસ્ટ્રીકટ
- **માંગેલ માહિતીની વિગત** :

અરજદારે તા.૧૫-૧૧-૨૦૦૬ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૬ હેઠળ અદાલતના લાગુ પડતા જાહેર માહિતી અધિકારી પાસેથી કેટલીક માહિતી માંગેલ કે અમે કરેલા દાવામાં અદાલતે અમારી લેખિત રજુઆતો અને કેટલાક વધારાના દસ્તાવેજો કયા કારણોસર ધ્યાને લીધેલ નથી, અને દસ્તાવેજો શા માટે તપાસ્યા નથી, અને આવી જ અન્ય માહિતી, તેમણે કરેલ દીવાની દાવાની તેમને મળેલ હુકમ અન્વયે માંગી હતી. કેસની વિગતમાં અરજદાર પોતાની ચોકસ મિલકત ધરાવતા હતા તે અંગેના દીવાની દાવાની કરેલ બે જુદીજુદી અરજીઓ પૈકી એક અરજી સીવીલ સ્યુટ ૮૫૪/૨૦૦૨ એડીશનલ સીવીલ જજની અદાલતમાં કાયમી મનાઈ હુકમ માંગેલો તે અને બીજી અરજી વિવાદીત જમીનમાં પ્રવેશવા માટે કરેલ હતી તે રદ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ બીજી બે દાવા અરજીઓ અદાલત દ્વારા કાઢી નાંખવામાં આવી હતી. જેના અનુસંધાને નારાજ થઈને અરજદારે અદાલતના તા.૧૦-૦૮-૦૬ ના હુકમ અન્વયે તા. ૧૫-૧૧-૦૬ થી માહિતી સંબંધિત જાહેર માહિતી અધિકારીને અરજી કરીને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગેલ.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

તા.૨૩-૧૧-૦૬ ના જવાબથી જાહેર માહિતી અધિકારીએ સદર અરજી અંગેની માહિતી આપવા ઈન્કાર કરવામાં આવેલ અને માંગવામાં આવેલ માહિતી, માહિતીની વ્યાખ્યામાં આવતી ન હોઈ તે નકારવામાં આવેલ.

- **અપીલ સત્તાધિકારીનું નિરીક્ષણ :**

જાહેર માહિતી અધિકારીનો હુકમ માન્ય રાખવામાં આવેલ.

• **અપીલ સત્તાધિકારીનો હુકમ :**

તા.૨૦-૦૧-૦૭ ના હુકમથી સદર અરજી અંગે માંગવામાં આવેલ મહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર માન્ય રાખી અરજદારની અપીલ રદ કરવામાં આવેલ.

• **આંધ્રપ્રદેશ રાજય માહિતી આયોગ :** આંધ્રપ્રદેશ રાજયમાં માહિતી આયોગ સમક્ષ થયેલ બીજી અપીલ પણ આયોગે કાઢી નાંખેલ હતી

**(૪) આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં થયેલ અપીલની વિગતઃ**

• **અરજદારની રજુઆત :**

આંધ્રપ્રદેશ રાજય માહિતી આયોગના હુકમથી અસંતોષ થતાં અરજદારે આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં આયોગના તા.૨૦-૧૧-૦૭ ના હુકમને પડકાર ફેંકયો હતો અને અરજદારે માંગેલ માહિતી તેમને જાહેર માહિતી અધિકારી પાસેથી મળે તે અંગેનો આદેશ મેળવવા દાદ માંગી હતી અને કયા કારણોસર (કયા સંજોગોમાં) પ્રતિવિવાદી નં.૪ એટલે કે જયુડીશીયલ ઓફિસર (જીલ્લા અદાલત-રંગારેડી જીલ્લો) અરજદારે માંગેલ વચગાળાના મનાઈ હુકમ અંગેની અરજી કાઢી નાંખી હતી?

• **આંધ્રપ્રદેશ હાઈકોર્ટનું નિરીક્ષણ :**

આંધ્રપ્રદેશ હાઈકોર્ટે એવું નિરીક્ષણ કર્યુ કે અરજદારે માંગેલ વિગતો એટલે કે કયા કારણોસર ટ્રાયલ કોર્ટના એટલે કે અપીલીય અદાલતના ન્યાયિક અધિકારીએ તેમના વિરુધ્ધનો હુકમ કર્યો હતો એવી માહિતી અધિકારી અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતીની વ્યાખ્યા મુજબ માંગી શકાય નહી, અને તેથી તેમની રીટ ટકી શકે તેમ નથી. ઉપરાંત અદાલતના જયુડીશીયલ ઓફિસરને જયુડીશીયલ ઓફિસર્સ પ્રોટેકશન અધિનિયમ-૧૮૫૦ મુજબ રક્ષણ મળે છે.

• **આંધ્રપ્રદેશ હાઈકોર્ટનો નિર્ણય/હુકમ :**

ઉાર મુજબના નિરીક્ષણ કરીને હાઈકોર્ટે અરજદારની રીટ પીટીશન કાઢી નાંખી હતી.

• **સુપ્રીમ કોર્ટમાં થયેલ સ્પેશીયલ લીવ પીટીશનની વિગત :**

પીટીશનર (અરજદાર) ના એડવોકેટ દ્વારા એવી રજુઆત કરવામાં આવી કે માહિતીનો અધિકાર એ દરેક નાગરિકને મળેલ મૂળભૂત અધિકાર છે. માહિતી અધિકારના કાયદામાં ન્યાયધીશોને કોઈ ખાસ રક્ષણ આપતું હોય એવી કોઈ જોગવાઈઓ થયેલ નથી. તેથી અરજદારને જાણવાનો હક છે કે પ્રતિવાદી નં.૪ એટલે કે અપીલીય અદાલતના ન્યાયિક અધિકારીએ કયા કારણોથી અમારી અપીલનો નિર્ણય કર્યો છે, અને તેથી અરજદાર તરફથી ફાઈલ કરવામાં આવેલ પીટીશન ટકી શકે તેમ હતી અને એડવોકેટ દ્વારા અરજદારે જાહેર માહિતી અધિકારી પાસે માંગવામાં આવેલ માહિતી અંગેની છણાવટ કરેલ હતી.

* **સુપ્રીમકોર્ટનું નિરીક્ષણ :**

સૌ પ્રથમ તો અહીં સ્પષ્ટ જણાય છે કે પીટીશનરે હાઈકોર્ટના નિર્ણયને પડકારેલ નથી. પણ ખરેખર અરજદારે માહિતી અધિકાર અધિનિયમની કલમ હેઠળ કરેલ અરજી સંદર્ભે કયા કારણોસર અને શા માટે પ્રતિવાદી નં.૪ દ્વારા પોતાની વિરુધ્ધ રજુઆતમાં તેમની મૂળ અરજીમાં મુખ્યત્વે ''Why'' સંદર્ભે માહિતી માંગેલ હતી અને ''For what Reason'' તેવો હુકમ કર્યો છે તેવી માહિતી માંગેલ હતી.

- માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨(એફ) માં જણાવ્યા મુજબ ''માહિતી'' ની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે તે ખરેખર અસ્તિત્વમાં હોય તો અથવા સત્તા મંડળ કોઈ કાયદાને આધીન મેળવી શકાય તેમ હોય તેવી જ માહિતી નકલો મળી શકે છે. પણ શા માટે કોઈ પરિપત્ર, સલાહ અભિપ્રાય કે હુકમો કરવામાં આવ્યા (ખાસ કરીને ન્યાયિક નિર્ણયો બાબતે) તેવી કોઈ માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ હેઠળ અરજદારને નથી. ''**ન્યાયધીશ, તેના નિર્ણય અથવા હુકમ મારફતે બોલે છે'' જો કોઈ અરજદારને ન્યાયના હુકમ સામે અસંતોષ હોય તો તેની સામે કાયદાની જોગવાઈઓ મુજબ અપીલ અથવા રીવીઝન અપીલ કરી શકે છે. કોઈપણ દાવેદાર ન્યાયધીશો શા માટે અને કયા કારણોસર આવો હુકમ કર્યો અથવા આ નિર્ણય લીધો તેવી માહિતી માંગી શકે નહી. ન્યાયધીશ એક વાર હુકમ કરી દે પછી પાછળથી શા માટે તેમણે આવો નિર્ણય લીધો તે સમજાવવા માટે બંધાયેલ નથી''.**

- વળી પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ માહિતી, જે તેમની પાસે કોઈ સામગ્રી સ્વરૂપે નથી અથવા તે કોઈ કાયદા હેઠળ મેળવી શકે તેમ નથી. તે તેમની પાસે હોવી જોઈએ તે જરૂરી નથી.

- ન્યાયાધીશ પાસેથી એમણે કયા કારણોસર આવો નિર્ણય લીધો છે તે જવાબની અપેક્ષા રાખી શકાય નહી. અરજદારે જાહેર સત્તા મંડળને માહિતી માંગવાની કરેલ અરજી કાયદાની દ્રષ્ટિએ આપમેળે જ ગેરકાયદેસર અને અનઅધિકૃત છે.

- ન્યાયિક અધિકારી આ બાબતે રક્ષણ મેળવવાનો અધિકાર ધરાવે છે અને જો તેનાથી વિરુધ્ધ જો અદાલતોએ આવા કારણો આપવાના થાય તો તે ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર કરી શકે. ન્યાયાધીશ સ્વતંત્ર રીતે પોતાના નિર્ણયો લેવા માટે મુકત હોવા જોઈએ.

* **સુપ્રીમ કોર્ટનો નિર્ણય :**

પ્રસ્તુત કિસ્સામાં અરજદારે માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓનો દુરપયોગ કરેલ હોઈ હાઈકોર્ટે તેમની રીટ ખરી રીતે કાઢી નાંખેલ હતી. ઉપરની તમામ વિગતો જોતાં આ એસએલપી પણ રદ કરવામાં આવે છે. (નામંજૂર કરવામાં આવે છે).

**કેસ નંબર-૯૭**

**પરીક્ષા લેનાર સંસ્થાએ પરીક્ષાર્થીને તેમની જવાબવહી જોવા દેવા મંજૂરી આપવી.**

**નામદાર સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશશ્રી શ્રી આર. વી. રવિન્દ્રન અને ન્યાયાધીશશ્રી એ. કે. પટનાયક નો ચુકાદો**
**લાગુ પડતી કલમઃ 8(1)(e), 8(1)(g), 2(f), 2(j)**
**SCA નં. ૬૪૫૪ ઓફ ૨૦૧૧,**
**સી.એ.નં ૬૪૫૬ ઓફ ૨૦૧૧ @ એલએલપી(સી) નં. ૯૭૫૫ ઓફ ૨૦૦૯,**
**સી.એ.નં. ૬૪૫૭ ઓફ ૨૦૧૨ @ એલએલપી(સી) નં.૧૧૬૨-૧૧૬૩ ઓફ ૨૦૦૯**
**સી.એ.નં. ૬૪૬૧ ઓફ ૨૦૧૨ @ એલએલપી(સી) નં.૧૧૬૭૦ ઓફ ૨૦૦૯**
**સી.એ.નં. ૬૪૬૪ ઓફ ૨૦૧૨ @ એલએલપી(સી) નં.૧૭૪૦૯ ઓફ ૨૦૦૯**
**સી.એ.નં. ૬૪૬૯ ઓફ ૨૦૧૨ @ એલએલપી(સી) નં.૯૭૭૬ ઓફ ૨૦૧૦**
**સી.એ.નં. ૬૪૬૫ ઓફ ૨૦૧૨ @ એલએલપી(સી) નં.૩૦૮૫૮ થી ૩૦૮૬૧ ઓફ ૨૦૦૯**
**હુકમની તારીખ ૦૯-૦૮-૨૦૧૧**
**( સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન વિરુધ્ધ આદિત્ય બંદોપાધ્યાય અને બીજાઓ)**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૫૪**

- **કેસની વિગત**

- **અરજદારનું નામ** : આદિત્ય બંદોપાધ્યાય
- **જાહેર સત્તા મંડળ** : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન
- **માંગેલ માહિતીની વિગત** :

પ્રસ્તુત કિસ્સામાં અરજદારે માંગેલ માહિતી-૨૦૦૮ ના વર્ષમાં સીબીએસઈ દ્વારા લેવાયેલ સેકન્ડરી સ્કૂલની પરીક્ષમાં મળેલ માર્કશીટમાં જણાવેલ માર્કસથી નિરાશ થતાં તેમણે (આદિત્ય બંદોપાધ્યાયે) પોતે આપેલ પરીક્ષાની ઉત્તરવહી જોવા માટે અને ઉત્તરવહીની પુનઃચકાસણી માટે અરજી કરેલ.

- **જાહેર માહિતી અધિકારીનો પ્રતિભાવ :**

તા.૧૨-૦૭-૦૮ ના પત્રથી સીબીએસઈ દ્વારા અરજદારની અરજી નકારવામાં આવેલ હતી. તેમાં મુખ્ય ચાર બાબતોના કારણો દર્શાવી અરજી અન્વયે માહિતી (ઈન્સ્પેકશન) નકારવામાં આવેલ.

(૧) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ 8(1)(e) મુજબ વિશ્વાસના સંબંધોને લગતી ખાનગી માહિતી છે.

(૨) સેન્ટ્રલ બોર્ડના પરીક્ષાના બાય-લોઝ મુજબ કોઈ ઉમેદવાર ઉત્તરવહી પુનઃ ચકાસણી અથવા ઉત્તરવહી જોવા માંગી શકે નહી.

(૩) આવી માહિતી જાહેર કરવામાં જાહેર હિત જણાતું નથી.

(૪) કેન્દ્રીય માહિતી આયોગની તા.૨૩-૦૪-૨૦૦૭ નો ચુકાદો (અપીલ નં. ICPB/ A/3/C/C/2006 તા.૧૦-૦૨-૨૦૬) જેમાં આયોગે આવી માહિતી આપવાનો નકારવામાં આવેલો નિર્ણય માન્ય રાખેલ હતો.

- **<u>હાઈકોર્ટમાં થયેલ અપીલની વિગત :</u>**

- **SCA No. & W.P.No. 18189/2008**

- **અરજદારની રજુઆત :**

નીચે મુજબ દાદ માંગવામાં આવેલ.

(ક) સીબીએસઈનો ઉત્તરવહી પુનઃચકાસણી ન કરવા દેવાની બાબત ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને બંધારણીય સિધ્ધાંતોનો ભંગ કરનારી છે.

(ખ) સ્વતંત્ર પરીક્ષકની નિમણૂંક કરી ઉત્તરવહી ચકાસીને ફરીથી માર્કસ આપવા અંગે સીબીઆઈને આદેશ કરવો.

(ગ) ૨૦૦૮ માં લેવાયેલ પરીક્ષાની ઉત્તરવહીની પુનઃ ચકાસણી કરવા અને પુનઃ માર્કસ આપવા આદેશ.

(ઘ) સીબીએસઈના તા.૧૨-૦૭-૨૦૦૮ નો પત્ર રદ કરવા અને અમારી ઉત્તરવહી અમને તપાસવા માટે કોર્ટમાં હાજર કરવા આદેશ આપવા.

(ચ) સીબીએસઈ દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-8(1)(e) નો આધાર લેવામાં આવેલ છે. તે લાગુ પડતો નથી અને રેકર્ડ ઈન્સ્પેકશન કરવાની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેવી રજુઆત કરવામાં આવી.

- **સીબીએસઈની રજૂઆત :**

સીબીએસઈ દ્વારા સીબીએસઈ પરીક્ષાના બાય-લોઝના નિયમ-૬૧ ને ટાંકીને આ નિયમાનુસાર ફકત માર્કસની ચકાસણી થઈ શકે અને ઉત્તરવહી બતાવવાના નિયમે નથી અને પુનઃચકાસણી કરવાના પણ નિયમો નથી તેમ જણાવવામાં આવેલ.

અંદાજે ૯૦૦ સ્કૂલોના ૧૨ થી ૧૩ લાખ વિદ્યાર્થીઓની ધોરણ-૧૦ અને ૧૨ ની અંદાજે ૬૦ થી ૬૫ લાખ ઉત્તરવહીઓ ઉદ્ભવે છે તે રેકર્ડ નિયમ-૬૨ ના ભાગરૂપે ત્રણ માસમાં નિકાલ કરી દેવાનો હોય છે, અને જો વિદ્યાર્થીઓને આવી ઉત્તરવહીઓ બતાવવામાં આવે તો વ્યવસ્થાતંત્રમાં અંધાધૂધી ફેલાઈ જાય અને વિદ્યાર્થીઓને આવા અનિયંત્રિત હકકો આપી શકાય નહી.

- **હાઈકોર્ટનું નિરીક્ષણ :**

હાઈકોર્ટની ડીવીઝન બેંચે અન્ય આવી રીટ (વેસ્ટ બેંગાલ બોર્ડ ઓફ સેકન્ડરી સ્કૂલ અને

બીજાઓ) સાથે સાંભળીને તા.૦૫-૦૨-૨૦૯ થી હુકમ કર્યો.

આવા પ્રકારની ઉત્તરવહીઓ માહિતી અધિકાર અધિનિયમની કલમ-2(f) પ્રમાણે માહિતીની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ ડોકયુમેન્ટ, રેકાર્ડ, મેનુસ્ક્રીપ્ટ અને ઓપીનીયનનો સમાવેશ થાય છે. માહિતી અધિકાર અધિનિયમને માહિતી આપવા સંદર્ભે અર્થઘટન કરવું જોઈએ નહીં કે માહિતી રોકી રાખવા માટે. એવું નિરીક્ષણ કરી અરજદારને ઉત્તરવહીનું ઈન્સ્પેકશન આપવા માટે સીબીએસઈને આદેશ કરવામાં આવેલ.

- **હાઈકોર્ટનો હુકમ :**

અરજદારને માંગેલ માહિતીનું ઈન્સ્પેકશન કરવા દેવા આદેશ કરવામાં આવ્યો અને અરજદારે માંગેલ દાદ, જે પુનઃચકાસણી કરીને માર્કસ મુકવાની બાબતની હતી તે નકારવામાં આવી. કારણ કે અધિનિયમ ફકત માહિતી મેળવવાનો હકક આપે છે. નહીં કે તેના આધારે પરિણમતી કોઈ બાબતો વિશે.

- **સુપ્રિમકોર્ટના ચુકાદાની વિગતો :-**

- **સીબીએસઈની રજુઆત :**

સીબીએસઈ દ્વારા રજુઆત કરવામાં આવી કે હાઈકોર્ટે નિર્ણય કરવામાં ભૂલ કરી છે. સીબીએસઈ બોર્ડના નિયમો-૬૧(૪) મુજબ કોઈ ઉમેદવારને તેની ઉત્તરવહીનું ઈન્સ્પેકશન કે પુનઃચકાસણી કરવાની જોગવાઈ નથી અને હાઈકોર્ટે સુપ્રિમકોર્ટના જજે અન્ય કેટલાક ચુકાદાઓના નિર્ણયો મુજબ ન્યાય આપેલ નથી (જેવા કે મહારાષ્ટ્ર સ્ટેટ સેકન્ડરી એજયુકેશન વિ.પારિતોષક શેઠ વિગેરે) અને સીબીએસઈ દ્વારા એવી રજુઆત કરવામાં આવી કે સદર માહિતી એટલે કે ઉત્તરવહીઓ વિશ્વાસના સંબંધથી ઉપલબ્ધ હોઈ ૮(૧)(ઈ) હેઠળ માહિતી આપી શકાય નહી.

- **અરજદાર અને કેન્દ્રિય માહિતી આયોગની રજુઆત :**

માહિતી અધિકાર અધિનિયમનો મુખ્ય હેતુ મહત્તમ માહિતી જાહેર કરવાનો અને લઘુત્તમ માહિતી કાયદાની જોગવાઈને આધીન જાહેર કરવામાંથી કાયદાએ મુકિત આપેલ તે બાબતનો છે. વધુમાં તેઓની એવી પણ રજુઆત હતી કે કાયદાની કલમ-2(f) મુજબ ઉત્તરવહીઓ માહિતીની વ્યાખ્યામાં આવે છે અને કોઈપણ રીતે તે વિદ્યાર્થી અથવા પરીક્ષકની સાથેના વિશ્વાસના સંબંધોથી ઉત્પાદિત થયેલ માહિતી નથી તેથી તે અધિકારના કાયદાની કલમ-૮ની કોઈ કલમ કે જેને કાયદાએ મુકિત આપેલ છે તે અહીં લાગુ પડતી નથી. તેથી બોર્ડે વિદ્યાર્થીને માંગવામાં આવેલ ઈન્સ્પેકશન આપવું જોઈએ. આ ઉપરાંત માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૨ મુજબ અભ્યાસ કરતાં જણાય છે કે સીબીએસઈ બોર્ડના ઉત્તરવહી અંગેના નિયમોની સામે કલમ-૨૨ ની જોગવાઈ તેની ઉપરવટ અસર ધરાવે છે તેથી ઉત્તરવહીનું નિરીક્ષણ આપવું જોઈએ.

- **સુપ્રિમકોર્ટનું નિરીક્ષણ :**

સુપ્રિમકોર્ટે પ્રસ્તુત કિસ્સામાં માહિતી અધિકારના કાયદા સંદર્ભે કાયદાનું આમુખ, માહિતી શબ્દની વ્યાખ્યા, જાહેર સત્તા મંડળની વ્યાખ્યા, ત્રાહિત વ્યકિતની વ્યાખ્યા અને ત્રાહિત વ્યકિતને લગતી

માહિતી આપવાની જોગવાઈઓ, માહિતી આપવામાંથી મુક્તિ આપવામાં આવેલ કલમ-૮ અને ૯ ની જોગવાઈઓ અને કલમ-૨૨ ની અન્ય કાયદાની ઉપરવટ અસરોની જોગવાઈની સમજ વિસ્તારથી આપેલ છે. તેમજ સુપ્રિમ કોર્ટના ઉત્તરપ્રદેશ વિ. રાજનારાયણ અને દિનેશ ત્રિવેદી વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા તેમજ પીપલ્સ યુનિયન ફોર સીવીલ લીબર્ટીઝ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા જેવા તમામ કેસોમાં પ્રસ્થાપિત થયેલ માહિતી મેળવવાના ભારતના નાગરિકના મૂળભૂત અધિકારનો સિધ્ધાંત તેમજ માહિતીના કાયદાનો વ્યાપ અને મહત્ત્વ તેમજ લોકશાહી સંદર્ભે વહીવટમાં પારદર્શિતાની બાબતોના સિધ્ધાંતોની છણાવટ કરી છે.

- માહિતી અધિકારની વ્યાખ્યા સંદર્ભે પરીક્ષક દ્વારા ચકાસવામાં આવેલ ઉત્તરવહી એક ''અભિપ્રાય'' ધરાવતો રેકોર્ડ ગણાય જેથી માહિતીની વ્યાખ્યામાં આવે. કલમ-2(f)

- બોર્ડના નિયંત્રણ હેઠળ ઉપલબ્ધ ઉત્તરવહીઓ કલમ-2(j) મુજબનો રેકર્ડ ગણાય માટે આપવા પાત્ર થાય.

- પરંતુ ઉપલબ્ધ માહિતીના અપવાદ સ્વરૂપે જે બાબતો છે તે ધ્યાને લેવાની રહે. તે જોતાં યુનિવર્સીટી, પરીક્ષા બોર્ડ, સીબીએસઈ જેવી પરીક્ષા લેતી સંસ્થાઓ કોઈપણ રીતે સલામતી કે ઈન્ટેલીજન્સ સંસ્થાઓ નથી તેથી તેમને કલમ-૨૪ લાગુ પડી શકે નહી, ઉત્તરવહી સંદર્ભે કોઈ કોપી રાઈટ ભંગ થતો નથી. તેથી કલમ-૯ લાગુ પડી શકે નહી.

- કલમ-૮(૧)(ઈ) સંદર્ભે સીબીએસઈની રજુઆત જોતાં સ્પષ્ટ થાય છે કે ઉત્તરવહીનો રેકાર્ડ જો વિશ્વાસનો સંબંધ પ્રસ્થાપિત થતો હોય તો જ ના પાડી શકાય. માટે ઉત્તરવહીની નકલોનું ઈન્સ્પેકશન આપવાનું થાય.

- મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડના નિયમ-૧૦૪(૧) અને (૩) જોતાં, હાઈકોર્ટે ઉત્તરવહીની પુનઃ ચકાસણીની અરજદારની દાદ માન્ય રાખેલ નથી તે યોગ્ય છે. પરંતુ ઉત્તરવહીની પ્રમાણીત નકલો આપવી અથવા તેનું ઈન્સ્પેકશન આપવું તે બાબત માહિતી અધિકાર અધિનિયમ કાર્યક્ષેત્ર હેઠળની છે અને તે તેમનો અધિકાર છે કારણ કે માંગેલ માહિતી, માહિતી શબ્દની વ્યાખ્યામાં આવે છે.

- **<u>8(1)(e) હેઠળ Fiduciary Relationship ની ખૂબજ વિગતે છણાવટને અંતે કોર્ટ એવું ઠરાવે છે કે પરીક્ષા લેનાર સંસ્થા અને પરીક્ષા આપનાર ઉમેદવાર વચ્ચે કોઈ આવી બાબત લાગુ પડતી નથી. ફકત આ સામેલ ઉત્તરવહીઓ બોર્ડના નિયંત્રણ હસ્તકનો રેકોર્ડ છે અને છતાં પણ Fiduciary Relationship ધ્યાને લેવામાં તો પણ અરજદારે માંગેલ માહિતી એટલે કે અરજદારની ઉત્તરવહી અરજદારને બતાવી શકાય અન્ય કોઈને ન બતાવી શકાય.</u>**

- ઉત્તરવહીની બાબતમાં બે પ્રકારની માહિતીની સમાવેશ થાય છે. એક વિદ્યાર્થીએ લખેલ જવાબો અને બીજુ પરીક્ષક દ્વારા કરવામાં આવેલ ચકાસણી અને મૂકેલ માર્કસ અને આ કામગીરી માટે પરીક્ષકને મહેનતાણું પણ ચૂકવવામાં આવે છે. તે કાર્ય પૂર્ણ થયા પછી Fiduciary Relationship રહેતી નથી. પરંતુ ઉત્તરવહીમાં કોણે ચકાસ્યું, કોણે મોડરેટ કર્યું, કોણે કોઓર્ડીનેટ કર્યું અને તેમ કરનારની સહીઓ, કોડ નંબર વગેરે હોય છે. જેથી ઉત્તરવહીનું ઈન્સ્પેકશન આપવામાં ત્યારે જો તેમની સહીવાળી ઓળખ છતી થઈ જાય તો શારીરિક સલામતી ભયમાં મૂકાવાની શકયતા રહે. તેથી ઉત્તરવહીની ચકાસણી દરમિયાન

કલમ-૧૦ ધ્યાને લઈ 8(1)(g) ની જોગવાઈઓ મુજબ પરીક્ષક કે અન્ય સમીક્ષકની સહીઓ ઢાંકીને છુપાવીને કે અન્ય રીતે દૂર કરીને ઉત્તરવહીનું ઈન્સ્પેકશન કે નકલો આપવાની રહે.

- **સુપ્રિમકોર્ટનો નિર્ણય :**

તમામ મુદ્દાઓનો અભ્યાસ વિગતે કર્યા પછી સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે હાઈકોર્ટનો હુકમ કે જે પરીક્ષાર્થીને ઉત્તરવહી ચકાસવા માટે પરીક્ષા લેનાર સંસ્થાને આદેશ કરેલ તે માન્ય રાખવામાં આવે છે અને માહિતી અધિકાર અધિનિયમ૯૨૦૦૫ ની માહિતી આપવાની જોગવાઈઓ ધ્યાને લઈ માંગેલ માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે.

## કેસ નંબર-૯૮

**માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮ અને ૧૯ અન્વયે માહિતી આયોગના કાર્યક્ષેત્ર અને સત્તાની છણાવટ: (૧) કલમ-૧૮ હેઠળ માહિતી પુરી પાડવાના આદેશો કરી શકાય નહિ, (૨) કલમ-૧૯ એ અરજદારનો અપીલીય અધિકાર છે.**

**સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અશોકકુમાર ગાંગુલી અને શ્રી ગ્યાનસુધા મિશ્રાનો ચુકાદો**
**ચીફ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ મણિપુર અને બીજાઓ**
**C.A. NO. 10787-10788 of 2011**
**(Arising out of S.L.P. "No. 32768-32769/2010)**
**લાગુ પડતી કલમ : 18 & 19**
**ચુકાદાની તારીખ : ૧૨-૧૨-૨૦૧૨**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૩૦**

### (૧) <u>કેસની વિગત</u>

- મણિપુર રાજયના સંબંધિત જાહેરસત્તા મંડળના જાહેર માહિતી અધિકારી પાસેથી અરજદારે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૬ હેઠળ તા.૦૯-૦૨-૨૦૦૭ થી અરજી કરીને મણિપુર રાજય સરકારે ૧૯૮૦ થી ૨૦૦૬ દરમિયાન કેટલી મેજીસ્ટ્રેરીયલ ઈન્કવાયરીઓ કરી તેની માહિતી માંગેલ. પરંતુ અરજી અંગે કોઈ પ્રતિભાવ ન મળતાં અજદારે મણિપુર રાજય માહિતી આયોગમાં કલમ-૧૮ અન્વયે ફરિયાદ કરતાં આયોગે તા.૩૦-૦૫-૨૦૦૭ થી મણિપુર રાજય સરકારના જાહેર સત્તામંડળને આદેશ કરી દિન-૧૫ માં માહિતી પુરી પાડવા જણાવેલ. આ આદેશને રાજય સરકાર દ્વારા રીટ કરી પડકારવામાં આવેલ. અરજદારે તા.૧૯-૦૫-૨૦૦૭ થી ફરીથી બીજી અરજી કરીને સમાન પ્રકારની માહિતી માંગી. પરંતુ કોઈ પ્રતિભાવ ન મળતાં રાજય માહિતી આયોગમાં ફરીથી ફરિયાદ કરી. જેના અનુસંધાને આયોગને તા.૧૪-૦૮-૨૦૦૭ ના હુકમથી દિન-૧૫ માં માહિતી પૂરી પાડવા સંબંધિત જાહેર સત્તામંડળને જણાવેલ. તે હુકમ પણ રાજય સરકાર દ્વારા રીટ અરજી કરી ગૌહતી હાઈકોર્ટ (ઈમ્ફાલ બેંચ) માં પડકારવામાં આવેલ.

- **<u>હાઈકોર્ટના કેસની વિગત :</u>**

- તા.૧૬-૧૧-૨૦૦૭ ના હુકમથી ગૌહતી (ઈમ્ફાલ બેન્ચ) હાઈકોર્ટ દ્વારા સીંગલ બેંચમાં રીટ કાઢી નાંખવામાં આવી અને મણિપુર રાજય માહિતી આયોગનો હુકમ માન્ય રાખવામાં આવ્યો.

- ત્યારબાદ રીટ અપીલ ડીવીઝન બેંચ સમક્ષ રજુ થઈ. જેમાં ડીવીઝન બેંચે તા.૨૯-૦૭-૨૦૧૦ ના હુકમથી સીગલ જજના હુકમને રદ કરવામાં આવ્યો અને હાઈકોર્ટે જણાવ્યું કે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૧૮ હેઠળ રાજય માહિતી આયોગને માહિતી પુરી પાડવા માટે જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીને આદેશ કરવાની કોઈ સત્તા નથી અને વધુમાં જણાવ્યું કે આવી સત્તા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૧૯(૮) હેઠળ છે અને તેથી માહિતી પુરી પાડવાનો આદેશ કરવો એ કાર્યક્ષેત્ર સિવાયની બાબત છે. આયોગને આદેશ કરવામાં આવ્યો કે અરજદારની બંને ફરિયાદોને માહિતી આપવા કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ નિકાલ કરવામાં આવે.

- **<u>સુપ્રીમ કોર્ટના કેસની વિગતો :-</u>**

બંને અપીલોમાથી એક મુખ્ય માહિતી કમિશનર અને બીજી શ્રી વાહંગબામ જોયકુમાર હાઈકોર્ટના તા.૨૯-૦૭-૧૦ ના હુકમ સામે સદર રીટ કરેલ.

- **<u>સુપ્રીમ કોર્ટનું નિરીક્ષણ :</u>**

➢ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજુ થયેલ રીટમાં મુખ્ય પ્રશ્ન હાઈકોર્ટની ડીવીઝન બેંચમાં આપેલ ચુકાદો પડકારેલ છે. કલમ-૧૮ હેઠળ રાજયના માહિતી આયોગને મળેલ સત્તાઓના કાર્યક્ષેત્ર અંગેનો છે કે આ કલમ હેઠળ માહિતી આયોગ જાહેરમાહિતી અધિકારીને માહિતી પૂરી પાડવા આદેશ કરી શકે કે કેમ ?

➢ રાજયના જાહેર સત્તામંડળના અધિકારીઓની રજુઆત એવી હતી કે કલમ-૧૮ હેઠળ આયોગને માહિતી આપવા માટે હુકમ કરવાની સત્તા નથી. કલમ-૧૮ હેઠળ યોગ્ય તે કાર્યવાહી કરીને કલમ-૨૦ ની જોગવાઈઓ મુજબ દંડ કરવાના હુકમો કરી શકે છે.

➢ સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટ ગૌહતીની ડીવીઝન બેંચના હુકમને માન્ય રાખીને જણાવે છે કે હાઈકોર્ટની ડીવીઝન બેંચ ૨૯ જુલાઈ ૨૦૧૦ ના વિવાદી હુકમમાં કોઈ ભૂલ નથી અને માન્ય રાખે છે **<u>કે માહિતી આયોગને કલમ-૧૮ હેઠળ મહિતી પૂરી પાડવા અંગેનો આદેશો કરવાની કોઈ સત્તા નથી.</u>**

➢ સુપ્રીમ કોર્ટ પોતાના નિરીક્ષણોમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ નું આમુખ, માહિતીનો અધિકાર બંધારણના મૂળભુત અધિકાર ૧૯(૧) મુજબ મળ્યા છે એમ જણાવી માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૩, ૬,૭, ૮, ૯, ૧૮ અને ૧૯ ની વિગતવાર છણાવટ કરી છે.

➢ વધુમાં સુપ્રીમ કોર્ટે સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ વિ. રાજયનારાયણ (૧૯૭૫), એસ. પી. ગુપ્તા વિ. પ્રેસીડન્ટ ઓફ ઈન્ડીયા (૧૯૮૨), પીપલ્સ યુનિયન ફોર સીવીલ લીબર્ટીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા (૨૦૦૮) વિગેરે જેવા અગત્યના સુપ્રીમ કોર્ટના ચુકાદાના પણ અગત્યના નિરીક્ષણો ટાંકયા છે.

➢ બહુ સ્પષ્ટ રીતે સુપ્રીમ કોર્ટ નોંધે છે કે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૧૮ અને કલમ-૧૯ બંને વિભિન્ન છે. કલમ-૧૮ સુપરવાયઝરી પ્રકારની કલમ છે અને કલમ-૧૯ અપીલીય પધ્ધતિ અંગેની કલમ છે. કલમ-૧૯ હેઠળ નારાજ થયેલ અરજદાર માહિતી મેળવવા માટે પ્રથમ અને બીજા અપીલ અધિકારીને અપીલ કરીને માહિતી મેળવી શકે છે/માહિતી મેળવવા અંગે ન્યાય માંગી શકે છે અને આ અંગે માહિતી આયોગને પણ સ્પષ્ટ રીતે કાયદાની કલમ-૧૯(૮)માં સત્તાઓ આપવામાં આવેલ છે. કલમ-૧૯ માં જૈ વૈધાનિક અપીલીય પધ્ધતિની જોગવાઈ વિગતવાર ખંડો સહિત સ્પષ્ટ મૂકવામાં આવી છે. **<u>તેનુ કોર્ટે બીજી રીતે એટલે કે નિયત થયેલ પધ્ધતિની વિરુધ્ધમાં અર્થઘટન કરવું જોઈએ નહિ. સુપ્રીમ કોર્ટે ટેઈલર વિ. ટેઈલરના (૧૮૭૬) ના Ch.d. ૪૨૬) થી નિયત થયેલ સિધ્ધાંતોને સમજાવીને સ્પષ્ટ કર્યું છે કે ''કાયદો'' જે રીતે જોગવાઈ કરે છે તે જ રીતે તે જ પધ્ધતિ મુજબ કાર્ય થઈ શકે''.</u>**

➢ ટૂંકમાં સુપ્રીમ કોર્ટ જણાવે છે કે બંને કલમો એટલે ૧૮ અને ૧૯ જુદી છે અને બંને માટેની પધ્ધતિઓ અને હેતુઓ જુદા છે અને કલમો એકબીજાનો વિકલ્પ બની શકે નહી.

- સુપ્રીમ કોર્ટે એવું પણ નોંધ્યું છે કે **<u>કાયદામાં જે શબ્દો મૂકવામાં આવ્યા છે તે નકામા હોઈ શકે નહી. તેથી કોઈ ફરજિયાત કારણો સિવાય કોઈ વૈદ્યાનિક જોગવાઈની બાબતોમાં આંતિરક / અધિકતાથી તેને મૂલવી શકાય નહી.</u>**

- બીજુ કે કલમ-૧૯(૫) હેઠળ માહિતી નકારવા માટેની ન્યાયિકતા પુરવાર કરવાની જવાબદારી જાહેર માહિતી અધિકારીની છે. તેથી તે બાબત માહિતી માંગનારને રક્ષણ પુરું પાડે છે. આવા કોઈ રક્ષણની જોગવાઈ કલમ-૧૮ માં નથી. એજ રીતે કલમ-૧૮ માં, કલમ-૧૯ જેવી કોઈ સમય મર્યાદાઓ પણ મૂકવામાં આવેલ નથી. તેથી આ બંને કલમોની પધ્ધતિઓ જોતાં કલમ-૧૯, જેને માહિતી આપવાનું નકારવામાં આવ્યું છે તેવી વ્યકિતને વધુ લાભકારક છે.

- સુપ્રીમ કોર્ટ એમ પણ નોંધે છે કે અપીલ કરવાનો અધિકાર નાગરિકોને નિમ્ન સત્તામંડળની સામે ન્યાય મેળવવા માટે ઉચ્ચ સત્તામંડળમાં પ્રવેશ કરવાનો અધિકાર આપે છે. જે બહુ કિંમતી અધિકાર છે જેથી નાગરિક કે જેને માહિતી આપવા માટેના નકારવામાં આવ્યું હોય તેણે અપીલના અધિકાર (કલમ-૧૯) નો ઉપયોગ કરવો જોઈએ.

- **<u>સુપ્રીમનો નિર્ણય :</u>**

૧) તેથી હાઈકોર્ટની ડીવીઝન બેંચે કરેલ વિવાદી હુકમમાં કોઈ ભૂલ જણાતી નથી. ડીવીઝન બેંચે મણિપુર રાજય માહિતી આયોગને કાયદાની જોગવાઈઓને આધીન અરજદારની બંને ફરિયાદો નિકાલ કરવા જણાવેલ છે અને સુપ્રીમ કોર્ટ અરજદારને પણ આદેશ કરે છે કે તેમણે તા.૧૯-૦૫-૦૭ એને તા.૦૯-૦૨-૦૭ થી કરેલ અરજી અન્વયે ચાર અઠવાડિયાની મુદતમાં કલમ-૧૯ મુજબ અપીલ કરીને યોગ્ય પધ્ધતિ અનુસરીને માહિતી મેળવવી અને અપીલ અધિકારીએ પણ હવે સમયમર્યાદામાં મુદ્‌દાને ધ્યાને લીધા સિવાય અપીલ ગુણદોષને આધીન ધ્યાને લેવી.

૨) પ્રસ્તુત કિસ્સામાં અન્ય એક બાબત કે જે મણિપુર રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ તા.૧૫-૧૦-૨૦૦૫ ના નોટીફીકેશનને લગતી છે. જે મણિપુર રાજય સરકારે માહિતી અધિકાર અધિનિયમના કલમ-૨૪ હેઠળ કાયદાએ આપેલ મુકિત મુજબના સલામતી સંગઠનોની યાદી ધરાવતું નોટીફીકેશન કરેલ છે. તે અંગે સુપ્રીમ કોર્ટ સ્પષ્ટ કરે છે કે, તેવા નોટીફીકેશન પશ્વાદવર્તી અસરથી લાગુ પાડી શકાય નહીં. કલમ-૨૪ કોઈ પશ્ચાદવર્તી અસરથી લાગુ પડતી કલમ નથી અને તેથી માહિતી મેળવવાના અધિકાર અંગેના નિર્ણયો જાહેર સત્તામંડળે જે તારીખે માહિતી અધિકાર માટે અરજી કરવામાં હોય તે સમયે અમલમાં હોય તે કાયદાના આધારે કરવા જોઈએ.

**કેસ નંબર-૯૯**

**જાહેર સેવકને અપાયેલ યાદી, ઠપકો, કારણદર્શક નોટીસ, ચાર્જશીટ, તેમને કરવામાં આવેલ સજા, તેમના ઈન્કમટેક્ષ રિર્ટન, તેમના રિર્ટન ઓફ એસેટ, તેમણે કરેલા ઈન્વેસ્ટમેન્ટ વિગેરે તેમની માહિતી અંગત માહિતી હોઈ કલમ-8(1)(j) મુજબ આપી શકાય નહીં**

**સુપ્રીમ કોર્ટના મા.ન્યાયાધીશશ્રી કે. એસ. રાધાક્રિશ્નન અને મા.ન્યાયાધીશ શ્રી દીપક મિશ્રાનો ચુકાદો**
**SLP No. 27734 of 2012**
**લાગુ પડતી કલમ-8(1)(j)**
**તારીખ : ૦૩-૧૦-૨૦૧૨**
**ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ. કેન્દ્રીય માહિતી આયોગ અને બીજાઓ**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૩**

(૧) **અરજદારનું નામ** : ગીરીશ રામચન્દ્ર દેશપાંડે

(૨) **જાહેર સત્તા મંડળ** : સબ-રીજયોનલ ઓફિસ ઓફ રીજયોનલ પ્રોવીડન્ટ ફંડ, અકોલા

(૩) **અરજદારે માંગેલ માહિતીની વિગત:**

અરજદારે તા.૨૭-૦૮-૨૦૦૮ થી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજી કરી જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારી પાસેથી એક અધિકારી શ્રી એ.બી. લ્યૂટની નીચે જણાવેલ કુલ-૧૫ મુદ્દાની માહિતી માંગેલ.

શ્રી એ. બી. લ્યૂટ, એનફોર્સમેન્ટ ઓફિસરની નિમણૂંકના હુકમો, બઢતીના હુકમો, પગારમાંથી કરવામાં આવેલ કાયદેસર કપાત તથા અન્ય કપાત સહિતની પગારની વિગતો, બદલીના હુકમો, યાદી, કારણદર્શક નોટીસ, ઠપકો, કરવામાં આવેલ સજાના હુકમો, ઈપીએફ રૂલ્સ-૧૯૬૨ ની નકલ, મિલકતો અને જવાબદારીઓનું રીર્ટન, ઈન્કમટેક્ષ રીર્ટન, સ્થાવર અને જંગમ મિલકતોના પત્રકો, પુત્રના લગ્નપ્રસંગે મળેલ ભેટની વિગતો, ટી.એ./ડી.એ. ની વિગતો, ચાર્જશીટની નકલ, તપાસ કાર્યવાહીની નકલ, નાણાંકીય રોકાણો, ઉછીના આપેલ નાણાં તથા બેંક અને અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી ઉછીના લીધેલ નાણાંની વિગતો :-

(૪) **જાહેર માહિતી અધિકારીએ કરેલ કાર્યવાહી :**

જાહેર માહિતી અધિકારીએ તા.૧૫-૦૯-૦૮ ના પ્રત્યુત્તરથી નીચે મુજબ માહિતી આપી અને બાકીની માહિતી કાયદાની કલમ-8(1)(j) નો આધાર લઈ અંગત માહિતી હોવાને કારણે નકારવામાં આવી.
**આપેલ માહિતી :** નિમણૂંકના હુકમો, બઢતીના હુકમો, બદલીના હુકમો, ઈપીએફ રૂલ્સ-૧૯૬૨, ટી.એ./ડી.એ. સબંધી પ્રત્યુતર.

(૫) **પ્રથમ અપીલની વિગતો :**

જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરથી નારાજ અરજદારે પ્રથમ અપીલ કરી. પ્રથમ અપીલ અધિકારીએ પણ જાહેર માહિતી અધિકારી આપેલો પ્રત્યુત્તર કાયદાની જોગવાઈ 8(1)(j) મુજબ

યોગ્ય રીતે નકારેલ હોઈ જાહેર માહિતી અધિકારીનો હુકમ માન્ય રાખવામાં આવ્યો અને અરજદારની અપીલ કાઢી નાંખવામાં આવી.

## (૬) <u>કેન્દ્રીય માહિતી આયોગની અપીલની વિગત:</u>

પ્રથમ અપીલ અધિકારીના હુકમથી નારાજ અરજદારે આયોગમાં અપીલ કરી. તે અપીલના કેન્દ્રીય માહિતી આયોગે કરેલ હુકમના મુખ્ય અંશો નીચે મુજબ છે.

ઉપર જણાવ્યા મુજબની અરજદારે માંગેલ માહિતી વ્યકિતની અંગત માહિતી (કલમ-8(1)(j)) ગણી શકાય કે કેમ? તે બાબતનો છે. તેમ જણાવી આયોગ નોંધે છે કે આ અગાઉ આયોગ સમક્ષ ફુલ બેંચમાં રજુ થયેલ એક કેસમાં (મિલાપ ચોરારીયા વિ. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેક્ષીસ-અપીલ નં. CIC/AT/A/2008/00628-Decision dated 15-06-2009) ઈન્કમટેક્ષ રિર્ટનને કલમ-8(1)(j) મુજબ જાહેર માહિતી અધિકારી દ્વારા યોગ્ય રીતે વ્યકિતની અંગત માહિતી ગણવામાં આવેલ. તે નિર્ણયને આયોગે માન્ય ઠરાવેલ હતો અને તેમાં અરજદાર સદર માહિતી કઈ રીતે જાહેર હિતમાં છે અને તેવું સાબિત કરી શકયા નહોતા. આ જ તર્ક પ્રસ્તુત કેસમાં શ્રી લ્યૂટના ઈન્કમટેક્ષ રિટર્નની બાબતને પણ લાગુ પડી શકે.

પ્રસ્તુત કિસ્સામાં જે માહિતી આપવાની ના પાડવામાં આવી છે તે આવશ્યક રીતે બે ભાગમાં વિભાજીત થાય છે. (૧) નોકરીની કારકિર્દી (૨) શ્રી લ્યુટની સંપતિ અને જવાબદારીઓ, સ્થાવર અને જંગમ મિલકતો અને બીજી નાણાંકીય બાબતો. તેથી પ્રસ્તુત બાબતે મને એવું માનવાને કોઈ ખચકાટ નથી કે નકારાયેલ માહિતી કાયદાની જોગવાઈ 8(1)(j) મુજબ યોગ્ય છે અને કોઈ જાહેર હિત હોવાનું પણ ફલિત થતું નથી. અને આયોગે એ પ્રમાણે આપવા પાત્ર માહિતી ચાર અઠવાડીયામાં પુરી પાડવા હુકમ કર્યો અને બાકીની માહિતી આપવા માટે લાયક થતી નથી તેમ પણ હુકમ કર્યો.

## (૭) નામદાર હાઈકોર્ટનો નિણર્ય

Writ Petition No. 4221 of 2009, Date- 16-02-2010
કેન્દ્રીય માહિતી આયોગનો નિર્ણય માન્ય રાખવામાં આવે છે.
અરજદારની રીટ પીટીશન રદ બાતલ કરવામાં આવે છે.

## (૮) નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેંચનો નિર્ણય :

L.P.A. No 358 of 2011, Date 21-12-2011
નામદાર હાઈકોર્ટના Single judge નો નિર્ણય માન્ય રાખવામાં આવે છે.
અરજદારની એલ.પી.એ. રદબાતલ કરવામાં આવે છે.

## (૯) <u>સુપ્રીમ કોર્ટમાં કેસની વિગતો</u> :

સુપ્રીમ કોર્ટમાં અરજદારના એડવોકેટે એવી રજુઆત કરી કે અધિકારી વિરુધ્ધ શિસ્ત ભંગના પગલાં કે સંપત્તિ અને જવાબદારીઓ તેમજ તેમણે મેળવેલી ભેટ (ગીફટસ)ની વિગતો જાહેર કરવાની બાબત અધિકારીના અંગત જીવનમાં બિનજરૂરી દખલ ગણી શકાય નહી.

નોકરી અંગેના દસ્તાવેજો પણ જો યોગ્ય રીતે અર્થઘટન કરવામાં આવે તો કલમ-8(1)(j) હેઠળ આવી શકે નહી.

કાયદાની કલમ-૬(૨) મુજબ અરજદારે માહિતી માંગવા માટે કોઈ કારણો આપવાના રહેતા નથી. તેથી કેન્દ્રીય માહિતી આયોગે વ્યાજબી રીતે હુકમ કર્યો નથી.

## (૯) <u>સુપ્રીમ કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>

- અહીં, સુપ્રીમકોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન અને બીજાઓ વિ. આદિત્ય બંદોપાધ્યાયના કેસ (2011) 8 SCC 497 માં કલમ-8(1)(e), (g)અને (j) ની વિગતવાર છણાવટ કરી તેનો ઉલ્લેખ કર્યો છે.

- પ્રસ્તુત કેસમાં પીટીશનર એટલે કે અરજદારે અધિકારી એટલે કે ત્રાહિત પક્ષકારને આપવામાં આવેલ તમામ યાદીઓ, કારણદર્શક નોટીસો, ઠપકો-સજાની વિગતો તમજ સ્થાવર-જંગમ મિલકતોની માહિતી,બેંક અને બીજી નાણાંકીય સંસ્થાઓ પાસેથી ઉછીના લીધેલા નાણાંની વિગતો, તેમના પુત્રના લગ્નપ્રસંગે તેમના સગાસબંધીઓ અને મિત્રો પાસેથી સ્વીકારેલ ભેટોની વિગતો, કે જેનો ઈન્કમટેક્ષ રિટર્નમાં મોટા ભાગે સમાવેશ થતો હોય છે તેવી વિગતો સાચી છે. કોર્ટ એવું નોંધે છે કે અમે કેન્દ્રીય માહિતી આયોગના અને નીચલી કોર્ટના હુકમ સાથે સંમત છીએ.

- ઈન્કમટેક્ષ રિટર્નમાં જે વિગતો જાહેર કરવામાં આવે છે તે પણ કાયદાની કલમ-8(1)(j) મુજબ જો જાહેર હિતસમાવિષ્ટ ન હોય તો વ્યકિતની અંગત માહિતી ગણાય અને જાહેર કરી શકાય નહીં.

- યાદી, કારણદર્શક નોટીસ, ઠપકો, સજા, ઈન્કમટેક્ષ રીર્ટનની નકલોએ કલમ-8(1), (j) હેઠળ ''અંગત માહિતી'' ની વ્યાખ્યામાં આવે છે.

કર્મચારી/અધિકારી અને તેમના નોકરીદાતા વચ્ચેના સંબંધો/કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થતાં હોઈ, આ બાબતો પણ કલમ-8(1)(j) હેઠળ અંગત માહિતી ગણાય, પરંતુ આ વિગતો જો વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવાનું જરૂરી જણાય તો તે આપવાના હુકમો જાહેર માહિતી અધિકારી અથવા અપીલ અધિકારી કરી શકે. પરંતુ આવી માહિતી માંગવાની બાબતને અરજદાર પોતાના અધિકાર તરીકે ગણી આવી માહિતી માંગી શકે નહિ.

વધુમાં પ્રસ્તુત કેસમાં પીટીશનરે પોતે માંગેલ માહિતી જાહેર હિતમાં જરૂરી છે તેવો શુભ ઈરાદો પ્રસ્થાપિત કરી શકયા નથી તેથી માંગેલ માહિતી અંગત પ્રકારની હોઈ કલમ-8(1)(j) હેઠળ જાહેર કરી શકાય નહીં.

- **<u>નિર્ણય</u> :**

ઉપર મુજબની હકીકતો ધ્યાને લેતાં આ એસએલપી રદબાતલ કરવામાં આવે છે.

## કેસ નંબર-૧૦૦

**ઈન્ટરવ્યુ કમિટીના સભ્યોના નામ જાહેર કરી શકાય નહીં**

**સુપ્રીમ કોર્ટ ના. મા. ન્યાયાધીશ શ્રી સ્વતંત્ર કુમાર અને મા.ન્યાયાધીશ સુધાશું જયોતિ મુખોપાધ્યાય નો ચુકાદો**
**બિહાર પબ્લીક સર્વિસ કમિશન વિરુધ્ધ સૈયદ હુસેન અબ્બાસ રિઝવી અને બીજાઓ**
**લાગુ પડતી કલમ-8(1)(g)**
**C.A No. 9052 of 2012 (Arising out of SLP 20217 of 2011)**
**ચુકાદાની તા. ૧૩-૧૨-૧૨**
**કુલ પાનાની સંખ્યા : ૩૦**

- **કેસની વિગત :**

બિહાર પબ્લીક સર્વિસ કમિશને બિહાર સરકારના સી.આઈ.ડી.માં ‘‘સ્ટેટ એકઝામીનર ઓફ કવેશ્વનર ડોકયુમેન્ટ’’ નામની જગ્યા ભરવાના ઈરાદાથી તા.૧૦-૦૫-૨૦૦૦ થી સ્થાનિક સમાચારપત્રોમાં જાહેરાત આપી હતી. જેમાં સાથે સાથે એવી પણ જાહેરાત કરેલ કે જો પૂરતી સંખ્યામાં અરજીઓ મળશે તો લેખિત પરીક્ષા પણ લેવામાં આવશે. પરંતુ બહુ ઓછી સંખ્યામાં અરજીઓ આવતાં કમીશને મૌખિક પરીક્ષાનો વિકલ્પ પસંદ કરી, ઉમેદવારોને પસંદ કરવાનું નકકી કરી, પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરી, બિહાર રાજય સરકાર ને પસંદ કરેલા ઉમેદવારોની પેનલ ભલામણ માટે મોકલી.

કેસની વિગતો મુજબ એક નાગરિક સૈયદ હુસેન અબ્બાસ રિઝવી (પ્રતિવિવાદી નં.૧) એ કમિશનમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજી કરીને તા.૧૬-૧૨-૨૦૦૮ થી ૮ મુદ્દાઓની માહિતી માંગી. જે તા.૩૦-૦૯-૨૦૦૨ થી તા. ૧-૧૦-૨૦૦૨ ની તારીખો દરમિયાન જાહેરાત સંદર્ભે કરવામાં આવેલ ઈન્ટરવ્યુ અંગેની હતી. જેમાં મુખ્યત્વે ઈન્ટરવ્યુ બોર્ડમાં હાજર નિષ્ણાંતોના નામ હોદ્દા અને સરનામા તથા હાજર રહેલ ઉમેદવારોના નામ, ઉમેદવારોને આપવામાં આવેલ માર્ક, પસંદગીના ધોરણો....... આવી બધી માહિતીનો સમાવેશ થાય છે. અરજદારની અરજી કમિશનમાં પેન્ડીંગ પડી રહેતા પ્રતિવાદીએ (અરજદારે) અપીલ કરતાં રાજય માહિતી આયોગે તા.૩૦-૦૪-૦૯ ના આદેશ કરીને અરજદારને માહિતી પુરી પાડવા જણાવીને તા.૨૭-૦૮-૦૯ ના રોજ સુનાવણી કરી હુકમ કર્યો. જાહેર માહિતી અધિકારીએ ૧૨-૦૮-૦૯ ના પત્રથી અરજદારને માંગેલ લગભગ માહિતી પુરી પાડવામાં આવી. પણ લેખિત ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ નહોતા. ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના નામ, હોદ્દા અને સરનામા કાયદાની કલમ-8(1)(g) ની જોગવાઈ મુજબ પુરા પાડી શકાય નહી તેમ જણાવ્યું

- **હાઈકોર્ટ પટણાનો નિર્ણય :**

આયોગના ના.૨૭-૦૮-૦૯ ના હુકમ સામે અરજદાર નારાજ થતા હાઈકોર્ટ પટણામાં સદર રીટ કરી તા.૨૭-૧૧-૦૯ ના રોજ હાઈકોર્ટે કેસની સુનાવણી કરી રીટ કાઢી નાંખી અને હુકમ કર્યો કે પસંદગીની પ્રક્રિયાની પવિત્રતા નિભાવવા સારૂ અને મારા અભિપ્રાય મુજબ કાયદાની કલમ-8(1)(j) મુજબ અનધિકૃત રીતે વ્યકિતના અંગત જીવનમાં દાખલ કરવાની બાબત ગણી શકાય. તેથી આવી માહિતી જાહેર ન કરવાની બાબતમાં જાહેર હિત હોવાથી તેમજ જો આવી માહિતી જાહેર કરવામાં આવે તો પ્રક્રિયાને ખાનગી રાખવાની બાબત અને તેની અધિકૃતતાને અસર થાય તેથી માહિતી આપવાનું નકારેલ છે જે ધ્યાને લઈ રીટ રદ કરી.

- <u>ડીવીઝન બેંચનું નિરીક્ષણ અને નિર્ણય :</u>

અરજદારે સીંગલ જજના ચુકાદાથી નારાજ થઈ ડીવીઝન બેંચમાં એલપીએ કરી.

ડીવીઝન બેંચ સમક્ષ મુખ્ય બે મુદ્દા વિચારણામાં હતા.

૧) ત્રાહિત વ્યકિતનો આ કેસમાં સંદર્ભ છે કે કેમ ? કલમ-8(1)(j), કલમ-2(n) અને કલમ-11(1) ના આધારે માહિતી નકારી શકાય કે કેમ

૨) અરજદાર એટલે કે પ્રતિવાદી નં.૧ પ્રસ્તુત કેસમાં ફકત અટકચાળો કરનાર, અને કે જે ઉમેદવાર પણ નહોતા અને કમિશનની કામગીરીમાં જરૂર વગર દખલ કરતા હતા.

ડીવીઝન બેંચ એવો અભિગમ લીધો કે કલમ-8(1)(g) લાગુ પડતી ન હતી. કારણ કે આ જોગવાઈ કાયદાના અમલીકરણ અને સલામતીના હેતુઓ માટે લાગુ પડે છે.

આ એજન્સીના કાર્યો જાહેર ક્ષેત્રને લગતાં હોઈ 8(1)(j) નો આધાર લઈ ના પાડવી એ કાયદાની દ્રષ્ટ્રિએ ટકી શકે નહી. આ અપીલ નો સ્વીકાર કરી ડીવીઝન બેંચ સીંગલ જજનો હુકમ રદ કર્યો અને રાજય માહિતી આયોગને હુકમ કર્યો કે અરજદારને તેમણે માંગેલ માહિતી એટલે કે ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના નામ આપવા પણ જે કાગળો પર તેમની સહીઓ અને સરનામા વાળી નકલો આપવી નહી તેમ જણાવ્યું.

- કમિશને આ હુકમની કાયદેસરતા અને સત્યતાને પડકારીને સ્પેશીયલ લીવ તરીકે અપીલ કરી. પ્રસ્તુત બાબતે મુખ્ય પ્રશ્ન એ હતો કે કમિશન ઈન્ટરવ્યૂ બોર્ડના સભ્યોના નામ, હોદ્દા તમજ ઉમેદવારોના નામ સરનામા જાહેર કરી શકે કે કેમ? અને કાયદાની કલમ-૮ હેઠળ તેને નકારી શકે કેમ?

- <u>સુપ્રિમ કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>

➢ કોર્ટ પ્રથમ તો કાયદાના મુખ્ય હેતુઓ અને ઘ્યેયોનો ઉલ્લેખ કરી નમીત શર્મા વિરુઘ્ધ યુનિયન ઓફ ઈન્ડીયાના (૨૦૧૨) ના સુપ્રિમ કોર્ટના ચુકાદાના મુખ્ય નિરીક્ષણો રજુ કરતાં જણાવ્યું કે માહિતી અધિકાર અધિનિયમનો મુખ્ય હેતુ વહીવટમાં પારદર્શિતા અને દરેક નાગરિકને માહિતી મેળવી શકે તે અંગેનો છે તેમજ જાહેર જનતાને જવાબદેહીપણાનો છે. બંધારણના અનુચ્છેદ-૨૧ મુજબ નાગરિકોને અંગત જીવનનું સ્વાતંત્ર્ય પણ મળેલું છે. કાયદાની કલમ-૩ મુજબ નાગરિકોને માહિતીનો અધિકાર મળેલ છે. કલમ-૪ જાહેર સત્તામંડળ ઉપર રેકર્ડ નિભાવવાની જવાબદારીઓ નાંખી છે અને કલમ-૬ અને ૭ મુજબ માહિતી માંગનારને માહિતી પુરી પાડવાની છે. કાયદાની કલમ-૮ સૌથી અગત્યની અને માહિતી પુરી પાડવાના સામાન્ય નિયમનો અપવાદ છે. જેમાં કાયદાએ માહિતી આપવામાંથી મુકિત આપી છે. પણ જો જાહેર હિત સમાયેલું હોય તો માહિતી પુરી પાડી શકાય છે. આ બધી જોગવાઈઓ બતાવે છે કે માહિતી અધિકારના કાયદાનો વ્યાપ ઘણો છે જે કાયદો ઘડનારાઓએ ખાસ ઘ્યાને લીધેલ છે તેથી આવા કેસોમાં માહિતી આયોગે વિવેકબુઘ્ધિથી નકકી કરવું જોઈએ કે પ્રસ્તુત બાબતને કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં માહિતી આપવામાં મુકિત મળેલ છે કે કેમ ?

- માહિતીનો અધિકાર મૂળભૂત અને પાયાનો અધિકાર છે પણ તે અનિયંત્રિત નથી તેની પોતાની મર્યાદાઓ છે.
- કમિશન જાહેર સત્તામંડળ છે. (કાયદાની કલમ-૨(એચ) મુજબ).
- કલમ-2(f) મુજબ કાયદામાં માહિતીની વ્યાખ્યા આપેલ છે.
- મોટે ભાગે માહિતી આપવામાં આવેલ છે. વિવાદી ફકત મુદ્દા નં.૧ એટલે કે ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના નામ અને સરનામા માટે છે.
- કમિશન દ્વારા કલમ-૮(૧)(જે) અને કલમ-૧૧ નો આધાર લઈ માહિ તી નકારાયેલ છે. કલમ-2(n) મા ત્રાહિત પક્ષકારની વ્યાખ્યા આપેલ છે. જે ધ્યાને લેતાં જો માહિતી આપવામાં આવે તો ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના જીવનને ભયમાં મુકી શકે અને તેથી બોર્ડના સભ્યોના અંગત જીવનમાં દખલ કરી શકે. આ બધી બાબત ધ્યાને લઈ કલમ-8(1)(g) ની જોગવાઈઓના આધારે માહિતી આપવાનું નકારેલ.
- કોર્ટે જાહેર હિત અને વિશ્વસનીય સંબંધો અંગે કલમ-8(1)(e) વિશે પણ છણાવટ કરેલ છે.
- તેથી અંગતપણાનો હક અને માહિતીનો હકક બંનેને જાહેર હિત ધ્યાને લઈ વિચારવાનું રહે. પ્રસ્તુત કેસમાં કલમ-8(1)(e) લાગુ પડે છે કે કેમ એ અંગે વિગતે ચર્ચા કરવાનું જરૂરી લાગતું નથી કારણ કે આ બાબતે સુપ્રિમ કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન વિ. આદિત્ય બંધોપાધ્યાયના ચુકાદામાં (૨૦૧૧) વિગતવાર છણાવટ કરેલ છે અને તેના નિરીક્ષણો જોતાં પ્રસ્તુત કેસમાં પરીક્ષા લેનાર સંસ્થા એટલે કે કમિશન અને ઈન્ટરવ્યુ લેનાર વચ્ચે કોઈ વિશ્વાસના સંબંધો પ્રસ્થાપિત થતાં નથી તેથી કલમ-8(1)(e) હેઠળ માહિતી ન આપવાનો આધાર લઈ શકાય નહિ.
- સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી સ્કૂલના સુપ્રિમકોર્ટના ચુકાદામાં આ કોર્ટ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે પરીક્ષા લેનાર સંસ્થા અને પરીક્ષક જે ઉત્તરવહીઓ ચકાસે છે તે બંને વચ્ચેનો સંબંધ પ્રિન્સીપાલ અને એજન્ટ જેવો છે. આ સબંધ ખરેખર કલમ-૮ ની કોઈ મુકિત મળેલ કલમ જેવા ગણી શકાય નહી, પરંતુ કેટલીક મુકિત મળી છે તેવા પેટા કલમના ખંડો છે. જે વિશ્વાસના સંબંધો જેવા નથી. ખંડ 8(1)(g) અહી સમાવિષ્ટ થઈ શકે. કલમ-8(1)(g) જણાવે છે કે **''કોઈ વ્યકિતની જિંદગી અથવા શારીરિક સલામતી જોખમમાં મૂકે અથવા કાયદાની અમલ બજવણી માટે અથવા સુરક્ષાના હેતુસર ખાનગી રાહે આપેલી માહિતી અથવા સહાયનો સ્ત્રોત ઓળખાઈ જાય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં''**

  હાઈકોર્ટની ડીવીઝન બેંચ 8(1)(g) નો આધાર લેવાની બાબતને એટલા માટે નકારેલ છે કે તે ફકત કાયદાના અમલીકરણ અને સલામતી બાબતે લાગુ પડે છે અને સામાન્ય બાબતોને લાગુ પડતી નથી. હાઈકોર્ટનું આ તારણ 8(1)(g) ની ભાષા જોતાં વિરુધ્ધનું છે. કલમ-8(1)(g) માં જુદાજુદા ખંડો છે.
- આ કલમ-8(1)(g) ના ખંડો સ્પષ્ટ કરે છે કે જો કોઈ વ્યકિતના જીવન અથવા શારીરીક સલામતીને ભયમાં મુકે તેમ હોય તો જાહેર સત્તામંડળની માહિતી આપવાની ફરજ બનતી નથી. ''જીવન'' શબ્દ એક વિશાળ અર્થમાં છે. જયારે ''શારીરિક સલામતી'' નિયંત્રણ શબ્દ છે ''જીવન'' શબ્દમાં વ્યકિતની આબરૂ તથા જીવન જીવવાની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે. બંધારણના આર્ટીકલ ૨૧ માં પણ જીવન શબ્દને ખૂબ વિસ્તૃત સ્વરૂપે લેવામા આવ્યો છે અને જીવનમાં ગૌરવપૂર્ણ જીવન જીવવાના હકનો રહેઠાણનો, મૂળ જરૂરીયાતોનો અને પ્રતિષ્ઠાના હકનો પણ સમાવેશ થાય છે. કલમ-8(1)(g) માં

'એન્ડેન્જર' શબ્દ વાપર્યો છે મતલબ કોઈપણ વ્યકિતને ભયમાં મૂકી શકે તેવો થાય. હાઈકોર્ટે આગળ જણાવ્યું તેમાં કલમ-8(1)(j) દર્શાવેલ છે પણ ભાષા 8(1)(g) ની વાપરી છે.

- હાઈકોર્ટે માર્કસ જાહેર કરવાનો જે હુકમ આપેલ છે તેમાં કોર્ટને કોઈ ભૂલ જણાતી નથી. પરંતુ ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના નામ સરનામા જાહેર કરવાનો હુકમ કર્યો છે તે કાયદાની કલમ 8(1)(g) નું મૂળ તત્ત્વ જોતાં વિરોધ કરવાને પાત્ર છે. સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજયુકેશનના ચુકાદાનો ફકરો ૫૨ અને ૫૩ જોતાં તેના નિરીક્ષણો જણાવ્યા મુજબ તે સંપૂર્ણપણે આ કેસમાં પણ લાગુ પાડે છે. એટલે કે ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના નામ સરનામા જાહેર કરાય તો તેમના જીવન અને શારીરિક સલામતીને ભયમાં મૂકી શકે.

- નિષ્ફળ ગયેલ ઉમેદવાર આવી વ્યકિતઓ ઉપર બદલો લેવા માટે હુમલો કરી શકે તે બાબતને અવગણી શકાય નહી. વધુમાં કોર્ટ એમ પણ નોંધે છે કે ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યો નામ જાહેર કરવાથી એક બાજુ તેમને ઈજા/નુકશાન થવાની શકયતા છે. જયારે બીજી બાજુ તેનાથી કોઈ જાહેર હેતુઓ સિધ્ધ થતાં નથી. બીજુ કે હાઈકોર્ટે પૂર્વગ્રહને મુદ્દો ધ્યાને લીધો છે તે કોઈ યોગ્ય આધાર નથી. હાઈકોર્ટે કરેલ નિર્ણય આ કોર્ટના સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી સ્કૂલ એકઝામીનેશનના ચુકાદાના સિધ્ધાંતો સાથે સુસંગત નથી. <u>**પારદર્શિતાનો મતલબ તેમાં ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના નામ-સરનામા સાથે નથી પણ પારદર્શિતા કરવામાં આવેલ કાર્યવાહી અને ઉમેદવારોની પસંદગીમાં વાપરવામાં આવેલ કોઠાસૂઝ અને માર્કની સાથે છે. આપવામાં આવેલ માર્ક જાહેર કરવા જરૂરી છે પણ ઈન્ટરવ્યુ લેનારના નામ જાહેર કરવાની બાબત ભાગ્યેજ પારદર્શિતાના સિધ્ધાંત સાથે સંબંધિત છે અથવા માહિતી અધિકાર અધિનિયમની મર્યાદાઓ સાથે યોગ્ય રીતે અમલીકરણ કરવા સાથે છે.**</u>

ઉપર જણાવેલ કારણો ધ્યાને લઈ આ અપીલ સ્વીકારવામાં આવે છે અને હાઈકોર્ટનો હુકમ રદ કરવામાં આવે છે અને એવું ઠરાવવામાં આવે છે કે અરજદારે તેમની અરજીના મુદ્દા નં.૧ અન્વયે માંગવામાં આવેલ માહિતી જાહેર કરવા (ઈન્ટરવ્યુ બોર્ડના સભ્યોના નામ, હોદ્દો, સરનામા) કમિશન બંધાયેલ નથી.

**કેસ નંબર-૧૦૧**

**કર્મચારી/અધિકારીનો ખાનગી અહેવાલ એટલે કે ACR અને તે અંગેની આનુષાંગિક ફાઈલ કે જેમાં ACR નું પૃથકકરણ કરવામાં આવ્યું હોય તે પણ કાયદાની કલમ-8(1)(j) અંગત માહિતી ગણાય તેથી આપી શકાય નહિ.**

**સુપ્રીમ કોર્ટના મા. ન્યાયાધીશ શ્રી જી. એસ. સીઘવી અને મા. ન્યાયાધીશ શ્રી સુધાંશુ જયોતિ મુખોપાધ્યયનો ચુકાદો**
**CA No. 2013 Arising out of SLP (C) 22609 of 2012**
**લાગુ પડતી કલમ : 8(1)(j)**
**આર. કે. જૈન વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ**
**ચુકાદાની તારીખ ૧૬-૦૪-૨૦૧૩**
**ચુકાદાના કુલ પાનાની સંખ્યા : ૧૮**

- **કેસની વિગત :**

દિલ્હી હાઈકોર્ટના તા.૨૦-૦૪-૨૦૧૨ ના ફાઈનલ જજમેન્ટની વિરુધ્ધમાં **LPA** કરી (**No. 22/2012**) ડીવીઝન બેંચમાં ચેલેન્જ કરતાં ડીવીઝન બેંચે અપીલ રદ કરી દીધી હતી. તેને પડકારતી આ અરજી કરવામાં આવી છે.

પ્રસ્તુત કેસની મૂળ વિગતો એવી છે કે, અરજદારે મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સના રેવન્યુ ડીપાર્ટમેન્ટ પાસે આ કાયદા હેઠળ અરજી કરીને તા.૦૭-૧૦-૨૦૦૯ થી એક અધિકારીના (Member of CESTAT) સંદર્ભે એક ફાઈલની તમામ નોંધની સીટસ તથા તેને લગત પત્રવ્યવહારની નકલોની માંગણી કરેલ. જેના અનુસંધાને સંબંધિત જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીએ ૧૫-૧૦-૨૦૦૯ ના પત્રથી તેમણે માંગેલ માહિતીને કાયદાની કલમ-૮(૧)(જે) નો આધારલઈ નકારવામાં આવેલ. અને સ્પષ્ટ જણાવેલ કે તમે માંગેલી ફાઈલ અધિકારીના **ACR** નું વર્ગીકરણ ધરાવે છે તેથી તે કલમ-૮(૧)(જે) મુજબની હોઈ આપી શકાય નહી. અરજદારે આ હુકમ સામે અપીલ કરતાં પ્રથમ અપીલ અધિકારીએ પણ જાહેર માહિતી અધિકારીએ આપેલા જવાબને કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય હોઈ તા.૧૮-૧૨-૧૦ ના હુકમથી અપીલ માન્ય રાખી નહોતી.

- **અપીલ અધિકારીના હુકમના મુખ્ય અંશો :**

પ્રથમ અપીલ અધિકારીએ ખાસ નોંધતા જણાવ્યું કે અરજદારે માંગેલ માહિતી જેને લાગુ પડતી છે તે શ્રીમતી જયોતિ બાલસુંદરમ (CESTAT) ની જયુડીશીયલ સભ્ય હોઈ, વિશાળ જાહેર હિતમાં આપવી જોઈએ તેવા અરજદારના અભિપ્રાય સાથે હું સંમત નથી. શ્રીમતી બાલસુંદરમ હજુ CESTAT માં ફરજ બજાવે છે. અને તેથી તેમના ૨૦૦૦-૨૦૦૧ ના C.R. તેમની નોકરીની વિગતો જોતાં હજુ અમલમાં છે. અરજદારે માંગેલી વિગતમાં નોંધના બે પાના અને પત્રવ્યવહારના પાંચ પાના છે અને વિગતો જોતાં આમાંથી કશુંક બાકાત રાખીને આપી શકાય નથી. એટલે કે ૮(૧)(જે) લાગુ પડે છે અને અપીલ નામંજુર કરવામાં આવી.

- **<u>કેન્દ્રીય માહિતી આયોગના બીજી અપીલના હુકમના મુખ્ય અંશો :</u>**

તા.૨૨-૦૪-૧૦ ના હુકમથી આયોગે પણ તેમની અપીલ નકારી કાઢી અરજદારની એવી રજુઆત હતી કે અધિકારીના A.C.R. માં અહેવાલ લખનાર (Reporting officer) અધિકારીએ ત્રાહિત વ્યકિતની ઈન્ટીગ્રીટી વિષે ઉલ્લેખ કરેલ છે તેથી આવી બાબતને વીજીલન્સ ઈન્કવાયરીની સાથે સરખાવી ન શકાય અને આપવી જોઈએ. જેમાં અરજદારના અર્થઘટનમાં ભૂલ હતી. આયોગે જણાવ્યું કે **<u>અધિકારીના ACR Grades સંબંધિત હોય તે વ્યકિતને આપી શકાય અને ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી</u>**. (અપવાદ રૂપ સંજોગો સિવાય) આ પ્રકારનો આધાર કેન્દ્રીય માહિતી આયોગ તેમના એક ચુકાદામાં (CIC/WBIA/2007/00422-19-02-09) માં સુપ્રીમ કોર્ટના દેવદત્ત વિ. યુનિયન ઓફ ઈન્ડીયાને ધ્યાને લઈ (CA No. 7631/2002) આપ્યો હતો.

આયોગે અહીં ખાસ નોંધ્યુ છે કે ACR માં રિપોર્ટીંગ અને રીવ્યુઈંગ ઓફિસરે કરેલ કોમેન્ટસ અંગેની ફાઈલનું પરીક્ષણ ACR ના પરીક્ષણની સમકક્ષ જ છે. તેથી અન્ય વ્યકિતને આપી શકાય નહી અને આમ નિર્ણય આપી અપીલ રદ કરવામાં આવી.

- **<u>દિલ્હી હાઈકોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

અરજદારે કેન્દ્રીય માહિતી આયોગના હુકમથી નારાજ થઈને WP(C) No. 6756 of 2010 થી રીટ દાખલ કરી. તેને હાઈકોર્ટ પણ કાઢી નાંખી હતી અને આયોગના હુકમને માન્ય રાખેલ. જેમાં **<u>હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલ વિ. કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીના (AIR 2010 દિલ્હી ૨૧૬) દિલ્હી હાઈકોર્ટના ચુકાદાનો આધાર લેવામાં આવ્યો</u>**. અને તેના નિર્ણય મુજબ પ્રસ્તુત રીટમાં પણ એવો નિર્ણય લેવામાં આવ્યો કે જો કેન્દ્રીય જાહેર માહિતી આયોગને એવું જણાય કે તેમાં વિશાળ જાહેર હિત સમાયેલું છે તો આયોગ કાયદાની કલમ-૧૧ મુજબ કાર્યવાહી કરે અને કેસ આયોગને પરત કરવામાં આવેલો.

- **<u>દિલ્હી હાઈકોર્ટની ડીવીઝન બેંચનું નિરીક્ષણ અને નિર્ણય :</u>**

- **<u>ડીવીઝન બેંચે ખાસ નોંધ્યુ છે કે :</u>**

કલમ-૧૧(૧) મુજબની પધ્ધતિ ફરજિયાત કાયદેસરની છે. જેમાં ત્રાહિત વ્યકિતને સાંભળવા માટે નોટીસ આપીને તેમના ACR આપવા કે કેમ? તે અંગે પૂછીને અભિપ્રાય મેળવવા જોઈએ. અને **<u>જો ત્રાહિત વ્યકિત એવી દલીલ કરે કે જાહેર હિત કરતાં તેમનું ખાનગી હિત વધુ હોવાનું સાબિત થતું હોય તો તેમની માહિતી આપવાની ના પાડી શકે પણ જાહેર હિતના તત્વને ચકાસવું પડે.</u>**

દિલ્હી હાઈકોર્ટના ચુકાદા થી નારાજ થતાં અરજદારે તા.૨૦-૦૪-૧૨ ના ચુકાદાની વિરુધ્ધ ડિવીઝન બેંચમાં LPA No. 22 of 2012 of 2012 દાખલ કરી ડીવીઝન બેંચે પણ સુપ્રિમ કોર્ટના ઉપર જણાવેલ અરવિંદ કેજરીવાલના ચુકાદા મુજબ સીંગલ જજનો ચુકાદો માન્ય રાખ્યો અને એલ.પી.એ. રદ કરી.

- **<u>સુપ્રીમ કોર્ટનું નિરીક્ષણ અને નિર્ણય</u>** :

પીટીશનરના એડવોકેટ પ્રશાંત ભૂષણે જણાવ્યું કે અધિકારીના C.R. માં "Integrity" અંગેની બાબતનું ''ફોલોઅપ એકશન'' ACR થી અલગ બાબત છે. જો કે અમને એવું લાગે છે કે સીંગલ જજે એવો અભિપ્રાય આપ્યો હતો કે ACR અને માંગવામાં આવેલ ફાઈલમાં કોઈ ખાસ તફાવત નહોતો.

પ્રશાંત ભૂષણે એવી પણ દલીલ કરી કે જાહેર સેવકના ACR ને જાહેર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબત છે તેથી તે જાહેર હિતમાં ગણી શકાય. અને આવી માહિતી માંગવાથી વ્યકિતના અંગત જીવનમાં અનધિકૃત પ્રવેશની બાબત ગણી શકાય નહી. અત્રે પ્રશાંત ભૂષણે ઉત્તરપ્રદેશ રાજય વિ. રાજનારાયણ AIR 1975 ના ચુકાદાના તારણો પણ ટાંકયા હતા. અને રજુઆત કરી હતી કે જે માહિતી સંસદને આપી શકાય તો ACR સંબંધિત માહિતી અંગત માહિતી ગણી ન શકાય અથવા ખાનગી દસ્તાવેજ ગણી ન શકાય.

પ્રતિવિવાદીના એડવોકેટે એ. એસ. ચંડીઓકે સ્પષ્ટ જણાવ્યું કે ACR ને સંબંધ માહિતી પણ વ્યકિતના અંગત જીવનને લગત માહિતી ગણી શકાય. તેથી ACR નું પૃથ્થ્થકરણ અંગેની માહિતી પણ ૮(૧)(જે) કલમ હેઠળ આવે અને તેથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પુરી પાડી ન શકાય. અહી સોલીસીટર જનરલ શ્રી એ. એસ.ચંડીઓકે સુપ્રિમ કોર્ટના ચુકાદા ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ. કેન્દ્રીય માહિતી આયોગના ૨૦૧૩ ના ચુકાદાના તારણો ને આધાર લઈ (1 SCC 212) દલીલ કરી હતી.

- <u>**સુપ્રીમ કોર્ટનો નિર્ણય :**</u>

સુપ્રીમ કોર્ટે બન્ને પક્ષકારોના એડવોકેટને સાંભળ્યા.

સુપ્રીમકોર્ટે કાયદાની કલમ-૮(૧)(જે) નું શબ્દશ : વર્ણન કરીને તેમજ કાયદાની કલમ-૧૧(૧) નું શબ્દશઃ વર્ણન કરીને સેન્ટર ફોર અર્થ સાયન્સીસ સ્ટડીઝ વિ. એન્સન સેબેસ્ટીઅન (૨૦૧૦(૨) KLT ૨૩૩) કેરાલા હાઈકોર્ટના વિવાદસ્પદ ચુકાદાઓનું વિવરણ કરીને તેના તારણોની ચર્ચા કરી અને જણાવ્યું કે જાહેર સત્તામંડળ દ્વારા નિભાવવામાં આવતા કર્મચારીઓના ACR વ્યકિતના અંગત જીવનને લગતો રેકર્ડ કહી શકાય નહીં.

અરવિંદ કેજરીવાલ વિ. કેન્દ્રીય મહિતી આયોગના સુપ્રીમ કોર્ટના તારણોનું વિવરણ કરીને તેમાં જણાવેલ બાબતોનો ઉલ્લેખ કર્યો કે અધિકારીઓના અગાઉના પર્ફોમન્સને આધીન ACR ની વિગતો મુજબ જે ગ્રેડીંગ આપવામાં આવે છે તે વ્યકિતની અંગત માહિતી ગણી શકાય નહી. અને છેવટે અરવિંદ કેજરીવાલના કેસમાં એવી ચર્ચા કરવામાં આવેલ કે ત્રાહિતી વ્યકિત અંગેની કલમ-૧૧(૧) સાદી છે. એકવાર જો આવી માહિતી અરજદારને પુરી પાડવામાં આવે તો એટલે કે ત્રાહિત વ્યકિતને લગતી માહિતી પુરી પાડવામાં આવે તો પછી તે ખાનગી રહેતી નથી. It is no longer in private domain માહિતી માંગનાર આ માહિતી એટલે કે ત્રાહિત વ્યકિતની માહિતી મળ્યા પછી આખી દુનિયામાં જાહેર કરી શકે. એટલે કે કોઈ ઓફિસરને પ્રમોશન શા માટે આપવામાં આવ્યું ન હોતું આવી બાબત આખી દુનિયાને જણાવવાનું ત્રાહિત વ્યકિત ઈચ્છતી ન હોય અને તેથી અધિકારી જાહેર સેવક છે તેથી તેને અંગત માહિતી જાહેર કરવાની બાબતને હળવાશથી લઈને તેને તેની અંગત બાબતો માટે ઝઝૂમવાની સ્થિતિમાં ન મૂકી શકાય અને આવી શરમજનક બાબતો માટે જાહેર થયેલી માહિતી સામે શકયતઃ એ ઝઘડી પણ ન શકે. એવું પણ બને કે ઓફિસરને આવી માહિતી જાહેર કરવા માટે વાંધો પણ ન હોય. ત્રીજી બાબત એ છે કે અધિકારીને નિમણૂંક અંગેના કેટલાક લાયકાત અંગેતા પ્રમાણપત્રો જાહેર હિતમાં જાહેર કરવાનું વિચારી શકાય. ચોથી બાબત એ છે કે વ્યકિતના હોદ્દાનું પણ મહત્ત્વ

એક મુદ્દો ગણી શકાય. અને આ બધી બાબત ત્યારે જ શકય બને જો ૧૧(૧) હેઠળ ત્રાહિત વ્યકિતને નોટીસ આપીને તેની માહિતી જાહેર કરતા પહેલાં કાર્યવાહી કરવી જોઈએ. તેથી કેન્દ્રીય માહિતી આયોગનો નિર્ણય રદ કરવામાં આવેલો.

એજ રીતે સુપ્રીમકોર્ટે તાજેતરમાં આજ પ્રકારના સુપ્રીમકોર્ટના ગીરીશ રામચંદ્ર દેશપાંડેના ચુકાદાના તારણો ટાંકયા હતા. અને તે ચુકાદાના મુદ્દા નં. ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ નો ઉલ્લેખ કરી તેના તારણો આ ચુકાદાને પણ લાગ પાડી શકાય છે તેમ જણાવ્યું.

- **<u>નિર્ણય :</u>**

પ્રસ્તુત કેસમાં ગીરીશ રામચંદ્રના ચુકાદાના તારણો લાગુ પાડીને એવો નિર્ણય આપ્યો કે અરજદારે માંગેલ માહિતી, અધિકારી-CESTAT ને લગતા ACR ને સંલગ્ન દસ્તાવેજોની એટલે કે ફોલોઅપ એકશન integrity હોઈ અને આવા દસ્તાવેજોનું ઈન્સ્પેકશન માંગેલ હોઈ, ડીવીઝન બેંચે આપેલ હુકમ કે જેમાં સીંગલ જજનો ચુકાદો ગ્રાહય રાખવામાં આવેલો તે અમે માન્ય રાખીએ છીએ. અને અન્ય કોઈ Merit ન જણાતાં અપીલ રદ કરવામાં આવે છે. →

# RIGHT TO INFORMATION

..... ભારતના સંવિધાને લોકશાહી ગણરાજ્યની સ્થાપના કરેલ છે.

અને લોકશાહીની અતિઆવશ્યક કામગીરી માટે નાગરિકોને માહિતગાર રાખવા અને માહિતીની પારદર્શિતા જળવાય તે જરૂરી છે અને ભ્રષ્ટાચાર નિયંત્રણમાં રાખવા અને સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે પણ જરૂરી છે.

અને ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ છે.

અને લોકશાહી આદર્શની સર્વોપરિતા જાળવતી વખતે આ સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે.

તેથી, હવે જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઈ કરવી ઈષ્ટ છે. ......

Y-125 - 2500-7-2013

coverpage - designed, processed & printed @ government photo litho press, ahmedabad